કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક · ઑક્ટોબર · ૧૯૯૧


વર્ષ ૬૪

સળંગ અંક ૭૬૫

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક





આ સામયિકના સંસ્થાપક અને આદ્યતંત્રી સ્વ. રવિશંકર મ. રાવળની જન્મ શતાબ્દીએ સ્મૃતિ-વંદના



પ્રવાસી ગાયક (ચિત્રકાર : સ્વ. રવિશંકર રાવળ) જે કાળે ભારતની ચિત્રકલામાં પશ્ચિમી શૈલીની બોલબાલા હતી ત્યારે ગુજરાતની ભૂમિજાત કલાના સ્પર્શવાળી ચિત્રશૈલી અપનાવીને રવિભાઈએ એતદ્દેશીય પાત્રાલેખન અને વાતાવરણ નિરૂપતાં ચિત્રો કરી તેમાં ગુજરાતનું સાચું દર્શન કરાવ્યું હતું. એમના દ્વારા ગુજરાતની પોતીકી સંસ્કારિતાનો પ્રાણ પહેલવહેલો પ્રાદુર્ભાવ પામ્યો. નાનાવિધ તળપદાં પાત્રોની લક્ષણમુદ્રાઓ તથા તેમના વિવિધ ભાવદર્શન આલેખતું સબળ પાત્રાલેખન રવિભાઈએ પ્રકટાવેલું. અર્ધી સદી પૂર્વે 'કુમાર'ના ૨૦૦મા અંકમાં આવેલું આ ચિત્ર એમની લાક્ષણિક ચિત્રાણાનું દ્યોતક છે. અતીતનાં પાત્રોની લક્ષણમુદ્રા સર્જવાની પણ એમની આગવી શક્તિ હતી. પુરાણકથા, ઈતિહાસાલેખન કે ચરિત્રવર્ણનને પોતાના ચિત્તતંત્રમાં ઘૂંટીને પોતાની કલ્પનાના બળે તેના પાત્રની લાક્ષણિકતાને જોતાં જ પ્રતીતિજનક નીવડે તેટલી સચોટતાથી તેઓ ચિત્રમાં ઉતારતા. હેમચંદ્રાચાર્ય, નરસિંહ મહેતા, અખો, પ્રેમાનંદ, મુંજાલ મહેતા વગેરે એમણે સર્જેલાં વિખ્યાત પાત્રો છે. આ બધાં પાત્રોનાં વ્યક્તિત્વની પ્રભાવક લાક્ષણિકતા જોનારના ચિત્તમાં ચિરંજીવ છાપ મૂકી ગઈ છે. રવિભાઈની એ આગવી સિદ્ધિ રહી છે.

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઑર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બેંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બેંક કમિશનના રૂ. ૧૩-૦૦ ઉમેરવા, અન્યથા બેંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૨૫૦ તથા આજીવન રૂ. ૭૫૦-૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી ૧૫ દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.
- ગ્રાહકે પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર જણાવવાનો આગ્રહ રાખવો.

તમામ પત્રવ્યવહારનું સરનામું
'કુમાર કાર્યાલય લિમિ.', ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં: ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.
વાર્ષિક લવાજમ રૂ. ૭૫ પરદેશમાં રૂ. ૨૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૨-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

'કુમાર' અનુક્રમણિકા વર્ષ ચોસઠમું
ઑક્ટોબર ૧૯૯૧ . સળંગ અંક ૭૬૫

વાચકો લખે છે..

'કુમાર' ખૂબ જ સરસ છે. પરંપરાગત મૂલ્યોને સાચવીને પણ અર્વાચીન બન્યું છે. ગુજરાતી સાહિત્ય મંડળની સ્પર્ધાઓના વિજેતાઓને ઇનામ રૂપે અમે 'કુમાર'ના ગ્રાહક બનાવીએ છીએ.

- દિલીપ ગણાત્રા (કલકત્તા)

¤

'કુમાર'ના વર્ષ ૧થી માંડી ક્રમાનુસાર એક એક વર્ષ (બાર અંકો)નું વાચન કરી 'કુમાર'ના જ કદમાં સો-દોઢસો પાનાનું ખાસ 'કુમાર' બહાર પાડી શકાય. આવા અંકના ૨૫ થી ૩૫ રૂપિયા જેટલી કિંમત થાય. આવી એક યોજના બનાવી વાચકો સામે મૂકવા જેવું છે. જ્યારે આવું કંઈ અમલમાં આવે ત્યારે મારા તરફથી ૫૦-૧૦૦ ગ્રાહકો બનાવવાની શક્યતા અત્યારથી જણાવી દઉં છું... હમણાંની છપાઈમાં અક્ષર વૈવિધ્ય જોવાની ઇચ્છા છે... ચિત્રોની છપાઈ હજી વધુ સુરેખ બની શકે..

- રમેશ બી. શાહ (સૂરત)

¤

'કુમાર'ના ઑગસ્ટ '૯૧ના અંકનું પોત દર્શાવે છે કે તે ઝડપભેર, ગૌરવપૂર્વક ગુજરાતી સામયિકોમાં ફરીથી આગવું સ્થાન પ્રાપ્ત કરી રહ્યું છે, ધન્યવાદ.

_અશોકપુરી ગોસ્વામીની વાર્તામાં અને 'અડકો દડકો'માં સળંગ 'બેન' શબ્દ વપરાયો છે, ત્યાં 'બહેન' જોઈએ. 'બહેન', 'બ્હેન' કે 'બે'ન' સાચું છે, 'બેન' નહિ.

'શબ્દાર્થ ચર્ચા' (યોગેન્દ્ર વ્યાસ) ગુજરાતીના પ્રેમીઓ માટે ખૂબ રસિક છે. આપણી ભાષામાં પણ વિવિધ અર્થચ્છાયા ધરાવતા શબ્દોનું વૈજ્ઞાનિક અધ્યયન અને રજૂઆત, ભાષાનું ગૌરવ અને મહત્ત્વ તો દર્શાવે જ છે, સાથે સાથે તેમાં રહેલી સ-રસતાઓનું યે અવગાહન કરાવે છે, જે નેત્રદીપક બની રહે છે.

છપાઈ દોષો (કે મુદ્રારાક્ષસનાં અડપલાં?) બાબતે વધારે ધ્યાન આપવા વિનંતી છે.

'કુમાર'ની પ્રથમ વીસીનો ત્રિદળ સંપૂટ- કાવ્યો, વાર્તાઓ, જીવન- ચરિત્રોનો મળ્યો. ત્રણેય પુસ્તકો 'કુમાર'ના ચાહકો માટે સ્વાદિષ્ટ અને પૌષ્ટિક પાથેય રૂપ ગણી શકાય- ખાસ કરીને જેમની પાસે 'કુમાર'ના આરંભના અંકો નથી તેમને માટે તો એનું વાચન મીઠું અવગાહન પૂરું પાડે છે. આ 'ચાખણી' સમગ્ર રસથાળની સુમધુરતાના ગ્રહેનરૂપ આચમન ગણીને તેનો સંતોષ લેવો કે તેથી વધુ ભૂખ ઉઘડવાનો અસંતોષ વ્યક્ત કરવો તેની અવઢવ થાય છે. પરંતુ પ્રથમ વીસ વર્ષના ૨૪૦ અંકોમાંથી ફક્ત ૧૪ જ જીવનચરિત્રો અને ૨૧ જ વાર્તાઓને પસંદગીમાં સ્થાન મળી શક્યું તે પ્રકાશન-સાહસની મર્યાદા અને પસંદગીકર્તાની કસોટીની તીવ્રતા યે દર્શાવે છે... બાકી 'બાળવારતાઓ' સહિતના સંપુટો, તથા આ જ ગાળાના અને તે પછીના સમયગાળઓના અંકોમાંની વાનગીઓનું પીરસણ ચાલુ રાખવાનું આયોજન સૌને ગમશે.

- પ્રા. મોહનલાલ મ. જાની (કર્ણાવતી)

¤

જૂન ૧૯૯૧ ના 'કુમાર'ના અંકમાં ગુજરાતના પ્રતિષ્ઠાવાન ગઝલકાર શ્રી મનોજ ખંડેરિયાની સમાન્તરે નવોદિત શ્રી દિનેશ ડોંગરે, 'નાદાન'ની ગઝલ મૂકીને તમે પ્રથમ દૃષ્ટિએ પુરવાર કર્યું છે કે 'કુમાર' વ્યક્તિલક્ષી નહિ પરંતુ કૃતિલક્ષી છે અને તો જ શ્રી મનોજની ગઝલ સાથે 'નાદાન'ની ગઝલ પ્રસિધ્ધ કરવાનું શક્ય બને? પ્રસ્તુત ગઝલોમાં કોઈ વિશેષ ભાવતત્ત્વ છાતીમાં સોસંરો ઊતરી જાય અથવા વાંચ્યા પછી કેટલાય સમય સુધી મમળાવવાનું મન થાય એવો એક પણ શેર તો નથી તે નથી, પરંતુ ગઝલના પ્રાથમિક નિયમનું પણ છડેચોક ઉલ્લંઘન થયું છે તે ખરેખર અસહ્ય છે, અને એથીય વધુ અસહ્ય તો એ છે કે શ્રી મનોજ ખંડેરિયા જેવાને પણ આ દિશાએ આંગળી ચીંધવી પડે છે ! એમની ગઝલની કેટલીક લથડી પડતી પંક્તિઓ ગઝલ પ્રત્યેની એમની નિષ્ઠાને ઠેસ પહોંચાડી જાય છે. પ્રસ્તુત ગઝલનો મત્લા જોઈશું તો બહેર (મીટર)નો ખ્યાલ આવશે.

'હવડ વાવની જેવું ઊંડાણ ખેંચે,
મને કોઈ અંદરથી અણજાણ ખેંચે;'

આ ગઝલ બહેરે મુતકારિબ (મુસમ્મન સાલિમ)માં છે અને એનું વજન (છંદ) છે:

'ફઊલુન ફઊલુન ફઊલુન ફઊલુન'

અને આ પ્રમાણે એની તખ્તી આ રીતે બને છે :

"હવડવા - વનીજે - વુંઊંડા - ણખેંચે,
મનેકો - ઈઅંદર - થીઅણજા - ણખેંચે"

આ બહેર અને તખ્તી પ્રમાણે આગળ વધીએ તો ગઝલના ત્રીજા શેરની પૂર્વ કડીમાં પ્રયોજાયેલ 'ખીલો' સીધો છાતીમાં જ વાગે છે.

'ખીલા જેમ ખોડો ન, ઊખડી જઈશ હું'

અહીં 'ખીલા' દીર્ઘ છે જ્યારે બહેર અને તખ્તી પ્રમાણે ઉચ્ચારીએ તો ખીલા દીર્ઘને બદલે 'ખિલા' હ્રસ્વ ઉચ્ચારવું પડે છે. તેથી જોડણી તૂટે છે, અને જોડણી પ્રમાણે દીર્ઘ ઉચ્ચારીએ તો બહેર (મીટર) તૂટે છે. એ જ પંક્તિમાં 'ઉખડી' શબ્દછે, એ દીર્ઘ અને હ્રસ્વ બંનેમાં ચાલે છે, છતાં અહીં એમણે દીર્ઘમાં જોડણી કરીને બહેરમાં વજન વધારી આપ્યું છે. એવું જ ચોથા શેરમાં પણ જોવા મળે છે:

'કૂવાથંભ બટક્યો હલેસાં તૂટ્યાં પણ'

આ પમક્તિમાં 'કૂવા' અને 'તૂટ્યાં' દીર્ઘ હોવા છતાં બહેર પ્રમાણે હ્રસ્વ ઉચ્ચારવા પડે છે, જે બહેર અને ભાષાકર્મ બંનેને લાંછિત કરી જાય છે! હ્રસ્વ અને દીર્ઘ વચ્ચેનો બારીક સ્વરભેદ પણ ગઝલની કાયાને બેડોળ બનાવી જાય છે ત્યાં છઠ્ઠા શેરમાં તો આખું અધમણ વજન વધી જતું હોવાની શ્રી ખંડેરિયાને કેમ ખબર નહિ પડી હોય, એની જ નવાઈ લાગે છે !

'અલગ થઈ ન શકવાનો ક્યારેય દોસ્તો!

આમાં 'દોસ્તો' સુધી પહોંચવા માટે તો સીધી છલાંગ જ મારવી પડે છે ! આ બહેરમાં 'દોસ્તો'ને બદલે 'મિત્રો' હોત તો ચપોચપ બેસી જાત.

અલગ થઈ - ન શકવા - નો ક્યારે - ય મિત્રો*

આ તખ્તી પ્રમાણે દોસ્તો લઈએ તો દોસ્તોના બદલે 'યદોસ્તો' જ આવી શકે. પૂરો શબ્દ 'દોસ્તો' તખ્તીમાં આવતો જ નથી.

બીજી ગઝલ દિનેશ ડોંગરે 'નાદાન'ની છે. એની બહેર 'બહેરે મુંઝ્રરા'ની ઓગણીસ શાખાઓમાંની એક (બહેર મુઝ્રરા મહેઝૂફ) છે. અને આ બહેરમાં પ્રયોજાયેલી શ્રી દિનેશ ડોંગરે 'નાદાન'ની આખી ગઝલ દીવાલ પર ચડીને આખી દીવાલ લઈને કકડભૂસ થઈ જાય છે.

ઇચ્છાનો અશ્વ રોજ ફરે છે દીવાલ પર

દીવાલનો ઉચ્ચાર દીર્ઘ છે અને બહેર પ્રમાણે 'દિવાલ' (હ્રસ્વ) ઉચ્ચાર કરવો પડે છે તેથી ભાષાકર્મ તૂટે છે અને ભાષાકર્મ જાળવીએ છીએ તો બહેર તૂટે છે 'દીવાલ' તો રદીફ બનીને આખી ગઝલમાં પ્રસરી ગઈ છે. રદીફમાં જ બહેરનું વજન તૂટતું હોય તો એ આખી ગઝલ (ખારિજુલ બહેર) રદ થઈ જાય છે. બીજા એક શેરમાં પણ એમણે 'દીવાલ' શબ્દ પ્રયોજ્યો છે. પણ ત્યાં બહેર તૂટતી નથી.

'આ પોપડા દીવાલથી અમથા નથી ખર્યા'

આ પંક્તિમાં 'દીવાલ' શબ્દ એના સંપૂર્ણ વજન સાથે શુધ્ધ રીતે ઉચ્ચારી શકાય છે. એવું રદીફના ઉચ્ચારણમાં બનતું નથી.

- ખલીલ ધનતેજવી (વડોદરા)

(* 'મિત્રો' શબ્દ પણ ગાગા જ છે. તંત્રી)

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · સળંગ અંક ૭૬૫ · ઑક્ટોબર ૧૯૯૧

જલ કલ બોલ / રાજેન્દ્ર શાહ

(ગાન : રાગ-પીલુ)

કલકલ કોમલ બોલ વહી જલ-લહર લહર વહી જાય પલેપલ;
નયન અચંચલ કળત વિલોલ હિલોળ, હૃદયદલમહીં રવ ઉજ્જ્વલ.

ગહન વહનમહીં તરુવન જનપદ
ગગન વિહગ ઉડુ અગણિત સંપદ :
સકલની અહરહ અહીં ઋજુ રમણા,
ક્ષણ પણ અટવાયલ નહિ ચલના.

કોઈ નિજી નહિ વર્ણ, ન અંચલ, નિત્ય ગમન-લય-તૃપ્તિ છલોછલ :
કલકલ કોમલ બોલ વહે જલ-લહર, હૃદયદલમહીં રવ ઉજ્જ્વલ.

પ્રતિપલ સુભાગી / ભાનુપ્રસાદ પંડ્યા

(હરિણી - સૉનેટ)

શિશુકવયથી મારે મૈત્રી રહી વનવાસની.
કરમહીં લખી ના રેખાઓ - હશે તૃણવેલડી!
ચરણમહીં આલેખી ગાઢી અનંત અટવી નરી,
નગર વસવું એ તો મારે ઘડી તરુછાંયડી!

ધનુષ કરમાં ધાર્યું ત્યાં તો ઋષિ લઈ આવિયા
ઈજન વનનું! તાતે પુત્રો સકંપ વળાવિયા.
પ્રિયકર જીતી સાકેતે જ્યાં ધરું ડગ, તાતના
વચન દ્વય દર્શાવે પંથો જવા વનવાસના.

અપહૃત સતી વાંસે મારી વ્યથા વહી તે ઝીલી
તરુ, ખગ પહાડોએ, મૈત્રી વને નિત જાળવી!
રિપુ હણી સિયા સંગે આવું-વસું નગરે જરી
ઉર વન ગયું લોકાક્ષેપે - રહ્યો ગૃહદેહ આ!

નવ કદી વ્યથા - કે ઝઝું ના રહ્યો જનવાસમાં,
પ્રતિપલ સુભાગી લાગી જે મળી વનવાસમાં!

સાંજ ઢળે છે / લાલજી કાનપરિયા

(ગાન)

પાછા વળતા ધણની કોટે ઘંટીનો રણકાર થઈને સાંજ ઢળે છે
દૂર ક્ષિતિજે વાદળીઓમાં કેસરિયો ઝબકાર થઈને સાંજ ઢળે છે.

ચલમ ફૂંકતા ગાડાં-મારગ વહી આવતા સીમ ભણીથી ગામ દીમના
બળદોની ઘૂઘરમાળાનો શ્રમેભર્યો ઘમકાર થઈને સાંજ ઢળે છે.

આખુંયે આકાશ ઊતરી આવી બેઠું વૃક્ષો પર પાંખો સંકેલી
કો'ક અગોચર મંત્રો ગાતાં પંખીનો ટહુકાર થઈને સાંજ ઢળે છે.

લ્યો, ઊડી ગૈ સારસ જોડી દૂર નદીની રેત મહીંથી છેલ્લીવેલી
ધીરે ધીરે જળમાં વહેતો ખળખળતો સૂનકાર થઈને સાંજ ઢળે છે.

બંને કર જોડીને લેજો શ્રદ્ધાપૂર્વક નામ હરિનું ઠાકરદ્વારે
ભક્તિથી તરબોળ આરતી, ઝાલરનો ઝણકાર થઈને સાંજ ઢળે છે.

પુનઃનિર્માણ / તનસુખ ઓઝા

(પૃથ્વી - સૉનેટ)

શું રાખ દિલ ચોળતાં ભસમસાત જે થૈ ગયા,
અનંગ જ હતાં? નહિનહીં, શહીદો જ તે-
સમર્પણ કરી ગયા નિજ શરીરને સ્વેચ્છયા,
ધરી હૃદય ભાવના, નવલ સર્જને સૃષ્ટિના!
સમસ્ત જગ-વિશ્વના, સકલ ક્રાંતિકારી વીરો,
ગયા સતત બુંદ બુંદ દઈ રક્તનાં સ્વાર્પણો
સહાસ્ય મન ઝંખના નવલનિર્મિતિ જે ચિતિ
શકે અવતરી ઉડુ-શશિ-સૂર્યનાં સર્જનો.
કણેકણ ભસ્મના પુનર થૈ સ્ફુલિંગો ઊડે,
દવાનલ જગે ભલે જગજગાડતો ઉદ્ભવે,
થઈ જ અરચા જલે જગત ચિંતકો વિશ્વના-
સખુદ્ભવિત થૈ શકે, પુનરનિર્મિતિ કામના!

ફળે જીવન સંજિવિત થઈ ને હુમા જન્મ લૈ,
ઊડે ગગન ફાળ દે વિજય માણશે વિશ્વ જ્યાં.

મુક્તક / તનસુખ ઓઝા

સંગીતમાં કહો જયહિંદ આજે,
સમાધિમાં ચેતન મીંડ લાધે!

'શ્રી રવિશંકર રાવળની મોટી અને ચિરંજીવ સિદ્ધિની પાછળ રવિશંકર કલાકારની સંપત્તિ કરતાં રવિભાઈ વ્યક્તિના ગુણોનું બળ છે. કલાકાર કરતાં કલાગુરુ લેખે એ વધુ ઓળખાય છે. કેવળ કલાકાર તરીકે એમના કોઈક કોઈક અનુયાયીઓ કલ્પનની અપૂર્વતામાં, રેખાની કુમાશમાં, રંગના સુભગ વિન્યાસમાં, ધ્વનિની અર્થસભરતામાં કદાચ ચઢી જાય. પણ પારંપરિક માર્ગી કલાનો તેમજ આપણી સર્વવ્યવહાર-સંલગ્ન કલામય કારીગરીનો મર્મ સમજાવી, તેની સંવિત્તિ કરાવી, ગુજરાતને નવો પંથ બતાવનાર કલાગુરુ લેખે ઐતિહાસિક મહત્ત્વ આપણા યુગમાં રવિભાઈનું જ છે.'

- વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

ગુજરાતની કલા-અસ્મિતાના પુરોધા, સાંપ્રત ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં પ્રથમ કલા-યુગના પ્રવર્તક, સ્વ. શ્રી રવિશંકર મહાશંકર રાવળના જન્મની શતાબ્દીનું આ વર્ષ છે. ગુજરાતમાં કલાની અસ્મિતા જગાડવાના પોતાના ધર્મકાર્ય માટે આજીવન પ્રયત્નશીલ રહી એમણે, વર્ષો પહેલાં કાકાસાહેબ કાલેલકરે આપેલું 'કલાગુરુ'નું બિરુદ સાચા અને વિશાળ અર્થમાં સાર્થક કર્યું છે.

જે જમાનામાં ચિત્રકાર માત્ર દુકાનોમાં પાટિયાં ચીતરનારો 'પેઇન્ટર' ગણાતો, કલાવિષયક અસ્મિતાનું કોઈને સ્વપ્ન પણ ન હતું, કે ન કોઈ પ્રોત્સાહન આપનારું કે માર્ગદર્શક, એવા સમયમાં સંકલ્પબદ્ધ થઈને એમણે પોતાની આર્ષ દૃષ્ટિ અને અવિરત ઉદ્યમ વડે ગુજરાતમાં કલા-સંસ્કારનાં બીજ રોપીને એતદ્દેશીય કલાનું પ્રથમ દર્શન કરાવ્યું, પ્રજાની રસરુચિ કેળવી અને ચિત્રકારને 'સંસ્કારમૂર્તિ'ને સ્થાને પ્રસ્થાપિત કર્યો. કલાના પુનરુત્થાનની જે ગંગા બંગાળમાં અને અન્યત્ર અવતરિત થઈ એ ભાગીરથીની એક શાખા એમણે ગુજરાતમાં વહેવડાવવી શરૂ કરી હતી. ભારતમાં કલાની અસ્મિતાની જાગ્રતિ અને નવનિર્માણની દિશામાં બંગાળના કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરનું જે આદરણીય સ્થાન જનહૃદયમાં છે એવું જ સમકક્ષ સ્થાન સ્વ. રવિશંકર રાવળનું ગુજરાતની કલાના પુરોધા તરીકે તેમજ ગુજરાતની કલાની પોતીકી પ્રણાલિ અને શિષ્યપરંપરાના પ્રવર્તક કલાગુરુ તરીકે છે.




માતા ઊજમબાના ખોળામાં રવિભાઈ એક વર્ષના હતા ત્યારે - ઈ. ૧૮૯૩માં. બાજુમાં પિતા મહાશંકર અને વચ્ચે મોટાભાઈ રતિલાલ.

ભારતીય કલાના અન્ય અગ્રચારીઓને મુકાબલે સ્વ. રવિભાઈની વિશિષ્ટતા એમનામાં રહેલું સંસ્કારનું સર્વતોભદ્રપણું હતું. કલાસર્જનની પ્રતિભા ઉપરાંત એમનામાં તલસ્પર્શી મીમાંસાશક્તિ સાથે સચોટ તથા રોચક લેખનશૈલી પણ હતી, અને તે દ્વારા માત્ર કલા-વિવેચન જ નહિ, પણ શિક્ષણ, સાહિત્ય, સમાજ આદિ જીવનને સ્પર્શતાં વિવિધ ક્ષેત્રોમાં પોતાની વિચારણા તથા દર્શન એમણે રજૂ કર્યાં છે. એમનું પ્રાસાદિક ગદ્ય, એમની ચિત્રણાની પેઠે, સર્વ વિષયને વિશદતાથી હૃદ્ય બનાવે છે. ચિત્રકારની વેધક દૃષ્ટિ સાથે સાહિત્યકારની સહૃદયતા અને પ્રજાશિક્ષણની સૂઝ હોવાથી સંપાદનનું નૈપુણ્ય એમને સહજ સિદ્ધ હતું જેની પ્રતીતિ એમણે શરૂ કરેલા 'કુમાર' માસિકે કરાવી છે. આ રીતે આજે, ગુજરાતના સમન્વયિત સંસ્કારધનના લઘુતમ સાધારણ અવયવ રૂપ બની રહેલા એમનું સ્થાન ગુજરાતના આ યુગના સંસ્કારક્ષેત્રના અગ્રચારીઓમાં ઓજસવંતુ રહ્યું છે. કેવળ ચિત્રકલા જ નહિ, પણ શિલ્પ, સ્થાપત્ય અને અન્ય ચારુ-કારુ કલાઓને અવનતિની ગર્તામાંથી બહાર કાઢીને તેમાં ભારતીયતાનું સ્વરૂપ, રાષ્ટ્રીયતાનું ઓજસ અને આદર્શની ઉચ્ચતા ઉતારવાની તીવ્ર ઝંખના એમને સદોદિત રહેલી.

એમના આદર્શપૂત અને ઉપાસનારત જીવનના ઘડતરની સિલસિલાબંધ કથા તો 'કુમાર'નાં પાનાં ઉપર એમની વિશદ શૈલીએ આલેખાતી રહી હતી અને એમનું જીવન પણ લોકવિશ્રુત છે એટલે ૯ ડિસેમ્બર ૧૯૭૭માં એમના અવસાન પછીની પેઢી સમક્ષ અહીં એમના જીવનની આછી રેખા આપીએ છીએ.

નિકટનાં મંડળો ને શિષ્યોમાં 'રવિભાઈ'ના હેત અને માનભર્યા નામે ઓળખાતા રવિશંકર રાવળના પિતા મહાશંકર છગનલાલ રાવળ કૌટુંબિક સંજોગોને કારણે નાનપણથી જ પોસ્ટખાતામાં જોડાઈ જઈ પોતાની હોશિયારી, ચીવટ અને ખંતથી ઉત્તરોત્તર બઢતી પામતા જઈને ઉચ્ચ હોદ્દે પહોંચવા ઉપરાંત 'રાવસાહેબ'નું બ્રિટિશકાલીન રાજ્યસમ્માન પામેલા. આવા શક્તિશાળી, સેવાનિષ્ઠ અને ધાર્મિક વૃત્તિના પ્રેમાળ પિતા, તથા આર્ય નારીનાં ગુણગરવાં અને ઊર્મિલતાની પ્રેરણાનાં દાતા માતા ઊજમના વચેટ પુત્ર તરીકે રવિભાઈનો જન્મ ઈ. ૧૮૯૨ની પહેલી ઓગસ્ટે ભાવનગરના શેરડીપીઠમાં બાપદાદાના અસલ મકાનમાં થએલો.



સાંપ્રત ગુજરાતના આદ્ય કલાગુરુ

'કુમાર'ના સંસ્થાપક
અને તેના આદ્યતંત્રી

સ્વ. રવિશંકર મ. રાવળ

જેમની જન્મશતાબ્દીનું આ વર્ષ છે.


'શ્રી રવિભાઈએ ગુજરાતની પ્રજાને પોતાની આગવી કલાથી તેમજ પોતાના સાહિત્ય અને કલા પરત્વેના લેખોથી જે પ્રેરણા આપી તેના પરિણામે ગુજરાતને એક કલાપરંપરા સાંપડી અને ગુજરાતી કલાકારોની એક તરુણ પેઢ અસ્તિત્વમાં આવી.... કલાક્ષેત્રે ગુજરાતે જે ઉચ્ચ શિખરો પ્રાપ્ત કર્યાં છે તેમાં રવિભાઈનો હિસ્સો અગત્યનો છે.'

(કનૈયાલાલ મુનશી)

નોકરીને કારણે પિતાની ગામેગામ બદલીઓ થતી હોવાથી બચપણનો એમનો કેટલોક કાળ પોરબંદર, રાજકોટ, વઢવાણ કેમ્પ, મહેસાણા એમ જુદાંજુદાં સ્થળે વીત્યો હતો. એ ગામેગામની પ્રકૃતિ અને અવનવી માનવસૃષ્ટિ, પડોશીઓ, પોસ્ટઑફિસના નોકરો તથા અમલદારો, વિવિધ સ્થળોના સામાજિક-ઐતિહાસિક પ્રસંગોની વાતો આદિની રંગભર સ્મૃતિઓ એમના બાળમાનસ પર જે અંકાતી રહી હતી તે, એમની કાંઈક અસાધારણ કહી શકાય તેવી તીવ્ર સ્મરણશક્તિને બળે પોતાની આત્મકથામાં એમણે ઉતારી છે. કલાકારમાં બે શક્તિ ખાસ આવશ્યક મનાઈ છે : ગ્રહણશક્તિ અને સ્મરણશક્તિ. જે જોયું-જાણ્યું તેની છાપ તત્કાલ કાયમને માટે ચિત્રમાં છપાઈને આત્મસાત્ થઈ જાય, અને કાળનાં અંતરોની પાર પણ તે એ જ સ્પષ્ટતાથી ચમકતી રહે. રવિભાઈમાં આ બંને શક્તિઓ સાથે એમની કલ્પનાશીલતા પણ ઘણી તેજ હતી. એ ત્રિ-શક્તિએ એમનું કલાકાર તરીકેનું સર્જન કર્યું, અને એમની તીવ્ર જિજ્ઞાસાવૃત્તિને પોષતી બાળપણમાં સાંભળેલી વાર્તાઓમાં એમનો કલ્પનાદેહ ઘડાતો ગયો.

રાજકોટમાં પ્રેક્ટિસિંગ સ્કૂલમાં કેટલાક શિક્ષકોને શિક્ષકખંડમાં ભાતભાતનાં ચિત્રો કરતા જોયા પછી એમના બાલમાનસમાં ચિત્રો કરવાનો નાદ લાગ્યો, અને ફુરસદના વખતમાં બાળપોથીમાંથી જોઈને જે ચિત્રો દોરતા તેનાથી ચિત્ર પર હાથ સ્થિર થવા લાગ્યો, અને ઉત્તરોત્તર બઢતી પામતા જઈ પિતા ભાવનગર ડિવિઝનમાં ઇન્સ્પેક્ટર પદે પહોંચ્યા ત્યાં સુધીમાં ચિત્રોમાં રંગ પૂરવા સુધીની દૃઢતા તેમાં આવી ગઈ હતી. આ માટે પીછી તો લભ્ય નહોતી એટલે પોતાની ચોટલીના વાળ કાપીને તેઓ જાતે જ પીછી બનાવી લેતા. વતન ભાવનગરમાં આવીને એ એન્ગ્લો વર્નાક્યુલર શાળામાં દાખલ થયા. અહીં ચિત્રવર્ગની સગવડ હોવાથી રીતસરનું ચિત્રશિક્ષણ હવે શરૂ થયું અને ચિત્રશિક્ષક ભગવાનલાલે કાઢેલા રવિવારના ખાસ વર્ગોમાં એ જોડાયા. આ અરસામાં એમના કાકાની રેલવે ઑફિસના સ્ટાફના એક નરોત્તમ બાવા ફોટોગ્રાફી તેમજ પોર્ટ્રેટ પેઈન્ટિંગ જાણે છે એવી ખબર પડતાં તેમની પાસેથી તસવીર-ચિત્રણાની તરકીબ શીખી લઈને તેઓ સારા ફોટોગ્રાફ કે ચિત્ર ઉપર ચોરસ ખાનાં આંકી, તેના પરથી મોટાં કાગળ ઉપર મોટા ચોરસ ખાનાં આંકી તેમાં માપસર મોટી તસવીરો બનાવવા લાગ્યા અને આગળ જતાં રવિ વર્માના ચિત્રો પરથી, કંપાસથી બિંદુએ બિંદુ માપીને મોટું ચિત્ર તૈયાર કરતા થઈ ગયા.

આમ ચિત્રકળાના શોખને ધીરેધીરે આકાર મળી રહ્યો હતો એ જ અરસામાં ભાવનગરના વસૂલાતી ખાતામાં સામાન્ય કારકુન છતાં સમાજમાં પોતાના ચારિત્ર્યપ્રભાવથી પૂજ્ય વ્યક્તિ તરીકે 'દેવમહારાજ' નામે આદર પામતા વાસુદેવભાઈ સાથે તેમનો મેળાપ થયો. દેવમહારાજ ચિત્રકળાના એક પ્રખર સાધક અને ભક્ત હતા. રવિભાઈને ચોરસ ખાનાંના આધારે ચિત્રકામ કરતા જાણી એમણે સલાહ આપી કે, 'કોઈ પણ આધાર વગર, માત્ર આંખની જ મદદથી હાથ-ધાર્યો આકાર ઉતારી શકે ત્યારે જ સાચી ચિત્રસિદ્ધિ થઈ ગણાય.' અને એમણે માનવપાત્રોને સમ્મુખ બેસાડીને મુક્ત હાથે કરેલા વિવિધ લાક્ષણિકતાવાળા સ્કેચોનો જે સંગ્રહ બનાવ્યો તે જોઈને અત્યંત પ્રભાવિત થએલા રવિભાઈએ ચોરસ ખાનાં પાડીને ચિત્ર-નકલ કરવાનું છોડી દઈ જીવંત સૃષ્ટિમાં જ રસ લેવાનો સંકલ્પ કર્યો.





સમતોલ પ્રમાણભારવાળું સંયોજન એ ચિત્રનો પ્રાણ ગણાય છે. રવિભાઈની એમાં આગવી સિદ્ધિ રહી છે. અહીં મથાળે આપેલું એમનું એક ચિત્ર 'કૈલાસમાં રાત્રિ' તેનું સુંદર ઉદાહરણ છે. પુરાણકથા, ઈતિહાસ-લેખન કે ચરિત્રવર્ણનના આધારે પોતાની કલ્પનાના બળે તેનાં પાત્રોની પ્રતીતિજનક લક્ષણમુદ્રા ઉતારવી એ પણ એમનું આગવું જ કૌશલ હતું. અહીં આપેલું 'હેમચંદ્રાચાર્ય'નું ચિત્ર તેનું દૃષ્ટાંત છે. તેમાંય ચિત્રની પૃષ્ઠ ભૂમિમાં જાળીમાંથી દેખાતા મંદિર દ્વારા એમણે ઉપાશ્રયના વાતાવરણને વધુ ઉઠાવ આપ્યો છે. ચિત્ર વિષયમાં પૂરક બની રહે તથા પાત્રના લાક્ષણિક વ્યક્તિત્વને પુષ્ટિ મળી રહે તેવી પૃષ્ઠભૂમિનું આયોજન એ પણ રવિભાઈની વિશિષ્ટતા રહી છે. આ રીતે એમણે અનેક પાત્રોનાં વ્યક્તિત્વની સ્મૃતિનું ચિરંજીવ નિરૂપણ કર્યું છે.

આર્યસમાજના એક સ્વામી ભૂમાનંદના જાપાનના પ્રવાસની વાતોમાંથી જાણવા મળ્યું કે ત્યાં તો દરેક વિદ્યાર્થી ખીસામાં નાની નોંધપોથી રાખે છે, અને તેમાં પોતાના અભ્યાસના વિષય માટે જ્યાંથી જે કાંઈ જાણવાનું મળે તેની નોંધ - અને ચિત્રકાર વિદ્યાર્થીઓ જે કાંઈ જુએ તેના સ્કેચ, આકૃતિઓ વગેરે સતત કરતા જ રહે છે. રવિભાઈએ આ વાત પકડી લઈ પોતે પણ ખીસામાં એવી નોંધપોથી રાખવા માંડી અને જરા પણ નવરાશ મળ્યે પોતાની

આસપાસની સૃષ્ટિમાં જે કંઈ નજરે પડે તેના સ્કેચ ઝડપવા લાગ્યા. એક પેટી ભરાય એટલી એવી એમની સ્કેચબુકોમાંની છૂટીછવાઈ આકૃતિઓ એમની ભવિષ્યની સમૃદ્ધિ બની.





રવિભાઈ - જીવનના વિવિધ તબક્કે

એક વખતની વાત છે કે ભાવનગરમાં ભરાયેલા હુન્નરઉદ્યોગના એક પ્રદર્શનમાં મુંબઈના વિવિધ ચિત્રકારોની નાની મોટી કૃતિઓ જોઈ એમની કક્ષાએ પહોંચવાની એમને ચટપટી થવા લાગી અને પછી તો શહેરમાં જે કોઈ એવું ચિત્રકામ કરતું હોય તેમનો સમાગમ શોધતા રહી દિવસે દિવસે એમણે વિકાસ વધારવા માંડ્યો.


બીજી બાજુ દાદીમાની સ્વામીનારાયણ ભગવાનની પૂજા અને કીર્તનો, પિતા શ્રીમન્ નથુરામ શર્માના વેદાંત માર્ગના અનુગામી હોઈ એમની રોજની સંધ્યા-ઉપાસના અને આસન-પ્રાણાયામ, માતાનું 'રામાયણ', 'ચંદ્રકાંત' કે 'ભામિનીભૂષણ' વગેરેનું વાચન, ભગવાનલાલ માસ્તરના પ્રાર્થના સમાજની ભજન-મંડળીનાં ભજનો, હેડમાસ્તર જમશેદજી ઊનવાળા અને થીઓસોફીના પરમ ભક્ત ગોપાલભાઈ વગેરેને કારણે એમના જીવનમાં સાત્ત્વિક સંસ્કારોનું પણ સિંચન થતું રહેતું હતું. વળી, મેટ્રિકના વર્ગમાં તો એક વિશિષ્ટ મંડળી જામી હતી. એમાં અલકમલકની વાતો તો થતી જ; અને સાંજે સૌ સાથે ફરવા પણ જતા. પણ એ ચાતુર્માસમાં સુરતવાળા સતારેકર બૂવાની કીર્તનકથાનું પૂર્વરંગથી ઉત્તરરંગ સુધીનું સંપૂર્ણ શ્રવણ કર્યા બાદ બીજે દિવસે વિરામના સમયે આ સૌ મિત્રો તેની જે ચર્ચા કરતા તેનાથી ભારતીય જીવન આદર્શોનું રોચક અને રસિક દર્શન લાધ્યું અને તેણે તેમના અભિજાત સંસ્કાર પ્રદીપ્ત કર્યા.

એ વેકેશનમાં એમના ચિત્રવર્ગના એક મિત્ર છગન સોની વડોદરાના કલાભવનમાં આવ્યા. એમની સલાહથી રાજકોટ સેન્ટરમાં ડ્રૉઈંગની સેકન્ડ ગ્રેઈડની પરીક્ષા આપવાનું વિચાર્યું અને રજાઓ દરમિયાન તેની તૈયારી પણ કરી નાખી. પણ આમાં મેટ્રિકનો અભ્યાસ રહી ગયો.

રાજકોટમાં એમના પિતાશ્રીના ગુરુભાઈ વિશ્વનાથ પાઠક (રામનારાયણભાઈના પિતા)ને ત્યાં ઊતરેલા. તેમના બીજા પુત્ર ગજાનન પાઠક તો રવિભાઈના નાનપણના સાથી હતા. મેટ્રિક પછી એ વડોદરા કલાભવનમાં જવા વિચારતા હતા. એમની સાથે થયેલી વાતોમાંથી રવિભાઈના મનમાં કૉલેજ સિવાય બીજી કોઈ લાઈન લેવાની પ્રેરણા જાગી.

પરંતુ રાજકોટની ડ્રૉઈંગની પરીક્ષા વખતે શરદીના સપાટામાં આવી જવાથી ભાવનગર જતાં જ બ્રૉંકો-ન્યૂમોનિયા થયો, આને લીધે થયેલી નિશાળમાંની લાંબી ગેરહાજરીને પરિણામે રવિભાઈને પ્રીલિમિનરી પરીક્ષામાં નાપાસ થવાને કારણે ફૉર્મ ના મળ્યું; તો બીજી તરફ ચિત્રપરીક્ષામાં પાસ થવાના ખબર મળ્યા, અને ભાવનગર હાઈ સ્કૂલમાં આવી પરીક્ષામાં પાસ થનાર પહેલા જ વિદ્યાર્થી તરીકે ચિત્રશિક્ષક ભગવાનલાલભાઈએ હોંશથી રીવ્ઝ કંપનીની મોટી વોટરકલર બોક્સ હેડમાસ્તરના હસ્તે ઇનામમાંઅપાવી. હિંમતપૂર્વક મેટ્રિકમાં બીજું વર્ષ શરૂ કર્યું અને એ જ વર્ષે એમનું લગ્ન થયું.

આ જ સમયમાં એમના પિતાશ્રીની બદલી નાસિકના પોસ્ટ માસ્તર તરીકે થઈ અને અમદવાદમાં મેટ્રિકની પરીક્ષા આપીને પરિણામ આવે ત્યાં



સુધીમાં મુંબઈ અને નાસિક જઈ આવવાનું ગોઠવાયું. આમાં મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં આર્કિટેક્ચરનો અભ્યાસ કરતા ગજાનન પાઠકનો પણ ભેટો થયો, તેમના દ્વારા એ કલાશાળામાં અપાતી કલાની તાલીમ વિષેની વિગતે જાણ થતાં રવિભાઈ એટલા તો પ્રભાવિત થયા કે મૅટ્રિક પછી પિતાના આગ્રહથી કૉલેજમાં જવાનું ઠર્યું હતું છતાં એમના મનમાં તો કોઈક દિવસ આ કલાશાળામાં ચિત્રશિક્ષણ લેવાનો પ્રબળ મનસૂબો જાગ્યો.

મૅટ્રિક પાસ થઈને ભાવનગરની શામળદાસ કૉલેજમાં પહેલા વર્ષમાં હતા ત્યારે એમના કલાજીવનની આંતરિક ભાવનાને ઉત્તેજતો અને એમના જીવનને એક નવો જ વળાંક આપનાર પ્રસંગ બન્યો. એ વર્ષે કૉલેજની રજતજયંતી ઉજવાતી હતી, એ પ્રસંગે એમણે ચીતરેલા નાટકના પરદા જોઈને પ્રસન્ન થયેલા પ્રિન્સિપાલ સંજાણાએ પ્રેમથી એમને કૉલેજમાં સમય બગાડવાને બદલે કલાશાળામાં જઈને રીતસર ચિત્રકળાનો જ અભ્યાસ કરવાનું સૂચન કર્યું. આ સૂચનથી એમના પર ઘેરી અસર પડી. પિતા ત્યારે નાસિકથી બદલી પામી કરાચી ગયા હતા. ભાવનગરમાં પિતાને સ્થાને વડીલ જેવા એમના મિત્ર હરગોવિંદભાઈની સલાહ લઈને રવિભાઈએ પત્ર લખ્યો: 'મેં કૉલેજની ટર્મ છોડી દઈને જૂનમાં મુંબઈ સ્કૂલ ઑવ આર્ટમાં ચિત્રકલાનો અભ્યાસ કરવાનો નિરધાર કર્યો છે. મને ગમે તે સુખદુઃખ પડશે તે વેઠી લઈશ. કુટુંબની સ્થિતિ હું સમજું છું. મને માત્ર દસથી પંદર રૂપિયા મળશે એમાં નિભાવી લઈશ. હવે આપ આશીર્વાદ સાથે સંમતિ આપો તેની રાહ જોતો હું ઉપવાસ કરી રહ્યો છું. આપનો સંમતિપત્ર આવશે ત્યારે જ જમીશ.' પુત્રને એન્જિનિયર બનાવવા ઇચ્છતા પિતાએ પોતાના અંતઃકરણ વિરુદ્ધ જઈ સંમતિ આપી અને રવિભાઈ ૧૯૧૦ના જૂનમાં મુંબઈ જવા નીકળ્યા.

રાત્રે કોઈ દેશી વેપારીની પેઢીમાં સૂઈ રહીને, દિવસભર અભ્યાસ માટે કાળી મહેનત કરીને અને તેમાંથી બચતા સમયમાં નિર્વાહ માટે ટ્યૂશન કરીને કે લોકોનાં ફોટોચિત્રો રંગી આપીને મુંબઈના એ અભ્યાસકાળનાં પાંચ વર્ષોની પળેપળ એમણે કળાની જે અખંડ અને આકરી સાધના કરી તે કોઈ પણ ભાવનાપૂત યુવાનને માટે પ્રેરણારૂપ છે.

આ દરમિયાન અત્યાર સુધી વાચનમાં માત્ર ભાવના અને પ્રગતિ અર્પતાં પુસ્તકો તથા સામયિકો જ આકર્ષતાં હતાં. 'ગ્રેઈટ માઈન્ડ્સ ઇન આર્ટ' જેવાં મહાન કલાકારોનાં જીવનચરિત્રો, 'આર્ટ જર્નલ'ની ફાઈલો અને ઈન્ગ્લૅન્ડની રૉયલ એકેડમીનાં વાર્ષિક પ્રદર્શનોનાં કૅટલૉગમાં પ્રકટ થતી ત્યાંની વર્ષોવર્ષની સર્વોત્તમ કૃતિઓ એવી પરમ સિદ્ધિએ પહોંચવા પ્રેરતી, પણ મુંબઈમાં પીપળવાડીમાં પડોશમાં રહેતા મહાદેવભાઈ દેસાઈએ બંગાળની કલાજાગૃતિની વાત કરીને ત્યાંના પુનરુત્થાનકાળના ફલસ્વરૂપ કલાકૃતિઓ અને વિવરણલેખો આપતા રહેતા 'મૉડર્ન રિવ્યૂ'ની ફાઈલો એમને બતાવી ને તેના થકી 'ભારતીય ચિત્રકાર' બનવાની પ્રેરણા જન્મી. નવો જીવનમંત્ર પામેલી એમની પ્રજ્ઞાને આથી પહેલો સાચ માર્ગ લાધ્યો. પાશ્ચાત્ય વિચારશૈલીનાં અનુકરણોમાંથી દેશનો ખરો કલાપ્રાણ પ્રકટી શકે નહિ એની એમને પ્રતીતિ થઈ, અને એમણે સાહિત્ય, ઇતિહાસ અને જનપદમાં વહેતી આવતી સાંસ્કૃતિક પરંપરાના તાર સાંધીને લોકહૃદયનો પડકાર પકડવા માંડ્યો. પ્રકટ થતી આવતી એમની પ્રતિભાનાં કિરણો તેજસ્વી થવા માંડ્યાં અને ઈ.૧૯૧૫માં સુરતમાં સાહિત્ય પરિષદ સાથે ભરાયેલા કલાપ્રદર્શનમાં એની પ્રથમ અભિવ્યક્તિ થઈ. એ પ્રદર્શનમાં રજૂ થયેલું એમનું 'ગૂર્જર સુંદરી'નું ચિત્ર ગુજરાતીતાનું લાક્ષણિક પ્રતિનિધિત્વ ધરાવતું હોઈ સુવર્ણચંદ્રક પામ્યું. 'ગરવી ગુજરાત' નામની એક નાનકડી તકતીમાં એમણે દોરેલાં ગુજરાતનાં નાનાવિધ જનપાત્રોના વૈવિધ્યે તો જાણે આખું ગુજરાત નજર સમક્ષ રમતું કરી દીધેલું. એ જોઈને દિનરાત ગુજરાતના પુનર્વિધાનનું ચિંતન કરતા, ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક અને ત્યારની યુવા પેઢીમાં ગુજરાતી અસ્મિતાનો તણખો મૂકનાર રણજિતરામ વાવાભાઈ પણ ખૂબ હરખાયા અને તેમણે રવિભાઈને ત્યારે મુંબઈમાં 'વીસમી સદી' માસિકની તૈયારી કરતા હાજી મહમ્મદ અલારખિયા શિવજી નામના શ્રીમંત સરસ્વતીસેવક તથા કલાના પૂજારી ખોજાના સંપર્કમાં મૂક્યા. એ ગુણજ્ઞ કલાપારખુએ રવિભાઈની શક્તિઓ પ્રીછી અને પોતાના નવા માસિકમાં તેને પાંગરવાનું ક્ષેત્ર આપ્યું, અને 'વીસમી સદી'ના પહેલા જ અંકથી એમનાં ચિત્રોમાંનું ભૂમિજાત તત્ત્વ વાચકોનાં હૃદયને સ્પર્શવા લાગ્યું. આજ સુધી પશ્ચિમી ચિત્રોની છાપો તથા પોસ્ટકાર્ડો, રાજા રવિ વર્માનાં ચિત્રો અને 'સુવર્ણમાળા'માં દક્ષિણી વેષપરિધાનવાળાં પાત્રોનાં ચિત્રો જોનાર ગુજરાતી જનતાની આંખ સામે એક નવી જ અને પોતીકી સૃષ્ટિએ દેખા દીધી. દેશજ વ્યક્તિ અને વાતાવરણના હાર્દમાં પેસીને રવિભાઈએ કરેલા અભ્યાસ અને ઉપાસનાનું એ ફળ હતું.

એક બાજુ મુંબઈમાં કરવા માંડેલી કલાસાધનામાં 'વીસમી સદી'ની આ નવી દિશા ઊઘડી, તો બીજી બાજુ અભ્યાસની પૂર્ણાહુતિ પણ એવી જ તેજોજ્જ્વલ નીવડી. ૧૯૧૬ની કલાશાળાની છેલ્લી પરીક્ષામાં રવિભાઈ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા અને શાળાનો સર્વોચ્ચ સુવર્ણચંદ્રક 'મેયો મેડલ' મેળવ્યો. આ ચંદ્રક મેળવનાર એ પ્રથમ ગુજરાતી હતા.

બીજે વર્ષે વળી એક નવો ચમત્કાર સર્જાયો. 'બૉમ્બે આર્ટ સોસાએટી' દ્વારા ભરાતા વાર્ષિક કલાપ્રદર્શનમાં આખા ઇલાકાના કલાકારો ભાગ લેતા, અને મુંબઈના ગવર્નર સહિત શ્રેષ્ઠ કલાવિવેચકો તથા સંસ્કારી ઉચ્ચ વર્ગમાંથી તેનું પરીક્ષક મંડળ રચાતું. ઈ. ૧૯૧૭ના એ કલાપ્રદર્શનનો સુવર્ણચંદ્રક, ચાલુ પશ્ચિમી પરંપરાથી તદ્દન નિરાળી શૈલીએ, આછા રંગ અને રમતી રેખાઓ વડે ભારતીય ઢબે આલેખાયેલા, રવિભાઈના નવતર ચિત્ર 'બિલ્વમંગળ'ને મળ્યો. ચીલાચાલુ કલાકારોમાં તો આથી ખળભળાટ મચી ગએલો. પરીક્ષક સમિતિએ આ પહેલી જ વખત શુદ્ધ ભારતીય ભાવ અને શૈલી વ્યક્ત કરતા ચિત્રને પોતાના ઉત્કૃષ્ટ પદકથી નવાજ્યું હતું. કળાના અભ્યાસની સિદ્ધિ રૂપ શાળાના સુવર્ણચંદ્રક પછી દેશજ સંસ્કારપરંપરાની પ્રેરણાથી પ્લાવિત થઈને નવસર્જનની દિશામાં આ ચિત્રથી શરૂ કરેલી કારકિર્દીનો આદર કરતા આ સુવર્ણચંદ્રકે એમના જીવનનો અગત્યનો સીમાસ્તંભ રોપ્યો. હવે એમણે ચિત્રકાર તરીકે જીવવાનો નિરધાર કરી લીધો ને કુટુંબને મુંબઈ બોલાવી લઈને સાન્તાક્રુઝમાં વાસ કર્યો.

ઈ. ૧૯૧૮માં જૂનાગઢ કૉલેજના નિવૃત્ત થતા પ્રિન્સિપાલ સ્કૉટની પૂરા માનવ કદની તૈલરંગી તસવીર કરવાનું કામ એમને સોંપાયું અને તે માટે

એ સમયમાં અસાધારણ ગણાય એવા રૂ. ૧૨૦૦નું પારિશ્રમિક તથા પ્રિન્સિપાલની પ્રસન્નતાનું પ્રમાણપત્ર મળ્યું. એ તસવીર કરવા જૂનાગઢના ફેરા દરમિયાન ગોંડલના ત્યારના ઊગતા ચિત્રકાર રવિશંકર પંડિતના આગ્રહથી રવિભાઈ એક વાર એમને ત્યાં રોકાયા. ત્યાં એમના મિત્રો બચુભાઈ રાવત, દેશળજી પરમાર અને 'ધૂમકેતુ'નો રવિશંકર પંડિતે મેળાપ કરાવ્યો. આમાંના બચુભાઈ ત્યાંની હાઈ સ્કૂલમાં શિક્ષક હતા. ચિત્રકળાની ગ્રેઈડની પરીક્ષાઓ પણ એમણે પાસ કરેલી અને સાહિત્ય તથા કળાનાં પુસ્તકોના વાચનથી પરિપુષ્ટ થઈને ઇન્ગ્લૅન્ડનાં સચિત્ર સામયિકોની ઢબે એક કલામંડિત હસ્તલિખિત પત્ર 'જ્ઞાનાંજલિ' ચલાવતા હતા. તેના અંકો જોઈને રવિભાઈના મન પર જે છાપ પડી તેમાંથી એમને ભવિષ્યના સાથીની પ્રાપ્તિ થઈ.

મુંબઈની ભેજવાળી હવા રવિભાઈને અનુકૂળ ન આવી. દાક્તરોએ સૂકી હવાવાળા ગુજરાતમાં સ્થાયી થવા સૂચવ્યું, અને રવિભાઈને ગુજરાતમાં જ સ્થાયી થવા માટે અમદાવાદ જ બધી જ રીતે યોગ્ય જણાયું. મુંબઈના મિત્રો દ્વારા ગુજરાતના સાહિત્ય અને જાહેરજીવનના બે અગ્રણી શ્રી હીરાલાલ પારેખ અને ડૉ. હરિપ્રસાદ દેસાઈનો સંપર્ક સાધ્યો અને ઈ. ૧૯૧૯ના એપ્રિલમાં રવિભાઈએ અમદાવાદના મધ્યવર્તી વિસ્તાર ખાડિયામાં વસવાટ શરૂ કર્યો.

અમદાવાદના વસવાટના એક જ વર્ષમાં એમની પીંછી જેટલી જ એમની કલમની પણ અભિવ્યક્તિની શક્તિ તથા કલાસંસ્કાર ક્ષેત્રમાં એમની સૂઝ-સમજ જોઈને ઉપર કથિત બંને મિત્રોએ એમને શહેરની સાહિત્યસભા, વર્નાક્લુયર સોસાયટી વગેરે સંસ્થાઓમાં મોખરાનું કાર્ય કરતા કરી દીધા, અને બીજે જ વર્ષે ૧૯૨૦માં ભરાએલા ગુજરાતી સાહિત્ય પરિષદના છઠ્ઠા અધિવેશન સાથેના કલાપ્રદર્શનના આયોજનનું કામ એમને સોંપ્યું અને રવિભાઈએ ચિત્રકલા ઉપરાંત તેમાં સાહિત્ય, ચારુકારુ કલાઓ આદિ સહિત ગુજરાતની સંસ્કારલક્ષ્મીની સર્વ-ક્ષેત્ર-સ્પર્શી રજૂઆત કરીને 'ગુજરાત પ્રદર્શન' બનાવ્યું, જેનું ઉદ્‌ઘાટન ત્યારના ભારતીય કલાના પ્રમુખ પુરસ્કર્તા શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજીએ કરેલું.

એ દિવસોમાં બચુભાઈ રાવત ગોંડલ છોડીને અમદાવાદમાં 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય'માં કામ કરતા હતા. બીજી બાજુ આર્થિક ચિંતાઓ અને માંદગીથી ઘેરાએલા હાજીમહમ્મદને 'વીસમી સદી' માટે સંપાદનકાર્યમાં દૃષ્ટિવાળા કોઈ વિશ્વાસુ મદદનીશની જરૂર હતી. રવિભાઈએ બંનેની મુલાકાત યોજી અને ૧૯૨૧ની શરૂઆતમાં બચુભાઈએ હાજીમહમ્મદ પાસે મુંબઈ જવું એવું ઠરાવ્યું. બચુભાઈ સસ્તું સાહિત્યમાંથી છૂટા થયા અને તેના થોડા જ દિવસોમાં હાજી મહમ્મદનું અવસાન થતાં 'વીસમી સદી' બંધ પડ્યું. પરિણામે રવિભાઈએ શેઠ અંબાલાલ સારાભાઈનાં બાળકોના શિક્ષણ માટેની એમની ગૃહશાળામાં કલાશિક્ષક તરીકેની નોકરી સ્વીકારી લીધી, ને બીજી બાજુ પોતાની કારકિર્દીના આરંભમાં આંગળી પકડનાર સ્વર્ગસ્થ મિત્રનું તર્પણ કરવા 'હાજી મહમ્મદ સ્મારક ગ્રંથ' પ્રકટ કરવાનું ઠરાવી, પોતાના બોલ ઉપર 'સસ્તું સાહિત્ય'માંથી રાજીનામું આપી દેનાર બચુભાઈને તેના કાર્યમાં યોજી લીધા. ૧૯૨૨માં એ ગ્રંથ પ્રકટ થયા પછી બચુભાઈને ગાંધીજીના જેલવાસ દરમિયાન નવા શરૂ થતા 'નવજીવન પ્રકાશન મંદિર'માં સ્થાન અપાવ્યું.

પરંતુ સ્વતંત્ર કારકિર્દી ઘડવાના રવિભાઈના માનસને નોકરીનું બંધન ફાવ્યું નહિ, એટલે બીજે જ વર્ષે એમણે અંબાલાલ શેઠની નોકરી છોડી દીધી, ખાડિયાનું નાનું ઘર બદલીને રાયપુરમાં મોટું સગવડવાળું મકાન ભાડે રાખી કાંડાના બળે કલાકારની કારકિર્દી ફરી શરૂ કરી, જેમાં ઉત્તરોત્તર સફળતા મળતી ગઈ. આ દરમિયાન 'વીસમી સદી'ના બંધ પડવાને કારણે ગુજરાતમાં કલા-સંસ્કારના ક્ષેત્રે જાણે ખાલીપો વરતાતો હતો. એ ખાલીપો પૂરવા રવિભાઈએ હિંમતપૂર્વક બચુભાઈને ફરી પોતાના સાથમાં લઈને ઈ. ૧૯૨૪માં ઊગતી પેઢીના ઘડતર માટે કલા-સાહિત્ય-સંસ્કારનું સચિત્ર માસિક 'કુમાર' શરૂ કર્યું. આની સાથોસાથ ચિત્રકલાના વલણવાળા વિદ્યાર્થીઓ ઘરઆંગણે માર્ગદર્શન માટે આવતા થયા હતા, એમની સંખ્યા વધતી જતી હતી, એટલે ૧૯૨૫માં 'કુમાર કાર્યાલય' માટે જે વિશાળ મકાન ભાડે રાખ્યું તેના મેડા પર પોતાનો સ્ટુડિઓ જમાવી ત્યાં જ વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની ફી લીધા વિના ચિત્રશિક્ષણ આપવાનું શરૂ કર્યું. બહારગામના વિદ્યાર્થીઓ ત્યાં જ સૂઈ રહેતા. સવારે વહેલા ઊઠી સ્ટુડિઓ વ્યવસ્થિત કરી, નજીકની લૉજમાં જમી લઈ, કોઈ કોઈ તો ખર્ચ કાઢવા 'કુમાર કાર્યાલય'માં પરચૂરણ કામ કરી લઈ મોડી રાત સુધી ચિત્રકળાના પાઠ પાકા કરતા અને આમ 'કુમાર કાર્યાલય' દિવસ ને રાત સતત ધમધમતું રહેતું. કનુ દેસાઈ અને રસિકલાલ પરીખથી માંડીને જે સંખ્યાબંધ કલાકારો આ ગુરુકુલમાંથી નીપજ્યા તેમણે ગુજરાતમાં કળાની વાડી વિસ્તારવાના રવિભાઈના સ્વપ્નને જે સાકાર કર્યું છે એ તો જાહેર પ્રતીતિની વાત છે.

ગાંધીજીની રાષ્ટ્ર-મુક્તિની લડતથી પ્રેરિત એ કાળ સર્વક્ષેત્રીય સમુત્ક્રાંતિનો હતો. એમણે સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠમાં જેમ રાષ્ટ્રિય શિક્ષણના પ્રયોગો થતા હતા તેમ જુદાં જુદાં સંસ્કારક્ષેત્રોમાં પણ પુનરુત્થાનના પ્રયોગો થતા હતા. ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્યનાં પુરાણાં પડ ઉખેળતા હતા. ભાવનગરમાં ગિજુભાઈ બધેકાએ બાળકેળવણીનો નવો જ દિશાદોર સાંધ્યો હતો, કનૈયાલાલ મુનશી મુંબઈમાં 'સાહિત્ય સંસદ' સ્થાપી 'ગુજરાત' માસિક ચલાવતા હતા, રમણલાલ દેસાઈ પોતાની સામાજિક નવલકથાઓ દ્વારા ગુજરાતના સંસાર-જીવનને ઓપ આપતા હતા, વિશ્વનાથ મ. ભટ્ટે નીડર વિવેચનની કેડી પાડી હતી, રામનારાયણ પાઠકે 'પ્રસ્થાન' માસિક દ્વારા સાહિત્યસર્જન અને વિવેચનના ક્ષેત્રમાં અમોલ અર્પણ આરંભ્યું હતું. તો વિજયરાજ વૈદ્યે 'કૌમુદી' ત્રૈમાસિક દ્વારા તંદુરસ્ત અને નવા વિવેચનની દિશા ઉઘાડી હતી અને કવિતાની ક્ષિતિજ ઉપર 'સુન્દરમ્' અને ઉમાશંકરના તેજસ્વી તારા ઝબકતા થયા હતા. આ બધા પ્રયત્નોથી પુલકિત થયેલા હીરાલાલ પારેખે પોતાના સ્વર્ગસ્થ મિત્ર રણજિતરામના સ્વપ્નને આકાર લેતું થયેલું જોઈ, એ કરનારાઓને પુરસ્કારવા નિમિત્તે, ગુજરાતની એ સંસ્કારયાત્રાના સીમાસ્તંભો આંકવાના ઉદ્દેશથી ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતા અને ઉત્થાન માટે આજીવન મથનાર પોતાના સ્વર્ગસ્થ મિત્રના સ્મરણાર્થે પોતાના ખર્ચે 'રણજિતરામ સુવર્ણચંદ્રક'નું ૧૯૨૮થી આયોજન કરેલું અને ૧૯૩૦માં

રવિભાઈને કલાઉત્થાન માટે એ ચંદ્રકથી નવાજ્યા હતા. એ પછીથી અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ એ ચંદ્રકની જવાબદારી પોતાને શિરે લઈ લીધી.

આમ, રવિભાઈની કલાપ્રવૃત્તિ પ્રફુલ્લિત થતી જતી હતી એ જ ગાળામાં એમને એક વિરલ કલાપ્રવાસની તક મળી. દુનિયાભરમાં આ દેશની કલાપરંપરાનો ડંકો બજાવનાર અજંતાની બૌદ્ધ ગુફાઓની ભીંતો અને છતો ઉપરની મબલખ ચિત્રસૃષ્ટિનો અભ્યાસ કરવાની એ તક હતી. એ ગુફાઓ શોધાયા પછી તેનો અભ્યાસ તથા ત્યાંનાં ભીંતચિત્રોની નકલો કરવાના અગાઉ બે પ્રયત્નો થયા હતા. આ ત્રીજા પ્રયત્નનું આયોજન ઔંધના રાજાસાહેબ ભવાનરાવ પંત પ્રતિનિધિના આશ્રયે થયું. મુંબઈ-મહારાષ્ટ્રના મરાઠી ચિત્રકારો સાથે ગુજરાતમાંથી રવિભાઈને તેમાં જોડાવાનું નિમંત્રણ મળ્યું એ એમના જીવનનો એક ધન્ય પ્રસંગ બની રહ્યો. ત્યાંના એક માસના વસવાટ દરમિયાન ત્યાંની કલાસરવાણીમાંથી પ્રેરણાનું આકંઠ પાન કરી તેઓ એક નવી જ દૃષ્ટિ લઈને આવ્યા. અજંતાના વર્ષોના અભ્યાસી ક્યુરેટર સૈયદ અહમદના મત અનુસાર રવિભાઈની કરેલી અનુકૃતિઓ અજંતાની શૈલીનો આત્મા પકડીને કરેલી શ્રેષ્ઠ અનુકૃતિઓ હતી.

ઈ. ૧૯૩૩માં અમદાવાદના નવા વિકસતા એલિસબ્રિજ વિસ્તારમાં રવિભાઈએ 'ચિત્રકૂટ' નામે પોતાનું નિવાસસ્થાન રચી ત્યાં વાસ કર્યો. બીજા જ વર્ષે પડોશના એક મોટા મકાનનો નીચેનો વિસ્તાર ભાડે રાખી પોતાના કલાના ગુરુકુળને ત્યાં ફેરવી તેને 'ગુજરાત કલાસંઘ' રૂપે સ્થાપ્યું. ઈ. ૧૯૨૪થી આરંભાઈને એક દસકો વીતાવી અહીં આવેલું એ ગુરુકુળ, ૧૯૪૮થી તે ધીમેધીમે વિલીન થતું ગયું ત્યાં સુધીનો બીજો દોઢ દાયકો જે રીતે ફૂલ્યુંફાલ્યું તે કેવળ રવિભાઈના જ નહિ, સમસ્ત ગુજરાતના સાંસ્કૃતિક જીવનનું એક ઉજ્જવળ પ્રકરણ છે. કેવળ કલાપ્રીત્યર્થે નિ:શુલ્ક ચલાવેલા એ યજ્ઞકાર્યનો જોટો ભારતમાં વિરલ છે.

જાપાન જેવા ટચૂકડા દેશની પ્રજાના પુરુષાર્થની ગાથા નાનપણથી સાંભળતા આવેલા રવિભાઈના મનમાં તેને માટે આદરનું બીજ રોપાયું હતું, અને કિશોરકાળે સ્વામી ભૂમાનંદ જેવાના વાર્તાલાપોથી એ પોષાતું ગયું હતું. એટલે ૧૯૩૬માં દક્ષિણામૂર્તિ ભવન માટે નાનાભાઈ (નૃસિંહપ્રસાદ) ભટ્ટ ત્યાં જઈને માતબર થયેલા ગુજરાતી વેપારીઓ પાસેથી ફાળો ઉઘરાવવા જવાનું આયોજન કર્યું ત્યારે રવિભાઈ પોતાના એ મુરબ્બી મિત્ર સાથે જોડાઈ ગયા અને ત્યાંના કલાજીવનની સાથોસાથ પ્રજાજીવનનો જીવંત સંપર્ક સાધી મૂલ્યવાન ભાથું બાંધી લાવ્યા. 'કુમાર'ના તેરમા વર્ષમાં (૧૯૩૬માં) 'મારી નજરે' વિભાગમાં એ પ્રવાસનાં સંસ્મરણો એમણે વિગતે લખ્યાં છે.

'કુમાર'ની સ્થાપના થયે એક તપ (બાર વર્ષ) વીતી ગયું હતું. એ દરમિયાનની એમની કલાપ્રવૃત્તિએ પ્રૌઢી પકડી લીધી હતી. 'કુમાર'માંના કલાવિષયક લેખો અને 'અજંતાની કલાયાત્રા'ના ફલસ્વરૂપ 'અજંતાના કલામંડપો'નું પ્રકાશન એમની કલમ અને પીંછીનાં કીર્તિદા સુફળ બન્યાં હતાં. એ પરિપકવ કાળે, ઈ. ૧૯૩૭માં શ્રી કનૈયાલાલ મુનશીના પ્રમુખપદે ભરાએલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનના કલાવિભાગના પ્રમુખ તરીકે રવિભાઈની વરણી થઈ. એમનું એ વખતનું અધ્યક્ષ તરીકેનું વ્યાખ્યાન સ્મરણીય છે.

ભારતની સાંસ્કૃતિક પરંપરાથી આકર્ષાઈ જે કેટલાક મહાનુભાવ વિદેશીઓએ આ દેશને પોતાનું વતન બનાવી તેમાં જ સમાઈ જવામાં ગૌરવ અનુભવ્યું હતું તેમાં થીઓસોફી સંપ્રદાયના અગ્રણી અને પાછળથી ભારતના રાજકારણમાં આગળ પડતો ભાગ લઈ, ગાંધીજીના આગમન પહેલાં હોમરૂલની ચળવળ શરૂ કરનાર શ્રીમતી એની બેસન્ટ તથા એ જ સંપ્રદાયના એમના શિષ્ય-સાથી જેઈમ્સ કઝિન્સનાં નામ મોખરાનાં ગણાય. એમાં શ્રી કઝિન્સ ભારતીય કલા-સંસ્કારની પ્રવૃત્તિમાં વિશેષ રસ ધરાવતા. એમણે રવિભાઈના કલા અને કલાહેતુને સન્માન્યાં હતાં. જ્યારે જ્યારે અમદાવાદ આવે ત્યારે તે રવિભાઈને પણ અચૂક મળતા, અને રવિભાઈ પણ એમનાં કલા ઉપરનાં વ્યાખ્યાનો યોજવાની અચૂક તક લેતા. ભારતમાં આવી વસેલા રશિયાના વયોવૃદ્ધ, પીઢ અને પ્રભાવી, તથા ઋષિ જેવા કલાકાર નિકોલસ રોરિક સાથે રવિભાઈની મૈત્રી આ શ્રી જેઈમ્સ કઝિન્સે સાધી આપી હતી, જેને પરિણામે શ્રી રોરિકે રવિભાઈને ૧૯૪૦માં હિમાલયની કુલુખીણમાં આવેલા પોતાના નિવાસસ્થાને માનભેર નિમંત્ર્યા હતા.

આ વર્ષો દરમિયાન રવિભાઈને અમદાવાદના એક અગ્રણી, ગર્ભશ્રીમંત સંસ્કારસંપન્ન શ્રેષ્ઠી સર ચિનુભાઈના કુટુંબ સાથે ગાઢ સંબંધ બંધાયો હતો, અને એમનાં કુટુંબીજનો તથા બાળકો રવિભાઈ પાસેથી કલાનાં શિક્ષણ અને સંસ્કાર મેળવતાં રહ્યાં હતાં. એ સર ચિનુભાઈના કુટુંબ સથે દર ઉનાળે ભારતનાં મુખ્ય મુખ્ય હવા ખાવાનાં સ્થળોના પ્રવાસો વખતે તે તે પ્રદેશના નામી કલાકારો ને વિદ્વાનોની મુલાકાતો લેવાનો યોગ પણ રવિભાઈને સાંપડ્યો હતો. એવો જ પણ જરા વિસ્તૃત પાયા ઉપરનો યોગ ઈ. ૧૯૪૧માં રવિભાઈએ સાધ્યો. એ વર્ષે બંગાળમાં શાન્તિનિકેતનમાં કલાકાર નંદલાલ બસુની પાસે તાલીમ લેતા ગુજરાતી વિદ્યાર્થીઓએ એમની ત્યાંની મુલાકાતનું આયોજન કર્યું હતું. તેના અનુસંધાનમાં રવિભાઈએ પૂર્વ તથા ઉત્તર ભારતનાં કલા-સંસ્કારનાં ધામો, કલાના પુરસ્કર્તા, કલાકારો વગેરેની મુલાકાત લીધી જેનું રસમય નિરૂપણ તેમણે ('કુમાર'ના ઓગણીસમા વર્ષના અંકોમાં તથા તે પછી પુસ્તક રૂપે) 'કલાકારની સંસ્કારયાત્રા' નામે પુસ્તકમાં વિસ્તારથી કર્યું છે.

તળ ગુજરાતમાં તો એમની પ્રવૃત્તિ અસ્ખલિત ધારાએ વહેતી જ રહેતી હતી. ગુજરાત કલાસંઘ ઉપરાંત, જનસમુદાયમાં કલારસ જાગૃત કરવાના ઉદ્દેશથી એમણે કલાકારો તથા કલાના ચાહકોનું 'ભારત કલામંડળ' નામે એક બીજું મંડળ પણ સ્થાપેલું અને તેના આશ્રયે પ્રતિવર્ષ નિકોલસ રોરિક જેવાનાં ભવ્ય પ્રદર્શનો તથા જેઈમ્સ કઝિન્સ, કાર્લ ખંડાલાવાલા, અર્ધેન્દ્રકુમાર ગાંગુલી, વાસુદેવ શરણ અગ્રવાલ, શ્રીમતી સ્ટેલા, કેમરિશ, ડૉ. નિહારરંજન રાય આદિ જેવા સમર્થ કલાવિવેચકોનાં વ્યાખ્યાનો પણ યોજાતાં રહેતાં હતાં. વળી, આ દરમિયાન એમના પોતાના પણ કલાવિષયક લેખો, તથા રોટરી કલબથી પોલેન્ડના કોન્સ્યુલેટ સુધીનાં મંડળ સમક્ષનાં એમનાં અંગ્રેજી-ગુજરાતી વ્યાખ્યાનો પણ થતાં જ રહેતાં. 'કુમાર' ઉપરાંત એમની પીંછી બીજાં અનેક ક્ષેત્રોમાં ઘૂમી વળી હતી. પાત્રચિત્રો, છાયાચિત્રો, કટાક્ષચિત્રો,

ભીંતચિત્રો, આદિ વિવિધ કલાશૈલીઓનાં પ્રથમ મંડાણ ગુજરાતમાં એમણે જ સૌપ્રથમ કર્યાં હતાં. મુનશી જેવા એમના મિત્ર અને પ્રિય લેખકની 'પાત્રસૃષ્ટિ'નાં ચિત્રોની માળા એમનું એક મૂલ્યવાન સર્જન છે. તેમાં એમણે વેદકાળથી આજ લગીના ગાળાને આવરી લીધો છે. ગુજરાત વિદ્યાપીઠ તેમજ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી જેવાં વિદ્યાધામોના કલાના અભ્યાસક્રમોના આયોજનમાં યે એમનો મુખ્ય ફાળો હતો, અને આણંદના વિદ્યાનગરનું કલાકેન્દ્ર પણ એમના જ પરિશ્રમને આભારી છે.

પરંતુ આની વચ્ચેનો ગાળો એમને માટે 'કુમાર'નાં આર્થિક જોખમો અને અવારનવાર આવી જતી નાનીમોટી માંદગીનો પણ રહેતો આવતો હતો. એવી એક ગંભીર માંદગી ૧૯૪૨માં આવી, અને બીજી બાજુ બીજા મહાયુદ્ધને લીધે ચાલતી મોંઘવારીજન્ય આર્થિક ભીંસની મૂંઝવણ પણ ઊભી થઈ. પરિણામે એ વર્ષને અંતે રવિભાઈએ 'કુમાર બંધ કરવાનો નિર્ણય કર્યો; પણ સ્વ. ચૈતન્યપ્રસાદ દીવાનજીની આગેવાની નીચે અન્ય મિત્રો, શુભેચ્છકો તથા એમના સાથી બચુભાઈએ મળીને 'કુમાર કાર્યાલય લિમિટેડ' રચીને 'કુમાર'ના સંપાદન અને અર્થતંત્રની જવાબદારી ઉપાડી લીધી. ત્યારથી રવિભાઈ 'કુમાર'થી તદ્દન નિવૃત્ત થઈ બાકીના પાંત્રીસ વર્ષ લગી પોતાને અનુકૂળ રહે તેટલી પ્રવૃત્તિઓ કરતા રહ્યા અને એ રીતે જીવનના અંત સુધી એક યા બીજા પ્રકારે સતત કલાપ્રચારમાં જ રત રહ્યા.

ઈ. ૧૯૫૨માં રશિયાની આગેવાની નીચે વીએનામાં યોજાયેલી સામ્યવાદી દેશોની 'શાંતિ પરિષદ'ના આમંત્રણથી આકર્ષાઈને રવિભાઈએ વીએના અને તેના અનુસંધાનમાં રશિયાના મોસ્કો, લેનિનગ્રાડ આદિ શહેરોનો પ્રવાસ કર્યો, જે દરમ્યાન ત્યાંના કલાસંઘો અને શાળાઓનાં નિરીક્ષણ દ્વારા ત્યાંના જીવનનાં સર્વ ક્ષેત્રોમાં કલાનો શો આદર છે તે અનુભવ્યું. એના ફલસ્વરૂપ એમણે 'દીઠાં મેં નવાં માનવી' પુસ્તક લખ્યું.

ઈ. ૧૯૬૫માં ભારત સરકારે એમની કલાસેવાની કદરમાં એમને 'પદ્મશ્રી'નુ બિરુદ આપ્યું. એ જ વર્ષે 'સોવિયેત દેશ'ના નેહરુ પારિતોષિકના રૂ. ૨૫૦૦ ના પુરસ્કારની જાહેરાત સાથે એમને બીજી રૂસ-યાત્રાનું નિમંત્રણ મળતાં તેનો લાભ લીધો.

કેન્દ્રની (ભારતીય) લલિત કલા અકાદમીના સ્થાપનાકાળથી સળંગ એક દાયકા સુધી તેની સમિતિના સભ્યપદે તેઓ રહેલા. ઈ. ૧૯૭૦માં આ અકાદમીએ એમને પોતાના 'ફેલો' બનાવી રૂ. ૫૦૦૦, શાલ અને તામ્રપત્રથી પુરસ્કૃત કર્યા. ગુજરાત રાજ્યની લલિતકલા અકાદમીના પણ સ્થાપનાકાળથી તેઓ લાંબા કાળ સુધી ઉપપ્રમુખ પદે રહેલા, અને એ અકાદમીના ભવનનું ખાતમુહૂર્ત કરવાનું માન પણ અકાદમીએ એમને આપ્યું હતું. કલાની એ એમની અંતિમ સેવા હતી.

આમ, જીવનભર કલાની સેવામાં સતત સક્રિય રહેલા ગુજરાતના એ કલાગુરુનું એમના નિવાસસ્થાન 'ચિત્રકૂટ'માં ૮૫.૧/૩ વર્ષની પાકટ વયે, બે દિવસની ટૂંકી માંદગી બાદ ૧૯૭૭ની ૯ ડિસેમ્બરે અવસાન થયું. ગુજરાતની કલા-અસ્મિતાના એ પુરોધા અને સાંપ્રત ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસમાં

લઘુકથા

ચેમ્પિયન

દુર્ગેશ ઓઝા

અને આજે ચેતનની ચેતના જાણે કે જાગી ઊઠી હતી. ઘણા વખતથી જેની રાહ જોયેલી એ ઘડી હવે બસ આવી જ રહી હતી. છેલ્લાં ત્રણ-ત્રણ વરસથી દોડની સ્પર્ધામાં તે સતત બીજા ક્રમે જ આવતો હતો ને તેનો હરીફ મનોહર પ્રથમ રહેતો. પણ આ વખતે તો પોતે 'ચેમ્પિઅન' બનીને જ રહેશે એવો નિર્ધાર કર્યો હતો.

આજે સફળતા હાથવેંતમાં જ હતી. પોતે સૌથી આગળ હતો ને તેનો હરીફ મનોહર ઘણો જ પાછળ હતો ત્યાં વચ્ચે તેણે બીજી એક જાહેરાત સાંભળી કે હવે દોડમાં માત્ર બે જ હરીફો રહ્યા છે - બાકીના પાછા ફરી ગયા છે. આ સાંભળીને તો હવે તે નિશ્ચિંત બની ગયો.

વાતાવરણ સુંદર હતું. સામે જ ડુંગરાઓ અને ખીણ ! દોડવાની મજા આવતી હતી અને અચાનક તેના કાને એક-બે હૃદયદ્રાવક ચીસો સંભળાઈ. સામેની ખીણ તરફ એક બાળક ગબડી રહ્યું હતું. જીવન અને મૃત્યુ વચ્ચે થોડી જ ક્ષણો બચી હતી, તેનાં માબાપ અસહાય સ્થિતિમાં ચીસો પાડતાં હતાં.

અને તેણે ક્ષણનોય વિચાર કર્યા વિના તે તરફ દોટ મૂકી ચેમ્પિઅનશિપની ચરમ સીમાએ દોટ થાય તેથી પણ વધુ ઝડપ કદાચ એ દોટની હતી. તેને લાગ્યું કે જિંદગીમાં તે આથી વધુ ઝડપે કદાચ ક્યારેય દોડ્યો નહિ હોય અને તેણે બાળકને બચાવી લીધું ને તેનાં માબાપના આશીર્વાદ મેળવ્યા. ચેમ્પિઅનશિપ હાથતાળી દઈ રહી હતી.

પણ... ત્યાં જ એની નજર મનોહર પર પડી. તે હજી પણ ધીમે ધીમે દોડી રહ્યો હતો ને તેણે ચેતનને બૂમ પાડી : 'મેં બધું જોયું છે, તું દોડમાં ફરી દાખલ થઈ જા. આજે તો તું જ 'ચેમ્પિઅન' થવાને લાયક છે. તારા માટે હું ક્યારનોય ધીમે ધીમે દોડી રહ્યો છું.'

ચેતન વિચારી રહ્યો કે આમાં 'ચેમ્પિઅન' કોણ ? □

પહેલા કલાયુગના એ પ્રવર્તકનું નામ આજના ગુજરાતની પ્રત્યેક કલાપ્રવૃત્તિની ઈતિહાસકથા સાથે સદાય સુવર્ણઅક્ષરે અંકાતું રહેશે.

એમની હયાતીમાં જ તે સમયના તામિલનાડુના રાજ્યપાલ સ્વ. શ્રી પ્રભુદાસ પટવારીની આગેવાની નીચે અને ત્યારના ગુજરાતના રાજ્યપાલ મેહદી નવાજ જંગના પ્રારંભિક અનુદાનથી કેટલાક મિત્રોએ રવિભાઈની કલાપ્રવૃત્તિના સ્મરણમાં 'કલા રવિ ટ્રસ્ટ'ની સ્થાપના કરી છે, જેના દ્વારા રવિભાઈનાં 'આત્મકથાનક' સહિત કલાવિષયક પ્રકાશનો થયાં છે અને કલાકારોને બધી સગવડ મળી રહે તેવા એક ભવનના નિર્માણની તેની નેમ છે.

- બિ. ટાં.

એડોગાવા રામ્પોની એક રહસ્યકથા

લાલ મહલનું રહસ્યમંડળ

અશોક હર્ષ

[સામાન્યત: માનવામાં આવે છે તે કરતાં રહસ્યકથાઓનો વાચકવર્ગ અન્ય કોઈ પણ સાહિત્યપ્રકારના વાચકો કરતાં ઘણો મોટો છે, જગતના પ્રસિદ્ધ રાજપુરુષો, સેનાનાયકો અને અગ્રણી સારસ્વતોએ પણ રહસ્યકથા પ્રત્યેના પોતાના પક્ષપાતનો એકરાર કરેલો છે. એડગર એલન પોથી માંડીને આજના ઓગસ્ટ ડર્થેલ સુધીના પશ્ચિમના રહસ્યકથા લેખકોથી આપણે પરિચિત છીએ, પરંતુ પૂર્વમાં પણ તેનું ખેડાણ - કદાચ પશ્ચિમથી યે પહેલાં થતું આવ્યું છે, આપણે ત્યાં ગુણાઢ્ય અને ચીનમાં ફૅંગ મૅંગ-લુંગ તેના પ્રવર્તકો ગણાય. પૂર્વમાં પછીથી લુપ્ત થયેલો એ પ્રવાહ ફરી શરૂ કરવાનું માન જાપાનના એડોગાવા રામ્પોના ફાળે જાય છે, અને એ પ્રવાહ એટલો જોરદાર છે કે પશ્ચિમ પણ તેના પ્રવાહમાં તણાવા માંડ્યું છે. સૌપ્રથમ એલેરી ક્વીનના અમેરિકન રહસયકથાઓના સામાયિકે તેના 'ક્વીન્સ કોરમ' પુસ્તકમાં એડોગાવોનો પશ્ચિમના વાચકોને પરિચય કરાવ્યા પછી તો એની કૃતિઓના થોકબંધ અનુવાદો પ્રસિદ્ધ થવા માંડ્યા છે અને રહસ્યકથાઓના એ શ્રેષ્ઠ જાપાની લેખકની ગણના આજે જગતના શ્રેષ્ઠ રહસ્યકથા-લેખકોમાં થવા માંડી છે. જેમ્સ બી. હૅરિસના જણાવ્યા પ્રમાણે, એડોગાવાની ખ્યાતિ એડગર એલન પોની ખ્યાતિને આંટી ન જતી હોય તોપણ તેની બરાબર તો ઊતરે જ છે. એના રહસ્યગર્ભ સર્જનની પ્રતિનિધિ આ વાર્તા ગુજરાતી વાચકો સમક્ષ પહેલી જ વાર રજૂ થાય છે.]

લોહી થિજાવી દે એવા કિસ્સા એકબીજાને સંભળાવવા માટે ગંભીર પ્રકૃતિના કહી શકાય એવા સાત જણે એક મંડળ ઊભું કરેલું. એ સાતમાં મારો પણ સમાવેશ થઈ જતો હતો. એ માટે અમે જ્યાં એકત્ર થતા એ વિશાળ ખંડને અમે 'લાલમહલ'ની સંજ્ઞા આપેલી. ત્યાં ઊંડી લાલ મખમલી ખુરસીઓમાં પોતપોતાની બેઠક લઈને સૌ કોઈએ સાંજે કિસ્સો કહેવાનો. જેનો વારો હોય તેને સાંભળવા ઉત્સુક રહેતા.

ખંડની વચ્ચોવચ અમે જેને ફરતે બેસતા એ ગોળ, વિશાળ મેજ પણ લાલ મખમલથી મઢેલું હતું. એના પર કાંસાની એક કોતરણીદાર શમાદાની રહેતી જેમાં ત્રણ મોટી મીણબત્તીઓ તેમનો ધ્રૂજતો પ્રકાશ વેરતી રહેતી. ખંડની હરેક બાજુ પર - બારીબારણાં સહિત - છતથી તે ફરસ સુધી સુંદર ગડી વાળેલા ઘેરા લાલ રેશમી પડદા ટીંગાડેલા હતા. મીણબત્તીઓની શગો દ્વારા આ ખાનગી માનવસપ્તકના રાક્ષસી કદના ઘેરા ઓળા ત્યાં ટીંગાડેલા પડદાઓ પર પથરાયેલા રહેતા. ઘડીકમાં ઊંચે તો ઘડીકમાં નીચે, ઘડીકમાં પહોળા તો ઘડીકમાં સાંકડા એ ઓળા ગડીબંધ પડદાઓ પર કોઈ રાક્ષસી જંતુઓની જેમ ફરકતા રહેતા.

આ લાલ મહલમાં આરામખુરસીમાં મારી બેઠક લેતાં મને હંમેશાં એમ જ લાગ્યા કરતું કે હું જાણે કોઈ રાક્ષસકાય પ્રાગૈતિહાસિક પ્રાણીના પેટમાં બેઠેલો છું, અને એના વિશાળ કદના પ્રમાણમાં એના હૃદયના ધીમા ધબકારા પણ જાણે મારા કાને પડતા હતા.

એ સાંજે કેટલોક સમય તો અમે બધા શાંત અને ખામોશ બેઠા રહેલા. હું પણ બાકીના બધાની જેમ મંત્રમુગ્ધપણે શાંત ને ખામોશ બેઠો રહી મેજ ફરતે બધાના ચહેરા તાકી રહ્યો હતો. જોકે બધા જ ચહેરાઓથી હું પૂરેપૂરો પરિચિત હતો, પણ આટલે નજીકથી બારીકીથી તે જોતાં મારા શરીરમાંથી ઠંડીનું એક લખલખું પસાર થઈ જતું. મને તે જાપાની નકાબ 'મોહ' ધારણ કરેલા એ તદ્દન ભાવશૂન્ય અને ગતિશૂન્ય પ્રતીત થતા.

છેવટે મંડળમાં તાજા જ પ્રવેશેલા તનાકાએ પોતાની વાત સંભળાવવા માટે ગળું ખંખાર્યું. મીણબત્તીઓની શગોને તાકતો તે પોતાની આરામ ખુરસીમાં આગળ, ઢળતો બઠેલો. મારી નજર તેની હડપચી પર પડતાં મને લાગ્યું કે માંસ કે ચામડી વિનાનું એ કેવળ હાડકાનું જ ચોસલું હતું, તેનો સારો યે ચહેરો એકાદ કદ્રૂપ ચહેરાના રમકડાનો જ ભાસ કરાવતો હતો.

પોતાના પૂર્વપરિચયની કશી આળપંપાળમાં ઊતર્યા વિના તનાકાએ એકાએક શરૂ કરી દીધું : 'આ મંડળના એક અધિકૃત સભ્ય તરીકે સ્થાન મેળવ્યા પછી હું ભયાનક ઘટનાના મારા કિસ્સાનું પહેલવહેલું બયાન શરૂ કરીશ.'

અમારામાંનું કોઈ ન જરાયે હલ્યુંચલ્યું કે ન હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો એટલે એણે લાગલું જ પોતાનું બયાન વહેતું કરી દીધું :

'હું માનું છું કે માનસિક નજરે હું પૂરેપૂરો સ્વસ્થ છું અને મારા તમામ મિત્રો મારી માનસિક સ્વસ્થતા બદલ ખાતરી આપશે, પણ હું ખરેખર માનસિક નજરે સ્વસ્થ છું કે કેમ તેનો નિર્ણય હું તમારા પર જ છોડું છું. હા, હું પાગલ પણ હોઈ શકું, અથવા એથી હળવી સ્થિતિનો એકાદ ધૂની. પરંતુ યેનકેન પ્રકારે મારે એટલું તો સમજાવવું જ રહ્યું કે હું હંમેશાં જિંદગીથી થાકેલો રહેતો આવ્યો છું...અને સામાન્ય માનવીની જીવનઘરેડ મને તિરસ્કારજનક કંટાળો આપે છે અને સદૈવ આપતી રહેશે.

શરૂશરૂમાં તો મારા મનને મોકળું રાખવા મેં તરહેવાર માર્ગો અપનાવ્યા, પણ કમનસીબે એમાંનો એકે મારા બેહદ કંટાળાથી મને મુક્તિ ન અપાવી શક્યો. એથી ઊલટું હું જે પ્રવૃત્તિ હાથ ધરતો ગયો તે મારી નિરાશામાં ઉમેરો જ કરતી રહી. હું સતત મારી જાતને પ્રશ્ન કર્યા કરતો-શું દુનિયામાં મારા માટે મન બહેલાવવાનું કંઈ રહેવા જ નથી પામ્યું? શું બગાસાં પર બગાસાં ખાતાં જ મારે આ જિંદગી પૂરી કરવાની છે? ધીમે ધીમે હું પ્રમાદની એવી સ્થિતિમાં અટવાઈ ગયો કે જેમાંથી છૂટી જ ન શકું. મારા મનને રીઝવવામાં કંઈ કહેતાં કંઈ જ સફળ નહોતું નીકળતું. દરરોજ ત્રણ વખત જમીને સાંજના

ઓળા ઊતરતાં જ હું પથારી ભેગો થઈ જતો. ધીમે ધીમે મને લાગવા માંડ્યું કે હું પૂરો પાગલ બની જઈશ. ભૂંડની માફક બસ ખાવું અને ઊંઘવું, ખાવું અને ઊંઘવું.

મારા સંજોગો મારી ઉદરપૂર્તિ માટે મને કશુંક કામ કરવાની ફરજ પાડે એવા હોત તો મારા સતત કંટાળામાં મને તે રાહતરૂપ નીવડત. પણ મારા નસીબમાં એ હતું જ નહિ. આથી મારો કહેવાનો આશય એ નથી કે હું અસીમ શ્રીમંતાઈમાં જન્મેલો. જો એવું હોત તો પણ મારી સમસ્યાનો ઉકેલ મને મળી ગયો હોત, કેમ કે પૈસો પાણીની જેમ વહેવડાવતો રહી હું અનેક ભોગવિલાસોથી માંડીને નીરોના જમાનાની લોહિયાળ રમતો માંડતો રહ્યો હોત. પણ, લ્યાનત છે નસીબને, કે ન તો હું ગરીબ હતો કે ન તવંગર. સરેરાશ જીવનધોરણ જાળવી શકું એવો મધ્યમ થરનો હું હતો.

સામાન્ય શ્રોતાવર્ગ સમક્ષ તો હું મારા કંટાળાની આ કેફિયત લંબાવ્યે જ રાખત, પણ લાલ મહલની મંડળીના મારા સજ્જન સાથીઓ! તમારી સામે એ નિરર્થક હોવાનું હું જાણું છું. મને ખાતરી જ છે કે મારી જેમ જ તમને પજવતો કંટાળો દૂર કરવા માટે જ તમે આ મંડળ ઊભું કરેલું છે. એટલે આડેઅવળે ફંટાયા વિના હું સીધી જ મારી કથની તમારી સમક્ષ રજૂ કરીશ.

હું કહી ચૂક્યો છું તેમ હું સતત મને ઘેરી વળેલા આ પ્રશ્ન સામે ઝૂઝતો રહેતો. મારી જાતને પ્રસન્ન શી રીતે રાખવી? કોઈ કોઈ વાર મને ડીટેક્ટિવ બનાવનો પણ ખ્યાલ આવી જતો જેથી ગુનેગારોનો પીછો પકડવા પાછળ હું મારી નીતિને ખુશ રાખી શકું. ક્યારેક તાંત્રિક પ્રયોગો અજમાવવાનો - વામમાર્ગી પ્રયોગો સુધ્ધાંનો વિચાર મને આવી ગયેલો. વેશ્યાઓ અને જાતીય વિકૃતિ ધરાવનારાને ફિલ્મમાં ઉતારી અશ્લીલ ચિત્રો ઉતારવાનો ખ્યાલ પણ મારા મનમાંથી બાકાત નહોતો રહ્યો. બીજા એવા પણ ખ્યાલો હતા કે પાગલખાનાઓની, કેદખાનાની અને મંજૂરી મળે તો ફાંસીએ ચડતા ગુનેગારોની મુલાકાતો લેવી. પણ એક યા બીજા કારણે આમાંનો એકે ખ્યાલ મને પૂરેપૂરો જચ્યો નહિ. બીજા શબ્દોમાં કહું તો અઠંગ શરાબીને શરબત જેવાં હળવાં પીણાંથી સંતોષવાના એ પ્રયાસો હતા. હા, મને પ્રસન્નતાના જલદ અને તૃપ્તિકારક પાનની જરૂર હતી.

એકાએક હું જ્યારે એવા નિર્ણય પર આવવાની તૈયારીમાં જ હતો કે મારા પ્રશ્નનો ઉકેલ હું કદાપિ શોધી શકવાનો નથી, ત્યારે મારા મગજમાં એક વિચાર સ્ફુરી ઊઠ્યો- ભયંકર વિચાર. શરૂઆતમાં તો એ વિચાર મારા મગજમાંથી ખંખેરી નાખવાનો મેં પ્રયત્ન કર્યો, કેમ કે મને લાગ્યું કે હું મારા તરંગો પર કાબૂ નહિ રાખું તો હુ ક્યાંયનો નહિ રહું. અને છતાં એ વિચારે મને એવું તો ખાસ આકર્ષણ પ્રેરેલું કે જેનો મેં એ પહેલાં કદી અનુભવ નહોતો કરેલો. એ વિચાર, સજ્જનો, ટૂંકામાં કહું તો હતો.. ખૂનનો ! હા, મારા જેવા મિજાજના, વાસ્તવિક રોમાંચ અનુભવવા ગમે તે હદે જવા તૈયાર માનવીના માટે એ જ વિચાર વધુ મૂલ્યવાન હતો.

છેવટે, થોડાંક ખૂન કર્યા સિવાય હું કદાપિ શાંતિ નહિ અનુભવી શકું તેની પ્રતીતિ થઈ ચૂક્યા બાદ, કોઈ જુદો જ રાહ અખત્યાર કર્યાની કેવળ આનંદાનુભૂતિ ખાતર મેં કેટલીક ખતરનાક યોજનાઓને અમલમાં લાવવાનું શરૂ કર્યું. અને હવે, અહીંથી હું વધુ આગળ વધુ તે પહેલાં અહીં જ અટકીને મને એકરાર કરી લેવા દો કે, જે દિવસથી મેં ખૂની બનવાનો નિશ્ચય કર્યો ત્યારથી આજ સુધીમાં હું લગભગ સો જેટલાં સ્ત્રી-પુરુષ-બાળકોની હત્યા બદલ જવાબદાર રહ્યો છું! હા, મારી ધૂનની વેદિ પર હું લગભગ સો જેટલાં બલિદાનો આપી ચૂક્યો છું!

તમને થતું હશે કે મારાં એ બધાં ધૃણિત કૃત્યો બદલ હું પશ્ચાત્તાપથી શેકાતો રહ્યો હોઈશ. સાચું કહું તો, ખરેખર એવં કશું છે જ નહિ. મને એનો કશો જ પશ્ચાત્તાપ નથી. એથી ઊલટું, જો પેટછૂટી વાત કરી દઉં તો, મને અંતરાત્મા જેવું કંઈ છે જ નહિ! એટલે, મારા સ્થાને કોઈ પણ સરેરાશ માણસ પશ્ચાત્તાપથી સીઝતો રહ્યો હતો, જ્યારે મને તો હત્યાઓની આ ઉત્તેજના પણ હવે મોળી લાગવા માંડી. આથી મેં કોઈ નવા જ રાહની શોધ આદરી, અને તેમાં અફીણ મારી સહાયે આવ્યું. હું અફીણી બન્યો, એટલી હદે કે અમુક સમયના અંતરે અફીણ વિના મને ચાલે જ નહિ.

અત્યાર સુધી તો, સજ્જનો, મેં મારા ભૂતકાળના સંજોગોની જ માત્ર રૂપરેખા તમારી સમક્ષ રજૂ કરી - લગભગ સો જેટલાં ખૂનોની, જેનું રહસ્ય આજ સુધી કોઈ ઉકેલી શક્યું નથી. જો કે હું જાણું છું કે મારાં આ તમામ દુષ્કૃત્યો બદલ પરમ નિયંતા તરફથી મને સજા મળવાની જ છે, અને મને આ લોક છોડી ચિરકાળ નરકમાં જ સબડતા રહેવાનો આદેશ તેના તરફથી મળી ચૂક્યો છે.

હવે મારી પૂર્વનિર્ધારિત હત્યાઓના અમલ અંગેની વિવિધ ઘટનાઓ હું રજૂ કરીશ. આ બધી ઉદ્વેગજનક વાતો સાંભળી ચૂક્યા પછી મને એ બાબતની ક્ષણમાત્ર માટે પણ શંકા નથી રહેતી કે તમે તમારી આ રહસ્યમંડળીના સર્વથા યોગ્ય સભ્ય તરીકે મને ગણ્યા વિના નહિ રહો.

ત્રણેક વર્ષ પહેલાં એ બધું શરૂ થયેલું. એ દિવસમાં, હું તમને કહી ચૂક્યો છું તેમ, હું બધી બાબતે કંટાળેલો હોઈને કશું જ કર્યા વિના સમય વિતાવી રહ્યો હતો. એ વર્ષની વસંતઋતુ બેઠી હશે - હજુ ઠંડીનો ચમકારો ચાલુ હોઈને કદાચ ફેબ્રુઆરીના અંતનો કે માર્ચના આરંભનો એ સમય હશે - ત્યાં એક સાંજે મને એક વિચિત્ર અનુભવ થવા પામ્યો અને એ ઘટના બની જવા પામી જે મને લગભગ સો જેટલી હત્યાઓ ભણી દોરી ગઈ.

હું મોડેથી ક્યાંય બહાર નીકળેલો અને મારી યાદદાસ્ત બરાબર હોય, તો હું થોડોક નશામાં પણ હતો. હું નિરાંતે પગલાં માંડતો ઘેર પાછો ફરી રહ્યો હતો ત્યાં એકાએક એક આદમી સાથે હું ભટકાયો જે ભારે મૂંઝવણમાં હોય એમ મને લાગ્યું. અમે સામસામા ભટકાતાં હું ચમકી ઊઠ્યો પણ તે તો બીકનો માર્યો છળી જ ઊઠ્યો, અને ધ્રૂજવા માંડ્યો. ક્ષણેક રહીને શેરીના ઝાંખા દીવાના અજવાળામાં મારા ચહેરા પર નજર ખોડીને મારા આશ્ચર્ય વચ્ચે એકાએક બોલી ઊઠ્યો :

'આટલામાં કોઈ દાક્તર હશે ખરો?'

'હા', મેં તરત જવાબ આપીને આમ પૂછવાનું કારણ જાણવા માગ્યું.

એણે ઉતાવળે મને જે કંઈ કહ્યું તે પરથી સમજાયું તે પોતે શૉફર હતો અને અહીંથી થોડેક દૂર રસ્તા પર રઝળું જેવો લાગતો કોઈ માણસ તેની કારની ઝપટમાં આવી ગએલો. આ અકસ્માતનું જે સ્થળ તેણે દર્શાવ્યું તે પરથી મારા ઘરની નજીક જ તે બની ગયાનું લાગ્યું.

'અહીંથી ડાબી બાજુએ બે મકાન છોડીને આગળ વધ્યા એટલે ડાબે પડખે લાલબત્તી ધરાવતું એક મકાન દેખાશે. ત્યાં જ ડૉ. મત્સુઈનું દવાખાનું આવેલું છે.' મેં તેને માર્ગદર્શન આપ્યું.

થોડી જ વારમાં અકસ્માતનો ભોગ બનેલ જણને લઈને મેં એને દાક્તરના નિર્દેશેલા મકાન ભણી જતો જોયો. કશાક કારણસર હું એ બે ઓળા અંદરકારમાં વિલીન થયા ત્યાં સુધી તેમને તાકતો રહ્યો. આવી બાબતોમાં વચ્ચે આવવું ઠીક નહિ એવા ખ્યાલે હું ત્યાંથી ઘેર પાછો ફર્યો અને સીધો જ પથારીમાં પડ્યો. નશાની અસર હજુ ચાલુ હોઈ તરત ઘસઘસાટ ઊંઘી ગયો.

જો ઊંઘે મને આ અકસ્માત તદ્દન ભુલાવી દીધો હોત તો આ વાતનો ત્યાં જ અંત આવી ગયો હોત. પણ જેવો જાગ્યો કે આગલી રાતની ઘટનાની એકેએક વિગત મારા મનમાં તાજી થઈ ઊઠી. મને અચરજ એ વાતનું હતું કે અકસ્માતનો બોગ બનેલ જણ તેને થયેલી ઈજાના કારણે મરી પરવાર્યો હશે કે જીવતો રહ્યો હશે. એકાએક મારા મને એક ઝટકો અનુભવ્યો. મને થયું કે કદાચ નશામાં હોવાના કારણે પેલા શૉફરને માર્ગદર્શન આપવામાં હું ભૂલ કરી બેઠો હતો.

મને ખુદ મારી જાત પર જ નવાઈ ઊપજી, હું ગમે તેટલો નશામાં હોઉં પણ સમૂળું ભાન તો નહોતું જ ગુમાવ્યું. તો પછી મેં અકસ્માતથી બેભાન બની ગયેલા જણને ડૉ. મત્સુઈને ત્યાં લઈ જવાનું મેં શા પરથી કહેલું? મેં જે કંઈ કહેલું તેનો શબ્દે શબ્દ મને યાદ હતો. શા માટે ડાબી બાજુ બે મકાન છોડીને ડૉ. મત્સુઈને ત્યાં જવાના બદલે તેને જમણા હાથે એક મકાન છોડીને ડૉ. કાતોને ત્યાં મેં ન મોકલ્યો? શા માટે? મત્સુઈ તો એક ઊંટવૈદ હતો, જ્યારે કાતો એક નામાંકિત સર્જન હતો. હું આ સુપેરે જાણતો હોવા છતાં આવી મૂર્ખાઈભરી ભૂલ કેમ કરી બેઠો?

મારી આ ભૂલ બદલ વધુ ને વધુ ઉદ્વિગ્ન બનતા જઈ છેવટે મેં મારા ઘરની દેખભાળ રાખનારીને અડોશ-પડોશમાં આ અંગે તપાસ કરવા મોકલી. એ પાછી ફરતાં જાણવા મળ્યું કે ન બનવાનું બની ગયું હતું. ડૉ. મત્સુઈએ આદરેલા સર્જરીના બેઢંગ પ્રયોગોથી પેલો અકસ્માતનો ભોગ બનેલો જણ ફરી પાછો ભાનમાં આવતાં પહેલાં જ મોતને શરણ થઈ જવા પામેલો. અડોશપડોશમાં ચાલતી ગુસપુસ મુજબ પોતે સર્જરીમાં તદ્દન શિખાઉ હોવાની વાત એ જણને પોતાને ત્યાં લાવનાર શૉફરને જણાવેલી જ નહિ. છેક છેલ્લી ઘડીએ પણ એણે તેને ડૉ. કાતોને ત્યાં મોકલી આપ્યો હોત તો એ જણ હજુ પણ કદાચ બચી જવા પામત. પણ ના, એ તો જાતે જ એના પર મંડી પડ્યો અને પેલો બિચારો જીવનો ગયો.

આ કરુણ બીનાની જાણ થતાં મારું તો જાણે લોહી જ ઊડી ગયું. બાપડા એ ડોસાના મોત બદલ ખરેખર જવાબદાર કોણ? મેં મારી જાતને જ સવાલ કર્યો. અલબત્ત, ડૉ. મત્સુઈ અને પેલો શૉફર આ જવાબદારીના હિસ્સેદાર ખરા, અને કાયદાના રખેવાળોએ એ બદલ સજાપાત્ર કોઈને ઠરાવવો હોય તો શૉફરને જ ઠરાવે. પણ આ બાબતમાં સૌથી વધુ જવાબદાર શું હું પોતે જ નહોતો? મેં જો ખોટા દાક્તરને ચીંધવાની ખતરનાક ભૂલ ન કરી હોય તો એ વૃદ્ધ કદાચ બચી જવા પામત. શૉફરે તેને માત્ર ઘાયલ કર્યો હતો, જાનથી મારી નાખ્યો નહોતો. ડૉ.મત્સુઈને માટે તો કહી શકાય કે તેની નિષ્ફળતા બીજા કોઈ કારણને નહિ પરંતુ તેની પોતાની અણઆવડતને જ આભારી હતી. પણ હું - હું ગુનાઈત હદે બેદરકાર રહ્યો અને એ નિર્દોષ માનવીને મોતના મોંમાં ધકેલી દીધો.

હકીકતે તો હું નિર્દોષ હતો, કેમ કે હું ભૂલ કરી બેઠેલો. પણ, મેં મારી જાતને જ સવાલ કર્યો, મેં જો ઇરાદાપૂર્વક તેને ખોટા ઠેકાણે મોકલી આપ્યો હોત તો શું થાત? કહેવાની જરૂર નથી કે હું પોતે જ ખૂનના અપરાધી ઠર્યો હોત. અને કાયદો શૉફરને સજાપાત્ર ઠરાવે તો પણ મારા પર - ખરેખરા ખૂની પર કોઈને શક જવા પામે તેમ નહોતો! વળી, એક યા બીજી રીતે તેઓ મને શકમંદ ગણે તો અદાલતમાં એવું પુરવાર કરી આપ્યા પછી, કે હું ત્યારે નશામાં હતો, મને ફાંસીએ લટકાવવામાં આવે ખરો? શું ભલા સર્જન ડૉ. કાતો વિષે હું ત્યારે બધું જ ભૂલી ગયો હતો? આ વેધક સમસ્યા પર મારા મનમાં વિચારોની ઘડભાંજ ચાલુ જ રહી.

સજ્જનો, તમે આ રીતે કોઈ હત્યાની ઉપપત્તિ પર કદી આવ્યા છો ખરા? તમને હમણાં કહી બતાવેલા અનુભવ પછી હું પોતે પણ પહેલી જ વાર આ રીતે વિચારવા માંડેલો. તમે આ બાબત પર તો ઊંડો વિચાર કરી જોશો તો તમને લાગ્યા વિના નહિ રહે કે આ દુનિયા ખરેખર ભયાનક છે. કોણ કહી શકે તેમ છે કે તમને પોતાને ય કોઈ - મારા જેવો કોઈ માણસ - ગુનાઈત ઇરાદાપૂર્વક કોઈ ખોટા દાક્તરને ત્યાં નહિ મોકલી આપે?

મેં તારવેલા સિદ્ધાંતને પુરવાર કરી આપવા હું બીજા એક દાખલાની રૂપરેખા આપીશ કે મુદ્દલ શકને અવકાશ ન આપતો સંપૂર્ણ ગુનો શી રીતે આચરી શકાય. ધારી લો કે એક દિવસ પરામાં કોઈ ગામડિયણ ડોશી રસ્તો ઓળંગી રહી છે. વાહનવ્યવહાર મોટરકારો, બાઈસિકલો, ગાડીઓ વગેરેથી ભરચક છે. એનો એક પગ પાટા ઓળંગવા રેલવેના એક પાટા પર છે ત્યાં એક કાર ધસમસતી તેના તરફ આગળ વધે છે. જો કે ગામડાના લોકો શહેરના રસ્તા ઓળંગતાં ભારે મૂંઝવણ અનુભવે છે, પણ આ ડોશીને ધસમસતી આવતી કારનો ખ્યાલ ન હોઈને તે સલામતપણે પાટા ઓળંગી જઈ શકત. પણ એકાએક પાછળથી કોઈની બૂમ સંભળાય છે, 'માજી, ચેતજો!' અને તેણે પાટા પર મૂકેલો પગ ત્યાં જ અટકી જાય છે. હવે મોટરવાળાએ જ કહ્યું, 'પોતાની મોટરને બ્રેક ન મારી શકે તો શું થાય?' 'માજી ચેતજો!' એવા માત્ર શબ્દો જ તેના માટે છરી કે ગોળી સમા કાતિલ નીવડ્યા વિના ન રહે. મેં એક વાર એક ગામડિયણ ડોશીને આ રીતે મોતના મોંમાં ધકેલી દીધેલી- પણ તેની વધુ વાત પછીથી.

તનાકા અહીં થોડી ક્ષણ અટક્યો. તેનો ચહેરો ધૃણાજનક સ્થિતિથી વિકૃત બની ઊઠ્યો. પછી તેણે આગળ ચલાવ્યું.

હા, આવા કિસ્સાઓમાં ચેતવણીના શબ્દો ઉચ્ચારનાર જ ખરેખરો ખૂની નીવડે છે! છતાં તેનામાં હત્યાના ઇરાદાનું આરોપણ કોણ કરી શકે? તેણે કેવળ પોતાની જિજ્ઞાસા સંતોષવાને માટે જ ઇરાદાપૂર્વક એક અજાણી વ્યક્તિનો ભોગ લીધો હોવાનું કલ્પી પણ કોણ શકે? એક દયાળુ માનવીનું અન્ય માનવીને બચાવવા માટેનું રક્ષણાત્મક પગલું જ એ ગણાઈ જાય. ખુદ મૃત વ્યક્તિ તરફથી તેને ઠપકો મળવાનું કોઈ કારણ રહેતું નથી! ઊલટું, મારા ધારવા પ્રમાણે તો મોતનો ભોગ બનેલ ગામડિયણ ડોશીના હોઠ પર છેલ્લા શબ્દો પોતાને આ રીતે ચેતવનાર પ્રત્યે આભારના હશે.

સજ્જનો, મારી વિચારપદ્ધતિની ખૂબી હવે તમને સમજાઈ હશે. મોટા ભાગના લોકો તો એમ જ માનતા હોય છે કે માણસે ગુનો કર્યો કે તેને પકડીને જલદી સજા ફરમાવી દેવામાં આવતી હોય છે. થોડા, બહુ જ થોડાને એમ લાગતું હોય છે કે અનેક ખૂનીઓ જો યોગ્ય પદ્ધતિ અપનાવે તો તેમને કશી જ આંચ આવવા નથી પામતી. આનો તમે ઇનકાર કરી શકો તેમ છો? મેં હમણાં જે બે દાખલા તમારી સમક્ષ રજૂ કર્યા તે પરથી સહેજે કલ્પી શકાય તેમ છે કે, ગુનાને સંપૂર્ણ બનાવવા માટે બેહદ માર્ગો રહેલા છે. મને પોતાને લાગે વળગે છે ત્યાં સુધી આ રહસ્ય મને હાથ લાગતાં મારી ખુશીનો કોઈ પાર ન રહ્યો. ઈશ્વર પણ કેવો ઉદાર છે કે કદી પકડાઈ ન શકે એવા ગુનાઓ માટે આવડી મોટી જોગવાઈ રાખેલ છે. હું ઈશ્વરની બદનક્ષી કરતો મારી જાતને સંબોધતો બોલ્યો. હું જાણતો જ હતો કે એક વાર મારો સિદ્ધાંત વ્યવહારમાં મૂકતાં અનેક જિંદગીઓ કેવળ મારી ધૂન પર જ પૂરેપૂરી અવલંબિત બની જશે. મને પ્રતીત થવા માંડ્યું કે મારા કાયમી કંટાળાથી મુક્તિ મેળવવાની ચાવી 'ખૂન'માં જ રહેલી હતી. જેવુંતેવું ખૂન નહિ - હું મારા મનને સમજાવવા લાગ્યો, પણ એવું ખૂન કે જેમાં ખૂનીને પકડી પાડવામાં ખુદ શેરલોક હોમ્સ પણ પાછો પાડે!

એ પછીનાં ત્રણ વર્ષ મેં હત્યાવિજ્ઞાનનાં ઊંડા સંશોધન પાછળ ગાળ્યાં - આ પ્રવૃત્તિએ આ પહેલાંનો મારો સંઘળો જ કંટાળો જાણે દૂર કરી દીધો મારી જાતને આધુનિક બોર્જિયાના રૂપે અવલોકતાં મેં પણ લીધું કે પૂરાં એક સો ખૂન હું કરીશ. ફરક માત્ર એટલો જ કે બોર્જિયાની જેમ ઝેરને બદલે હું મારા શસ્ત્ર તરીકે ગુનાઈત વ્યૂહરચનાનો આશ્રય લઈશ.

અને મેં મારી અપરાધી કારકિર્દી શરૂ કરી, આજથી ત્રણ જ મહિના પહેલાં હું નવાણું ખૂનોનો સ્કોર કરી ચૂક્યો છું જેને માટે હું જવાબદાર હોવાનો કોઈને ખ્યાલ સુધ્ધાં નથી. સોનો આંક પૂરો કરવા માટે હવે એક જ ખૂન બાકી રહે છે. પણ અત્યારે એ વાત બાજુએ મૂકીને આ પહેલાંનાં નવાણું ખૂન મેં કેમ કર્યાં તે તમારે સાંભળવું છે? અલબત્ત, એમાંના કોઈ પ્રત્યે મને કશો વેરવાંધો નહોતો. મને રસ હતો માત્ર હનનકળામાં, અન્ય કશાયમાં નહિ. સાથોસાથ મેં હત્યાની કોઈ જ પદ્ધતિ બીજી વાર નથી અપનાવેલી. હર વખત મેં અલગઅલગ તરકીબ અજમાવી છે. હત્યાની અવનવી તરકીબોના આ ખ્યાલે જ મારું દિલ એક પ્રકારની નાપાક ખુશીથી કોળી ઊઠતું હતું.

આમ છતાં, સાચું પૂછો તો, મેં એક પછી એક કરેલાં નવાણું ખૂનોની વિગતો સમજાવવા પાછળ હું તમારો વખત લઈ શકું નહિ, એટલે એમાંનાં મુખ્ય એવાં ચારપાંચ ખૂનોની જ વિગતો હું તમારી સમક્ષ રજૂ કરીશ.

મારી પડોશમાં જ રહેતા એક આંધળા માલીસ કરનારને મેં મારો પહેલો શિકાર બનાવ્યો. આવા અપંગોની બાબતમાં ઘણી વાર જોવામાં આવે છે તેમ તે બહુ જ તેજ મિજાજનો હતો. કોઈ તેના પ્રત્યે દયાથી પ્રેરાઈ તેને અમુક કામ કરતાં વારવાનો પ્રયાસ કરે તો તે અચૂક એ જ કરવાનો અને કહેવાનો, 'હું આંધળો છું એટલે મારી હાંસી ઉડાવો છો? મને કોઈની શિખામણની જરૂર નથી.'

એક દિવસ એક ભારે ધમાલિયા રસ્તે થઈને નીકળતાં સામેથી મેં આ અંધ માલીસવાળાને આવતો જોયો. લાકડી ખભે મૂકી, કોઈ ગીત ગણગણતો એ ઉતાવળી ચાલે આગળ વધી રહ્યો હતો. મેં જોયું કે શહેરની ગટરોનું સમારકામ કરનારાઓએ રસ્તાની જમણી બાજુએ એક ઊંડો ખાડો ખોદેલો હતો. માલીસવાળો અંધ હોઈને ખાડા પરનાં પાટિયાં-'ભય! સમારકામ ચાલુ છે!'-વાંચી શકે તેમ ન હોઈને સીધો ખાડાની જ દિશામાં આગળ વધ્યે જતો હતો.

એકાએક મને એક ભારે વિચાર સ્ફૂર્યો અને પરિચિત અવાજે તેને સંબોધતાં મેં કહ્યું, 'હેલ્લો, મિ. નેમોતો!'હું અવારનવર તેની પાસેથી માલીસ કરાવતો હોઈને મારો અવાજ તે ઓળખી કાઢે તેમ હતું. પરંતુ એ મારું સામું અભિવાદન કરે તે પહેલાં તો મેં તેને ચેતવ્યો, 'જોજો આગળ વધતા! ડાબી બાજુ ફંટાઈ જાઓ!' ગુમાની તો તે હતો જ, અને મારી ચેતવણીમાં તેને કદાચ તેની હાંસી ઉડાવવાનો ભાસ થયો હશે, એટલે ડાબી બાજુ ફંટાવાને બદલે તેણે તો એ જ દિશામાં બેફિકરપણે ચાલવાનું ચાલુ રાખ્યું. 'હાહાહા !' તે મારી ઠઠ્ઠા ઉડાવતો બોલ્યો, 'તમે બીજાને બનાવો, મને નહિ!'

મારી ચેતવણીને અવગણીને એ જ દિશામાં ત્રણેક ડગલાં આગળ વધ્યો હશે ત્યાં જ ગટરકામ કરનારાઓએ ખોદેલા ખાડામાં તે જઈ પડ્યો.

એના ખાડામાં પટકાવાવેંત હું બેબાકળાપણાનો દેખાવ કરતો એ ખાડા નજીક ધસી ગયો. મને શંકા હતી કે એ મરી ગયો હશે કે જીવતો રહ્યો હશે? ખાડામાં નજર કરતાં છેક ઊંડે મેં તેને પોટલું વળીને પડેલો જોયો. તેના માથામાંથી પુષ્કળ લોહી વહી રહ્યું હતું, તેનાં નાક-મોં પણ લોહીથી લીંપાઈ ગયાં હતાં.

તરત ટોળું ભેગું થઈ ગયું. મહામહેનતે તેને ખાડામાંથી બહાર કાઢવામાં આવ્યો. એને જ્યારે ફૂટપાથરી પર સુવાડવામાં આવ્યો ત્યારે તે બેભાન હોવા છતાં તેનો શ્વાસોચ્છ્‌વાસ ચાલુ હતો. કોઈ એમ્બ્યુલન્સ બોલાવવા દોડ્યું પણ એમ્બ્યુલન્સને આવતાં થયેલ વાર દરમિયાન તેના પ્રાણ પરવારી ગયા.

મારી યોજના આ રીતે આબાદ પાર પડી. મારા ઉપર શક પણ તેને જાય તેમ હતું ? એની પાસે અવારનવાર માલીસ કરા[illegible] હોઈને એની સાથેના મારા સારા સંબંધો વિષે કો[illegible] પ્રશ્ન ઉઠાવી શ[illegible] નહોતું. વળી મેં જ એને ખાડામાં પડતો બચાવવા એ[illegible]ી બાજુ ફંટાવાની ચેતવણી

નહોતી આપી? કોઈ બાહોશમાં બાહોશ ડિટેક્ટિવ સુધ્ધાં મારી ચેતવણી પાછળ ઠંડા કલેજાની જિજ્ઞાસા રહી હોવાનું ક્ષણભર પણ કલ્પી શકે તેમ નહોતું.

ઓહ, આત્મરંજન માટેનો આ કેવો ભયાનક તરીકો! અને છતાં કેવો આનંદદાયક ! ખૂનની કોઈ પણ નવી યોજના બદલના મારા આનંદને કોઈ કલાકારને થયેલી નવી કલાપ્રેરણાના આનંદ સાથે સરખાવી શકાય. એવા હરેક વખતે શરૂઆતમાં રહેતી માનસિક તાણનો અનેકગણો બદલો એ સફળ નીવડ્યાના આનંદ દ્વારા વળી જતો હતો. મારા હાથે સરજાયેલા મોતનું હું અચૂક નિરીક્ષણ કરતો અને કોઈ રક્તપિશાચ લોહીની પોતાની તરસ છીપાવ્યા બાદ જે સંતોષથી પોતાના હોઠ જીભ વડે ચાટવા માંડે એવો સંતોષ મારી નિર્દયતાના શિકાર બનેલા નિર્દોષોની હત્યા પર અનુભવતો.

હવે, અહીંથી હું એક નવું જ પ્રકરણ શરૂ કરીશ. ઉનાળાના દિવસો હતા. મેં હવે પછીના શિકાર માટે પસંદ કરેલા મારા એક પુરાણા મિત્ર સાથે હું રજાઓ ગાળવા આવા પ્રાન્તના દૂર દૂરના એક માછીમારોના ગામે ઊપડેલો. રડ્યાખડ્યા પ્રવાસીઓ કે થોડા વિદ્યાર્થીઓ સિવાય કોઈ શહેરી જનો ત્યાં ભાગ્યે જ ફરકતા. હરેક નજરે એ એક તદ્દન અટૂલું ગામડું હતું. અમારા ઉતારાના દર પણ ખૂબ સસ્તા હતા - જો કે જમવાનું સરસ નહોતું. મારા મિત્રને તો આ સ્થાન ખૂબ ગમી ગયું. હું ઇરાદાપૂર્વક - તેનું કાસળ કાઢવા માટે તેને અહીં લાવેલો એવો ખ્યાલ પણ એને ક્યાંથી હોય?

એક દિવસ ગામથી કેટલેક દૂર દરિયાના એવા કાંઠે લઈ ગયો જે નાનામોટા ખડકોથી છવાયેલો હતો. એક ખડક પર પહોંચી મેં નહાવા માટે કપડાં ઉતારતાં કહ્યું, 'નાહવા માટે આ સરસ જગા છે.'

હું પોતે એક ચુનંદો તરવૈયો અને ડૂબકીબાજ છું, અને આ પહેલાં હું આ આખો કાંઠો બહારથી અને દરિયાની અંદરથી તરી ચૂકેલો, એટલે પાણી ક્યાં ઊંડું છે અને ક્યાં છીછરું, તળિયું ક્યાં સપાટ છે અને ક્યાં ખડકાળ, તે બધું જ હું તપાસી વળ્યો હતો. લાંબી ડૂબકી પછી એક જગ્યાએ હું જાણે હજુ તરતો જ હોઉં એમ નીચેના એક ખડક પર ઊભા રહી મેં પાણીમાં કૂદવા કપડાં ઉતારી રહેલા મારા મિત્રને કહ્યું, 'અહીં કૂદી પડ, પાણી ખૂબ ઊંડાં હોઈને ડૂબકી લગાવવાની મઝા આવશે.'

મારા વિશ્વાસે રહી મારા મિત્રે મેં કહ્યું ત્યાં ભૂસકો મારી દીધો. પાણીનો છબકારો બોલ્યો, પણ એ પોતે તો બહાર જ ન આવ્યો. મને એ બદલ જરાય આશ્ચર્ય નહોતું કેમ કે હું જાણતો હતો કે અહીં પાણીની નીચે ખડકોની લાંબી હાર આવેલી હતી જેનો ઉપરથી જોતાં ખયાલ ન આવે.

મારો મિત્ર પાણી ઉપર પાછો દેખાયો ત્યારે તે કેવળ મુડદું હતો. તેની ખોપરી તૂટી ગઈ હતી. તેની તરતી લાશને કિનારે ખેંચી લાવી મેં લાગલી જ ગામ ભણી દોટ મૂકી. કેટલાક માછીમારો મારી સાથે દરિયાકાંઠે આવ્યા. લાશને જોઈ તેઓ તેમનાં માથાં ધુણાવતા બોલી ઊઠ્યા, 'હવે એમાં જીવ જ રહ્યો ન હોઈને કશું થઈ શકે તેમ નથી.'

મારી આખી જિંદગીમાં પોલીસે માત્ર બે જ પ્રસંગોએ મારી પૂછપરછ કરેલી છે, જેમાંનો એક પ્રસંગ આ હતો. આ 'અકસ્માત'નો સાક્ષી એકલો હું જ હોઈને તેઓ મારી પૂછપરછ કરે એ તદ્દન સ્વાભાવિક હતું. પરંતુ અમે બે ગાઢ મિત્રો હોવાનું જાણી તેણે પૂછપરછ સમેટી લેતાં કહ્યું, 'તમારા જેવા શહેરી લોકોએ અજાણ્યાં પાણીમાં સહસા કૂદી પડવું ન જોઈએ.' કોરોનરે પણ 'અકસ્માત મૃત્યુ'નો ચુકાદો આપ્યો. પોલીસે તો મેં મારો ગાઢ મિત્ર ગુમાવ્યા બદલ ઉપરથી ઊલટું મને આશ્વાસન આપ્યું. હું એ સાંભળી મનોમન મલકાતો રહેલો.

હું એક પછી એક મારી હત્યાઓનું બયાન કરતો રહું તો તેનો પાર જ ન આવે. અત્યાર સુધીમાં હું જેને સંપૂર્ણ અપરાધ કહું છું તેનો પૂરો ખ્યાલ તમને આવી ગયો હશે. મારી યોજના જ એવી હોય છે કે જેમાં મને શકમંદ ઠરાવે એવો કોઈ પુરાવો જ હું રહેવા દેતો નથી.

એક વાર એક ઠેકાણે આગ લાગેલી ત્યાં હું જઈ ચડ્યો. એક સ્ત્રીને મેં હાંફળીફાંફળી પોતાના બાળકને આમતેમ શોધતી મેં જોઈ. મેં તેને કહ્યું, 'મેં તમારા બાળકને ઘરની અંદર જ ચીસો પાડતું સાંભળેલું'. મારા શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા ને તે બાળકને બચાવવા પોતાના સળગતા ઘરમાં ધસી ગઈ. બાળકને તો પહેલેથી જ કોઈએ બચાવી લીધેલું, પણ એ પોતે સળગતા ઘર સાથે સળગી ગઈ.

મારી વાતો તો ખૂટે એમ જ નથી. પણ દીવાલ પરનું ઘડીઆળ બતાવે છે તેમ વખત ઘણો વીત્યો છે, એટલે હું હત્યાનો છેલ્લો જ દાખલો તમારી સમક્ષ રજૂ કરીશ, જે સમૂહહત્યાનો છે.

આ ઘટના ગઈ વસંત ઋતુની છે. કદાચ તમે પણ અખબારોમાંના એ હેવાલો વાંચ્યા હશે કે ટોકિયો-કારૂઈઝાવા ટ્રેને કેવી રીતે પાટા પરથી ઊથલી પડીને અનેક જિંદગીઓનો ભોગ લીધેલો - મારે જે કહેવાનું છે તે એ દુર્ઘટનાના જ સંદર્ભમાં છે.

હકીકતમાં તો મેં યોજેલી તરકીબોમાંની એ એક તદ્દન સરળ તરકીબ હતી. જો કે એ અમલમાં મૂકવાના સ્થળની પસંદગી પાછળ મારો સારો એવો સમય વીતેલો. જો કે મારું લક્ષ પહેલેથી જ કારૂઈઝાવા લાઈન પ્રતિ ખેંચાયેલું, કેમ કે એ પહાડી વિસ્તારમાંથી પસાર થાય છે અને અકસ્માતો માટે એ લાઈન પહેલેથી જ જાણીતી છે.

મેં આ માટે કુમાનો-તાઈરા સ્ટેશન પસંદ કર્યું. સ્ટેશનની નજીકમાં જ એક સ્પા (ખનિજ પાણીનું ઝરણું) આવેલ છે. દરરોજ સ્પામાં સ્નાન કરવા માટે હું લાંબો સમય ત્યાં રોકાતો હોવાનો ડોળ કરીને દસેક દિવસ તો મારા ઉતારામાં હું નિષ્ક્રિય પડ્યો રહ્યો, બાદ મારી યોજના સલામતપણે અમલમાં મૂકવા હું સક્રિય બન્યો.

મેં એ માટે એ પહાડી વિસ્તારમાં ઘૂમવાનું શરૂ કર્યું. ઘૂમતો ઘૂમતો હું મારા ઉતારાથી થોડાક માઈલ દૂર આવેલી એક ઊંચી કરાડ પાસે આવી પહોંચ્યો. સાંજના ઓળા ઊતરતાં સુધી હું ત્યાં જ રોકાઈ રહ્યો. રેલવેના પાટા એ કરાડ નીચેથી જ એક જબરા વળાંક સાથે પસાર થતા હતા. પાટાની

સામી બાજુએ એક ઊંડું કોતર આવેલું હતું અને એક વેગીલું ઝરણું ત્યાં થઈને વહેતાં વાતાવરણમાં ધુમ્મસ જામેલું રહેતું હતું.

કેટલાક સમય બાદ હું જેની રાહ જોઈ રહ્યો હતો એ શૂન્ય ઘડી આવી પહોંચી. જો કે મને જોનારું ત્યાં કોઈ જ નહોતું, તેમ છતાં જાણે ઠેસ વાગીને હું ગબડી પડ્યો હોઉં એવો ડોળ કરીને નજીકના એક ખડકને નીચે ગબડાવી પાડ્યો. એ સહેલાઈથી પાડી શકાય એવી સ્થિતિમાં જ હતો. અને ગબડીને તે બરાબર મારી ધારણા પ્રમાણે રેલવેના એક પાટા પર પડતાં મારે બીજા ખડકોનો અખતરો કરવાની જરૂર ન રહી.

સમયપત્રક અનુસાર અરધા કલાકમાં એક ટ્રેન આ પાટા પરથી પસાર થવાની હતી. અંધારામાં વળાંકની પેલી બાજુ પડેલો ખડક એન્જિનીઅરને દેખાવો અશક્ય જ હતો. બાદ હું એ જ રીતે ઘૂમતો ઘૂમતો કુમાનો-તાઈરા સ્ટેશને પહોંચી ગયો. ત્યાં સ્ટેશન માસ્તરની ઑફિસમાં બેઠો ત્યાં જ ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. કોઈ રિસીવર ઉપાડે તે પહેલાં જ હું તો જાણી ચૂક્યો હતો કે ફોન પર શું કહેવાનું હતું. અને એ જ દુર્ઘટનાને લગતો ફોન હતો કે ટ્રેનને અકસ્માત નડીને બે ડબ્બા પાટા પરથી ઊથલી પડ્યા હતા. આમ એક જ ખડક મારફત એક જ અકસ્માતમાં મેં સત્તર જણને આ દુનિયામાંથી વિદાય કરી દીધા.

સજ્જનો, અત્યાર સુધીમાં મેં કરેલી તમામ હત્યાઓનો સરવાળો નવ્વાણું સુધી પહોંચ્યો છે. મારો ઇરાદો એની સંખ્યા પૂરી સો સુધી પહોંચાડવાનો છે, બીજી બાજુ આ હત્યાકાંડથી પણ હવે હું કંટાળવા માંડ્યો છું, એટલે આખરી પ્રયોગ ખુદ મારી જાત પર જ હું કરી છૂટવા માગું છું.

હા, મારા આ સમગ્ર કેફિયત પર તમારી ભ્રુકુટિ ખેંચાય એ તદ્દન સ્વાભાવિક છે. આ સેતાનિયતની હરીફાઈમાં ખુદ સેતાન પણ મારાથી પાછો પડે એ નિર્વિવાદ છે. અને છતાં એ બદલ મારી એ દલીલને હજુ ય હું વળગી રહું છું કે મારો અસહ્ય કંટાળો એ માટે કારણભૂત હતો. એ બધી જ હત્યાઓ કેવળ હત્યા ખાતર જ મેં કરેલી. જેનો ભોગ બનનારાઓ પ્રત્યે મારા મનમાં કશો જ દુર્ભાવ નહોતો. ટૂંકામાં કહું તો હત્યા એ મારા માટે એક પ્રકારની રમત જ હતી. તમને લાગતું હશે કે હું એક પાગલ છું - ખતરનાક પાગલ. લાગતું હશે શું કામ, લાગતું જ હોવું જોઈએ. પણ હું એ જરાયે મન પર નથી લેતો, કેમ કે તમારો સંગ મને પ્રિય છે - એક જ માળાનાં આપણે પંખીડાં...

આ મતલબી અને અપમાનકારી ટિપ્પણ સાથે પોતાની ઉદ્વેગજનક વાત પૂરી કરતાં તેણે તેની ઝીણી લાલ આંખો વડે શંકાસ્પદ નજરે અમને તાકવા માંડ્યા.

એકાએક બારણા પરના રેશમી પડદા આગળ કંઈક ચમકી ઊઠ્યું અને પછી તો એ લાલ પડદા પાછળથી બંને હાથે પકડેલ ચાંદીની એક તાસક સાથે એક વેઇટ્રેસ અમારા માટે પીણાં સાથે ટપકી પડી. મને આ જોઈ 'સલોમી' ચિત્રમાં તાસકમાં છેદાયેલા મસ્તક સાથે ટપકી પડતી નર્તકીની યાદ આવી ગઈ. મને તો થયું કે હમણાં પડદા પાછળથી દમીશ્કની તેજીલી તલવાર ચમકશે. ધીમેધીમે મારી આંખ્યે એ દૃશ્યને ટેવાતાં જોયું કે વેઇટ્રેસ ખરેખર એક ગુલબદન હસીના હતી. કશા જ ખુલાસામાં ઊતર્યા વિના તે તેની લાવણ્યમયી ચાલે અમો સાત જણ વચ્ચે ઘૂમતી એક પછી એક પીણાં ઠેરતી ગઈ.

મેં પીણાનો ગ્લાસ ઊંચકતાં જોયું કે મારો હાથ ધ્રૂજતો હતો. આ તે કેવો જાદૂ, હું વિચારવા માંડ્યો. એ કોણ હતી? ક્યાંથી આવી ટપકી પડી હતી? એ કોઈ કલ્પનાજગતમાંથી ઊતરી આવી હતી કે પછી નીચે આવેલા રેસ્તોરાંમાંથી આવી લાગી હતી?

એકાએક તનાકા બોલી ઊઠ્યો, 'હવે તો હું તેને ફૂંકી જ દેવાનો!' જો કે તેના અવાજમાં મુદ્દલ ઉત્તેજના નહોતી.

આમ કહેતાંની સાથે જ ખિસ્સામાંથી રિવૉલ્વર કાઢી તેણે પેલી હસીના ભણી તાકી.

બીજી જ ક્ષણે અમારા આશ્ચર્યના ઉદ્ગારો, રિવૉલ્વરનો ધડાકો અને એ હસીનાની હૃદયવેધક ચીસ એકબીજામાં ભળી ગયાં. અને સઘળા અમારી બેઠકમાંથી કૂદી પડીને એ પાગળ ભણી આગળ વધ્યા. પણ અરધેથી જ અટકી ગયા, કેમ કે ગોળીએ દેવાયેલી એ હસીના અમારી નજર સામે જ જીવતીજાગતી ઊભી હતી, જો કે તેના ચહેરા પરનું નૂર હરાઈ ગયું હતું.

'હા! હા! હા!' તનાકા એકાએક સનેપાતી હાસ્ય વેરતો ખડખડાટ હસવા માંડ્યો. 'આ તો ખાલી રમકડું છે, કેવળ રમકડું હા! હા! હા! તમે બધા કેવા છળી ઊઠ્યા, તનાકા? હા! હા! હા!'

મને નવાઈ લાગી કે રિવૉલ્વર શું ખરેખર એક રમકડું જ હતી? બહારથી તો તે તંતોતંત સાચી જ લાગતી હતી, તેની નળીમાંથી ધુમાડો સુધ્ધાં નીકળતો હતો.

'મને તો જબરી ગભરાવી મારી!' કહેતી વેઇટ્રેસ હસવા માંડી, પણ તેનું હાસ્ય ખોખલું હતું. એનો ચહેરો પણ સફેદ પૂણી જેવો બની ગયો હતો.

થોડી ક્ષણો રહી એ ખચકાતા પગલે તનાકા ભણી આગળ વધી અને તેની પાસેથી તેની રિવૉલ્વર જોવા માગી. તનાકાએ તેની માગણીનો સ્વીકાર કર્યો, અને તે રિવૉલ્વરને બારીક નજરે તપાસવા માંડી.

'ઓહ, આ લાગે છે તો તદ્દન સાચુકલી, નહિ?' તે બોલી ઊઠી. 'એ રમકડું હોવાનો તો મને ખ્યાલ સરખો નહોતો.'

અને પછી એકાએક છ ચેમ્બરવાળી એ રિવૉલ્વર તનાકાની છાતી સામે ચીંધતી તે ગૂઢ સ્મિત ફરકાવતી બોલી, 'હવે હું એના વડે જ તમારો બદલો વાળીશ.'

જરા પણ ભય દર્શાવ્યા વિના તનાકાએ માત્ર મોં મલકાવ્યું અને જાણે તેને ચીડવતો હોય તેમ બોલ્યો, 'તો પછી ચલાવી દે તું તારે.'

'હાસ્તો! કેમ નહિ?' વેઇટ્રેસે હસતાંહસતાં ઉત્તર વાળ્યો.

ધડામ્મ! કાન ફાડી નાખે એવો અવાજ થયો.

તનાકા તેની ખુરસીમાંથી ઊભો થઈ જઈ લથડતા પગલે આગળ વધ્યો. બેચાર ડગલાં ચાલી તે ધબ્બાક કરતો ભોંય પર પટકાઈ પડ્યો. પહેલાં તો અમે આ મજાક પર હસી ઊઠ્યા, જો કે એ મજાક પણ હવે વાસી લાગવા માંડી હતી. પરંતુ તનાકા તો ભોંય પર જ લાંબો થઈને નિશ્ચેષ્ટ નિર્જીવપણે પડ્યો રહેતાં અમે અધીરા બની ઊઠ્યા. શું આ પણ એની તરકીબોમાંની એક હતી? એ એવું તો જીવ ઊંચા કરી દે તેવું વાસ્તિવક લાગતું હતું કે કશું ચોક્કસ કહી શકાય તેમ ન હતું. અમારી ઇચ્છા ન હોવા છતાં અમે તેની નજીક ઊભડક બેસી પડ્યા, પણ શું કરવું તે કશું સમજાતું નહોતું.

મારી જોડે જ બેઠેલા એક જણે મેજ પરની મીણબત્તીઓની શમાદાની ઊંચકી અધ્ધર ધરી રાખી. એના અજવાળામાં તનાકાને અમે ભૂંડા હાલે ભોંય પર પડેલો જોયો. બીજી જ પળે અમારો ભય પરાકાષ્ઠાએ પહોંચી ગયો, જ્યારે એની છાતીમાંથી દદડતા લોહીનું ત્યાં ખાબોચિયું ભરાતું જોયું.

આ બધાં ચિહ્નો પરથી અમે લાગલા જ એ અનુમાન પર આવ્યા કે, એણે જેને રમકડા તરીકે ખપાવેલી એ રિવૉલ્વરની બીજી ચેમ્બરમાં ખરેખરી ગોળી ભરેલી હશે. કેટલીક વાર સુધી અમે સઘળા દિઙ્મૂઢપણે એકબીજાને તાકતા રહ્યા.

મારી વિચારણા ક્રમશઃ આગળ વધવા માંડી. શું તનાકાએ પહેલેથી જ આજની રાતનો આ કાર્યક્રમ ગોઠવી રાખ્યો હશે? શું પોતાની હત્યાઓનો આંકડો સો સુધી પહોંચાડવા છેવટે તેણે પોતાની જાત પર જ ખરેખર આ પ્રયોગ કર્યો હશે ? પોતાના એ અંતિમ કૃત્ય માટે આ લાલમહલની જ પસંદગી તેણે કેમ કરી હશે ? એનો ઇરાદો હત્યાનો આરોપ વેઇટ્રેસ પર ઢોળી પાડવાનો હશે? પણ એ તો ખરેખર નિર્દોષ હતી, કેમ કે તેણે ચલાવેલી રિવૉલ્વર સાચી હોવાનો તેને ખ્યાલ સુધ્ધાં નહોતો.

એકાએક મારા મનમાં ઝબકારો થયો. આ પણ તનાકાને પ્રિય એવી તરકીબોમાંની એક હોવી જોઈએ! હા, ચોક્કસ એમ જ! એનાં અન્ય અપરાધકૃત્યો જેમ આમાં પણ વેઇટ્રેસને એણે પોતાની હત્યાનું નિમિત્ત બનાવી હશે, અને છતાં તેને સજા ન થવાની સાવચેતી રાખી હશે. મને લાગ્યું કે મારી આ વિચારણા ખોટી તો નહોતી જ. આ 'મહાઘાતકે' એની આખરી ઘાત આ રીતે જ યોજી હોવી જોઈએ. મારી જોડેના બીજા બધા પણ ઊંડી વિચારણામાં ડૂબી ગયા હતા. એમના મુખભાવો પરથી હું કળી શકતો હતો કે તેમની વિચારણા પણ મારી વિચારણાની દિશામાંની જ હોવી જોઈએ.

અમારી મંડળી પર બેચેનીભરી શાંતિ છવાઈ ગઈ હતી. અજાણપણે હત્યારી બની બેઠેલી વેઇટ્રેસ ભોંય પર તનાકાની લાશ પાસે બેઠીબેઠી ચોધાર આંસુએ રડી રહી હતી. બધી જ રીતે જોતાં અહીં આ ખંડમાં જે કરુણાંતિકા સરજાઈ હતી તે આ દુનિયા માટે તો અલૌકિક જ હતી.

વેઇટ્રેસનાં લાંબાં ડૂસકાં વચ્ચે એકાએક કશોક વિચિત્ર અવાજ સંભળાયો. મારી કરોડમાંથી એક ઠંડી ધ્રુજારી પસાર થવા સાથે મેં ત્રાંસી નજરે તનાકા તરફ જોયું અને મારા હોશ ગુમાવતો મારી જાતને હું માંડમાંડ બચાવી શક્યો. ધીમેધીમે એ 'મૃત માનવી'માં ચેતના ફરકવા માંડી હતી...

એ ઘેરી ક્ષણોની વળતી જ ક્ષણે એ 'લાશ' બે પડખાં દબાવતી એટલા તો જોરથી ખડખડાટ હસી ઊઠી કે એ ઘેરાશ ક્યાંય ઓગળી ગઈ. બાદ અમારા તરફ ફરી મજાકભર્યા સ્વરે બોલ્યો, 'તમે ય ખરા છો બધા!'

એનું વાક્ય પૂરું થયું ત્યાં તો અમારી સામે બીજું આશ્ચર્ય ખડું થયું. ભોંયે બેસી ડૂસકાં ભરતી વેઇટ્રેસે પણ ઊભી થઈ જઈ ખડખડાટ હાસ્યથી ખંડ ગજાવી મૂક્યો. અમે આંખો ચોળતા આ બધી લીલા જોઈ રહ્યા.

'આ બધું શું હતું?' મેં સસંકોચ તનાકાને પૂછ્યું, 'નજરબંદી?'

'જરા આ જોઈ જુઓ,' જવાબમાં તનાકાએ પોતાની હથેલી પરના કશાક લાલ રગડાને બતાવતાં કહ્યું. થોડાક સમય પહેલાં એ મારા ખમીસ નીચે સંતાડેલી ટમાટાની કેચપની થેલી હતી. છોકરીએ ગોળી છોડતાં જ મેં એ થેલી જોરથી દબાવતાં ટમાટાનો રગડો બહાર ધસી આવ્યો અને હું જાણે લોહીલુહાણ થઈ ચૂક્યો હોઉં એમ ભોંય પર પટકાઈ પડ્યો... અને હવે એક વધુ એકરાર. આજ સાંજથી જે વાત મેં તમારી સામે માંડેલી એ આદિથી અંત સુધી કેવળ મારી કલ્પનાના જ તાણાવાણાથી વણેલી છે. હું કેવો કુશળ અભિનેતા છું એ તો હવે તમે ય કબૂલ્યા વિના નહિ રહો. સજ્જનો, તમે બધા યે કંટાળાથી તંગ આવીને આ મંડળની રચના કર્યાનું જાણીને તમારો કંટાળો દૂર કરી કશીક ઉત્તેજના તમને પૂરી પાડવાની જ મારી આ કોશિશ હતી.'

અમે બધા બાઘાપણે એકબીજાની સામે તાકી રહ્યા. રહસ્ય વાસ્તવિક નહિ પણ કૃત્રિમ પણ હોઈ શકે છે એની પ્રતીતિએ અમે અમારી જાતને મૂર્ખાઓની જ પંક્તિમાં અનુભવવા લાગ્યા.

તનાકા અને વેઇટ્રેસે અમારી વિદાય લીધા બાદ મોડી રાતે અમે અમારા મંડળની ખાસ સભા ભરી. સભાએ સર્વાનુમતે મંડળ વિખેરી નાખવાનો ઠરાવ પસાર કર્યો. □

શ્રી વિઠ્ઠલભાઈ - 'સંસ્કાર' પરિવાર પારિતોષિક ૧૯૯૧ના વર્ષ દરમિયાન પ્રકટ થયેલ મૌલિક વાર્તા, કાવ્યો, જીવનચરિત્ર અને અન્ય લેખો પૈકી શ્રેષ્ઠ ઠરનાર પ્રત્યેક કૃતિને રૂ. ૧૨૫=૦૦નું ઉપર નિર્દેશેલું પારિતોષિક અપાશે. સહુને પોતાની કૃતિઓ મોકલી આપવા નિમંત્રણ છે.

મધ્ય અમેરિકાની
માયા સંસ્કૃતિ

કે. કા. શાસ્ત્રી

૮. સામાજિક વ્યવસ્થા

માયાંઓનું સમાજજીવન પુરુષપ્રધાન હતું. એમનું નાનું મકાન ચોખૂણિયું છાપરાનું હતું, જેમાં કુટુંબ રહેતું હતું. પતિ અને પત્ની બેઉ પોતપોતાના ગૃહ-ઉદ્યોગ અને ખેતીમાં રચ્યાંપચ્યાં રહેતાં. નોંધપાત્ર વાત તો એ છે કે પોતપોતાની વિભિન્ન જ્ઞાતિઓ હતી અને તેમાં જ લગ્ન સંબંધ મર્યાદિત હતો, આંતરજ્ઞાતીય લગ્નસંબંધ થતો નહિ. ઉપરાંત, સગોત્ર એટલે કે એક જ કુટુંબનાં સંતાનોમાં લગ્નસંબંધ થતો નહિ. સમાન પિતૃકુળની કન્યા સાથે લગ્નસંબંધ ન થવા જોઈએ એ વૈજ્ઞાનિક ખ્યાલ એ લોકોમાં ઘણો જૂનો છે એ વિષયમાં કશો સંદેહ રહેતો નથી. આ પ્રણાલિ તો સર્વ રીતે ભારતીય પ્રકારની છે અને વેદકાલથી ચાલી આવે છે. આ પ્રણાલિ 'માયા' લોકોનો પૂર્વસંબંધ એમની પ્રાચીનતમ આદ્યભૂમિનો ખ્યાલ આપે છે. એમની ભાષામાં તો ભારતી ભાષાના શબ્દ મળે જ છે, જે સંસ્કૃતિના સંબંધના દ્યોતક છે.

૯. ધર્મસંપ્રદાય અને એનાં કેન્દ્ર

'માયા'ઓના શિષ્ટયુગની પૂર્વે આશરે ઇ. સ. ની ૪ થી સદીથી પ્રકૃતિ-પૂજન (કુદરત પ્રતિ આદરભાવ)નો આરંભ થઈ ગયો હતો અને ત્યાં સુધીમાં ખગોળવિષયક કાલાનુક્રમ અને તેમની ચિત્રલિપિનો પણ સારી રીતે વિકાસ થયો હતો, 'જગત' ના વિષયમાં પણ વ્યવસ્થિત રૂપે વિચારણા થઈ ગઈ હતી, વરસાદના અને ધાન્ય('મકાઈ')ના દેવોની સાથોસાથ પ્રકૃતિનાં વિભિન્ન તત્ત્વો પ્રતિ દેવભાવના વ્યાપક થઈ ગઈ હતી, ચાર દિશાઓને કેન્દ્રમાં રાખી એના દરેક દેવનાં ચાર ચાર સ્વરૂપોની માન્યતા પ્રચલતિ થઈ ચૂકી હતી, ગુરુઓએ કરેલી કલ્પનાઓનાં મંદિર પણ અસ્તિત્વમાં આવી ગયાં હતાં અને ચોક્કસ પ્રકારની ઉપાસના-પધ્ધતિ પણ પ્રચલિત થઈ ગઈ હતી. 'માયા' લોકો માનતા હતા કે એકના નાશ પછી એવાં અનેક જગત થતાં જ રહેતાં હતાં. વર્તમાન જગત આ રીતે જ અસ્તિત્વમાં આવ્યું હતું. (સમાનતા જુઓ : 'ધાતા યથાપૂર્વમસૃજત્' - સ્રષ્ટાએ પૂર્વમાં જેવી હતી તેવી સૃષ્ટિનુ સર્જન કર્યું.) આ જગતનો પણ યથાક્રમ વિનાશ થશે અને એના પછી નવી સૃષ્ટિ અસ્તિત્વમાં આવશે. સૃષ્ટિના આરંભમાં પ્રથમ માટીની, પછી લાકડાની એમ જીવહીન માનવી સૃષ્ટિ બની હતી, જેનો વિનાશ થતો રહ્યો. આ બધાંનું દેવોએ ભક્ષણ કર્યું. પછી ધાન્ય (મકાઈ)નો દેવ - 'માયા'ઓનો આદિ દેવ અસ્તિત્વમાં આવ્યો. 'માયા' લોકો આમ તો એકેશ્વરવાદી હતા અને એ ઈશ્વરને 'હુનલ કુ' કહેતા હતા. 'માયા'ઓના શાસકવર્ગનો મંદિર-દેવ એનો પુત્ર, જેની પત્નીનું નામ 'ઇગ્ઝ ચેબેલ યગ્ઝ' હતું. અને એ 'વણાટ'ની અધિષ્ઠાત્રી દેવી હતી. ચાર દિશાઓના ચાર 'ઇત્ઝમીસો'માંના પ્રત્યેકની પાસે પોતપોતાની દિશાનો હવાલો હતો. એનું પ્રતિનિધિત્વ દૈવી મહાકાય પ્રાણીઓ અર્થાત્ બે-માથાળા સર્પોના રૂપમાં હતું. સૃષ્ટિની પ્રત્યેક દિશાના એ દેવોની સંજ્ઞા 'બકબ' હતી, જે આકાશને આધાર આપી રહ્યા હતા. આ ચારે દિશાઓમાં એકએક 'બકબ', એકએક જંગલી કપાસનો છોડ, એકએક પક્ષી અને એકેએક રંગ. પૂર્વમાં લાલ, ઉત્તરમાં સફેદ, પશ્ચિમમાં કાળો અને દક્ષિણમાં પીળો એ રંગોનો ક્રમ હતો. મધ્યમાં લીલો રંગ હતો. એક માન્યતા પ્રમાણે મનુષ્યોના કલ્યાણને માટે વરસાદના દેવે પહાડો ઉપર સફેદ ધાન્ય (મકાઈ)ને છૂટું કર્યું. વજ્ર એટલે કે વીજળીના પ્રબળ કડાકાને સમયે ધાન્યની છાલને સ્પર્શ ન કરતાં થોડી દાઝ આપી, જેને કારણે ધાન્યના સફેદ પીળો લાલ અને કાળો રંગ થયા. ઉપર બતાવેલી ચારે દિશાઓમાંથી પ્રત્યેકનો એ રંગ બન્યો.

સૃષ્ટિનું પ્રથમ કાર્ય ઉષ:કાલ હતું. સૃષ્ટિ અને મનુષ્ય અંધકારમાં હતાં, પરંતુ દેવોએ સૂર્ય અને ચંદ્રનું સર્જન કર્યું. સૂર્ય (પુરુષ) મૃગયા અને ગાનનો આશ્રયદાતા એટલે કે સંરક્ષક હતો અને ચંદ્ર (સ્ત્રી) વણાટ તથા પ્રજનનની દેવી થઈ. સૂર્ય અને ચંદ્ર શરૂમાં પૃથ્વી ઉપર આવી વસ્યા, પરંતુ ચંદ્રના મૈથુની અધિકારને કારણે બંનેને આકાશમાં જવું પડ્યું. ચંદ્રનો પ્રકાશ સૂર્યના પ્રકાશથી ઓછો છે. કારણ એ બતાવવામાં આવે છે કે ચંદ્રની બેવફાઈને કારણે સજા કરવા માટે સૂર્યે ચંદ્રની એક આંખ ખેંચી લીધી હતી.

'માયા' જાતિના ગુરુઓએ ખગોળવિદ્યા અને સમયના સૂક્ષ્માતિસૂક્ષ્મ સિદ્ધાંતનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, એ કારણે એ લોકોની પોતાનામાં જ સીમિત સિદ્ધાંત-પ્રણાલિ સામાન્ય જનમાન્યતાઓથી ભિન્ન રહેલી.

'માયા' લોકો માનતા હતા કે પૃથ્વીની ઉપર એકની ઉપર એક એવાં ૧૩ આકાશ છે (ભારતીય માન્યતામાં ૧૪, પરંતુ પૃથ્વીની નીચે ૭ અને ઉપર ૭) અને પૃથ્વીની નીચે બીજાં ૯, એક ઉપરના એક આ પ્રકારના થરોના રૂપમાં 'લોક' (under worlds) છે. 'ઓરગ્ઝલહુન્તિકુ' નામના ૧૩ દેવ આકાશો ઉપર આધિપત્ય રાખી રહ્યા છે, 'બોલોન્તિકુ' નામના ૯ દેવ અંત:સ્તરીય લોકો ઉપર શાસન કરે છે.



← પિરામિડ આકારનાં દેવસ્થાનો એ 'માયા' સંસ્કૃતિનાં સ્થાપત્યોની લાક્ષણિકતા રહી છે. ચાઈચેન ઇત્ઝાના મુખ્ય પિરામિડ મંદિરમાંથી દેખાતું ટેમ્પલ ઓફ ધ વોરીઅર્સનું દૃશ્ય.



'બોનેમપાક' એ માયા પ્રદેશના એક સ્થાનકનું નામ છે. ગીચ જંગલની વચ્ચે ઇ. ૧૯૪૬માં અકસ્માત જ એ મળી આવેલું. ત્રણ ખંડોવાળા આ સ્થાનકની અંદરની ભીંતો ઉપર ઇ. ૩૧૭ થી ૯૭૮ દરમિયાન ચિતરાયેલાં સુંદર ભીંતચિત્રો ઇજિપ્ત અને અજંતાનાં ભીંતચિત્રોની જેમ હજીયે એવાં ને એવાં જ ટકી રહ્યાં હોઈ માયા સંસ્કૃતિના અવશેષોમાં તેનું ખાસ મહત્ત્વ રહ્યું છે. તેના બીજા ખંડની ભીંત ઉપરના આ ચિત્રાંશમાં કોઈ યુદ્ધ-પ્રસંગનું ચિત્રણ છે. તેમાં શત્રુ પર હુમલો કરતા માયા સૈનિકોનો ભભકદાર પોષાક તથા તેમના અલંકારો ખાસ ધ્યાન ખેંચે છે. ભાલો એ એમનું મુખ્ય હથિયાર જણાય છે. માયા પ્રજા વિગ્રહોથી પર રહેતી એવી એક માન્યતાને આ ચિત્ર નિરાધાર ઠરાવે છે. 'બોનેમપાક'નો અસલ અર્થ તો 'ચીતરેલી દીવાલો' થાય છે. ત્યાંના આ ભીંતચિત્રોને લીધે જ આ સ્થાનક આ નામે ઓળખાય છે. આ ભીંતચિત્રોની શોધ પરથી માયા પ્રજા વિષે ઘણી નવી માહિતી મળી છે.

એક માન્યતા એવી છે કે સૂર્ય રાત્રિનો સમય અંતર્લોકમાં પસાર કરે છે અને આરામ લે છે, જ્યાં એનો ભાઈ 'ઉસુકુન્ક્યુમ' ધરતીકંપના રૂપના 'કિસિન' નામના શત્રુથી સૂર્યનું રક્ષણ કરે છે. આ માન્યતા 'માયા' લોકોની પ્રબળ દ્વૈત-વૃત્તિનો ખ્યાલ આપે છે, જેને અનુસરીને ઉપકાર અને અપકારની વચ્ચેના સંઘર્ષના રૂપમાં વિશ્વના જીવનની યોજના થઈ છે. 'માયા' લોકના તત્ત્વજ્ઞાનમાં કાલ (time) મહત્ત્વનું તત્ત્વ છે. કાલચક્રને એ લોકો અનાદિ-અનંત માનતા હતા.

'માયા'ઓએ પોતાનાં શિલ્પ-સ્થાપત્યોમાં અનેક દેવોની પ્રતિમાઓનાં ઉટ્ટંકન કર્યાં હતાં, જેવા કે જુવાન ધાન્ય દેવ (મકાઈનો દેવ), સૌર આભાચક્રની વચ્ચે સૂર્યદેવ, અંધકારના ૯ દેવ અને સર્પદેવ. આગળ વધી 'કિનિચ અહઉ' સૂર્ય અને ચંદ્રદેવી 'ઇગ્ઝ્ચેલ'નો સંબંધ રાખનારો, મંદિરો ઉપર શાસન કરનારો કૃપાશીલ 'ઇત્ઝમ્ના' નામનો એક દેવ, જેને કદી કદી આસુરી બુઢ્ઢી સ્ત્રીના રૂપમાં પણ બતાવેલો છે. ખેડૂતોનાં દેવ 'ચકો'ને વરસાદ વરસાવનારા દેવ કહેલ છે, જે પોતાનાં વાસણોમાંથી વરસાદ વરસાવે છે અને પૃથ્વી ઉપર વજ્રપાત પણ કરે છે. વરસાદની આગાહી કરનારાં દેડકાં એ દેવોના મિત્ર છે. યુકતાનના ઉચ્ચ પ્રદેશોમાં પૃથ્વી-દેવોનું પૂજન થતું હતું. 'માયા' પ્રદેશોમાં વાયુદેવોનું મહત્ત્વ તદ્દન ઓછું હતું.

ધાન્ય (મકાઈ)નો દેવ 'યુમ કઅગ્ઝ' (એટલે કે જંગલોનો સ્વામી) હતો, જે પોતાના માથાની શોભાને માટે ધાન્યનાં ઝૂંછાં રાખતો હતો. કોઈક વાર એને મૃત્યુદેવ 'અહ પુચ'ની સાથે યુદ્ધ કરતો બતાવ્યો છે. મૃત્યુદેવની સાથે 'એકા ચુઅહ', જે યુદ્ધદેવ અને વાણિજ્યદેવ પણ હતો તેનો અને આત્મઘાતીઓના સંરક્ષક 'ઇગ્ઝતબ'નો સંબંધ હતો. ધ્રુવનો તારો, શુક્રનો તારો, 'ઓગ્ઝલહુન્તિકુ' અને 'બોલોન્તિકુ', ઉપરાંત 'કતુન' વગેરે માસદેવો, દિનદેવો અને અંકદેવોને દેવોના રૂપમાં માનવામાં આવતા હતા.

ઉત્તર શિષ્ટ સમયમાં 'તોલ્તેકો'નો પીછાંવાળો સર્પ ('નહુઅત્લ' : 'કુવેત્ઝલ્-કોઅત્લ') જેવા દેવોને પણ માનવામાં આવતા હતા; યુકતાનમાં આ દેવની સંજ્ઞા 'કુકુલ્કાન' અને ગ્વાતેમાલાના ઉચ્ચ પ્રદેશોમાં 'ગુકુમત્ઝ' હતી. મેક્સિકોના એકપાદ 'તેઝ્કત્લિપોકા' જેવો 'હુરકન' દેવ પણ હતો, તો બીજો 'તોલ્તેકો'નો દેવ 'અહકોલ્તેકત' પણ સમાદર પામી રહ્યો હતો. ચાઈચેન ઇત્ઝામાં કરવામાં આવેલાં શિલ્પોમાં પીછાંવાળા સર્પની સાથે 'બકબો' (દિશાદેવો)ને પણ બતાવવામાં આવ્યા છે.

'માયા'ઓના હૃદયમાં પાપ અને પુણ્યનો પૂરો ખ્યાલ હતો. વૈશ્વિક બળો તરફ એમનો પૂરો આદર હતો. ગુરુઓ તરફથી ધર્મકાર્યાદિકના વિષયમાં પૂરું બળ આપવામાં આવતું હતું.

મનુષ્યના મૃત્યુ પછી એના રહેઠાણના મકાનમાં જ એના શબને દાટવામાં આવતું હતું. મોટા ગુરુઓ અને શક્તિમાન શાસકોને પોતાના શણગારેલાં ભોંયરાંઓમાં દાટવામાં આવતા હતા. ઈ. સ. ૬૩૩ માં આ પ્રમાણે દાટવામાં આવેલા શબનું પલેન્કેમાં મંદિર જાણવામાં આવ્યું છે. ઉત્તર શિષ્ટ સમયમાં અગ્નિદાહ પણ થતો હતો અને ચિતાની ભસ્મને બરણીઓમાં અથવા પોલી મૂર્તિઓમાં રાખવામાં આવતી હતી. મૃતાત્મા ૯ અંતર્જગતોમાં ચાલ્યો જાય છે એવી માન્યતા હતી. 'માયા'ઓની માન્યતામાં 'સ્વર્ગ' એવો કોઈ લોક નહોતો.

૧૦. વેશભૂષા

'માયા'ઓના સમાજમાં ત્રણ વર્ગ હતા : ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. આ ત્રણે વર્ગોની વેશભૂષામાં તફાવત હતો. આ પ્રકારની વેશભૂષામાં સમયે સમયે પરિવર્તન પણ થયે જ જતાં હતાં. એમની સ્મૃતિ સ્તંભિકાઓમાં, મકાનોનાં વિભિન્ન શિલ્પોમાં અને ચિત્રલિપિનાં ઓળિયાંઓમાં કરવામાં આવેલાં ચિત્રોમાં વેશભૂષાનાં દર્શન સુલભ છે. 'માયા'ઓના અવનત શિષ્ટ

યુગના નમૂના 'બોનમ્પક'નાં ચિત્રોમાં મળે છે, જે ઈ.સ. ૮૦૦ના છે. આમાં શાસકો અને ગુરુઓ, ગાયકો-વાદકો અને નોકર-ચાકરોનાં દર્શન થાય છે. મોટા લોકોના પહેરવેશમાં શરીરે દીપડા જેવાં કાળાં મોટાં ટપકાંવાળા અમેરિકાના રાનીબિલાડા - 'જગુઆર' - ના ચામડાનો પોષાક, રંગીન સુતરાઉ કપડાં અને વિવિધ પ્રકારનાં ઘરેણાં જોવા મળે છે. ખાસ કરીને માથા ઉપર સર્પની ફેણના આકારની શિરોભૂષા રહેતી હતી. એ લોકોની તહેનાતમાં રહેનારા નોકર-ચાકરોનો પોશાક તદ્દન સામાન્ય હતો. જેઓના હાથમાં મોટાઓની સેવા કરવા પંખા રહેતા હતા. સમય, પ્રસંગ અને સ્થાનની દૃષ્ટિએ પોષાકમાં ભિન્નતા પણ જોવા મળે છે. પરંતુ પહેરનારાઓના ત્રણ વર્ગ તો સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે.

સામાન્યજનોના પોષાકમાં એક હાથની પહોળાઈનો લાંબો પટ્ટો (strip) રહેતો હતો, જે ઘૂંટણ સુધીની સુરવાલ અને મોજાંનું કામ દેતો હતો. ઉપરાંત તે છાતીને ફરતે એકથી વધુ વાર વીંટાળવામાં આવતો હતો, એવી રીતે કે એનો એક છેડો શરીરના આગલા ભાગ ઉપર લટકતો રહે અને બીજો પીઠ પાછળ. તેઓ લાંબી ચોરસ શાલોનો પણ ઉપયોગ કરતા હતા. વળી, તેઓ મૃગચર્મનાં લાલ રંગે રંગેલાં સેન્ડલ પણ પહેરતા હતા.

સામાન્ય સ્ત્રીઓનો પોષાક મોટે ભાગે સાદો રહેતો. કેડની નીચેનો ભાગ કપડાથી ઢાંકી લેવામાં આવતો અને છાતીનો ભાગ પછેડી જેવા કપડાથી ઢંકાતો હતો, જે બાવડાંઓ સુધી જતો હતો અને બંને છેડા પીઠ પાછળ બાંધી લેવામાં આવતા હતા. સ્ત્રીઓના આ પટ્ટા ભાતીગળ રહેતા. સામાન્ય રીતે તો સ્ત્રીઓ બે ચોરસ પટ્ટાનાં કોથળા જેવાં પહોળાં લૂગડાં પહેરતી, જેને નીચેના ભાગે બાંધી લેવામાં આવતાં હતાં. તેઓ શાલ પણ લપેટતી હતી. એવી જ સ્થિતિમાં એઓ રાતે સૂઈ જતી હતી.

૧૧. ખેતી

આ વિષયમાં જાણકારી ઘણી ઓછી છે. વર્તમાન સમયમાં તેઓ કયા પ્રકારે ખેતી કરે છે એના ઉપરથી અંદાજ કરવામાં આવે છે. યુકતાનના દ્વીપકલ્પમાં કેટલીક જમીન પહાડી છે, તો કેટલીક જમીન સપાટ પણ છે. ક્યાંક પથરીલી ભાઠાંની જમીન છે, તો ક્યાંક માટીવાળી પણ. પાણી ભર્યાં રહે તેવી જમીન ઓછી છે, આ કારણે એવી જમીનમાં નાનાંમોટાં તળાવ બનાવવામાં આવ્યાં હતાં, જેમાં વરસાદના પાણીનો સંગ્રહ થતો રહેતો. આવાં તળાવ અનેક સ્થાનોમાં જોવામાં આવ્યાં છે. એમની પાસે ખેતીનાં કોઈ સાધન નહોતાં, અણીદાર લાકડીઓથી જમીનને ઢીલી-પોચી કરવામાં આવતી અને એમાં બી વાવવામાં આવતાં. એમનું મુખ્ય ધાન્ય મકાઈ હતું.

ખેતીની જમીન તૈયાર કરવા માટે પ્રથમ તો એપ્રિલ માસ પહેલાં જમીન પરનાં નાનાંમોટાં છોડ-ઝાડ અને જાળાં-ઝાંખરાંને કાપી નાખવામાં આવતાં અને તે સુકાય એટલે એને સળગાવવમાં આવતાં, જેને કારણે જમીન ખુલ્લી થઈ ખેડવા લાયક બનતી. એની ઉપર વરસાદ આવી જતાં એ જમીન ઢીલી-પોચી બનતી, જેમાં અણીદાર લાકડી વડે હાથેથી ખેડીને તેને વાવવા લાયક બનાવવામાં આવતી ને એમાં બી વાવવામાં આવતાં. જે વર્ષે વરસાદ ન આવે તે વર્ષે કરેલી બધી મહેનત નકામી જતી. સમજવા જેવું છે કે આ બધું કામ હાથથી થતું અને ભારે શ્રમ પછી ખેતર તૈયાર થતાં હતાં. એમની પાસે કોઈ ગોદામ હતાં નહિ, પોતાનાં ઘરોમાં જ ઉત્પન્નને રાખવામાં આવતાં હતાં.

ખેડૂતોનું જીવન કુદરત પર આધારિત હતું. જે ઉત્પન્ન આવતું હતું તેનાથી પોતપોતાના કુટુંબનું પોષણ કરવાનું થતું હતું. ઉપરાંત, ઉચ્ચ વર્ગોના લોકોને પણ આપવું પડતું હતું. એટલે ખેડૂત પોતે કદી માલદાર થઈ શકતો નહોતો.

૧૨. ખાદ્ય સામગ્રી વગેરે

'માયા'ઓનું મુખ્ય ધાન્ય મકાઈ હતું. મકાઈમાંથી અનેક પ્રકારનાં પેય પણ બનાવવામાં આવતાં, જે બધાંનાં જુદાં જુદાં નામ હતાં. એ લોકો સ્વાદિયા હતા. એઓ પશુઓનાં માંસનો પણ ઉપયોગ કરતા હતા તો મુરઘાંઓનાં માંસનો પણ. એ લોકોની એક વિશિષ્ટતા હતી : ઋતુના પાક તૈયાર થઈ જાય એટલે સૌપ્રથમ દેવોની થયેલી કૃપા તરફ આદર બતાવવા વિવિધ ઉત્સવો ઊજવતા.

પોતાના ખોરાકમાં 'માયા'ઓ અનેક પ્રકારનાં ફળોનો ઉપયોગ પણ કરતા હતા.

યુકતાનનાં જંગલોમાં ઘરાળુ ઉપરાંત હરણ, જંગલી વરાહ, વાનર, સસલાં, શિયાળ વગેરે અનેક પ્રકારનાં વન્ય પ્રાણીઓ પણ હતાં. જંગલી વરાહ, હરણો અને સસલાંને તો ઘરાળુ બનાવી લીધાં હતાં. પક્ષીઓમાં મરઘાં, હોલાં, કબૂતર જેવાં સુલભ હતાં. એઓએ વાળ વિનાનાં કૂતરાં પણ વિકસાવ્યાં હતાં, જેઓનો યજ્ઞકાર્યમાં ઉપયોગ કરવામાં આવતો હતો અને એનું માંસ પણ ખાતા. આ કૂતરાં કરડતાં નહિ. માછલીઓની પણ મોટી પેદાશ હતી, એનો પણ વિપુલ પ્રમાણમાં ઉપયોગ થતો

૧૩. હુન્નર-ઉદ્યોગ

વેપારના સાટા-બદલા માટે નાણાં તરીકે પરસ્પરના ઉપયોગ માટે 'કકાઉ' વૃક્ષનાં બીજ, કાંકરા અને છીપોનું ચલણ હતું. શાસન તરફથી આવી કોઈ ખાસ વ્યવસ્થા નહોતી.

ઔદ્યોગિક ઉત્પન્નોમાં કપાસ મુખ્ય હતો. એમાંથી નીકળતા રૂમાંથી દોરા બનાવી એમાંથી કામળા અને લૂગડાં માટે કાપડ બનાવવામાં આવતું હતું. એ લોકોને સમુદ્રના ખારા પાણીમાંથી મીઠું બનાવતાં પણ આવડતું હતું, જેનો ઔષધીય ઉપયોગ પણ થતો. એઓ 'પોમ' નામાના વૃક્ષોમાંથી સત્ત્વ કાઢી લઈ એનો ધૂપ તરીકે ઉપયોગ કરતા. 'પિચ' નામના વૃક્ષ અને 'કેદાર' (ગંધતરુ)માંથી ગુંદર પણ બનાવતા હતા, જેનો બહોળો ઉપયોગ હતો. 'ચુઈગમ' જેવા પદાર્થ પણ એ વૃક્ષોમાંથી કાઢતા હતા.

ગળપણ માટે તેઓ મધનો જ ઉપયોગ કરતા. સાકર કે ગોળ બનાવવાનું તેઓને જ્ઞાન નહોતું, પણ મધમાંથી એ લોકો મદ્ય (દારૂ) બનાવતા હતા.

૧૪. રંગ

'માયા'લોક વૃક્ષો અને કાચી ધાતુઓમાંથી અનેક પ્રકારના રંગ પણ બનાવતા હતા. મૂળ ત્રણ રંગોનાં વિભિન્ન પ્રકારનાં મિશ્રણ કરી બીજા રંગો પણ બનાવતા હતા કે જે સદીઓ સુધી ટકી રહે તેવા પાકા બનતા.

૧૪. શાસનવ્યવસ્થા

શિષ્ટ અને ઉત્તર શિષ્ટ યુગમાં 'હલચ ઉઈનિક' સંજ્ઞાથી ઓળખાતા સર્વોચ્ચ શાસકનું 'માયા'ઓ ઉપર શાસન હતું. આ શાસકની સત્તામાં દૂર દૂર સુધીના પ્રદેશો હતા. આજના મેક્સિકોના સ્વતંત્ર રાષ્ટ્રના પ્રમુખ સાથે એના દરજ્જાની તુલના થઈ શકે.

'હલક ઉઈનિક'ના ક્રમમાં એને ઘણાં માન્ય હતા : એક ખેતી વિશેના પ્રશ્નોનો અભ્યાસ કરીને એ પ્રશ્નોનો ઉકેલ લાવતો. બીજો મોટી ઇમારતોનો કાર્યક્રમ નક્કી કરીને એનાં રેખાંકન નક્કી કરી એનો વહીવટ કરતો. ત્રીજો રાજકીય પ્રશ્નોનો અભ્યાસ કરી એના નિકાલનું કામ કરતો, અને ચોથો રાજ્યના વિસ્તારમાં ખાદ્ય સામગ્રીની વૃદ્ધિ કે ખોટ વિશેનો વિચાર કરી રાજ્યની આર્થિક પરિસ્થિતિની ગણતરી કરતો હતો.

આ પ્રત્યેક અધિકારી પોતાના સહાયકોના સમૂહ સાથે એ સમયની શાસનવ્યવસ્થાનું સંચાલન કરતો હતો. રાજ્યવ્યવસ્થાનો સિદ્ધાંત એવી માન્યતા ઉપર આધારિત હતો કે પ્રત્યેક સંસ્કૃતિ-સભ્યતા સમયની માંગ પ્રમાણે ખાસ સંજોગોમાં કુદરતી વિભિન્નતામાં પરિણમે છે અને માનવ ઈતિહાસની પુનરાવૃત્તિ થયા કરે છે.

ઉગ્ઝમલના રાજ્યપાલનો મહેલ તાત્ત્વિક સ્વરૂપમાં એવું શાસકીય અર્થાત્ વહીવટી કેન્દ્ર સ્થાન હતું કે જ્યાં સહાયકો કિંવા મંત્રીઓનો સમૂહ પોતપોતાનો વહીવટ ક્રિયાત્મક સાદા સ્વરૂપમાં ચલાવતો હતો, જેમાં આજના જેવી અનેક ગરબડોનો કોઈ સંભવ નહોતો. ચાઈચેન ઇત્ઝાનું મંદિર આ જ હેતુને કાર્યરત કરતું હતું એવું માનવામાં આવે છે. રાજધાનીમાં બીજા મહત્ત્વના વિસ્તારો ઉપર બતબેઓનું વહીવટી શાસન રહેતું હતું. રાજ્યની ઓછી વસ્તીવાળા વિસ્તારોમાં, શક્યતા છે કે, થોડી ઓછી સત્તા ધરાવતા વહીવટદારો દ્વારા શાસન ચાલતું હતું. આ રચના, શક્ય છે કે, આજની પંચાયત-રાજ્યવ્યવસ્થા જેવી હતી, જેમાં પ્રત્યેક અધિકારીની નીચે પોતપોતાનો સહાયકોનો સમૂહ રહેતો હતો.

હું સમજું છું કે અવનત શિષ્ટયુગ સુધીમાં મોટી ઇમારતોનું સર્જન કરવામાં આવેલું તે પોતાની જરૂરિયાતોની પૂર્તિને માટે જ થયેલું હતું અને સાથોસાથ આનંદ-પ્રમોદને માટેનાં અનેક ભવ્ય બાંધકામ પણ અસ્તિત્વમાં આવ્યાં હતાં. આશ્ચર્ય તો એ વાતનું છે કે આજના જેવાં સાધનનો સર્વથા અભાવ હોવા છતાં એ તૈયાર કરવામાં આવેલાં.

સમગ્ર શિષ્ટ યુગનો તેજસ્વી ઈતિહાસ 'માયા'ઓની શિસ્તબધ્ધ કાર્ય-પધ્ધતિનો ખ્યાલ આપે છે. આવી સંસ્કૃતિ-સભ્યતાનો સર્વનાશ થઈ ગયો એ પણ એક અદ્ભુત આશ્ચર્ય છે. (સંપૂર્ણ) □

અનુસંધાન) કેટલાક ચલણી સિક્કા (પૃ. ૪૮૮ પરથી

થએલી. જહાંગીર બાદશાહે આ રાજ્યના બે ભાગ કરી બે ભાઈઓમાં વહેંચી આપેલો. આમાં નાનાને જે ભાગ મળ્યો તે 'કોટા' નામે જાણીતો થયો. આ કોટા રાજ્ય ઉપર હોલ્કર અને સિંધિયાએ વારંવાર હુમલા કરી ત્યાં લૂંટ ચલાવેલી; આથી કોટાના રાજાએ ઇ. ૧૮૧૮માં અંગ્રેજોની શરણાગતિ સ્વીકારી હતી. બુન્દી અને કોટાના સિક્કા મુઘલ બાદશાહોના નામે પડતા હતા. બુન્દીના સિક્કા પર યજ્ઞકુંડ, મશાલ અથવા ફૂલ બતાવતાં હતાં અને તે બાદશાહ મહમદ અકબર બીજાના તથા બહાદુરશાહ જફરના નામે પડતા. સોના, ચાંદી અને તાંબાના એ સિક્કાઓનું સંગ્રાહકોમાં આજે મોટું આકર્ષણ છે.

કોટા રાજ્યના સિક્કાઓ પર ઉપર કહ્યાં તેવાં પ્રતીકો ઉપરાંત વધારાની એક ચોકડી અંકિત કરાતી. મહમદ અકબર બીજાના [illegible] ચાંદીના રૂપિયા તથા બહાદુરશાહ જફરના નામના ચાંદીના ગોળ રૂપિયામાં ફૂલના પ્રતીકવાળા રૂપિયા વધુ ખ્યાત છે.

ઇ. ૧૯૦૫માં બુન્દીના રાજા રામસિંહે કટારધારી દેવીની આકૃતિ સાથે અંગ્રેજીમાં સાતમા એડવર્ડના નામોલ્લેખવાળા રૂપિયા બહાર પાડેલા, જેની પાછલી બાજુ નાગરી લિપિમાં બુન્દી રાજ્ય, રામસિંહ અને સંવત ૧૯૫૯ એવું લખાણ અંકિત કર્યું હતું. આ રાજા રામસિંહે ઇ. ૧૮૨૪ થી ૧૮૮૯ દરમિયાન મુઘલ બાદશાહના નામને સ્થાને રાણી વિક્ટોરિયા તથા તે પછી સાતમા એડવર્ડને અંકિત કરાવ્યાં હતાં. એના પછીના રાજાઓમાંના રઘુવીરસિંહ અને ઈશ્વરસિંગે પાંચમા જ્યોર્જના નામનો ઉલ્લેખ કરેલો.

કોટાના મહમદ અકબર બીજાના નામના રૂપિયાનું કદ નાનું હતું અને તેની બંને બાજુ પરનું લખાણ ફારસી લિપિમાં હતું. એના પર ટંકશાળનું નામ 'નંદગઢ' પણ જોવા મળે છે. બુન્દીના રામસિંહના સમકાલીન કોટાના રાજા છત્રસાલ અને તેની પછીના રાજા ઉમેદસિંહે બહાર પાડેલા રૂપિયાની સિક્કા સંગ્રાહકોમાં સારી એવી માગ રહી છે.

પ્રાચીન સિક્કાઓ પરનાં ચિહ્નો, લખાણ, તેની ધાતુ, આકાર, વજન, બનાવવાની પધ્ધતિ વગેરેના અભ્યાસમાંથી ઈતિહાસ અને જે તે કાળની સંસ્કૃતિ વિષે ઘણી રસપ્રદ અને આધારભૂત માહિતી મળતી હોઈ તેનું ઘણું મોટું મહત્ત્વ છે અને વળી તેની દુર્લભતાને કારણે તેનો સંગ્રહ કરવાનો વ્યાસંગ પણ ઘણામાં કેળવાયો હોઈ આવા જૂના સિક્કાઓનું ઘણું આકર્ષણ રહ્યું છે. □

ભૂલસુધાર

આ અંકની પૂર્તિમાં શ્રી જયન્ત પરમારનો પરિચય આપતા એમનો ધર્મ મુસલમાન હોવાનો જે ઉલ્લેખ કરાયો છે તે સરતચૂક બદલ દિલગીર છીએ.

- તંત્રી

યુદ્ધથી જ યુદ્ધનો અંત આવે છે!

વિનોદ ભટ્ટ

એક બાળકે તેના પિતાને પૂછ્યું : 'હેં પપ્પા, યુદ્ધ કેવી રીતે થાય?' પિતાએ તેના ચિરંજીવીને સમજાવતાં કહ્યું : 'ધાર કે અમેરિકા ભારત પર હુમલો કરે અને - પાસે બેઠેલી બાળકની મમ્મીએ વચ્ચે ઝંપલાવ્યું : 'ભારત શાંતિપ્રિય દેશ છે, અમેરિકા શા માટે તેના પર હુમલો કરે?' બાપે પોતાનો બચાવ કરતાં જણાવ્યું : 'અરે ભૈ મને ખબર છે કે અમેરિકા ભારત સાથે ના લડે, પણ આ તો મેં મારો મુદ્દો સમજાવવા દાખલો આપ્યો...' 'ખોટે ખોટા દાખલા આપીને તમે છોકરાને ઊંધે રવાડે ચડાવો છો...' 'ના, સહેજ પણ નહિ, દાખલો આપ્યા વગર બાળક કશું શીખી શકે નહિ...' 'પણ એને માટે આવો વાહિયાત દાખલો આપવાની જરૂર ખરી?' બાપે મક્કમ અવાજે કહ્યું : 'એક વાર નહિ ને સાડી સત્તર વાર...' 'એવી કોઈ જ જરૂર મને જણાતી નથી...' 'કહું છું છે - તું હંમેશાં મને દરેક વાતે ટોક્યા કરે છે, અમેરિકા ભારત પર હલ્લો કરે એમ કહીને મેં ક્યાં તારા બાપનો ગરાસ લૂંટી લીધો!...' 'હું કહું છું મારા બાપ સામે ન જાવ...' મા તાડૂકી. 'તું વચ્ચે ડબ ડબ કરીશ તો પછી મારી જીભ પણ સખણી નહિ રહે...' પિતાએ ગર્જના કરી એટલે દીકરાએ તેને શાંત પાડતાં કહ્યું : 'ગુસ્સે ના થશો પપ્પા, મને સમજાઈ ગયું કે યુદ્ધ કેવી રીતે થાય છે....'

યુદ્ધ માટે ક્યારેય મોટા કારણની જરૂર પડતી નથી. ઇરાકે ઇરાન સામે પાણી માટે લોહી વહેવડાવ્યું, જેમાં આઠ લાખ માણસો ડૂબી ગયા ને અમેરિકાએ તેલ માટે ઇરાક સાથે યુદ્ધ કર્યું જેમાં બે લાખ માણસ લોહીમાં ડૂબી ગયા - અમેરિકન પ્રેસિડેન્ટ બુશે સદ્દામ હુસૈન સાથે લોહીની સગાઈ જોડી.

બ્રિટિશ કવિ એડવર્ડ થોમસ પહેલા વિશ્વયુદ્ધમાં લડવા ગયો હતો. તેને પૂછવામાં આવ્યું કે તું શાને માટે લડે છે? ત્યારે તેણે સ્હેજ નીચા નમીને જમીન પરથી કાદવનો લોંદો ઉપાડીને બતાવતાં માહિતી આપી : 'શબ્દાર્થમાં કહું તો આને માટે...' એમ તો મહાભારત પણ થોડી જમીન માટે જ ખેલાયું હતુંને!...

પણ કહેવાય છે કે દરેક યુદ્ધનો હેતુ આમ તો શાંતિ ફેલાવવાનો હોય છે. ઘરમાં ધીંગાટ ને તોફાન કરતા બાળકને તેનો વડીલ તમાચો મારે ત્યારે એ તમાચાનો હેતુ શાંતિ માટેનો જ હોય છે. પહેલા વિશ્વયુદ્ધ વખતે આ સૂત્ર ઘણું પ્રચલિત હતું : 'The war will end the war' - યુદ્ધ જ યુદ્ધને ખતમ કરશે. આ સૂત્ર લગભગ દરેકની જીભ પર રમતું હતું ત્યારે બ્રિટનના વડાપ્રધાન લોઈડ જ્યોર્જે વ્યંગમાં કહ્યું હતું : 'આ યુદ્ધ, હવે પછીના યુદ્ધની જેમ, યુદ્ધનો અંત આણશે' - અને આપણે બીજું વિશ્વયુદ્ધ પણ જોયું. નોસ્ટરડેમસની એવી આગાહી છે કે નજીકના ભવિષ્યમાં અર્થાત્ સન ૨૦૦૦ પહેલાં આપણે ત્રીજું વિશ્વયુદ્ધ જોવાનું રહેશે - કોઈકે વળી એવું પણ કહ્યું છે કે યુદ્ધને કાયમ માટે નાબૂદ કરવાનો સૌથી અસરકારક માર્ગ એક જ છે, અને તે છે ત્રીજું વિશ્વયુદ્ધ...યુદ્ધ વડે જ યુદ્ધ મિટાવી શકાય છે. બંદૂકથી છુટકારો મેળવવા બંદૂક પકડવી પડે છે. શહેરને બચાવવા માટે શહેરનો નાશ કરવા જેવી આ આયરની - વક્રોક્તિ છે.

અને રમતગમતની જેમ યુદ્ધ કંઈ હંમેશાં જીતવા માટે લડાતું નથી. યુદ્ધમાં હાર-જીતને ગૌણ ગણવામાં આવે છે. યુદ્ધનું ગણિત અવળું હોય છે, તેમાં મુખ્ય વાત જ લડવાની છે. યુદ્ધમાં જે જીતે છે તે લાંબા ગાળે હારતો હોય છે. આપણી જ વાત કરીએ તો પાકિસ્તાન સાથે યુદ્ધ આદરી બાંગ્લાદેશને તેનાથી વિખૂટો પાડી વિજયની સાથે શરણાર્થીઓ મેળવ્યા ને સરવાળે ભાગાકાર જેવું થયું, આપણે મોંઘવારીને શરણે જવું પડ્યું - આજની તારીખ સુધી મોંઘવારી સાથેનું આપણું યુદ્ધ ચાલુ જ છે. એટલે જ કહેવાયું હશે કે યુદ્ધમાં હાર પછી તેની ભયંકરતાના બીજા ક્રમે કશું આવતું હોય તો તે છે યુદ્ધમાં જીત... બુશને કોઈએ પૂછ્યું નથી કે ઇરાક સાથેના યુદ્ધ વિશે, તેમાં જીત્યા બાદ તમે શું માનો છો? - એવું તેમને પૂછવામાં આવ્યું હોત ને તેમણે સાચો જવાબ આપ્યો હોત તો તેમને બોલવું પડત કે આવો બીજો વિજય અમને ખતમ કરી નાખે...યુદ્ધમાં અમેરિકાએ ઇરાકની ભયંકર ખુવારી કરી હોવા છતાં ઇરાકને તે જોઈએ તેવું પ્રભાવિત કરી શક્યું નથી...આવી જ રીતે રોમન સમ્રાટ ફ્રાન્સિસ બીજો નેપોલિયનના હાથે ૧૮૦૫માં પરાજય પામ્યો ત્યારે પોતાના હારેલા લશ્કર સાથે સૌથી આગળ ચાલતા ફ્રાન્સિસ બીજાએ વિયેનામાં પેસતાં જ પોતાની રૈયત પાસે આનંદપૂર્વક વધાઈ ખાઈ નાખી હતી : 'લો, અમે ધરાઈને માર ખાઈને આવી ગયા...'

યુદ્ધમાં માણસો મરે છે, નિર્દોષ માણસો. પાસ્કલ કહે છે કે એના જેવી હાસ્યાસ્પદ વાત કઈ હોઈ શકે કે મને મારવાનો અધિકાર અન્ય માણસને મળી જાય છે - જેનું કારણ માત્ર એટલું જ છે કે તે પાણીની પેલી તરફ રહે છે અને તેના રાજાને મારી સાથે તકરાર છે, જો કે મારે તેની સાથે કોઈ ઝઘડો નથી...યુદ્ધમાં માણસો મરે છે એટલે જ યુદ્ધો થાય છે, બાકી જો બધા અશ્વત્થામા હોત, યુદ્ધમાં મરીને ફરી સજીવન થઈ શકતા હોત તો યુદ્ધો ચોક્કસ બંધ થઈ જાત. આ લખતાં સ્વીડિશ કવિ - વાર્તાકાર પાર લેજરવિસ્કની એક ટૂંકી વાર્તા યાદ આવે છે : 'બે રાષ્ટ્રો વચ્ચે ખૂબ મોટી લડાઈ થઈ હતી, અને બંને રાષ્ટ્રો એ વિશે અત્યંત ગર્વથી વાતો કરતાં. જે લોકો યુદ્ધમાં બચી ગયા હતા તેઓ ઘણા ઝનૂનથી આ વાત કરતા દેશને માટે ભોગ આપનાર સૈનિકોનાં સ્મારક રચવામાં આવ્યાં હતાં. આ સિપાઈઓ દેશ કાજે કાયમને માટે પોઢી ગયા હતા. રાષ્ટ્રોએ એ જગ્યાને યાત્રાધામ બનાવી દીધું હતું. દેશને માટે જેમનાં હાડકાં આ ધરતીમાં શાંતિથી સૂઈ ગયાં હતાં તેમને દબદબાભરી અંજલિઓ આપવામાં આવી હતી.

ત્યાં એક અફવા બંને દેશોમાં ફેલાઈ કે યુદ્ધમાં ખપી ગયેલાઓ અડધી રાતે એમની કબરોમાંથી ઊભા થઈ, સામા પક્ષની સરહદો ઓળંગી જતા

અને જાણે એકબીજાને શોધી કાઢી કંઈક સમાધાન કરી લેતા હતા. - આ સાંભળી દરેકના મનમાં ક્રોધ ભભૂકી ઊઠ્યો. - જે દિવંગત વીરનરોને આખુંયે રાષ્ટ્ર સન્માનતું હતું તે પોતાના દુશ્મનો સાથે હાથ મેળવી સમાધાન કરી લેતા હતા. કેટલું ભયંકર! આ હકીકતની તપાસ માટે બંને રાષ્ટ્રોએ તપાસપંચ નીમ્યાં. રણમેદાન પર બે-ચાર ઠૂંઠાં ઝાડ હજી દેખાતાં હતાં. તેની પાછળ પંચના સભ્યો મધરાતની રાહ જોતા બેઠા.

વાત સાચી હતી. કબરોમાંથી બિહામણા આકારો ઊભા થઈ સામી સરહદ તરફ જવા લાગ્યા અને પોતાની સાથે તેઓ કંઈક લઈ જતા હોય એવું લાગ્યું. પંચ એકદમ તેમની તરફ દોડી ગયું અને આઘાત તેમજ ગુસ્સાથી પૂછ્યું : 'આ શું માંડ્યું છે! તમે તમારા દેશને માટે બલિદાન આપ્યું, અમે બધા એ બદલ તમને આટલું બધું માન આપીએ છીએ, તમારી પૂજા કરવા અને તમારી યાદ તાજી રાખવા અમે તમારી સમાધિ પર આવીએ છીએ. જે જગ્યાએ તમે ચીર નીંદરમાં પોઢી ગયા છો તેની પવિત્રતા અમે જાળવીએ છીએ ને તમે ઊઠીને શત્રુઓ સાથે સમાધાન કરો છો? ભાઈચારો બનાવો છો! - આપણા દુશ્મનો સાથે જ સુલેહ કરો છો?

આ પંચ સામે યુદ્ધવીરો આશ્ચર્યથી તાકી રહ્યા. પછી ખોંખારીને બોલ્યા: 'નહિ. હરગીઝ નહિ. આ ક્ષણે પણ અમે એકબીજાને એટલા જ ધિક્કારીએ છીએ, પણ અહીં એટલો બધો ભયંકર ગોટાળો કરી દેવામાં આવ્યો છે કે હવે અમે અમારાં હાડકાંની અદલાબદલી કરીએ છીએ...'

બે દેશો વચ્ચે યુદ્ધ શરૂ થઈ જાય એટલે પ્રજામાં પણ મિત્ર ને શત્રુ જેવા ભાગલા પડી જાય છે. અન્ય રસોને તડકે મૂકીને વીરરસ તરફ માણસો ગતિ કરવા માંડે છે. ફ્રેન્ચ સમ્રાટ નેપોલિયનનું લશ્કર રશિયાના એક ગામને આડેધડે આગ ચાંપીને ભડકે બાળી રહ્યું હતું. કોઈ કલાકારની સુંદર કૃતિ મુગ્ધભાવે જોતો હોય એવા ભાવ સાથે નેપોલિયન આગનું આ દશ્ય જોતો હતો, પીતો હતો. તેના એક સેનાનાયકને તેણે પ્રશ્ન કર્યો : 'આ દશ્ય મઝાનું નથી?' 'સાહેબ ભયંકર છે...' સેનાનાયક બોલ્યો. 'એક વાત સમજી લે ભાઈ, શત્રુના શબમાંથી હંમેશાં મીઠી સુવાસ આવે છે.'

આવા જ એક લોહિયાળ યુદ્ધના સંદર્ભમાં એક બાળ-કેનિબલ (માણસખાઉ રાક્ષસ) તેના બાપને આશ્ચર્યથી પૂછતો હતો : 'આટલા બધા માણસોને એકસાથે મારીને આ લોકો કેવી રીતે ખાઈ શકશે?' 'બેટા, એ લોકો તેમનું માંસ ખાવા માટે તેમને નથી મારતા...' આ જાણી સ્તબ્ધ થઈ જતાં બાળ-કેનિબલે કહ્યું : 'આ તે કેવા જંગલી લોકો છે જે કોઈ પણ હેતુ વગર આટલા બધા માણસોને હણી રહ્યા છે!'

'The Crown of Wild Oliv'માં જ્હોન રસ્કિને કહ્યું છે : 'When the whole world turns clown, and paints itself red with its own heart's blood instead of vermilion, it is, something else than comic.' (જ્યારે આખું જગત વિદૂષક બની જાય છે અને ચળકતા રાતા રંગને બદલે પોતાના હૃદયના લાલ રંગથી જ પોતાને રંગી નાખે છે ત્યારે તે હાસ્યરસના નાટક સિવાયનું બીજું કશુંક હોય છે.)

શાંતિ માટે એક જ માણસ પૂરતો હોય છે પણ યુદ્ધ માટે ઓછામાં ઓછા બે જણ તો જોઈએ જ, તો યુદ્ધ શક્ય બને છે. અરિ સમા અરીસા સામે જોઈને પોતાની સામે માણસ લડી શકતો નથી - પોતાને ધિક્કારતો હશે તો પણ... છતાં આ યુદ્ધનું રહેઠાણ - સરનામું - તોપમાં નથી પણ માણસની અંદર જ છે, તે આપણા લોહી સાથે જોડાયેલું છે. જન્મથી જ માણસ એક લડાઈખોર પ્રાણી છે. એવો એક પણ માણસ નહિ હોય જે જીવનમાં કોઈની સાથે એકાદ વાર પણ નહિ લડ્યો હોય. ગાંધીજી જેવા ગાંધીજીએ પણ સત્યાગ્રહ નામની અહિંસક કહેવાતી લડાઈ કરી હતી. લડાઈ એ માણસની એક આદિમ વૃત્તિ છે. રસ્તા પર બે અજાણ્યા જણને લડતા જોઈનેય લોકો તરત ભેગા થઈ જશે ને બંને વચ્ચેની લડાઈ પૂરી નહિ થાય ત્યાં સુધી ત્યાં ટકી રહેશે. અને એ લડાઈ બંધ થશે ત્યારે કેટલાક તો 'હત્ તેરેકી આ તો જલદી બંધ થઈ ગઈ', એવા નિશ્વાસના ભાવ સાથે એ જગ્યા છોડશે.

તમે એ જોજો, યુદ્ધ એ શાંતિ જેટલું કંટાળાજનક ક્યારેય નથી હોતું. બે દેશો લડતા હોય ત્યારે અખબારોમાં છપાતા તેના અહેવાલો લોકો કેટલા રસથી વાંચતા હોય છે! યુદ્ધ ને મારફાડની ફિલ્મો જોવાનો કેવો અનેરો આનંદ આવતો હોય છે! - એમ જ કંઈ યુદ્ધની કથાને રમ્ય કહેવાઈ હશે! સામાન્ય જનોની વાત ક્યાં કરીએ, જેની પાસે કશાની ખોટ નથી એવા દેવો પણ પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે અનેક યુદ્ધો લડ્યા છે. આપણા જ નહિ, પશ્ચિમના દેવો પણ લડતા એની વાતો આપણને 'ક્લાસિક્સ' વાંચવાથી મળી રહે છે. ઈશ્વરે પણ સબળ યોદ્ધાઓને મદદ કરવાનું વલણ રાખ્યું છે, એનો પુરાવો પણ આપણને ઈરાક-અમેરિકા કે ભારત-પાકિસ્તાનના યુદ્ધમાંથી પ્રાપ્ત થઈ જશે.

માત્ર કહેવાતા બુદ્ધિજીવીઓએ સરેરાશ માણસોથી પોતાને અલગ તારવવા પૂરતા યુદ્ધોની વિરુદ્ધ બખાળા કાઢ્યા છે. આવા બુદ્ધિજીવીઓની ઠેકડી ઉડાડતાં એચ. જી. વેલ્સે કહ્યું છે કે : 'ના, હું યુદ્ધમાંથી ભાગી શકું નહિ, આખું જગત અનેક ટુકડાઓમાં વહેંચાઈ રહ્યું છે ત્યારે બીજું તો હું શું કરી શકવાનો હતો! - પણ હું વિચારું છું...વિચારું છું...'

પણ યુદ્ધો ને યુદ્ધ કરનારાઓ હંમેશાં લોકપ્રિય રહ્યા છે. ઈરાક સામે અમેરિકાએ યુદ્ધમાં ઊતરવું કે નહિ એનો એક 'સર્વે' કરવામાં આવ્યો હતો જેમાં નેવું ટકા લોકોએ યુદ્ધની તરફેણ કરી હતી. ઈરાકમાં આવો 'સર્વે' કરવામાં આવ્યો હોત તો કદાચ દસમાંથી અગિયાર જણાએ યુદ્ધની તરફદારી કરી હોત. લોકપ્રિય નેતા જિમી મેડિસન યુદ્ધની વિરુદ્ધ જ્યાં જ્યાં બોલવા ગયો ત્યાં ત્યાં લોકોએ તેનો હુરિયો બોલાવીને નસાડી મૂક્યો હતો. પછી તેને લાગ્યું કે, પ્રજાને યુદ્ધની વાતો જ ખપે છે એટલે તેણે પાટલી બદલીને યુદ્ધની વાહ વાહ કરી તેની તરફેણમાં બોલવા માંડ્યુ ને લોકોએ તેને ઊંચકી લીધો. એ રીતે કોમેડી કિંગ ચાર્લી ચેપ્લિને યુદ્ધની વિરુદ્ધ બોલવાનું શરૂ કર્યું એટલે અમેરિકન પ્રજા તેની વિરુદ્ધ થઈ ગઈ હતી. જ્યોર્જ બર્નાર્ડ શોએ પણ યુદ્ધની વિરુદ્ધ બોલીને પોતાની લોકપ્રિયતાને સારી એવી જફા પહોંચાડી હતી.

(અનુસંધાન પૃ. ૪૮૫ ઉપર)

ત ફા વ ત

ચિનુ મોદી

દૃશ્ય ૧

સ્થળ : દીવાનખંડ.

(પ્રિયકાન્ત સોફા પર બેઠો બેઠો સૂઈ ગયેલો છે. રામુ દવા અને પાણી ટ્રેમાં લઈ આવે છે. ટ્રે ટ્રિપૉય પર મૂકીને)

રામુ : અરે, તમે તો ઊંઘી ગયા ! એમને જગાડીને ઊંઘની ગોળી આપું કે ના આપું ? અડધી રાતે જાગે અને ઊંઘ ના આવે તો કાળો કકળાટ કરી મૂકશે પાછા - (પાસે જઈ) સાહેબ! ઓ સાહેબ ! (પ્રિયકાન્ત યથાવત્)

ખરા ઘસઘસાટ ઊંઘે છે ! અગિયાર વાગ્યામાં ઊંઘ ? અને એય સાહેબને ? આ તો સપરમી રાત કહેવાય. ભલે ઊંઘે.

(ટ્રે ઉઠાવી અંદર તરફ જતો હોય અને બેલ વાગે)

નક્કી બાઈસાહેબ ! પણ, એમની પાસે તો ડુપ્લિકેટ ચાવી છે. તો કોણ હશે ?

(ટ્રે મૂકી, દરવાજા તરફ ધસે છે. બારણું ખોલે છે. સંધ્યા સડસડાટ પ્રવેશે છે - પ્રવેશીને પ્રિયકાન્ત તરફ જોઈને)

સંધ્યા : તારા સાહેબને તેં કેટલી સ્લિપિંગ ટેબ્સ આપી છે, રામુ ? બે આપી છે ?

રામુ : આજ તો એક પણ આપી નથી ને ઊંઘી ગયા છે.

સંધ્યા : હેં ? (સોફા પાસે જાય - પ્રિયકાન્તને ઢંઢોળે - પ્રિયકાન્તનું શરીર ઢળી પડે) રામુ, દોડ - ડૉક્ટરને બોલાવ - ઝટ ફોન કર - હી ઇઝ ડેડ...

(પોતાના ખભા પર પ્રિયકાન્તનું શરીર લઈ રડી પડે...રામુ દોડે...ફોનની રિંગ...રામુ રિસીવર ઉઠાવે છે)

અવાજ : તારા શેઠનું ખૂન થયું છે, રામુ. પોલીસ આવવામાં જ છે. મેં ખબર આપી છે. તારાં બાઈસાહેબને એની જાણ ન થવી જોઈએ, સમજ્યો ? જો તારાં બાઈસાહેબને વાત કરી તો તું પણ તારા શેઠની જેમ કમોતે મરીશ, સમજ્યો ?

રામુ : જી...જી... પણ... પણ આપ કોણ છો ?

(ફોન કટ થઈ જવાનો અવાજ)

હલો, હલો, કોણ છો તમે ? કોણ છો ? (રિસીવર ક્રેડલ પર મૂકે છે.)

સંધ્યા : કોનો ફોન હતો ?

રામુ : (ગભરાઈને) ખબર નથી, રોંગ નંબર લાગતો હતો.

સંધ્યા : તું ડૉક્ટરને ફોન કર અને...

રામુ : જી... પણ સાહેબ, સાહેબ... (ગદ્ગદ થઈ જાય છે. બેલ વાગે છે. રામુ દોડી બારણું ખોલે છે. ઇન્સ્પેક્ટર પ્રવેશીને)

ઇન્સ્પેક્ટર : પ્રિયકાન્ત ભટ્ટનું આ મકાન છે ને ?

રામુ : જી.

સંધ્યા : કોણ ? પોલીસ ? (ઇન્સ્પેક્ટર ? માર્યા ઠાર ! પોસ્ટમોર્ટમ કરશે ને કેટલાં લફરાં!)

ઇન્સ્પેક્ટર : (પાસે જઈને) જી, હું પોલીસ ઇન્સ્પેક્ટર છું. મને દસ મિનિટ પહેલાં ફોન મળ્યો - અહીં કોઈનું ખૂન થયું છે ?

સંધ્યા : ખૂ...ન ? જી, ના ...

ઇન્સ્પેક્ટર : (પ્રિયકાન્તને બતાવી) આ...

સંધ્યા : એ મારા પતિ છે.

ઇન્સ્પેક્ટર : ઘસઘસાટ ઊંઘતા લાગે છે...

સંધ્યા : હેં ? જી, જી...

ઇન્સ્પેક્ટર : (પ્રિયકાન્તના શરીરને પકડી છોડી દેતાં) આ ઊંઘે છે ? યુ લાયર ! આ માણસનું ખૂન થયું છે.

સંધ્યા : એમને તો હાર્ટએટેક....

ઇન્સ્પેક્ટર : હાર્ટએટેક? આઈ નો. એ તો પોસ્ટમોર્ટમ રિપોર્ટથી સમજાશે જ. યુ આર અન્ડર એરેસ્ટ, મિસિસ ભટ્ટ...

રામુ : પણ...પણ... બહેનને તમે ક્યાં લઈ જાવ છો ?

ઇન્સ્પેક્ટર : ચૂપ રહે, નહીંતર તને ય જેલ ભેગો કરીશ. ચાલો મિસિસ ભટ્ટ.

સંધ્યા : ઇન્સ્પેક્ટર, હું સાવ નિર્દોષ છું.

ઇન્સ્પેક્ટર : તમે ? (હસે છે) નિર્દોષ ?હં... ચૂપચાપ ચાલો છો કે, -

સંધ્યા : તમે સમજતા કેમ નથી, કોઈ પત્ની એના પતિનું ખૂન કરે ? પોતાનું હેવાતન ભૂંસે ?

ઇન્સ્પેક્ટર : મારે કાંઈ સાંભળવું નથી. ચાલો...

સંધ્યા : ઇન્સ્પેક્ટર, મારો પતિ મૃત્યુ પામ્યો છે. હું આ ક્ષણે ક્યાંય ના જઈ શકું. તમે સમજતા કેમ નથી ? આઈ એમ સપોઝ્ડ ટુ બી હિઅર.

ઇન્સ્પેક્ટર : યુ આર સપોઝ્ડ ટુ બી ઇન ધ જેઈલ. યુ કિલર - ખૂન કર્યા પછી પતિની મૃત્યુક્રિયામાં હિસ્સો લેવો છે ? (શરમ નથી આવતી ?) કમ એલૉંગ.

સંધ્યા : ઓ. કે. (રામુને) સાહેબ માનતા નથી, ને હું જાઉં છું, પણ તું દવેને ફોન કરી દેજે, એને કહેજે કે તરત પોલીસચોકીએ પહોંચે. (ઇન્સ્પેક્ટરને) તમે ય પુરુષોની જેવા જ જડ છો. (થોડું ચાલે છે, અટકે છે દોડતી સોફા પર પડેલા પ્રિયકાન્તને

વળગી પડે છે.) અરેરે, મને આમ મૂકીને જવાનું ? (રડી પડે છે.)

ઇન્સ્પેક્ટર : (સંધ્યાને ખભે હાથ મૂકીને) મિસિસ ભટ્ટ, નાટકની પણ હદ હોય. હત્યારાં હોઈએ ત્યારે રડાય નહીં. (કડક અવાજે) ઊભાં થાઓ અને ચાલો.

(સંધ્યા ઊભી થાય છે ને જતાં જતાં રામુને)

સંધ્યા : તું દવેસાહેબને ફોન કરજે, ભૂલી ન જતો.

રામુ : (ઇન્સ્પેક્ટરને) સાહેબ, કૈંક દયા કરો. દવેસાહેબને તો આવી જવા દો.

ઇન્સ્પેક્ટર : કોણ દવે ?

સંધ્યા : મારા વકીલ છે.

ઇન્સ્પેક્ટર : (રામુને) એમને કહેજે કે પોલીસચોકીએ સીધા આવે. મિસિસ ભટ્ટ, દરવાજો પેલી તરફ છે - ચાલો (ઇન્સ્પેક્ટર અને સંધ્યા જાય. બારણું બંધ કરી રામુ ફોન પાસે જાય.)

રામુ : દવેસાહેબને ફોન કરું... (રિસીવર ઉપાડી ફોન ડાયલ કરવા જાય અને ઓરડાની લાઈટ્સ અચાનક બંધ થઈ જાય - અંધારામાં) કોણ છે? કોણ છે? કોણે લાઈટ બંધ કરી? પો...લી...સ..., પો...લી...સ.

અવાજ : ચૂપ મર, હરામજાદા. બૂમ પાડીશ તો વીંધી નાખીશ. પૂંઠ ફેરવીને દીવાલ સામે ઊભો રહે ! એમ જ ઊભો રહે. લાઈટ્સ થોડી વારે થાય ત્યારે બૂમાબૂમ કરજે, સમજ્યો ?

(અંધારામાં રામુને કોઈક દીવાલ સુધી હડસેલે છે. થોડી વાર પછી લાઈટ્સ થાય ત્યારે)

રામુ : (દીવાલ સરસો ઊભો રહી) હવે જોઉં ? જોઉં કે નહીં ? કેમ કોઈ જવાબ આપતા નથી ? (સ્હેજ વારે દીવાલ તરફથી મોં ફેરવે છે અને સોફા સામે જુએ છે તો પ્રિયકાન્તનું શરીર ત્યાં નથી. બૂમ પાડીને) અરે, મારા સાહેબને કોણ ઉઠાવી ગયું અંધારામાં ? (બેસી પડીને) હે રામ, હવે ?

દૃશ્ય ૨

(પ્રિયકાન્તનું ભેદી રીતે મૃત્યુ થાય છે. એની પત્નીની પોલીસ ધરપકડ કરે છે અને અચાનક અંધારું થયા પછી પ્રિયકાન્તનું શબ કોઈ ઉપાડી જાય છે.)

સમય : રાતના સાડાબાર

(દવે રામુને આશ્વાસન આપે છે.)

દવે : રડ નહીં, જે થવાનું હતું તે થઈ ગયું અને માંડીને વાત કર.

રામુ : શું કહું વકીલસાહેબ ? રોજની જેમ હું સાહેબ માટે ઊંઘની ગોળી લઈને ગયો ત્યારે સાહેબ ઊંઘી ગયેલા હતા. એટલામાં બાઈસાહેબ આવ્યાં. એમને ય અચરજ થયું, એમને કોણ જાણે ખબર પડી ગઈ કે સાહેબ આમ ઊંઘે નહીં એટલે એ પાસે ગયાં ને નાક પાસે હાથ રાખ્યો તો શ્વાસ બંધ ! હાથ ઝાલી નાડી જોઈ તો બંધ ! અને એટલામાં તો પોલીસ આવ્યો તો બાઈસાહેબને લઈ ગયો. હજી એ જાય એટલામાં તો અંધારું થયું તે ફરી અજવાળું થાય એટલામાં તો સાહેબની લાશ ગુમ ! સાહેબ, મારા તો ભેજામાં ઊતરતું નથી.

દવે : એ તો બરોબર, પણ અંધારામાં આવ્યું કોણ ? અંધારું કર્યું કોણે ?

રામુ : એ જ. પેલો ફોન કરનારો.

દવે : કોનો ફોન હતો ?

રામુ : મેં ક્યાં એને જોયો છે ? પણ બાઈસાહેબે જેવું કહ્યું કે, 'સાહેબ ગુજરી ગયા છે, રામુ !' અને તરત ફોન આવ્યો - ભેદી.

દવે : હં...હં... ફોનમાં શું હતું ?

રામુ : મને કહે, તારાં બાઈસાહેબને કહીશ નહિ, પણ પોલીસ આવે છે અને તારા શેઠનું ખૂન થયું છે.

દવે : પછી ?

રામુ : અને મને ખૂનની ધમકી આપેલી એટલે હું કાંઈ ન બોલ્યો.

દવે : તેં પોલીસને ફોન કર્યો ?

રામુ : ના, મેં તમને જ ફોન કર્યો.

દવે : હું જ પોલીસને ફોન કરું છું. (દવે ડાયલ કરે) હલો, પોલીસ સ્ટેશન ? હું દવે બોલું છું. હા જી, ઇન્સ્પેક્ટર સાહેબને આપો. હલો, ઇન્સ્પેક્ટર ? મારો અસીલ સંધ્યા ભટ્ટ ત્યાં છે એને માટે હું જામીન લઈને આવું છું. શું ? સંધ્યા ભટ્ટ ત્યાં નથી ? વોટ ડુ યુ સે ? અરે પણ અહીંથી તો તમે લઈ ગયા હતા ! એરેસ્ટ કરીને, આજના દિવસમાં કોઈ ખૂન કેઈસ નોંધાયો જ નથી ? ઇન્સ્પેક્ટર, તમે હોશમાં છો ને ? તમને પ્રિયકાન્ત ભટ્ટના ઘરમાં નજરોનજર જોનાર સાક્ષી છે, સમજ્યા ? હું આવું છું. (રિસીવર મૂકી) રામુ, તારાં બાઈસાહેબને કોઈ ઇન્સ્પેક્ટર આવીને લઈ ગયું હતું ?

રામુ : હા, હા, ફોજદાર હતા, ખાખી ડ્રેસમાં રિવોલ્વર પણ લટકતી હતી ને !

દવે : ચાલ, તું મારી સાથે. તું ઇન્સ્પેક્ટરને જોઈશ તો ઓળખી જઈશ ને ?

રામુ : હા જી.

દવે : મને તો કાંઈ સમજાતું જ નથી. અહીંથી મિ. ભટ્ટ ગુમ અને ત્યાં મિસિસ ભટ્ટ ગુમ (અચાનક રામુની ફેંટ પકડીને)

તું જૂઠું તો નથી બોલતો ને હરામજાદા ? તેં ખરેખર જોયેલું કે પોલીસ ઇન્સ્પેક્ટર મિસિસ ભટ્ટને અહીંથી લઈ ગયા છે?

રામુ : તમે કહો એના સોગંદ ખાઉં.

દવે : ઓહ નો. ચાલો, પોલીસ સ્ટેશનમાં જઈ એ ઇન્સ્પેક્ટરને મને ઓળખી બતાવ. હવે હું છું ને પોલીસખાતું.
(દવે રામુનો હાથ ખેંચીને દરવાજા બહાર લઈ જાય છે.)

દૃશ્ય ૩

(સંધ્યા પોલીસચોકી પર નથી. દવે રામુને પોલીસચોકીએ લઈ જાય છે. રાતના ૪ વાગ્યા છે. એક રૂમમાં સંધ્યા બાંધેલી હાલતમાં છે. એની પાસે પોલીસ ઇન્સ્પેક્ટર છે. ઝોકું ખાતી સંધ્યાના મોં પર પાણી છાંટે છે.)

સંધ્યા : આ શું કરો છો, ઇન્સ્પેક્ટર ? મને ઊંઘ આવે છે.

ઇન્સ્પેક્ટર : તું તારા વરને ઘસઘસાટ ઊંઘ આપી ધરાઈ નથી તે તારે ઊંઘવું છે ?

સંધ્યા : મેં ખૂન નથી કર્યું - હું નિર્દોષ છું.

ઇન્સ્પેક્ટર : ચૂપચાપ કબૂલ કર કે તેં જ ખૂન કર્યું છે.

સંધ્યા : ના, મેં ખૂન નથી કર્યું. હું શું કામ ખૂન કરું ?

ઇન્સ્પેક્ટર : તું શું કામ ખૂન કરે ? મિસ્ટર ભટ્ટ તારાથી વીસ વર્ષ મોટા છે, ઘરડા છે -

સંધ્યા : પણ, અમે લવમેરેજ કર્યાં છે, ઇન્સ્પેક્ટર .

ઇન્સ્પેક્ટર : લવ કોઈની સાથે અને મેરેજ કોઈની સાથે - નરેન્દ્ર કોણ છે ?

સંધ્યા : નરેન્દ્ર ?

ઇન્સ્પેક્ટર : લગ્ન પહેલાંનો તારો પ્રેમી - નરેન્દ્ર ! એટલી વારમાં ભૂલી ગઈ એને ?

સંધ્યા : એને હું નરાધમ કહેતી હતી. ઇન્સ્પેક્ટર, એ મને મેળવવા મથતો હતો એ હા, પણ, મેં એને...

ઇન્સ્પેક્ટર : ડોન્ટ લાઈ - ડોન્ટ લાઈ...

સંધ્યા : હું સાચું જ કહું છું. મારી સાથે એ ઓફિસમાં કામ કરતો, પણ મેં એને ક્યારેય ચાહ્યો નથી, હું ક્યારેય એના હાથમાં આવી નથી.

ઇન્સ્પેક્ટર : તું જૂઠું બોલે છે - મારી પાસે પુરાવાઓ છે.

સંધ્યા : પુરાવા ? (હસે છે)

ઇન્સ્પેક્ટર : હસ નહીં, તું અને નરેન્દ્ર ૩૦ ડિસેમ્બરની રાત્રે ગયા વર્ષે હોટેલ ગુલમર્ગમાં સાથે રહ્યાં હતાં - મેં ચોપડે તમારાં બેયનાં નામ સગી આંખે વાંચ્યાં છે.

સંધ્યા : કોઈ પુરાવા આપો, ઇન્સ્પેક્ટર. કોઈ પણ પુરુષ હોટેલમાં ઊતરે ત્યારે સાથેની સ્ત્રીનું કોઈ પણ નામ લખાવી શકે.. તમે ચોપડે મારી સહી જોઈ છે ?

ઇન્સ્પેક્ટર : (ખચકાઈ) ન અ...ના પણ, (ગજવામાંથી કાઢી) આ ફોટાનું શું ? તમે બન્ને સાથે છો - લ્યો, જુઓ.

સંધ્યા : મારે ફોટો જોવાની જરૂર નથી.

ઇન્સ્પેક્ટર : કેમ ? પકડાઈ ગયાં એટલે ?

સંધ્યા : ના, મને તમારા ભોળપણ પર હસવું આવે છે. પોલીસમાં તમને કોણે ભરતી કર્યા ? નરેન્દ્રના ખભા પર મારો કે મારા ખભા પર નરેન્દ્રનો હાથ છે ખરો ? નહિ હોય જુઓ. બે સ્વતંત્ર ફોટાની નેગેટિવ્ઝ પરથી એક નવો ફોટો તૈયાર થઈ શકે, પણ એકબીજાના ખભે હાથ ન મુકાવી શકાય...

ઇન્સ્પેક્ટર : (ફોટા તરફ જોઈ રહી) યુ આર એબ્સોલ્યુટલી રાઈટ, મિસિસ ભટ્ટ.

સંધ્યા : હવે તો છોડો !

ઇન્સ્પેક્ટર : એ મારા હાથની વાત નથી. પણ, મિસિસ ભટ્ટ મને કહો કે નરેન્દ્ર સાથે તમારે કોઈ સંબંધ નહોતો ?

સંધ્યા : જી, ના.

ઇન્સ્પેક્ટર : તો એ.... (અટકીને) સોરી...

સંધ્યા : કેમ અટકી ગયા, ઇન્સ્પેક્ટર ?

સંધ્યા : જવા દો. પણ, એ કહો કે તમે પ્રિયકાન્ત સાથે શું કામ લગ્ન કર્યાં ? આટલો એઈજ ડિફરન્સ હોવા છતાં... ?

સંધ્યા : મારે વર તરીકે કોઈ ઠરેલ, ઠાવકો પુરુષ જોઈતો હતો. મારી ઉંમરના પુરુષો ખૂબ જ છીછરા લાગતા હતા...

ઇન્સ્પેક્ટર : હં...હં... ઇન્ટરેસ્ટિંગ.

સંધ્યા : મેં નાનપણમાં જ મા ગુમાવેલી. હું મારા પપ્પા પાસે જ ઊછરીને મોટી થયેલી એટલે મારા પપ્પાની પ્રતિકૃતિ હું મારા વરમાં શોધતી હતી - અને પ્રિયકાન્ત પાસે મારી શોધ પૂરી થઈ હતી.

ઇન્સ્પેક્ટર : રિઅલિ ?

સંધ્યા : જી.

ઇન્સ્પેક્ટર : ઉંમરનો તફાવત તમારી ઘણી રાતોને- સોરી, પણ બગાડતો હશે ને !

સંધ્યા : હું હવસખોર નથી. હું સ્ત્રી છું. મારે સહવાસ જોઈતો હતો, હૂંફ જોઈતી હતી અને ભટ્ટસાહેબ પાસેથી મને એ બધું જ મળતું હતું - આઈ વોઝ રિઅલી હેપી. એમનું મૃત્યુ મારા જીવનમાં બહુ જ મોટો ખાલીપો ભરી દેવાનો છે. (રડમસ થઈ જાય છે.)

ઈન્સ્પેક્ટર : આઈ એમ રિઅલિ સૉરી, મિસિસ ભટ્ટ, મેં તમને ઘણું બધું ના કહેવાનું કહ્યું છે. હું માફી માગું છું.

સંધ્યા : કોઈને ય ભ્રમ થાય, ઈન્સ્પેક્ટર.. પણ, ઉંમરનો તફાવત એ દાંપત્યજીવનમાં થોડા સમય પછી મહત્ત્વનો નથી રહેતો. સેક્સ એ જ જિંદગી નથી - સ્ત્રી માટે અને એમાંય પત્ની માટે તો નહીં જ. અમે એકબીજાંથી સુખી હતાં. નરેન્દ્રે નરાધમ થઈ અમને વિખૂટાં પાડ્યાં. એનું સત્યાનાશ જજો. (ફરી રડી પડે છે.)

ઈન્સ્પેક્ટર : રડો નહિ, સંધ્યાદેવી. હું મારા તમામ પ્રયત્ન કરીશ અને તમને છુટકારો અપાવીશ.. એ નરેન્દ્રના બચ્ચાને સીધો દોર કરીશ. (જવા માંડે છે)

સંધ્યા : મને છોડશો ક્યારે ? મારે આવે ટાણે મારા પતિ સાથે...

ઈન્સ્પેક્ટર : સમજું છું. પણ, મારાય હાથ બંધાયેલા છે.. એક પ્રૉમિસ - તમારે વધુમાં વધુ આ બંધનમાં અડધો કલાક જ રહેવું પડશે - વધારેમાં વધારે અડધો કલાક

દૃશ્ય ૪

સમય : સવારના ૫ કલાક

(એક રૂમમાં સંધ્યા બંધાયેલી હાલતમાં જણાય છે. થોડી વારે ઈન્સ્પેક્ટર આવે છે - પાસે જઈ બંધન ખોલી નાખતાં)

ઈન્સ્પેક્ટર : મને તમને છોડવાનો હુકમ મળી ગયો છે - આઈ એમ સો હૅપિ.

સંધ્યા : (બંધનમાંથી મુક્ત થઈ) છેવટે મારી વાત સમજી શક્યા એટલે આભાર. બિચ્ચારો રામુ એકલો શબ પાસે ફફડી ગયો હશે. મને મારે બંગલે પહોંચાડી શકશો, ઈન્સ્પેક્ટર ?

ઈન્સ્પેક્ટર : સ્યૉર. પણ, બાય ધ વે - હું પોલીસ ઈન્સપેક્ટર નથી.

સંધ્યા : તો ?

ઈન્સ્પેક્ટર : અમારા ધંધામાં જાતભાતના વેશ લેવા પડતા હોય છે, મિસિસ ભટ્ટ.

સંધ્યા : તમે શો ધંધો કરો છો ?

ઈન્સ્પેક્ટર : (કાર્ડ કાઢીને આપતાં) હું મનોજ ઠક્કર - પ્રાઈવેટ ડિટેક્ટિવ છું.

સંધ્યા : પ્રાઈવેટ ડિટેક્ટિવ ?તમને કોણે રોક્યા હતા ?

ઈન્સ્પેક્ટર : એ મારાથી કહેવાય નહિ.

સંધ્યા : પ્લીઝ, મને કહો.

(બારણું ખોલીને પ્રિયકાન્ત પ્રવેશીને)

પ્રિયકાન્ત : મેં રોકેલા, ડિઅર. આઈ એમ સૉરી -

સંધ્યા : એટલે તમે મૃત્યુ પામ્યા નથી ?

પ્રિયકાન્ત : એ તો તારે માટે આનંદની વાત છે ને, ડિઅર ? (નજીક જઈ ખભે હાથ મૂકવા પ્રયત્ન કરે છે)

સંધ્યા : આઘા ખસો, ભટ્ટસાહેબ - અને તમારા શંકાશીલ હાથને મારા ખભેથી છેટે રાખો. તમને મારા પર શંકા આવી ? મારા પર ?

પ્રિયકાન્ત : આઈ એમ સૉરી, ડિ...

સંધ્યા : ડિઅર ? હું ? મેં તમને મેઅૉર્ડ ધારેલા - ઠરેલા ને ઠાવકા જાણેલા.

પ્રિયકાન્ત : પણ, નરેન્દ્રએ તારી સાથેના ફોટા બતાવ્યા, તારી સાથે હોટેલમાં રહેલો, એ ચોપડામાં બતાવ્યું પછી.

સંધ્યા : નડ્યો, મિસ્ટર ડિટેક્ટિવ, ઉંમરનો તફાવત છેવટે નડ્યો ખરો - મને નહીં તો ભટ્ટસાહેબને.. બાય, ડિટેક્ટિવસાહેબ, બાય ભટ્ટસાહેબ...

પ્રિયકાન્ત : અરે, તું ક્યાં જાય છે ?

સંધ્યા : જ્યાં તમારો પડછાયો પણ ન પડે એવા સ્થાને. મારા પર શંકા લાવનાર સાથે હું ન જીવી શકું...(ચાલવા જ માંડે છે)

પ્રિયકાન્ત : (પાછળ દોડતા) સંધ્યા...સંધ્યા... આઈ લવ...

સંધ્યા : (એકદમ અટકીને) તમે ? મને ચાહો છો ? હે લઘુતાગ્રંથિથી પિડાતા પુરુષ, તું તને જ ચાહે છે, માત્ર તને... અને હવે.. મારો પીછો ન કરશો.. પીછો કરશો તો હું આપઘાત કરીશ.

(બારણું જોરથી વાસી ચાલી જાય છે)


(પ્રિયકાન્ત અને ઈન્સ્પેક્ટર અવાક્ થઈ ઊભા રહી જાય છે. પ્રિયકાન્ત અચાનક આ બનાવથી આઘાત પામે છે - એને હાર્ટએટેક આવે છે, ફસડાઈ પડે છે... અને દૃશ્ય પૂરું થાય છે.)

□

ડોડો

વર્ષો પૂર્વે માનવીએ જેને નામ:શેષ કરી તેની સાચી ઓળખ પણ ભૂંસી નાખી હતી તે, મૉરેશિયસનું રહસ્યમય પક્ષી

- ડૉ. સુશ્રુત પટેલ



એન્ડ્ર્યૂ કિચનરે પુનર્નિર્મિત કરેલી ડોડોની દેહાકૃતિ

અંગ્રેજી સાહિત્યનાં કેટલાંક અમર પંખીપાત્રો પૈકીનાં બે તે ફીનિક્સ અને ડોડો. ફીનિક્સ એ પુરાણકથાનું રાખમાંથી પાછું જીવંત થતું અદ્વિતીય પંખી, તો ડોડો સાચુકલું પણ હવે નામ:શેષ થએલું અને બેવકૂફી, જડતા તથા બાઘાઈને લગતી અનેક રમૂજોનું નિશાન બનેલું ઉપહાસજનક એક અજોડ પાત્ર. અક્કલના ઓથમીર, નરમઘેંશ- મિયાંની મીંદડી જેવા, લઘરવઘર, રેંજીપેંજી, આળસુના પીર જેવાં અપલક્ષણોનો પર્યાય એટલે 'ડોડો'. વિચાર-વર્તનમાં સાવ જ દકિયાનૂસી, ખોટી રૂઢિચુસ્તતાનો વળગાડ લઈને ફરતી વ્યક્તિ, સમય સાથે તાલ મેળવી ન શકનાર વ્યક્તિ કે પછી તદ્દન પચ્છમ-બુદ્ધિ ઇન્સાન માટે પણ આ શબ્દ પ્રયોજાય છે. કોઈ ચીજ એકાએક અદૃશ્ય થઈ જાય, હાલતી-ચાલતી વસ્તુનો ઉચ્છેદ થઈ જાય, ત્યારે 'ડેડ એઝ અ ડોડો' (Dead as a dodo) એવી અંગ્રેજીની પેલી પ્રખ્યાત કહેતી પાછળનો શહિદીને વરેલો મહાન નાયક તે આ ડોડો જ.

ફ્રેન્ચ અને જર્મન ભાષાઓમાં 'Dronte', તો ઈટાલિઅન, અંગ્રેજી અને આપણી ભાષાઓમાં 'Dodo' તરીકે મશહૂર આ વિશેષ નામનું મૂળ હૉલેન્ડવાસીઓની ભાષા - ડચ ભાષા-માં જોવા મળે છે. વલંદાઓની ભાષામાં મૂળ શબ્દ છે : 'Dodars'. આ શબ્દ પણ પાછો 'Dodoors' એટલે આળસુનો પીર - સ્લગર્ડ '(Sluggard), અને 'Dodoor' એટલે રૌંચો, ગમાર કે અણઘડ ખારવો- લબર (lubber) એવા બે પદોના સમાસથી બન્યો છે. આમ, ડચ ભાષામાં ડોડો એટલે એવી વ્યક્તિ કે જે એદી અને ગમાર હોય. આ તો થયો હૉલેન્ડવાસીઓ અથવા નેધરલેન્ડ્ઝવાસીઓની ભાષાનો શબ્દ. પણ કેટલાકના મતે આ શબ્દ યા સંજ્ઞાવાચક નામનાં મૂળ પોર્ટુગલવાસીઓની ભાષા - પોર્ટુગીઝ (યા પોર્ચુગીસ)-માં રહેલાં છે. જો કે એનાથી ઝાઝો ફેર પડતો નથી, કારણ કે પોર્ટુગીઝમાં 'Doudo' શબ્દનો અર્થ પણ અંગ્રેજી પર્યાય 'સિમ્પલ્ટન' (simpleton) જેવો જ થાય છે, જેનો અર્થ મૂર્ખો, ભોળો-ભાભો કમઅક્કલ કે સહેજમાં છેતરાય એવી વ્યક્તિ, એવો જ થાય છે. બિનજરૂરી ચર્વિતચર્વણ જતું કરીએ તો ચાહે ડચ હો યા પોર્ટુગીઝ હો, યા દુનિયાની કોઈ પણ ભાષા હો, 'ડોડો' વિશેષનામ એક જ કેફિયત રજૂ કરે છે : ભય સમયે ભાગી જવાને બદલે નિશ્ચલ થઈ, સામે જ આવી જાય, અને આથી સહેજે શિકારીનો ભોગ બની જાય એવો નિર્દોષ, ભલોભોળો જીવ. ડોડો એટલે અક્કલમૂઠું એક પંખી.

પણ ક્યારેક ચમત્કાર બને છે. પૃથ્વીપટેથી સાગમટે હંમેશ માટે અલોપ થયેલું દંતકથાસમું આ પંખી પેલા ફીનિક્સ પક્ષીની જેમ ખચિત્ રાખમાંથી પુનર્જીવન પામીને ધૂણવા માંડે છે, ત્યારે જગતભરના પક્ષીતત્ત્વવિદો પણ ડાકલી બજાવતા પેલા ભૂવાની જેમ તાનમાં આવી એની સાથે ધૂણવા મંડી જાય છે ખરા.

વીસ-વીસ વર્ષ સુધી ઊંઘતા રહેલા પેલા કુંભકર્ણ રિપ વાન વિંકલની અદાથી આશરે ત્રણેક સદીથી પણ લાંબું ઊંઘતા રહેલા આ ડોડો પંખીને ક્યારેક ક્યારેક કોઈ નરબંકો ઢંઢોળવાની હિકમત કરી બેસે છે. આવો એક કિસ્સો ઈ.સ. ૧૯૯૦માં યુનાઈટેડ કિંગ્ડમ ખાતે નોંધાયો. શબપેટીમાં સૂતેલા 'ડ્રેકુલા' નામના નરપિચાશને જેમ યોગ્ય વિધિ દ્વારા સજીવન કરવામાં આવે તેમ વિવિધ મ્યૂઝીઅમોમાંથી ડોડોનાં અસ્થિઓ, પંજા, ચાંચ અને એનું માથું વગેરેના બચેલાખુચેલા અવશેષો ભેગા કરીને એને પુનઃ જીવિત કર્યું છે. આ વૈજ્ઞાનિકે બીજી રીતે કહીએ તો ડોડોના સ્પેઅર-પાર્ટ્સ ગોઠવી-સાંધીને એનું એવું 'મોડલ' બનાવ્યું છે. ડોડોના મુડદાને આ રીતે ખડું કરનાર એના વફાદાર સેવકનું નામ છે : એન્ડ્ર્યૂ કિચનર (Andrew M. Kitchener). આ મહાશય એડિનબરોમાં આવેલાં પંખીઓ અને સસ્તનોના રૉયલ મ્યૂઝીઅમ ઓફ સ્કોટલેન્ડના ક્યૂરેટર છે.

ડોડોનું આ નવું 'મોડલ' કેવુંક છે? ડોડોના જૂના મોડલથી એ કેવી રીતે અલગ પડે છે? પણ રહો, ડોડો અંગે જરા વિગતે જોઈએ તે પહેલાં થોડી આનુષંગિક બાબતો અંગે પણ વાત કરી લઈએ.

ભૂસ્તરશાસ્ત્રીઓ આજથી દસ હજાર વર્ષ અને એ પહેલાંના લગભગ ૨૦ થી ૩૦ લાખ વર્ષના ગાળાને અત્યંતનૂતન યુગ (Pleistocene Apoch) તરીકે ઓળખાવે છે. આ ગાળા દરમિયાન એટલે કે અંદાજે ૨,૫૦,૦૦૦ વર્ષ પહેલાં પૃથ્વી ઉપર પક્ષીઓની આશરે ૧૧,૫૦૦ જેટલી જાતિઓ હોવી જોઈએ એવું એ કાળનાં જીવાશ્મોના અભ્યાસ પરથી કહી શકાય. પરન્તુ આજે તો એ સંખ્યા ઘટીને ૮,૬૦૦ થી ૯,૦૦૦ જેટલી થઈ ગઈ છે. (અલબત્ત, ક્યારેક પંખીઓની નવી નવી જાતો શોધાતી રહે છે.) પક્ષીઓની કેટલીક જાતિઓની સંખ્યામાં વધારો થતો જોવા મળે છે, તો કેટલીકની સંખ્યા ક્યાં તો જળવાઈ રહે છે, યા તો ઝડપથી ઘટતી જાય છે.

જીવવિજ્ઞાનમાં કોઈ જાતિ સંપૂર્ણપણે નાબૂદ થઈ જાય ત્યારે એ નિર્વંશ (extinct) થઈ ગયેલી કહેવાય. ક્યારેક પ્રાણી (એટલે સામાન્યત: માનવ સિવાયનાં સજીવો, જેમાં પશુ, જંતુ, કીટકો વગેરે આવી જાય) કે વનસ્પતિની અમુક જાતિની સંખ્યા ઘટતાં એનું અસ્તિત્વ જોખમમાં આવી પડે ત્યારે એને મૃતપ્રાય યા સમૂલ વિનાશ અવસ્થાએ પહોંચેલી જાતિ (endangered species) કહેવાય છે.

ક્યારેક કોઈ કુદરતી હોનારતને કારણે જાતિઓનો સામૂહિક નાશ થાય છે, ક્યારેક અમુક જાતિઓ એમને માટે જરૂરી એવા કુદરતી નિવાસસ્થાન (habitat) યા ચરિયાણનો નાશ થતાં લુપ્ત થઈ જાય છે, તો વળી કેટલાક કિસ્સાઓમાં કુદરતી પર્યાવરણ આસપાસની પરિસ્થિતિ એટલી ઝડપથી બદલાઈ જાય છે કે કેટલીક જાતિઓ એને અનુરૂપ પોતાનાં અંગો કે દેહધાર્મિક પરિવર્તનો અર્થાત્ અનુકૂલન સાધી શકતાં ન હોવાથી કાળે કરી વિલુપ્ત થઈ જતી હોય છે.

પણ આ બધા કુદરતી ફેરફારો છે. એ ધીમા છે પણ સતત છે. અને આવા ફેરફારોની પ્રક્રિયા વગર જીવોની ઉત્ક્રાન્તિ શક્ય જ નથી. આમ, સજીવ ઉત્ક્રાન્તિ માટે કેટલીક જાતોનો ભોગ લેવાયા કરે છે. ક્યારેક માનવી વિલુપ્તીકરણની પ્રક્રિયાનો વેગ જાણે-અજાણે વધારી મૂકે છે. પણ કુદરતને રંજાડી, રિબાવી કે આડેધડ ઘોંચપરોણા કરી કરીને કુદરતની યોજના તેમ જ કાર્યવાહી જોડે ચેડાં કરી માનવી ક્યારેક કુદરતનું સંતુલન (ઇકોલૉજિ) બગાડી બેસે છે ત્યારે પણ કેટલીક જાતિઓ નામ:શેષ થઈ જાય છે. આનું ઉદાહરણ આજથી દસેક હજાર વર્ષ પૂર્વે બનેલી ઘટના છે. એ યુગમાં ઘણાં બધાં કદાવર સસ્તનોની જાતિઓનું વિલોપન થઈ ગયું હતું, જેને તત્કાલીન યુગના નામ પરથી 'પ્લીસ્ટોસીન-ઓવરકીલ' કહેવાય છે. એ કાળના પ્રાગૈતિહાસિક માનવોએ ખોરાક માટે એ પ્રાણીઓનો બહુ મોટા પાયે સંહાર કરી નાખ્યો હોવાનું મનાય છે. પણ આ તો સસ્તનોની વાત થઈ. પક્ષીઓની વાત કરીએ તો ૧૭મી સદીના અંત ભાગે મૉરેશિયસનું ઊડી નહીં શકતું મોટા કદનું ડોડો નામનું પંખી કાયમ માટે વિલુપ્ત થઈ ગયું. કોઈ પણ પક્ષીનું સમૂળગું નિકંદન નીકળી ગયાનો માનવ ચોપડે નોંધાયેલો આ પહેલો જ કિસ્સો હતો. એમ કહી શકાય કે ડોડો વિલુપ્ત પામેલી પંખીજમાતનું પ્રતીક બની ગયું. ત્યારથી માંડીને આ જ સુધીમાં પક્ષીઓની ૧૩૦ થી પણ વધુ જાતિ (species) અને પ્રજાતિઓ (races) પૃથ્વી પરથી અલોપ થઈ ગઈ - 'as dead as a Dodo !'

ડોડોના સંદર્ભમાં આપણે મૉરેશિયસનો ઉલ્લેખ કર્યો. આ એક ટાપુ છે અને આપણે જાણીએ છીએ કે ટાપુઓને એમની ઉત્પત્તિ અનુસાર ખંડીય દ્વીપ (continental island) અને સામુદ્રિક દ્વીપ (oceanic island) એવા બે પ્રકારમાં વહેંચવામાં આવે છે. જે ટાપુ એક સમયે કોઈ પણ ખંડનો ભાગ જ હોય, પરંતુ કાલક્રમે ખંડ અને ટાપુ વચ્ચેની જમીન સમુદ્રમાં ડૂબી જવાથી ખંડ સાથેનું જોડાણ હવે રહ્યું ન હોય તેવા ટાપુને ખંડીય દ્વીપ કહેવાય છે. જ્યારે સામુદ્રિક દ્વીપોની વાત આથી ઊલટી છે. એ ક્યારેય મુખ્ય ભૂમિક-ખંડ સાથે જોડાયેલાં હોતાં નથી. આ દ્વીપો જ્વાલામુખી દ્વારા કે પછી પ્રવાલ (કોરલ) પ્રાણીઓ દ્વારા બનેલા હોય છે, અને એટલે તેમની બનાવટ પ્રમાણે એ જ્વાલામુખીય દ્વીપો (volcanic islands) અને પ્રવાલ દ્વીપો (coral islands) તરીકે ઓળખાય છે. આવા સામુદ્રિક (મહાસાગરી) દ્વીપો મુખ્ય ભૂમિખંડથી સેંકડો માઈલ દૂર હોય છે.

આમ તો પૃથ્વીનો ભાગ્યે જ કોઈ એવો પ્રદેશ હશે કે જ્યાં પંખીની કોઈ ને કોઈ જાતિ લોપ પામી ન હોય. પણ સામુદ્રિક દ્વીપોની વાત જુદી છે. અહીં, વિલુપ્તીકરણ (અને એય તે પાછું માનવકૃત) એની ચરમ સીમાએ પહોંચેલું જોવા મળે છે. એક અહેવાલ અનુસાર, છેલ્લાં ૪૦૦ વર્ષમાં પંખીઓની જે ૨૧૭ જેટલી જાતિ-પ્રજાતિઓ નાશ પામી એ પૈકી ૨૦૦ તો દ્વીપનિવાસી જ હતી !

આવા ટાપુઓની યાદીમાં મસ્કરની દ્વીપો (Mascarene Islands)નો ક્રમાંક કદાચ પહેલો આવે. માનવી કિરતારની સૃષ્ટિને મારીફાડી, ટીપીટૂંપી પોતાના જ સ્વાર્થના અભરખામાં પડીને કેવાં કેવાં પૈશાચિક કૃત્યો કરી શકે છે, એના જો કોઈ ધરખમ તેટલા જ કારમા પુરાવા જોઈતા હોય તો આ ટાપુઓ ઉપરની પંખીસૃષ્ટિની વાત કરવી જોઈએ. ડોડોની શહાદત અહીંની જ નીપજ છે. થોડે ભૂતકાળમાં જઈએ તો એક કાળે આ દ્વીપો પર પંખીઓની જમીનવાસી તથા મીઠા પાણીની થઈને ૪૦થી પણ અધિક જાતિઓ વસતી હતી. પણ માનવીના આગમન પછી ૨૫ જેટલી જાતિઓનું સમૂળગું નિકંદન નીકળી ગયું, તો આજે આ હાલત એવી છે કે અંદાજે ૧૩ જેટલી પંખી-જાતિઓ ક્યાં તો દુર્લભ બની છે, યા તો પછી ઉચ્છેદ થવાને આરે આવીને ઊભી છે. મૉરેશિયસમાં જ માત્ર જોવા મળતું 'મૉરેશિયસ કેસ્ટ્રેલ' (Mauritius Kestrel) આવું જ એક દુર્લભ પંખી છે. નાના બાજની જમાતના આ પંખીની કુલ સંખ્યા સમગ્ર ટાપુ પર માત્ર નવ જેટલી જ છે! જો કે એમાંનાં પાછાં બે તો બન્દી અવસ્થામાં હોઈ, એમની વંશવૃદ્ધિ થશે એવું માનવામાં આવે છે. તેમ છતાંય, અત્યારે તો દુનિયાનાં સૌથી દુર્લભ પંખીઓમાંના એક તરીકે એની ગણના થાય છે.

પણ આ ટાપુઓ આવ્યા ક્યાં ?


નકશામાં જોશો તો આફ્રિકાખંડમાં આવેલા દક્ષિણ આફ્રિકાની સહેજ ઉત્તરે, પૂર્વમાં હિંદી મહાસાગરમાં માડાગાસ્કર (માલાગાસી) નામનો ઘણો મોટો ટાપુ આવેલો છે. આ માડાગાસ્કરની પૂર્વે મકરવૃત્તથી સહેજ ઉત્તરે, મૉરેશિયસ નામનો ટચૂકડો ટાપુ આવેલો છે. એની અને માડાગાસ્કર વચ્ચે ૮૦૦ કિ.મી. (૫૦૦ માઈલ)નો ફાસલો છે. આ મૉરેશિયસ ટાપુની નૈઋત્યે ૧૬૦ કિ.મી. (૧૦૦ માઈલ) જેટલા અંતરે રીયૂન્યન (Reunion) અને ઈશાને ૪૮૦ કિમી (૩૦૦ માઈલ) જેટલા અંતરે રોડ્રિગોઝ (Rodriguez) નામના બે ટાપુઓ આવેલા છે. આ ત્રણ ટાપુઓના પુંજને સમૂહમાં મસ્કરની કે મેસ્કેરિન ટાપુ કહેવાય છે. આ ત્રણે ટાપુઓ જેમ એકમેકથી દૂર છે, તેમ મુખ્ય ખંડથી પણ એ દૂર છે. આ ટાપુઓ જ્વાળામુખીય પ્રકારના છે, અને એટલે ભૂસ્તરશાસ્ત્રીય દૃષ્ટિએ કાંઈ બહુ પુરાણા ન કહેવાય. અહીં જોવા મળતી વનસ્પતિ તથા પ્રાણીસૃષ્ટિ મૂળે ક્યાં તો સમુદ્ર માર્ગે, પવન દ્વારા કે માનવી મારફત અહીં આવી હોવી જોઈએ. આમ માનવાને કારણ એ છે કે



આ અને પછીના બે પાનાં પર રંગોળીની વિવિધ ભાત આપી છે. ઉપરની બધી ભાત બંગાળી અલ્પનાની છે.


(શ્રી વાસુદેવ સ્માર્તના 'રૂપસંહિતા'માંથી એમના સૌજન્યથી)

'કુમાર' અંક ૭૬૫ (ઑક્ટોબર ૧૯૯૧)ની પૂર્તિ





કાગળમાં કોરેલાં બીબાંને આધારે વૈષ્ણવ મંદિરોમાં પુરાતી 'સાંઝી'ની કેટલીક ભાત.

'કુમાર' અંક ૭૬૫ (ઑક્ટોબર-૧૯૯૧)ની પૂર્તિ



ઘરના લીંપણ ઉપર ખડી, ગળી, ગેરુ વગેરેથી આલેખાતી રાજસ્થાનનાં 'માંડણાં'ની કેટલીક ભાત.
'કુમાર' અંક ૭૬૫ (ઑક્ટોબર-૧૯૯૧)ની પૂર્તિ







ડાબી બાજુ : નૃત્યરત ગણપતિ
ઉપર : પાંડવોના રથ તરીકે ઓળખાતાં મહાબલિપુરમનાં શૈલ મંદિરો

ચિત્રકલાની સાધનાના પ્રારંભથી જ સ્કેચિંગનું મહત્ત્વ સ્વીકારાયું છે. એ માત્ર ત્વરિત ચિત્રનોંધ જ નથી, આંખની અવલોકન શક્તિ, દૃષ્ટિની કલાસૂઝ, હાથનો મહાવરો અને મનની એકાગ્રતા વિકસાવનાર ઉત્તમ માધ્યમ બની રહે છે. કોઇ પણ ક્ષેત્રમાં તે ઉપયોગી હોઇ એક વ્યાસંગ તરીકે પણ તેનો સ્વીકાર્ય આવકાર્ય છે. અહીં ત્રણ પાનાં પર કલાકાર જયંત પરમારે દક્ષિણ ભારતના પ્રવાસમાં કરેલા કેટલાક સ્કેચ આપ્યા છે. ભાઈ જયંત મુસલમાન હોઈ ઉર્દૂ સાહિત્યના પણ અભ્યાસી છે. ઉર્દૂ કવિતાના ગુજરાતી કાવ્યાનુવાદો આપવા ઉપરાંત ગુજરાતીમાં યે અવારનવાર મૌલિક કાવ્યો રચે છે, અને સાહિત્યક લેખો પણ લખે છે. પ્રવાસના યે એ શોખીન છે.

સામેના પૃષ્ઠ ઉપર મથાળે મહાબલપુરમના સાગરકાંઠા પરનું પ્રાચીન મંદિર તથા નીચે ત્યાંના જ બીજા અંક મંદિરમાંનું શિલ્પ 'મહિષાસુરમર્દિની'






'કુમાર' અંક ૭૬૫ (ઑક્ટોબર-૧૯૯૧)ની પૂર્તિ



મથાળે : દક્ષિણ ભારતના વિખ્યાત મીનાક્ષી મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર તથા જમણી બાજુ મ્હૈસૂરની ચામુંડા ટેકરી પરનો ભીમકાય નંદી.






આ બે પૃષ્ઠ પરના સ્કેચ ભાઈ જગદીશ ખત્રીએ કરેલા છે. પાત્રાલેખન ઉપરાંત તેમાં ચિત્રસંયોજનની સૂઝ પણ જોવા મળે છે.



'કુમાર' અંક ૭૬૫ (ઑક્ટોબર-૧૯૯૧)ની પૂર્તિ



એન્ડ્ર્યૂ કિચનરે ડોડોની નવી દેહાકૃતિ નિર્માણ કર્યા પૂર્વેના ડોડોના બે ખયાલી ચિત્રો

આવા ટાપુઓની આસપાસ માઈલો સુધી આવેલું પાણી એક અસરકારક અવરોધક યા ગળણાં (ફિલ્ટર) તરીકે વર્તે છે, જેને લીધે ઊડતાં પ્રાણીઓ સિવાય કે પછી સારી રીતે તરી શકતાં પ્રાણીઓ સિવાય, અન્ય પ્રકારનાં પ્રાણીઓ ત્યાં ભાગ્યે જ પહોંચી શકે છે. તેવી જ રીતે, સમુદ્રની ખારાશ પચાવી શકતી વનસ્પતિ કે પછી અપુષ્પ વનસ્પતિના ઊડીને લાંબે અંતરે જનારા હવાઈજન્ય બીજ (airborne spores), બિયારણ કે ફળો જ માત્ર આવા દ્વીપ પર પહોંચી શકે છે. આને કારણે આવા દ્વીપો પર ઉભયજીવીઓ, મીઠા પાણીની માછલીઓ અને મોટાં સસ્તનો યા માંસાહારી પ્રાણીઓ ભાગ્યે જ જોવા મળે છે. આમ, મુખ્યખંડ અને આવા દ્વીપો વચ્ચે અફાટ જળવિસ્તારને કારણે આવા દ્વીપો પરની સજીવસૃષ્ટિ ઘણી બધી રીતે અલગ પડી જાય છે. આ ઉપરાંત એક બીજી પણ મહત્ત્વની ઘટના બને છે. અહીં આવીને વસેલાં પ્રાણીઓ નવા પર્યાવરણને અનુરૂપ અનુકૂલન સાધીને સ્વતંત્ર રીતે ઉત્ક્રાંતિ પામે છે, પરિણામે નવી જ જાતિઓનું સર્જન થતું જોવા મળે છે.

આવા ટાપુ પર એક કાળે ઊડીને આવેલાં કીટકો, પંખીઓ વગેરે જેવાં પાંખાળાં પૂર્વજોની નવી પેઢીઓ કાળાંતરે જમીન પર રહેતી થઈ જાય છે અને શિકારી સસ્તનોના અભાવે સ્વબચાવ અર્થે તેમ જ ભૂમિ પર જ જોઈએ તેટલો ખોરાક મળી જવાની સગવડથી કેટલાંક પંખીઓમાં ઊડવાની ક્રિયા ઘણી ઓછી થઈ જાય છે, યા પછી તેઓ ઉડ્ડયનશક્તિ સદંતર ગુમાવી બેસે છે. જેમ એક કાળનાં ખેચર કાળે કરી અનુકૂલન સાધી ભૂચર બની જાય છે, તેવી જ રીતે આ પ્રાણીઓમાં બીજાં પણ શારીરિક ફેરફારો જોવા મળે. દા.ત., ક્યાં તો પ્રાણીઓ કદમાં રાક્ષસી (જાયન્ટ) બને યા નાનાં, વામન (પિગ્મી) બને કે પછી એમનાં રૂપરંગ પણ બદલાતાં જોવા મળે. આમ, દરેકે દરેક ટાપુ ઉપરની પ્રાણીસૃષ્ટિની પોતપોતાની વિશિષ્ટતાઓ હોય છે એને એવી જ સજીવસૃષ્ટિ પૃથ્વી પર બીજે ક્યાંય જોવા મળતી નથી. દા.ત., આપણા આંદામાન-નિકોબાર ટાપુઓની વાત કરીએ તો આ બધા ટાપુઓ જ્વાળામુખીય યા પ્રવાલદ્વીપો છે. અહીંના 'બેરન આઈલેન્ડ' નામના એક ઉજ્જડ ટાપુ પર જંગલી બકરાની એક જાતિ જોવા મળે છે. જરૂરી મીઠા પાણીના અભાવે આ પ્રાણી સમુદ્રનું ખારું પાણી જ પીતાં થઈ ગયાં છે ! જો કે આ દુર્લભ જંગલી બકરાંની જાત હવે બચી હશે કે કેમ તે સવાલ છે, કારણ કે એપ્રિલ ૧૯૯૧માં બેરન દ્વીપ પર જ્વાળામુખી ફાટ્યો છે.

આના અનુસંધાને ડોડોને પ્રમાણીએ. આ પંખીના પૂર્વજો ઊડીને મૉરેશિયસ ટાપુ પર આવ્યા પછી અહીં અન્ય હરીફ પ્રાણીઓની ગેરહાજરીને કારણે એમનો વિકાસ અમુક દિશામાં થતો ગયો અને સ્વભાવે નિર્ભય બનવા સાથે જમીન પરથી જ વિપુલ ખોરાક મળી જતો હોવાને કારણે અકરાંતિયાંની જેમ ખા-ખા કરવાથી શરીરે પણ લથર-બથર થતાં ગયાં અને આમ બોજાળવા દેહને કારણે તથા પાંખોનો ઉપયોગ ન કરવાને લીધે આખરે ઊડવાની ક્ષમતા ગુમાવી બેઠાં.

અહીં એક વાત સ્પષ્ટ કરવી જોઈએ. ચિત્રોમાં ડોડોના વિચિત્ર, બેડોળ, કઢંગા, હાસ્યજનક દેહને જોઈને અને એના પર ઝૂલતું, અનાવશ્યક લટકી રહેલી અવશિષ્ઠ અંગ (vestigeal organ) જેવી અવિકસિત અને અક્રિયાશીલ પાંખો જોઈને તથા એ નિર્વંશ થયાં છે એવું વિચારીને કોઈ એમ માની લે કે ડોડો એ આધુનિક, ઊડી શકતાં પક્ષીઓના આદ્ય-પૂર્વજ (primitive ancestor) હશે, તો એ મોટી ભૂલ છે. ઊડી ન શકતાં અને ઊડી શકતાં પંખી-પ્રાણીઓ વચ્ચેની વિકાસવાદ (ઉત્ક્રાંતિ)ની એ કાંઈ ખૂટતી કડી નથી. ખરી વાત તો એ છે કે નવી પરિસ્થિતિમાં ટકી રહેવા માટે ડોડોએ કાઢેલો એ નવો 'વેશ' હતો - કહો કે અનુકૂલનનું એ પરિણામ હતું. કોઈ પણ પ્રાણી ઉત્ક્રાંતિમાં સફળ થયું છે કે નહીં તેનો માપદંડ એની ચિરંજીવિતા (survival) ઉપર છે. અને ડોડો આ ટાપુ પર લાખો વર્ષોથી ટકી ગયાં હતાં એ બતાવે છે કે આ કસોટીમાંથી તે હેમખેમ પાર ઊતર્યાં હતાં. બીજા શબ્દોમાં કહીએ તો જેઓ પોતાની આસપાસની પરિસ્થિતિને અનુકૂળ બની શકે છે તેઓ જ હયાત રહી શકે છે અને પોતાનાં આગવાં લક્ષણો જાળવી રાખી શકે છે એવા ડાર્વિનના નૈસર્ગિક પસંદગી (natural selection)ના સિદ્ધાંતને ડોડો સુપેરે અનુસર્યાં હતાં. અહીં પ્રશ્ન એ ઉદ્ભવે કે ચિરંજીવિતા માટે આ પ્રાણીઓ જો યોગ્યતમ (survival of the fittest) પુરવાર થયાં હતાં, તો પછી એ લુપ્ત કેમ થઈ ગયાં?

આનો ખુલાસો છે ટાપુ પરનું માનવીનું આગમન. કોઈ પણ પ્રાણી અનુકૂલન તો જ સાધી શકે જો એને માટેના પરિસ્થાન યા પ્રાકૃતિક-વાસ (habitat)માં થતા ફેરફારનો દર ધીરો હોય. પણ માનવીએ આ ફેરફાર ઝડપી બનાવ્યા એટલું જ નહીં, ડોડોનાં ઈંડાં, બચ્ચાં વગેરેને અને ખુદ ડોડોને પણ ખાઈ જતાં ડુક્કરો, વાંદરા, બિલાડા, ઉંદરો વગેરે જેવાં હરીફ પ્રાણીઓ લાવીને ખડકી દીધાં. પરિણામ એ આવ્યું કે સન ૧૫૦૭માં 'સુધરેલા માનવો' (યુરોપીઅનો)નું અહીં આગમન થયું એ પછી માત્ર ૧૭૪ વર્ષમાં જ એટલે કે ઈ.સ. ૧૬૮૧માં ડોડો નિર્વંશ થઈ ગયાં !

આ માટેના દોષનો ટોપલો યુરોપીઅનો પર સહેલાઈથી ઢોળી શકાય. કારણ કે પેદ્રો (Pedro Mascarenhas) નામના પૉર્ટ્યુગીઝ શોધસફરીએ આ ટાપુઓ ઈ. ૧૫૦૭માં 'શોધી કાઢ્યા', એ પહેલાં પણ અરબી ખારવાઓની અહીં આવનજાવન હતી તો ખરી, પણ ડોડોના સમગ્ર વંશમાં પૂળો મૂકવાનું પાપ સદ્ભાગ્યે એમને ભાગે નોંધાયું નથી. એ પછી ઈ. ૧૫૯૮માં જેકબ (Jacob Cornelius Van Neck) નામના એક ડચ એડમિરલે આમાંના એક ટાપુ ઉપર કબજો જમાવીને એનું નામ 'મૉરેશિયસ' પાડ્યું. (અહીં શેરડી અને પરિણામે ખાંડનું ઉત્પાદન ખૂબ જોવા મળે છે. બ્રિટિશરાજ દરમિયાન અંગ્રેજો મૉરેશિયસથી આપણે ત્યાં ખાંડ આયાત કરતા એટલે જ ખાંડનું નામ 'મોરસ' પડી ગયેલું) જેકબે પોતાની નોંધમાં ડોડોને 'ઘૃણાજનક' યા 'સુગાળવાં', રાજહંસ (સ્વાન) કરતાં મોટાં, શાહમૃગ જેવા બાંધાનાં અને ગરુડ જેવા પગવાળાં પંખી તરીકે ઓળખાવ્યાં છે. ત્યાર બાદ વીસ વર્ષો સુધી ડચ-વહાણો અહીં લાંગરતાં રહ્યાં. આ દરમ્યાન ઈ. ૧૬૦૨માં આ ડચ વસાહતીઓ પોતાની સાથે ડુક્કરો અને બકરાં જેવાં પ્રાણીઓ પણ ટાપુ પર લઈ આવ્યા. એ પછી ઈ. ૧૬૨૭માં સર થૉમસ (Thomas Herbert) નામના અંગ્રેજે અહીંની મુલાકાત લીધી અને ડોડોનો એકાદ નમૂનો પણ કદાચ બ્રિટન પહોંચાડ્યો.

એ પછી ફ્રાન્સ્વા (Francois Cauche) નામના ફ્રેન્ચે ૧૬૩૮માં મૉરેશિયસની મુલાકાત લઈને એ અંગેનો વિસ્તૃત અહેવાલ ઈ. ૧૬૫૧માં પ્રસિદ્ધ કર્યો. જીવંત ડોડોની કેટલીક ખાસિયતો આમાંથી સાંપડે છે. તેવી જ રીતે ડોડોની શરીરરચના અંગે પણ માહિતી મળે છે. પક્ષીઓના પાચનતંત્રમાં બે અગત્યના અવયવો પૈકી એક તે પ્રાથમિક કોઠો યા અન્નસંગ્રાશય (crop) અને બીજો તે પેષણી યા જઠર-ઘંટી (gizzard) અન્નસંગ્રાશય એટલે ગળામાંની અન્નનળીનો ફૂલેલો - કોથળી જેવો ભાગ. અહીં દાણાનો સંગ્રહ થાય છે. પેષણી એ જઠર અને આંતરડાંની શરૂઆતના ભાગ- પકવાશય (ગ્રહણી) વચ્ચેનો મજબૂત સ્નાયુયુક્ત ભાગ. એનું કામ દાણાને દળવાનું છે. પેષણીમાં રહેલા રેતીના કણો કે પક્ષીએ ગળેલા નાના પથ્થરો વગેરે પણ દળવામાં એ સહાય કરે છે. દાણા ચરનારાં પંખીઓમાં આ બંને અવયવો વધુ વિકસેલા હોય છે. આ ફ્રેન્ચ સંશોધકે તથા એની પણ પહેલાં ૧૬૦૫માં ક્લુસિકસ (Clusicus) નામના ડચ સંશોધકે ડોડોમાંના આવા સુવિકસિત અવયવોની નોંધ કરી છે. તેવી જ રીતે એમાંથી મરઘીનાં ઈંડાં જેટલા કદના, અત્યંત સખત પથ્થરો મળી આવ્યાનું લખ્યું છે. આ બતાવે છે કે ડોડો મુખ્યત્વે બીયાં, ઠળિયા અને દાણા પર નભતું હોવું જોઈએ. એમની ચાંચનું વર્ણન પણ આ વાતનું સમર્થન કરે છે.

એ પછી ૧૬૪૪માં સજા પામેલા ડચવાસીઓનું એક મોટું ધાડું અહીં ઊતરી આવ્યું. આ લોકોએ ખેતી માટે જમીન ફાળવવા વૃક્ષોનો મોટે પાયે નાશ કરી નાખ્યો. કેટલાકે ગરીબડા ડોડો સાથે રમત માંડી. લાકડાના ધોકા વડે ડોડોનાં માથાં છૂંદવામાં પૈશાચિક આનંદ અનુભવ્યો. આપણામાં 'વલંદા'નો એક અર્થ ડચવાસી અને બીજો અર્થ 'લુચ્ચો માણસ' એવો પણ થાય છે. કારાવાસી વલંદાઓએ પોતાનું નામ સાર્થક કરી બતાવ્યું ! આ જ અરસામાં ઉંદરોની વસ્તી ટાપુ પર એટલી બધી વધી ગઈ હતી કે એકાદ વાર તો પ્લેગ ફાટી નીકળતાં ડચવાસીઓએ ટાપુ ખાલી કરી નાખેલો !

વિલિઅમ ટલબોટ (William Talbot) નામના અંગ્રેજ કપ્તાનની આગેવાની હેઠળ બ્રિટનનું એક વહાણ ૧૬૮૧માં અહીં લાંગર્યું, ત્યારે એમની નજરે જે રડ્યાંખડ્યાં ડોડો ચડ્યાં, તે બહારની દુનિયાના લોકે જોયેલાં કદાચ છેલ્લાંમાં છેલ્લાં ડોડો હતાં, કારણ કે રૉડ્રિગોઝ ટાપુ પરથી આવેલા લેગ્વાત (Francois Leguat) નામના ફ્રાન્સના વૈજ્ઞાનિકે ૧૬૯૩માં મૉરેશિયસ ટાપુના જે સ્થાનિક પક્ષીઓની યાદી બનાવી, તેમાં આ ડોડોનો ક્યાંય ઉલ્લેખ કર્યો નથી, જે બતાવે છે કે ૧૬૯૩ થી કદાચ બહુ પહેલાં જ ડોડો ઉન્મૂલિત થઈ ગયાં હતાં. આમ, જે મૉરેશિયસ માટે આશરે બે સદી પછી એટલે કે ૧૮૯૬માં માર્ક ટ્વેઈન લખવાનો હતો કે મૉરેશિયસનું જે કાંઈ પણ છે તે સુંદર છે. (What there is of Mouritius is beautiful) અને આધુનિક મૉરેશિયસ આજે પણ જેને માટે સહુથી વધુ જાણીતું છે એ પ્રકૃતિનાં લાડકવાયાં ડોડો સંભવતઃ ઈ.સ. ૧૬૮૧માં તો લુપ્ત થઈ ગયાં.





મોરેશિયસ ટાપુમાં 'મોરેશિયસ કેસ્ટ્રલ' (Falco Punctatus) નામે ઓળખાતી બાજ પક્ષીની નાના કદની એક જાત થાય છે. દુનિયાભરમાં એ એક અતિ દુર્લભ પક્ષી ગણાય છે. (જમણી બાજુ) લગભગ ઈ. ૧૭૮૦ ના અરસામાં નામઃશેષ થઈ ગએલું રોડ્રીગ્રોઝ ટાપુનું પક્ષી સૉલિટેર-Rodriguez Solitair Raphidag (Pezohaps Solitatarius).

પરંતુ આ દરમિયાન, એટલે કે ૧૭મી સદીના આરંભકાળમાં કેટલાંક જીવિત ડોડો મોરેશિયસની બહાર લઈ જવાયાં, જેને કારણે સામાન્ય લોકોમાં ઠીક ઠીક કુતૂહલ જાગ્યું. સન ૧૬૦૫ અને ૧૬૧૦ના ગાળામાં વિયેનાના સમ્રાટ રુડૉલ્ફ દ્વિતીયના પ્રાણીસંગ્રહાલય માટે એક આવો નમૂનો લઈ જવાયો. બીજું જીવંત ડોડો ૧૬૨૬માં આમસ્ટરડેમ ખાતે લઈ જવાયું. આવાં કેટલાંક, સંભવતઃ ત્રણેક જેટલાં સજીવ ડોડો ૧૬૨૮માં ભારતમાં સુરત ખાતે પણ લાવવામાં આવેલાં (આ અંગે જુઓ : ડોડો મન્સુર અને સુરત) એ પછી ૧૬૩૮માં મોરેશિયસથી લંડન લઈ જવાયેલું એક જીવંત ડોડો જાહેર જનતા માટે પ્રદર્શિત કરાયું ત્યારે એણે ઘણું આશ્ચર્ય ફેલાવેલું. મોટે ભાગે તો આ જ ડોડો મૃત્યુ પામતાં એમાં મસાલો ભરીને ઘણાં વર્ષો સુધી જાળવી રાખવામાં આવેલું, પણ પછી એમાં સડો લાગતાં ૧૭૫૫માં આખેઆખું બાળી નાખવાનો નિર્ણય લેવાયેલો! જો કે એના પગના પંજા અને માથું બચી ગયેલાં, જે આજે ઑક્સફર્ડમાં જોવા મળે છે.

આજે તો ડોડોના અવશેષો દુનિયાનાં બહુ ઓછાં સંગ્રહસ્થાનોમાં જોવા મળે છે. અને તેમાંય ડોડોનું અખંડ અસ્થિપિંજર તો કદાચ એકલા ડર્બન મ્યૂઝીઅમમાં જ જોવા મળે છે, અને આ અસ્થિપિંજરનાં અસ્થિઓ પણ મૂળે કોઈ એક જ ડોડોના શરીરનાં નથી, પણ મળી આવેલાં અલગ અલગ ડોડોનાં અસ્થિઓને ભેગાં કરી, ગોઠવીને બનાવેલું છે. આ ઉપરાંત ઑક્સફર્ડ, લંડન, પૅરિસ, કોપનહેગન અને પ્રાગ વગેરે સ્થળોએ ક્યાંક પંજો, ક્યાંક માથું, તો ક્યાંક એકલી ખોપરી, તો વળી ક્યાંક તૂટેલી પાંખના અવશેષો અલગ અલગ જોવા મળે છે. હા, એના માદરે વતન મોરેશિયસમાં લીટલ પૉર્ટ લૂઈ મ્યૂઝીઅમમાં ડોડોનું મસાલા ભરેલું (Stuffed) શરીર જોવા મળે છે ખરું. લુપ્ત થયેલા આ પંખીનાં અસ્થિઓ મોરેશિયસમાંથી આમ તો બહુ મળતાં નથી પણ જ્યારે પણ મળી આવે છે ત્યારે બહુ મોટી સનસનાટી મચી જાય છે. ઘણી રઝળપાટ પછી બ્રિટનના જ્યોર્જ ક્લાર્ક (George Clark) નામના એક સંશોધકે ૧૮૬૬માં એક કળણવાળી જગ્યાએથી ડોડોનાં થોડાંક અસ્થિઓ શોધી કાઢેલાં ત્યારે આવી જ ઉત્તેજના જોવા મળી હતી.

જેવું ડોડોના અવશેષોનું, એવું જ એનાં ચિત્રોનું છે. એના જીવંત નમૂના પરથી સીધેસીધાં દોરવામાં આવેલાં રેખાચિત્રોનો ખાસ્સો દુકાળ પ્રવર્તે છે. એમાં ભારતીય ચિત્રકાર મન્સૂરનું આ ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન છે, તો સામે પક્ષે રોલાં (Roland Savery) જેવા તે સમયના વિખ્યાત ડચ ચિત્રકારે ડોડોના પગ ચીતરવામાં કેવી થાપ ખાધી તેના બોલતા પુરાવા પણ છે. આમ, ડોડો અંગેની માહિતીઓમાં ક્યાંક વિરોધાભાસને કારણે, તો ક્યાંક અપૂરતી માહિતીને કારણે, એકકાળે કેટલાક વિજ્ઞાનીઓએ આવી વિચિત્ર

ખાસિયતો ધરાવતા પંખીના અસ્તિત્વ અંગે શંકા પણ વ્યક્ત કરી હતી. ૧૯મી સદીમાં થઈ ગએલો કૂવે (Georges Cuvier : ૧૭૬૯-૧૮૩૨) જેવો પ્રસિદ્ધ ફ્રેન્ચ પ્રાણીશાસ્ત્રી પણ આવી જ માન્યતામાં રાચતો હતો.

ડોડો અંગેના આ બધા દસ્તાવેજી પુરાવાઓ છે. ડોડો અંગે આજે આપણે જે કાંઈ પણ જાણીએ છીએ તે બધું જ સમકાલીન કલાકારોએ કરેલાં એનાં ગણ્યાંગાંઠ્યાં રેખાચિત્રો કે ચિત્રાંકનો, અહીંતહીં વેરાયેલા મુઠ્ઠીભર અવશેષો અને દરિયાખેડૂઓએ કરેલી નોંધો પર જ આધારિત છે. આવા બધા સંદર્ભોને આધારે H. E. Strickland અને A. G. Melville નામના બે લેખકોએ ' The Dodo and its Kindred' (ડોડો અને તેનાં સંબંધીઓ) નામનું એક પુસ્તક લખ્યું છે. ડોડો અંગે કોઈ રહસ્યકથાની અદાથી અધિકૃત માહિતી આપતું આ પુસ્તક આમ તો છેક ૧૮૪૮માં પ્રસિદ્ધ થયું છે, પણ ડોડોના આજના ઘણા સંદર્ભોનાં મૂળમાં એ રહેલું છે.

પક્ષીતત્ત્વવિદોનો ડોડોમાં રસ એ કયા પંખીની જમાતને મળતાં આવે છે, તે શોધી કાઢવામાં રહેલો છે. ઊડી શકતાં ન હોવાને કારણે અગાઉ એમને પેંગ્વિન, ઓક (auk) કે શાહમૃગ સાથે મૂકવામાં આવ્યાં, પણ પછી ચાંચને આધારે 'ભૂમિ ગીધ' (terrestrial vulture) સાથે સરખાવાયાં. ઉપરોક્ત પુસ્તકના લેખકોએ ડોડોને કબૂતર અને હોલાં કુળના નબીરા ગણ્યા છે. ડોડોની સરખામણી તેમણે ઇસ્ટ ઇન્ડિયામાં થતાં એક પ્રકારનાં ભૂચર પણ હજુય ઊડવાની થોડી ઘણી ક્ષમતા ધરાવતાં દાંતેદાર ચાંચવાળાં કબૂતર (Toothed-billed Pigeon) સાથે કરી છે. થોડા સમય પહેલાં ડોડોને ઓછું ઊડી શકતાં એવા પનકુકરી કે પાનલવા કે રેઈલ (Rail)ના કુળમાં મૂકવાનું પણ સૂચવાયું છે. અલબત્ત, જરૂરી અવશેષોના અભાવે આ વિવાદનો અંત આવવાનો નથી. આમ છતાંય, આજે તો જેમાં કબૂતર, પારેવાં વગેરે આવે છે તેવી કોલંબીફોર્મીસ (colombiformes) શ્રેણી કે ગણ - (order)માં એને મૂકવામાં આવ્યાં છે. એમનું કુળ (Family) તે રેફાઈડી (Raphidae) અને વંશ કે ગોત્ર (Genus) રેફસ (Raphus): શાસ્ત્રીય કે લેટિન નામ : રેફસ કુકુલેટસ (Raphus cucullatus)

આ રેફાઈડી કુળનું બીજું પંખી તે સોલિટેર (Solitaire) આ નામ 'Solitary' અર્થાત્ એકચર કે એકલપંડા પરથી આવ્યું છે. જેમ ડોડો મોરેશિયસવાસી હતાં, તેમ સોલિટેર રોડ્રિગોઝ અને રીયૂન્યન ટાપુઓ પર વસતાં હતાં, અને અનુક્રમે 'રોડ્રીગોઝ સોલિટેર' તથા 'રીયૂન્યન સોલિટેર' તરીકે જાણીતાં છે. આ ઉપરાંત રીયૂન્યન દ્વીપ પર ડોડોને મળતાં આવતાં પણ રંગે કેવળ સફેદ એવા રેફાઈડી કુળનાં જ 'વ્હાઈટ-ડોડો' પણ જોવા મળતાં હતાં. એકકાળે માત્ર મસ્કરની દ્વીપો પર જ જોવા મળતી રેફાઈડી કુળની આ બધી જ જાતિઓ આજે તો નામ:શેષ થઈ ગઈ છે, અને આમ કેવી રીતે થયું, ક્યારે બન્યું વગેરે અંગે ચોક્કસ માહિતી પણ આપણી પાસે નથી. સંભવત: રોડ્રિગોઝ સોલિટેર ઇ.સ. ૧૭૮૦માં, રીયૂન્યન સોલિટેર ૧૭૦૦માં અને વ્હાઈટ-ડોડો ૧૭૭૦માં લુપ્ત થઈ ગયાં હોવાં જોઈએ.

ડોડો અને સોલિટેર વચ્ચે ખરેખર સંબંધ હતો કે નહિ, અને હતો તો બંનેના પૂર્વજો એક જ હતા કે જુદા વગેરે પણ આજે તો નક્કી કરવું મુશ્કેલ છે. તેવી જ રીતે, મોરેશિયસના ડોડો અને રીયૂન્યનના 'વ્હાઈટ ડોડો' અંગે છે. આ વ્હાઈટ ડોડો તે ડોડોનું જ વર્ણહીન (albino) રૂપ હતું કે પછી નવી જાતિ જ હતી તે પણ નિશ્ચિત નથી.

ડોડો સહિત નિર્વંશ થએલાં રેફાઈડી કુળનાં બધાં જ પંખીઓ કદમાં મોટાં અને દેહે બોજાળવાં. ઊડવા અસમર્થ અને તેથી કરીને પૂંછડી ટૂંકી અને પાંખો અવિકસિત. ભૂવાસી હોવાથી પગ ટૂંકા અને મજબૂત. પીંછાં રંગે ભૂખરાં કે પછી કથ્થાઈ. ડોડોની અપેક્ષાએ સોલિટેરનું માથું અને ચાંચ નાનાં, પણ ગર્દન પ્રલંબ. કદ ડોડો જેવડું, પણ ઊંચાઈ વધારે.

રોડ્રિગોઝ ટાપુ પરથી સોલિટેરના મળી આવેલા વિપુલ અસ્થિ-અવશેષો અને અગાઉ જેનો આપણે ઉલ્લેખ કરી ગયા તે લ્યુઝાટ નામના વિજ્ઞાનીની નોંધો અને રેખાંકનો સિવાય અન્ય કોઈ આધાર-સામગ્રી આ સોલિટેર અંગે ઉપલબ્ધ નથી. આ પંખીનું નામ પણ એણે જ પાડ્યું છે. આ લ્યુઝાટ અને કેટલાક અન્ય ફ્રાન્સવાસીઓ ધાર્મિક પજવણીથી ત્રાસી જઈ દેશ છોડીને ૧૬૯૧માં રોડ્રિગોઝ દ્વીપ પર આવીને વસી ગયા હતા. હ્યુગેનોટ્ શરણાર્થીઓ (Huguenot refugees)તરીકે ઓળખાતા ફ્રાન્સીસી પ્રોટેસ્ટન્ટ ઇસાઈઓના આ જૂથનો નેતા લ્યુઝાટ હતો. એણે ૧૭૦૮માં પોતાની શોધસફરોનું વર્ણન કરતું પુસ્તક લખ્યું છે. આ પુસ્તકમાં એણે સોલિટેરનાં બચ્ચાંઓની પેષણીમાંથી મળી આવેલા અત્યંત મોટા કદના પેષણી-પથ્થરો અંગે, ખોરાકની વિગતો, એમના માળા, એમાંનાં ઈંડાં, નર-માદાના રંગભેદ, દોડવાની ઝડપ વગેરે અંગે રસમય નિરીક્ષણ કર્યું છે. એણે આ પંખીના દોરેલા ચિત્રમાં એની ડોકના ઉદ્‌ભવસ્થળે, છાતી ઉપર, બે ઉપસેલા ગોળાર્ધો દર્શાવ્યા છે અને ઊપસી આવેલા આ લીસા ધોળા ભાગને એણે સુંદર સ્ત્રીના વક્ષ:સ્થળ સાથે સરખાવ્યો છે !

સોલિટેર માટે કામુક રંભા વગેરે જેવાં શૃંગારિક વિશેષણો પ્રયોજીને એનાં શારીરિક વર્ણનોમાં સરી જતા આ ફ્રેન્ચ બચ્ચાએ ભલે ક્યાંક અતિશયોક્તિ કરી નાખી હશે, પરંતુ આ પંખીઓની વર્તણૂક અને અમુક વ્યવહાર-વર્તન સંબંધી કરેલી એની નોંધો અને અવલોકનો સપ્રમાણ અને યથાર્થ જણાય છે, કારણ કે સોલિટેરનાં મળી આવેલાં અસ્થિઓમાંના સૂક્ષ્મ ફેરફારો લ્યુઝાટનાં નિરીક્ષણોની પૂર્તિ કરે છે. જેમ કે એણે નોંધ્યું છે કે આ પંખીઓ પાંખોનો ઉપયોગ તુમુલ યુદ્ધો કરવામાં કરે છે. અને મળી આવેલાં પાંખોનાં હાડકાંઓમાં એકથી વધુ અસ્થિભંગ (ફ્રેક્ચર) જોવા મળ્યાં છે, જે લ્યુઝાટને સાચો ઠેરવે છે.

પ્રાણીઓની વર્તણૂક, રીતભાત, આચરણ, મિજાજ કે વ્યવહાર-વર્તનના અભ્યાસનું જે શાસ્ત્ર રચાયું, એને ઇથોલોજિ (Ethology) એટલે કે પ્રાણીવર્તનશાસ્ત્ર, જ્યારે એનો અભ્યાસ કરનારાઓને 'ઇથોલોજિસ્ટ' પ્રાણીવર્તનશાસ્ત્રીઓ કહેવાય છે. પ્રમાણમાં નવું કહેવાય એવું આ શાસ્ત્ર આમ જુઓ તો કાંઈ નવું નથી, કારણ કે ઇ.સ. પૂર્વે ચોથી સદીમાં થઈ ગએલા ગ્રીક તત્ત્વવેત્તા એરિસ્ટોટલે પંક્ષીઓનાં અમુક વર્તનની સટીક નોંધો કરેલી

જોવા મળે છે. એવું કહેવાય છે કે ચાર્લ્સ ડાર્વિને (૧૮૦૯-૧૮૮૨) આ વિજ્ઞાનના પાયા નાખ્યા, પણ લ્યુઝાટના સંદર્ભે આ વાત વાજબી લાગતી નથી, કારણ કે ડાર્વિનથી પણ પહેલાં - લગભગ દોઢેક સદી પહેલાં, આ ફ્રાન્સવાસીએ સૉલિટેરની ચાલચલગત અંગેની નોંધો કરી છે તે વિસ્મિત કરી દે તેવી છે. સૉલિટેર પંખીઓ પોતાની હકૂમતની સરહદો બાંધી એનું કેવી રીતે ચુસ્તપણે પાલન અને રક્ષણ કરે છે, તથા મા-બાપ પોતાનાં પુખ્ત વયી બચ્ચાંને જીવનસાથીની પસંદગી સામે ચાલીને કેવી રીતે કરાવી આપે છે તેની તાજુબ કરી દેતી વાતો લ્યુઝાટે રસમય રીતે ખુશ-કલમ આલેખી છે. આવી આશ્ચર્યજનક અને લાક્ષણિક વર્તણૂકને એણે અનુક્રમે 'ટૅરિટૉરિઅલ બિહેવ્યર' અને 'મૅરેજ સેરિમની' એવા નામ આપ્યાં છે.

ફ્રાન્સવાસીઓને આ પંખીમાં વિશેષ રસ રહ્યો હોય તેમ લાગે છે. કારણ કે ઈ.સ. ૧૭૭૬માં ફ્રાન્સના જ એક ખગોળશાસ્ત્રીએ દક્ષિણ-આકાશમાં વિસ્તરતા વાસુકિ (Hydra) નામના તારામંડળમી પૂંછડીની આસપાસના તારા-ઝૂમખાને આ પંખીના નામે ઓળખાવવાનું સૂચન કર્યું અને એના તારાનકશા પણ બનાવ્યા. પણ પાછળથી આ નામ રદબાતલ કરવામાં આવ્યું - કોણ જાણે કેમ આ રીતે રાંક પંખીનો પૃથ્વી પર વસવાનો જ નહિ, સ્વર્ગમાં વસવાનો હક પણ મનુષ્ય જાતિએ છીનવી લીધો ! (એના અંગેની રસપ્રદ વિગતો આ સાથે અલગ આપી છે.

એ વાત સાચી કે ડોડો પંખીને અંતર્ધ્યાન થઈ ગયે હવે તો પેલી 'વન્સ અપૉન અ ટાઈમ...'ની પરંપરામાં આવતો ત્રણસોથી પણ વધુ વર્ષનો સમયગાળો પસાર થઈ ચૂક્યો છે, એટલે એને જીવંત સ્વરૂપે નજરોનજર જોનાર કોઈ એકાદો બાતમીદાર પણ જો આજે વિદ્યમાન હોય તો જ નવાઈ કહેવાય. એટલે હવે તો આ પંખીના બાહ્ય સ્વરૂપની માત્ર અટકળ જ કરવી રહી. તેમ છતાંય, આ માટે ડોડો તથા એનાં સમવંશીય પંખીઓ, અથવા કહો કે એ અને એની બિરાદરીનાં પંખીઓના ચિત્રિત, લેખિત યા મુખપરંપરાથી ઉપલબ્ધ માહિતીઓનો જ આશરો લેવો રહ્યો. ડોડો સંબંધી મૉરેશિયસના લોક-સાહિત્યમાંથી પણ કાંઈક માહિતી સાંપડે છે. પક્ષીશાસ્ત્રીઓએ આવા જ સંદર્ભોને આધારે 'કોઈ એક કાળે થઈ ગએલા...'થી આરંભાતી કોઈ પરીકથાના પાત્ર સમા ડોડો અંગે ભારે આયાસે જે કાંઈ માહિતી પ્રાપ્ત કરી છે, એને શબ્દ દેહે આ રીતે રજૂ કરી શકાય :

કદ એનું મજબૂત બાંધાની ટર્કી જેટલું. કદાચ હંસથી પણ મોટું. બોજાળવી, લથબથ કાયા. વજન આશરે ૨૨ કિલોગ્રામ (૪૬ પાઉન્ડ), ઊંચાઈ ૭૫ સેમી (૩૦ ઈંચ). બંને પડખે લબડી પડતી, અર્ધવિકસિત પીળા રંગની ઝાંયયુક્ત પાંખો ઊડવા અસમર્થ, કદાચ લડવામાં ઉપયોગી. મોટાભાગનાં ચિત્રોમાં એની પૂંછડી પીઠ પર ઉપરની તરફ, ઊંચે ચીતરેલી જોવા મળે છે. ઝાડી-ઝાંખરાંનાં ઝૂમખાંને એકત્રિત કરીને રોપી દીધા હોય તેવી, ઘાસની ઝૂડી જેવાં બદામી રંગી પીંછાંની. માથું મોટું, વજનદાર, પણ પીંછાંવિહોણું-બોડું જ. આંથી કદરૂપું અને કઢંગુ. ચાંચ પીળી, નવેક ઈંચ લાંબી, ગંજાવર, આગળથી ઢળેલી, ટોચેથી અણિયાળી, તીવ્ર વળાંકયુક્ત, દાતરડાના આકારની કે 'હૂક' - આંકડા-જેવા આકારની, જડબાના સ્નાયુ મજબૂત. ચાંચ સૂચવે છે કે ડોડો પોપટની જેમ ફળ અને ઠળિયા ફોડીને તેની મીંજ ખાતાં હશે. સંભવ છે કે ઘોંઘા યા શંબુક (snail), કરચલા જેવાં પ્રાણીઓ પણ આરોગતા હોય. પંજા મજબૂત, નહોરયુક્ત. ભૂચર હોવાથી પગ ટૂંકા અને ખડતલ, પણ દોડવાની ઝડપ મર્યાદિત. પીંછાં રંગે ભૂખરાં કે કથ્થાઈ. એમની ગોઠવણી અસ્તવ્યસ્ત, ઘાસની નાની-નાની પૂળી સમ. માદા રંગે સહેજ ઝાંખી. કદ નર કરતાં નાનું. મુખ્યત્વે વન-ઉપવનમાં વસનારાં, તો કવચિત્ સરોવરકાંઠે પણ ખરાં. એક સાથે એક જ ઈંડું જણે - સીધું જ જમીન પર કે કવચિત્, સહેજસાજ ઘાસના ભોથામાં. ઈંડાં રંગે સફેદ અને કદ એક પ્રકારની પેણ બતક (Cap Pelican)ના ઈંડાં જેવડું.

આ તબક્કે હચીસુકા (Marquis Hachisuka) નામના સંશોધકનો ઉલ્લેખ કરવો જોઈએ. ૧૯૫૩માં એણે 'The Dodo and Kindred Birds' નામે એક પુસ્તક લખવા ઉપરાંત અન્ય પણ સંશોધન-લેખો લખ્યા. એના મતાનુસાર વર્ષના કાંઈ બધા જ મહિના ડોડોનું શરીર એકસરખું રહેતું નહોતું, પણ ટાપુના ઋતુભેદે અને એમનાં પ્રજનનકાળના ચક્ર અનુસાર એમના શરીરમાં થોડીઘણી વધઘટ થતી રહેતી. જેમ કે માર્ચથી સપ્ટેમ્બર દરમિયાન આ ટાપુ પર ઠંડીની મોસમ હોય છે, અને એ મોસમ ડોડોનો પ્રજનનકાળ પણ રહેતો અને ત્યારે ડોડોનાં શરીર હૃષ્ટપુષ્ટ, ભરાઉ, માંસલ કે સ્થૂળ થતાં. આથી ઊલટું, ગરમીના મહિનાઓ એટલે કે ઑક્ટોબરથી માર્ચ એ ડોડોનો નિષ્પ્રજનનીય કાળ (non-breeding phase) હોવાથી એમનાં શરીર ચરબી-વિહોણાં એટલે કે સહેજ પાતળાં, દુર્બળ કે ક્ષીણ યા કૃશાંગ બની રહેતાં. આ ફેરફાર ઉપરાંત, એમની ચાંચમાં પણ આ ગાળા દરમિયાન, કેટલાંક પરિવર્તન થતાં હોવાનું આ સંશોધક કહે છે. અને આની સાબિતીરૂપે સમકાલીન ચિત્રકારોએ દોરેલાં ડોડોનાં વિવિધ ચિત્રોનો હવાલો પણ આપે છે.

ડોડોની કાયામાં આવી ફેરફારી ભલે થતી, પણ આ બધાં સંશોધનોનો સારાંશ એક જ : ડોડોનો મૂળ કોઠો જ ભરાવદાર. એમને પાતળાં કહેવાં એના કરતાં જાડાં ગણવાં જ વધુ બહેતર.

ડોડોનું શરીર કેવુંક ભારેખમ હશે તે, અને એ સ્વાભાવે કેવુંક ભોળું હશે તે, જોવું-જાણવું હોય તો ગણિતશાસ્ત્રી લૂઈ કૅરોલ (૧૮૩૨-૧૮૯૮)ની 'ઍલિસ ઇન વન્ડરલૅન્ડ' નામની પેલી પ્રખ્યાત બાળવાર્તાનું પ્રકરણ નંબર ત્રણ જોઈ-વાંચી જવું. ઇ.સ. ૧૮૬૫ની પ્રથમ આવૃત્તિના ચિત્રકાર હતા બ્રિટનના વ્યંગ્ય ચિત્રકાર સર જ્હૉન ટેન્યલ (૧૮૨૦-૧૯૧૪). એમણે આ પ્રકરણમાં દોરેલાં ડોડોનાં બે-એક ચિત્રો પૂર્વોક્ત વર્ણનની સાખ પૂરશે.

યાદ હોય તો આપણે લેખના આરંભે ડોડોના 'મૉડલ'નો ઉલ્લેખ કર્યો હતો. આ થયું ડોડોનું પ્રચલિત-રૂઢાર્થ 'મૉડલ'. પણ સ્વીકૃત થએલું આ 'મૉડલ' શું સાચું છે ખરું ?

આપણે આગળ જેનો ઉલ્લેખ કરી ગયા તે ઍન્ડ્રયૂ કિચનર નામનો વિજ્ઞાની આવો ઉત્તર નકારમાં આપે છે, અને ખુલાસારૂપે ડોડોનું 'નવું મૉડલ' લઈને હાજર થાય છે. આ સંશોધક કહે છે કે ડોડોની કાયા ક્યારેય આટલી લથબથ હતી જ નહિ ! પણ તો પછી પ્રશ્ન એ ઊઠે કે સમકાલીન ચિત્રોમાં

બનાવેલા ભારેખમ ડોડોનું શું ? આ સંશોધક આનું સ્પષ્ટીકરણ કરતાં કહે છે કે, સંભવ છે કે આ બધાં ચિત્રો ડોડોની બંધન અવસ્થા દરમિયાન જ દોરવામાં આવ્યાં હોય. અને આપણો અનુભવ કહે છે તેમ બંધન અવસ્થામાં પાલતુ પ્રાણી ઉપર સંચારબંધી લાગુ પડેલી હોવાથી કે પછી જરૂરી વ્યાયામના અભાવે અને ખાવાની પળોજણમાંથી મુક્ત હોઈને એ નિરાંતવે જીવે ખાતું-પીતું હોઈને વધુ સ્થૂળ બની જતું હોય છે. ડોડોના કિસ્સામાં પણ આમ જ બન્યું હોવાનું માની શકાય. જેમ ચિત્રકારોએ ડોડોને બંધન અવસ્થામાં જોઈને જ દોર્યાં, તેવી જ રીતે, સંશોધકોએ પણ એમનું વર્ણન્ બહુધા પિંજરે પુરાએલાં જીવ તરીકે જ કેમ ન કર્યું હોય ?

બેવકૂફ યા મંદબુદ્ધિની વ્યક્તિ માટે અંગ્રેજીમાં 'fat-head' એવો એક શબ્દપ્રયોગ વ્યંગમાં પ્રયોજાય છે. વિનોદ ખાતર કહીએ તો એવું કહેવાય કે જો ડોડોનું પાતળી પરમાર જેવું નવું 'મોડલ' સ્વીકારીએ તો એની બુદ્ધિ જાડી હશે તેવું સ્વીકારી શકાય નહિ અને તો એવું કહેવાય કે ડોડોને આપણે આજ સુધી અન્યાય જ કરતા આવ્યા છીએ !

આ સંશોધક પણ આમ જ માને છે. એ કહે છે કે ડોડોનું શરીર બહુ સુડોળ ન હતું, તો સામે છેડે આપણે માનીએ છીએ એટલું સાવ કુરૂપ કે બેડોળ પણ ન હતું. એટલું જ નહિ, એ કાંઈ અસાવધ કે પ્રમાદી ન હતાં, બલકે પ્રકૃતિએ ઠીકઠીક ચંચળ હતાં. વળી, ખાવામાં એમનું માંસ જરા પણ સ્વાદિષ્ટ ન હતું. આવા સહેજે હાથમાં ન આવનાર સ્ફૂર્તિલા જીવને પણ પોતાની જાળમાં - અને તે પણ ખોરાક માટે નહિ પણ માત્ર રમત ખાતર જ - અનેક પેંતરા-પ્રપંચો દ્વારા ફસાવી શકનાર માનવીનો ગુનો આથી તો વધુ જઘન્ય બને છે. □

ડોડો, મન્સૂર અને સુરત

૧૯૫૮માં હેલસિંકી ખાતે ભરાયેલા બારમા આંતરરાષ્ટ્રિય ખગવિદ્યા (પક્ષીવિજ્ઞાન) સંમેલનમાં એક પ્રાચીન ચિત્ર રજૂ કરાયું ત્યારે ભારે સનસનાટી મચી ગઈ હતી. રશિયાના એકેડેમી ઓફ સાયન્સીઝના ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓરિએન્ટ લિસ્ટ્સમાંથી એ આકસ્મિક મળી આવ્યું હતું. થયું એવું કે લેનિનગ્રાડ પ્રાણીવિજ્ઞાન મ્યૂઝીઅમના ડૉ. ઇવાનોવ (A. Ivanov) કોઈ અન્ય કામસર ત્યાં ખાંખાંખોળાં કરતા હતા, ત્યાં ધૂળ ખાતું આ ચિત્ર એમની હડફેટે ચઢી ગયું.



જહાંગીરના સમયનું લઘુચિત્ર જેમાં મધ્યમાં ડોડો પક્ષીનું ચિત્રણ છે

સનસનાટી પેદા થવાનું એક કારણ એ હતું કે આશરે ત્રણસો વર્ષ પૂર્વે લુપ્ત થઈ ગએલા ડોડો નામના પંખીનું એ એક રંગીન લઘુચિત્ર (miniature) હતું. અલબત્ત, તૈલરંગી આ દુર્લભ ચિત્ર પર ક્યાંય ચિત્રકારની સહી કે નામ નથી કે પછી દોર્યાની તારીખ પણ નથી, તેમ છતાંય એનો કાળ અને શૈલી જોતાં આ ચિત્ર ઉસ્તાદ મન્સૂરે દોર્યું હોવાનું નિષ્ણાતો માને છે. મન્સૂર પ્રાણીપ્રેમી મોગલ બાદશાહ જહાંગીર (૧૬૦૫-૧૬૨૭)ના દરબારનો જાણીતો ચિત્રકાર હતો. પ્રાણી અને વનસ્પતિનાં ચિત્રો દોરવાની કળામાં મન્સૂર પારંગત હતો, એટલું જ નહિ, પ્રાણીની આબેહૂબ ખાસિયતો ઉતારવામાં પણ તે માહેર હતો. એટલે ઉત્તેજના ફેલાય તેમાં નવાઈ નથી. પણ આ ઉપરાંત, બીજું પણ એક કારણ હતું.

આમ જુઓ તો, ડોડોનાં ચિત્રોની કાંઈ નવાઈ નથી. આજે તો અનેક પુસ્તકોમાં એનાં રંગીન ચિત્રો જોવા મળે છે. પણ એ બધાં માત્ર શાબ્દિક વર્ણનો પરથી યા પુરોગામી ચિત્રકારનાં ચિત્રોની નકલો માત્ર છે. પણ મન્સૂરના આ ચિત્રની વાત અલગ છે. એની વિશિષ્ટતા એ છે કે તે જીવંત ડોડોને સામે રાખીને સીધેસીધું જ - 'મોડેલિંગ' કરીને આલેખાયું છે. એક સિદ્ધહસ્ત ચિત્રકાર જીવંત નમૂના પરથી ચિત્ર દોરે ત્યારે એની વૈજ્ઞાનિક પ્રમાણિતતા ઓર વધી જાય છે. વળી, દુનિયામાં આજ સુધી સામે 'મોડેલિંગ' માટે બેસાડીને દોરેલાં ડોડોનાં ચિત્રો અલ્પ સંખ્યક જ છે - સંભવતઃ માત્ર બે જ - તેમાં આ ચિત્ર મહત્ત્વનું ઉમેરણ કરે છે.

પણ એક પ્રશ્ન એમ ને એમ ઊભો રહે છે.

જહાંગીરના પ્રકૃતિપ્રેમ અને પ્રાણીપ્રેમ અંગે બેમત નથી. અને એના આ પ્રેમની વિગતો જોઈતી હોય એમણે 'વનવગડાનાં વાસી' નામે ગ્રંથમાં સારસનાં પ્રજનનની વાત વાંચી જવી. આપણા એક ઉત્કૃષ્ટ પ્રકૃતિ-લેખક અને નખશિખ વિદ્વાન સ્વ. હરિનારાયણભાઈ આચાર્યે જહાંગીરે અમદાવાદના જ પરિસરમાં જોયેલા સારસના પ્રજનનની વાત એમાં આલેખી છે. કોઈ પણ નવું પ્રાણી જોતાં જ જહાંગીર એનું નિરીક્ષણ કરતો અને પછી એની ખસિયતો સહિત પોતાનાં 'સંસ્મરણો'માં એની અચૂક નોંધ કરતો. એ પછી પોતાના દરબારમાં મન્સૂર આદિ કલાકારોને એને ચિત્રિત કરી લેવાનું કામ સોંપતો. પણ નવાઈની વાત તો એ છે કે જહાંગીરે પોતાનાં 'સંસ્મરણો' માં ડોડો પક્ષીની યા એના ચિત્રની ક્યાંય નોંધ લીધી નથી. એટલે જીવંત ડોડો કે જેના પરથી આ લઘુચિત્ર દોરાયું તે ડોડો ક્યારે આવ્યું, ક્યાંથી આવ્યું વગેરે પ્રશ્નોની આસપાસ રહસ્ય ગૂંથાયું છે (બિચારાં ડોડો ! જોયું ? એમની આસપાસ હંમેશાં રહસ્ય વિંટળાયેલું જ રહે છે !)

આ સંબંધી એક તર્કસંગત ખુલાસો પ્રખ્યાત પ્રકૃતિવિદ્ સ્વ. સાલિમ અલીએ તથા એમના સાથીઓએ સન ૧૯૬૭માં આપ્યો છે. (આ અંગે જેને વધુ જાણકારી જોઈતી હોય તેમણે ૧૯૭૯માં પ્રસિદ્ધ થએલી સાલિમ અલીની 'Bird Study in India : its History and its Importance' નામની લઘુપુસ્તિકા વાંચવી. એક આડ વાત : એમાં પાન ૧૯ ઉપર શ્રી હરિનારાયણભાઈનો ઉલ્લેખ સાલિમ અલીએ બહુ પ્રેમપૂર્વક કર્યો છે - પંખીઓ સંબંધી પ્રાચીન સાહિત્યમાંથી માહિતી મેળવી આપવા બાબત. આ અંગે સ્પષ્ટીકરણ કરતાં સાલિમ અલી કહે છે કે જહાંગીરે ૧૬૨૪માં આ સંસ્મરણો લખવાનું બંધ કર્યું. એ પછી ત્રણેક વર્ષે તેનું અવસાન થયું. આ ત્રણ વર્ષના ગાળા દરમિયાન ડોડો એની પાસે પહોંચ્યું હોવું જોઈએ. અને એના જ કહેવાથી એ ચિત્રિત થયું હોવું જોઈએ. જીવનસંધ્યાએ બીજાં પણ મહત્ત્વનાં કામો આટોપવાનાં હોઈ આ પરત્વે થોડી ગફલત થઈ હોવાનું સ્વાભાવિક નથી.

સવાલ હજુ પણ રહે છે. આ ડોડો - જીવંત ડોડો, આવ્યું ક્યાંથી ?

એના સગડ દિલ્હીથી સુરત સુધી પહોંચે છે. ડોડોના માદરે વતન મોરેશિયસમાંથી વારતહેવારે આ પંખીઓ દેશદેશાવર નિકાસ થતાં. આવા બે ડોડો સુરત ખાતે આવેલી ઈસ્ટ ઇન્ડિયા કંપનીની ફેક્ટરીમાં રાખવામાં આવેલાં. ઈ.સ. ૧૬૨૮માં, એટલે કે જહાંગીરના મૃત્યુના ૧૧ મહિના બાદ પીટર મુન્ડી (Peter Mundy) નામના ઈતિહાસકારે સુરત ખાતે પાળવામાં આવેલા આ બે ડોડો પંખીઓની નોંધ લીધી છે.

સંભવ છે કે આ બંને ડોડો પંખીમાંથી કોઈ એકનું જ આ ચિત્ર હોય. અથવા તો એવું પણ બને કે એ જ જૂથ (બેચ)માં એક ત્રીજું ડોડો પણ આવ્યું હોય જે જહાંગીરના શોખને કારણે એને ભેટ ધરવામાં આવ્યું હોય. એ ગમે તે હોય, પણ સુરતનું આ મોંઘું નજરાણું પક્ષીવિદોમાં માનભર્યું સ્થાન ધરાવે છે. □

જ્યારે ખગોળશાસ્ત્રીઓને પંખીમાં રસ પડે છે

બુધ અને શુક્ર એ અંદરના ગ્રહો છે, મતલબ કે આ બંને ગ્રહો સૂર્ય અને પૃથ્વીની વચ્ચે આવેલા છે. આને કારણે આ ગ્રહો ક્યારેક સૂર્યબિંબની આડે આવી જઈ સૂર્યનું આંશિક ગ્રહણ કરે છે. બુધ અને શુક્ર દ્વારા થતા આવા સૂર્યગ્રહણને અધિક્રમણ (Transit) કહેવામાં આવે છે. અધિક્રમણ સમયે બુધ યા શુક્ર સૂર્યબિંબ પર કાળા ટપકાના રૂપમાં પસાર થતો દેખાય છે. આ મતો, અધિક્રમણની ઘટના જ અનોખી છે, પણ બુધની સરખામણીમાં શુક્રનાં અધિક્રમણ વિરલ ગણાય છે.

ઇ. સ. ૧૭૬૧માં બુધનું અધિક્રમણ થવાનું હતું. આનો અભ્યાસ કરવા ફ્રાન્સના ખગોળશાસ્ત્રીઓની એક ટુકડી પીઅરે-ચાર્લ્સ લ મોનિયેર (Pierre - Charles Le Monnier)ની રાહબરી નીચે રોડ્રિગોઝ ટાપુ પર પહોંચી. પણ ત્યાં ખરે સમયે જ, હવામાન બગડતાં બુધનું અધિક્રમણ દેખી ન શકાયું. હીરો ઘોઘે જઈ આવ્યો એવું મહેણું સાંભળવું એ કરતાં કોઈ પ્રકૃતિપ્રેમી ટુકડી-સભ્યને એવો વિચાર સ્ફૂર્યો કે ટાપુ પરના પેલા પ્રખ્યાત 'સૉલિટેર' પંખીનો અભ્યાસ શા માટે ન કરવો?

'એક પંથ ને દો કાજ' જેવો વિચાર તો સારો હતો, પણ પંખીનો અભ્યાસ તો બાજુએ રહ્યો, એની એક ઝલક પણ ન સાંપડી. ખરેખર ગ્રહ વાંકા થવા તે આનું જ નામ ! આ કાળે સૉલિટેર પંખીઓ ટાપુ પર હોવાં જોઈએ, કારણ કે લુપ્ત તો એ પછી ત્રીસેક વર્ષ બાદ એટલે કે ઈ. સ. ૧૭૯૧ માં ને



દક્ષિણ આકાશમાં સૉલિટેર - Turdus Solitarius નામનું તારામંડળ

થયાં. પણ જશ ઉપર જૂતિયાં જ, તે આ પંખીના કોઈ સગડ પણ ન મળ્યા. પરંતુ ટુકડીના નાયકને એક અફલાતૂન વિચાર આવ્યો કે આ સમગ્ર ઘટનાને એક મઝાનું સંભારણું બનાવી દેવી.

આકાશમાં વાસુકિ (Hydra) નામનું સહુથી મોટામાં મોટું એક તારામંડળ આવેલું છે. આ તારામંડળની પૂંછડીની ઉપર તુલારાશિ (Libra) આવેલી છે. આકાશના આ પ્રદેશમાં બાવીસેક જેટલા ઠીક ઠીક નિસ્તેજ તારાઓ આવેલા છે. તારાઓના આ સમૂહને આ પંખીનું નામ આપવાનું મૉનિયરે વિચાર્યું. સ્વદેશ પહોંચ્યા બાદ પોતાની યોજનાને અમલમાં મૂકતાં મૂકતાં પંદર વર્ષ પસાર થઈ ગયાં. ઈ.સ. ૧૭૭૬માં એણે જ તારાનકશો પ્રસિદ્ધ કર્યો એમાં વાસુકિની પૂંછડી આગળના આ તારા- ઝૂમખાનું એણે 'સૉલિટેર' એવું નામ આપ્યું. પણ ભૂલથી ચિત્ર મૂક્યું તે આ પંખીનું નહિ, પણ 'Turdus' વંશ કે ગોત્ર (Genus)માં આવેલું 'Rock Thrush' નામના પંખીનું હતું ! અને એટલે એનું નામ પણ એણે ભૂલથી 'Turdus Solitarins' એવું આપેલું. એક શુભઆરંભનો કેવો કરુણ રકાસ! પણ કમનસીબીનો આ સિલસિલો પછી ક્યારેય અટક્યો નહિ, કારણ કે થૉમસ યંગ (Thomas Young) નામના બ્રિટિશ વિજ્ઞાનીએ ૧૮૦૯માં જે તારા-નકશો બનાવ્યો એમાં આ તારામંડળને એણે 'Mocking Bird' તરીકે ઓળખાવ્યું, તો વળી એક બીજા તારાનકશામાં કોઈએ એનું 'Noctua' એટલે કે 'Night Owl' (ઘુવડ) એવું નામ પણ આપ્યું. ક્યાં સૉલિટેર અને ક્યાં એક ઘુવડ! બિચારા સૉલિટેરનું કાસળ કાઢવામાં કશી મણા ન રખાઈ.

અલબત્ત, પાછળથી આ બધાં જ નામો અને આ તારામંડળ પણ રદબાતલ કરી દેવાયાં. પણ એક સુખદ જોગ બેસી ગયો, અને સીધી રીતે નહિ તો, વંકાઈને પણ 'સૉલિટેર' નામ સચવાઈ ગયું. આ વાસુકિ તારામંડળમાં, એના અગ્રભાગે, આશ્લેષા નક્ષત્ર આવેલું છે, અને એનાથી થોડે છેટે લાલ રંગનો એક ઝાંખો તારો જોવા મળે છે. દ્વિતીય વર્ગનો આ તારો વાસુકિ તારામંડળનો મુખ્ય તારો છે. આ તારાની આસપાસ એક પણ તારો જોવા મળતો નથી. એ જાણે એકલો-અટૂલો હોય તેવો એકલપંડો દેખાય છે. આથી આરબોએ એનું નામ 'Alphard' (કે Alfard) પાડ્યું. અરબી ભાષામાં આનો અર્થ 'એકચરી' એવો થાય. આમ જોવા જાવ તો, આ નામને સૉલિટેર-પંખી સાથે કશી લેવાદેવા નથી, પણ 'સૉલિટેર'નો એક અર્થ 'એકલપંડા' યા 'એકચરી' એવો પણ થાય છે. અને એટલે જ આ તારાને આપણે 'એકાકી' એવું નામ આપ્યું છે. એનું બીજું નામ 'સર્પમણિ' પણ છે, કારણ કે જો આશ્લેષાને વાસુકિ (= નાગોનો રાજા) એ ઊંચી કરેલી ફેણ ગણીએ તો એ ફેણ સાથે સર્પમણિ જેવું નામ બંધબેસતું લાગે. 'Alphard' બરાબર 'એકલપંડો' કે 'એકાકી' અને 'એકાકી' બરાબર 'સૉલિટેર' : કેવો સુખદ અકસ્માત ! □

ડોડો અને વૃક્ષ

મોરેશિયસ અને મોહનદાસ કરમચંદ ગાંધી ! સંશોધકો માટે હજુ આજે પણ ચર્ચાનો રસપ્રદ વિષય રહ્યો છે. આત્મકથામાં ગાંધીજીએ મોરેશિયસના પ્રવાસનો ઉલ્લેખ કર્યો છે ખરો, પણ એમાં ક્યાંય સાલ લખી નથી. એ સમયે તે માત્ર મિ. એમ. કે. ગાંધી જ હતા, અને છતાંય એમના પ્રવાસનો, અમુક વિચારધારાને કારણે ઘણો વિરોધ થયો હતો. કદાચ એ પ્રવાસ બહુ સુખદ ન હતો. એક અહેવાલ અનુસાર ગાંધીજીને લઈને આવેલી સ્ટીમરમાંથી એમને ઊતરવાની મહાપરાણે મંજૂરી અપાયા બાદ ત્યાં એકઠા થયેલા ગોરાઓના ટોળાએ એમના પર હુમલો કરેલો ! મહાત્મા ગાંધી મોરેશિયસ પહેલવહેલા ક્યારે આવ્યા, કેટલોક સમય રોકાયા, ક્યાં ઉતારો કર્યો વગેરે પ્રશ્નો હજુ આજે પણ અનુત્તર જ છે અને તેથી જ ત્યાંના બુદ્ધિજીવીઓમાં ચર્ચાયા કરે છે.


ડોડો વૃક્ષ - Calvaria major

આવો જ પ્રશ્ન હિંદીના પ્રખ્યાત લેખક મુંશી પ્રેમચંદજી અંગેનો ચર્ચાનો રહે છે. પ્રેમચંદજીએ મોરેશિયસને કેંદ્રતલમાં રાખીને 'શૂદ્રા' નામે એક લઘુનવલ લખી છે, તો 'ગોદાન' (પ્રથમ આવૃત્તિ : ૧૯૩૬)માં આ ટાપુનો 'મિરચ' (મરચાંનો મુલક) તરીકે ઉલ્લેખ કર્યો છે. મોરેશિયસ તરફ પ્રેમચંદજીને આકર્ષણ કેમ છે? હિંદુસ્તાનીઓ આ દેશને 'મિરચ' કેમ કહેતા હશે? મોરેશિયસના સાહિત્યિક વર્તુળમાં આ પ્રશ્ન ઘુમરાતો રહે છે.

મોરેશિયસ, ગાંધીજી અને પ્રેમચંદજી વચ્ચેનો નાતો જો બુદ્ધિજીવીઓ માટે ચર્ચાનો વિષય છે, તો મૃત ડોડો વિજ્ઞાનીઓ માટે જીવંત રસનો વિષય છે. અને એટલે જ, એને લુપ્ત થયે ત્રણેક સદી વહી ગઈ છતાંય, આ દેશ હજુ આજે પણ 'ડોડોના દેશ' તરીકે ઓળખાય છે. બ્રિટિશકાળના શાસન દરમિયાન એટલે જ તો, સન ૧૮૧૦માં ડોડોને રાષ્ટ્ર-ચિહ્નમાં સ્થાન અપાયેલું, અને એ સિલસિલો દેશ સ્વતંત્ર થયો પછી પણ ચાલુ રહ્યો છે.

ડોડોનું સ્મરણ કરીએ એટલે આપોઆપ એક અનેરા વૃક્ષની યાદ આવે જ. અહીં - અને દુનિયામાં માત્ર અહીં જ-આ વૃક્ષ થાય છે. એનું શાસ્ત્રીય નામ તો છે : કેલ્વેરિયા મેજર' (Calvaria Major), પણ એને લાડમાં 'ડોડો ટ્રી' (ડોડો વૃક્ષ) પણ કહેવાય છે. એક કાળે મબલક પ્રમાણમાં જોવા મળતાં અને ઇમારતી લાકડું પૂરું પાડતાં આ વૃક્ષો પૈકી હવે તો માંડ

૧૩ જેટલાં જ બચ્યાં છે, અને એથી જ કદાચ દુનિયાના એક અતિ દુર્લભ વૃક્ષ તરીકે એની ગણના થાય છે. ડોડોના નિર્વંશ થવાનો માતમ મનાવતા હોય તેમ, એ લુપ્ત થયા પછી એટલે કે સન ૧૬૮૦ પછી એક પણ નવું 'ડોડો ટ્રી' ઊગ્યું નથી ! 'કેલ્વેરિયા મેજર' નામને જાણે સાર્થક કરતાં હોય તેમ, આ બધાં વૃક્ષો 'મેજર' (પુખ્ત વયનાં) તો ક્યારનાંય થઈ ગયાં છે, કારણ કે એમની સરેરાશ વય ૩૦૦ થી ૪૦૦ વર્ષની થવા જાય છે. વયોવૃદ્ધ થયાં છતાંય મઝાની વાત તો એ છે કે આ દીર્ઘજીવી વૃક્ષો હજીય ફળ તો પેદા કરે જ છે, પણ એમાંનાં બીયાં જાણે વાંઝિયાં થઈ ગયાં હોય તેમ, એમનામાંથી નવા છોડનું પ્રકટીકરણ થતું નથી. વિજ્ઞાનીઓને ભય છે કે જો કશું કરવામાં નહીં આવે તો આ વૃક્ષો પણ ડોડોના પંથે જ નિર્વંશ થઈ જશે.

ડોડોની યાદમાં ઝૂરતાં આ વૃક્ષોનું અસ્તિત્વ ઓસવાતું કેમ જતું હશે? શું ડોડો અને આ વૃક્ષ વચ્ચે કશુંક સામાન્ય હશે? શું બંને વચ્ચે સહજીવન (Symbiosis)ના કોલ-કરાર થયા હશે? આ બંને વચ્ચે કશુંક રંધાતું હોવાનું સૌપ્રથમ સંકેત કરનાર હતો અંગ્રેજ પ્રકૃતિવિદ્ જ્યોર્જ ક્લાર્ક. સન ૧૮૬૬માં એણે જે સ્થળેથી ડોડોના ઉપજીવાશ્મો (Subfossils) શોધી કાઢ્યા એ જ સ્થળે આ વૃક્ષો પણ ઊગ્યાં હોવાનું એણે નોંધ્યું છે. (આ સ્થળે આજે તો વિમાની મથક આવેલું છે) ત્યાંના બુઝુર્ગ જંગલવાસીઓ સાથેની પૂછપરછ પરથી એ એવા નિર્ણય પર આવ્યો કે આ વૃક્ષોનાં ફળો ડોડોનો મુખ્ય આહાર હોવો જોઈએ. અને એટલે જ બંને - એક મૃત, એક જીવિત - એક જ સ્થળે મળી આવ્યાં છે. તેત્રીસ વર્ષો પછી સન ૧૮૯૯માં આજ સ્થળેથી સોજિયે નામના એક અન્ય સંશોધકે પણ ડોડોનાં અસ્થિઓ શોધી કાઢ્યાં, અને ડોડો તથા આ વૃક્ષ વચ્ચેના સંબંધનો અંકોડો વધુ દૃઢ થયો. ત્યારથી આ વૃક્ષો આમજનતામાં 'ડોડો વૃક્ષ' તરીકે મશહૂર થયાં.

પણ આ સ્પષ્ટીકરણ અધૂરું છે. સામાન્ય રીતે, કોઈ ખાસ વૃક્ષ યા ઝાડ-ઝાંખરાં કે વિશિષ્ટ વનસ્પતિના નાશ સાથે એની પર નભનાર કે એની સાથે સીધી યા આડકતરી રીતે સંકળાયેલા જીવ-જંતુઓ, પંખી-પ્રાણીઓ વગેરે નાશ પામ્યાનાં ઉદાહરણો પ્રકૃતિમાં જોવા મળે છે, પણ અહીં તો ઊલટું બન્યું હતું. એક પંખીના વિનાશ સાથે એક વૃક્ષની જાતિનું પણ નિકંદન થવા બેઠું હતું ! પ્રકૃતિમાં આવા દાખલા નથી બનતા એમ તો નહિ, પણ એમની સંખ્યા ઘણી જ અલ્પ છે. તો શું 'કેલ્વેરિયા મેજર' ડોડો પર નભતા હશે?

આનો ખુલાસો સન ૧૯૭૩માં અમેરિકાની વિસ્કોન્સિન યુનિવર્સિટીના ડૉ. સ્ટેનલી ટૅમ્પલ (Stanley Temple) નામના જીવશાસ્ત્રીએ વિગતવાર આપ્યો, એટલું જ નહિ, બંને વચ્ચેના સહજીવનનો પ્રાયોગિક પુરાવો પણ આપ્યો.

આ માટે એણે બચેલાં વૃક્ષોનાં થઈને કુલ ૧૭ બી પસંદ કર્યાં. બીયાંના અવલોકન પરથી એ એવા નિર્ણય પર આવ્યો કે આ બીજ અંકુરિત થવાની ક્ષમતા ધરાવે છે ખરાં, પણ એની આસપાસનું આવરણ એટલું તો કઠણ અને જાડું છે કે જ્યારે જમીનમાં વાવવામાં આવે ત્યારે એના સખત કવચને તોડીને ફણગો પોતાની જાતે ફૂટી શકતો નથી. કોઈ પ્રાણીના ઈંડાનું કોચલું જો અત્યંત જાડું અને કઠણ હોય તો એને તોડીને બચ્ચું જેમ બહાર ન આવી શકે તેવું જ અહીં થતું હોવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, બીયાંની અંદરનો ગર્ભ યા મૂળાંકુર ફૂટી શકતો નથી અને અમુક સમય વીતી ગયા બાદ આ મૂળાંકુર પથ્થર જેવા કઠણ 'ગર્ભાશય'ની દીવાલની અંદર જ ચીમળાઈ જઈને મરી જાય છે. આમ, ગર્ભાશયની સખત દીવાલ એની કબર બની રહે છે. જો આમ થતું અટકાવવું હોય તો કોઈ પણ ભોગે ગર્ભાશયમાંથી ગર્ભની પ્રસૂતિ કરાવવી જોઈએ.

આ ફળો અને એનાં બિયાં ડોડોનો મુખ્ય આહાર હતો. આ પરથી ટૅમ્પલે વિચાર્યું કે ડોડો આ બિયાંના ગર્ભની પ્રસૂતિ કરાવનાર દાયણ કે સુયાણી તરીકે વર્તતાં હોવાં જોઈએ. મતલબ કે, ડોડોના પાચનતંત્રમાંની પેષણી યા જઠરઘંટી આ બિયાંના કડક ને જાડા આવરણને દળી નાખીને પાતળાં કરી નાખતી હશે યા એના કવચમાં ઝીણી તિરાડો પાડી દેતી હશે યા તો પછી ડોડોના જ ખાસ પ્રકારના પાચક રસો આ કવચને પોચું યા છિદ્રાળું કરી આપતાં હશે, જેથી પછી હગાર મારફત જમીન પર પડતાં, એમાંથી કાળે કરી અંકુર ફૂટી શકે.

જ્યાં સુધી ડોડોનાં કદ અને જઠરઘંટીની ક્રિયાશક્તિને લાગેવળગે છે ત્યાં સુધી દુનિયાનાં જીવંત-હયાત પંખીઓમાં એકમાત્ર ટર્કી (Turkey) જ એક એવું પંખી છે કે જે કદાચ ડોડોને વધુમાં વધુ મળતું આવે છે. એટલે પ્રયોગમાં ડોડોની અવેજીમાં ટર્કી વાપરવાનું ડૉ. ટૅમ્પલે નક્કી કર્યું. આ પ્રયોગનાં પરિણામ બહુ ઉત્સાહવર્ધક આવ્યાં. કેટલીક ટર્કીને બળજબરીથી આ બિયાં ખવડાવવામાં આવ્યાં, ત્યારે એ લાંબા સમય સુધી જઠરઘંટીમાં પડી રહ્યાં. અને અમુક કિસ્સામાં તો છ દિવસ સુધી રહ્યાં. કુલ ૧૭ બિયાંમાંથી માત્ર સાતેક પચ્યાં, જ્યારે બાકીનાં દસમાંથી થોડાં ચરક દ્વારા તો થોડાંક મોંએથી ઊલટી દ્વારા બહાર નીકળી ગયાં. આંતરડાં દ્વારા અને મોં દ્વારા બહાર કાઢી નંખાયેલાં આ દસ બિયાંને અવલોકતાં જણાયું કે, તેમનાં જાડાં, સખત પડ છોલાઈને પાતળાં થઈ ગયાં હતાં. પરિણામ ધારણા મુજબ જ આવ્યું હતું. ટૅમ્પલે આ દસે-દસ બિયાંને જમીનમાં વાવ્યાં, જેમાંથી કાળેકરી ત્રણેકમાંથી નવા અંકૂર ફૂટી નીકળ્યા !

જો આ રીતે ખાસ માવજત લેવાય તો વિનાશને આરે ઊભેલા 'કેલ્વેરિયા મેજર' નામના વૃક્ષ વડે ફરીથી મોરેશિયસને સમૃદ્ધ કરી શકાય - 'ડોડો' નહિ તો, કમ સે કમ, 'ડોડો વૃક્ષ'ના ઉછેરનો સંતોષ તો લઈ શકાય. આ દૃષ્ટિએ કેલ્વેરિયા વૃક્ષનું ભવિષ્ય ઊજળું છે. થૅંક્સ ટૂ ટૅમ્પલ અને ટર્કી !

પણ ડોડો-વૃક્ષની જેમ મોરેશિયસ ટાપુ પર જોવા મળતાં અન્ય વૃક્ષો વંશ ટકાવી રાખી શકે એટલાં નસીબદાર નથી. આવું એક વૃક્ષ, અથવા કહો કે સમગ્ર દ્વીપ પર એકમાત્ર વૃક્ષ છે : ડાયોસ્પાઈરસ (Diospyros). એનું કાળા અબનૂસ સમું, ટીંબરવાનું લાકડું બહુ ઉપયોગી હતું. પણ આજે તો માત્ર એક જ વૃક્ષ બચ્યું છે ! પણ એના ઉચ્છેદ પાછળ થોડું અલગ કારણ રહેલું છે. મુખ્ય કારણ એ છે કે આ વૃક્ષો પર થતાં ફૂલ ક્યાં તો નર હોય અથવા તો પછી માદા. એટલે કે એક વૃક્ષ માત્ર નર હોય, જ્યારે બીજું માત્ર માદા હોય. વનસ્પતિશાસ્ત્રમાં આને 'Dioccious' કહેવાય છે, જે ગ્રીકમાંથી મૂળે આવ્યો છે. 'બે અલગ ઘર હોવાં' એવો એનો અર્થ થાય. ગુજરાતીમાં આ માટે પૃથક્લિંગી યા વિભક્તલિંગી કે પછી એકલિંગાશ્રયી એવા શબ્દો પ્રયોજી શકાય. આમ, બંને સહજીવન જીવતાં હોય છે. એક વગર બીજું અધૂરું રહે. પરાગાધાન કે નિષેચન યા ફલિનીકરણ (Fertilization) માટે એકમેકની જરૂર રહે. મોરેશિયસમાં અત્યારે એકમાત્ર હયાત ડાયોસ્પાઈરસ છે, એ માદા-વૃક્ષ છે. એનું વય સો વર્ષથી ઉપર છે અને એક સદીથી એ નરની પ્રતીક્ષા કરતું એકલું-અટૂલું ઊભું છે. વિરહની આગમાં જલતા આ એકલિંગી ડાયોસ્પાઈરસને મરતું, મુરઝાતું, તડપતું જોઈ રહ્યા સિવાય આપણે કશું કરી શકીએ તેમ નથી. પેલી શિલાસ્વરૂપ અહલ્યાનો ઉદ્ધાર તો રામે કર્યો હતો, પણ આ ડાયોસ્પાઈરસબાઈનો ઉદ્ધાર કોણ કરશે? □

॥कथासरित्सागर॥

કનુભાઈ જાની

(પ્રથમ લમ્બક : છઠ્ઠો તરંગ (ચાલુ))

[પૂર્વકથા : કાણભૂતિ - ગુણાઢ્ય (માલ્યવાન) મળ્યા, ત્યારે ગુણાઢ્યે પોતાની આપવીતી શરૂ કરી : સુપ્રતિષ્ઠિતનગરનાં ત્રણ અનાથ બ્રાહ્મણ બાળકો - વત્સ, ગુલ્મ અને શ્રુતાર્થા. એમાંથી શ્રુતાર્થાનો પોતે પુત્ર. માતા શ્રુતાર્થા નાગકુમાર કીર્તિસેન સાથે ગાંધર્વવિવાહથી જોડાયેલી. એટલે પોતે બ્રાહ્મણકન્યા અને નાગપિતાનું સંતાન. જન્મ સાથે જ શાપમુક્ત થયેલાં માતા-પિતા-મામા જતાં, પોતે આપબળે જ વિદ્યા મેળવી,વતન સુપ્રતિષ્ઠાને પહોંચ્યો. પહોંચ્યો ત્યારે મરેલો ઉંદર વેચી ધનાઢ્ય થયેલા વણિકને જોયો, ને વેદજડ બ્રાહ્મણને પણ જોયો. (બન્નેની વાતો કાણભૂતિને કહી.) પછી સાતવાહન રાજાના દરબારમાં સ્થાન પામ્યો. પરણ્યો. એકવાર લટાર મારવા નીકળેલો ત્યાં ગોદાવરીતટે એક સુંદર ઉદ્યાન 'દેવીકૃતિ' નામે જોયો. એનો વૃત્તાન્ત સાંભળ્યો. સાંભળીને કહે છે :

'આશ્ચર્યે ઊભરાતો હું મારે ઘેર ગયો પછી !'
કહ્યું આવું ગુણાઢ્યે જ્યાં, પૂછે કાણભૂતિ ત્યહિં :
''સાતવાહન' એવું કાં નામ એનું પડ્યું પ્રભો ?
ત્યારે બોલ્યા ગુણાઢ્યેયે કહું એ પણ, સાંભળો :]

સાતવાહનકથા (શ્લોક ૮૮ થી ૧૬૭)

કાણભૂતિએ પૂછ્યું : "'સાતવાહન' એવું વળી નામ કેમ પડ્યું ?" ત્યારે ગુણાઢ્ય કહે : "સાંભળો, એ પણ કહું :

દીપકર્ણિ નામે એક રાજા હતો. બહુ બળિયો. એને એક હતી રાણી નામે શક્તિમતી. પ્રાણથીયે અધિક પ્યારી. (એક વાર) એ સુરતાન્તે સૂતી હતી ઉદ્યાને, ત્યારે સાપ ડસી ગયો, એ અવસાન પામી. રાજાનું તો (સમગ્ર) ચિત્ત જ એનામાં હતું. એટલે, પોતે અપુત્ર હતો છતાં, રાજાએ તો બ્રહ્મચર્યવ્રત લઈ લીધું. ત્યારે એક વાર, રાજ્યને લાયક પુત્ર (વારસ) ન હોવાનું જેને દુઃખ હતું એવા આ રાજાને ભગવાન ચન્દ્રશેખરે સ્વપ્નમાં આવીને આદેશ આપ્યો: 'જંગલમાં ફરતાં ફરતાં તું એક સિંહારૂઢ કુમારને જોઈશ; એને લઈને ઘેર જજે. એ તારો પુત્ર થશે.' પછી રાજા જાગ્યો. સ્વપ્નને સંભારીને રાજી થયો.

એક દિવસ શિકારની લગનમાં ને લગનમાં રાજા જંગલમાં દૂર દૂર સુધી નીકળી ગયો. ત્યાં મધ્યાહ્નને પદ્મસરોવરને કિનારે એ રાજાએ એક સૂર્ય જેવો પ્રતાપી બાળક જોયો સિંહારૂઢ થયેલો. એટલે રાજાએ સ્વપ્ન યાદ કરીને, સિંહપીઠેથી બાળકને ઉઠાવતાંકને સિંહને એક જ શરથી પૂરો કર્યો. કે તરત જ સિંહ એનું શરીર છોડીને પુરુષના રૂપમાં પ્રકટ થયો. એટલે રાજાએ એને પૂછ્યું : 'કહે તો, આવું દુઃખ (સિંહના અવતારનું) વળી તારે કેમ ?' એ કહે, 'રાજા ! હું (તો) યક્ષ છું. કુબેરનો મિત્ર, નામે સાત. મેં વળી એક વાર ગંગામાં સ્નાન કરતી એક ઋષિકન્યાને જોઈ. એણે મને જોયો. મારી જેમ એનેય (મારા પ્રત્યે) અનુરાગ ઉદ્ભવ્યો. એટલે પછી મેં એને ગાંધર્વવિવાહથી મારી પત્ની બનાવી દીધી. એ જાણીને ક્રોધાયમાન થયેલાં એનાં સગાંઓએ મને અને એને બન્નેને શાપ આપ્યો કે તમે,બન્ને પાપી સ્વેચ્છાચારી સિંહ (યુગલ) બનજો ! મુનિઓએ એની શાપાન્તની અવધિ એને પુત્ર થાય ત્યાં સુધીની ઠરાવી ને મારી તારું બાણ વાગે ત્યાં સુધીની. પછી તો અમે સિંહયુગલ બની ગયાં. કાળક્રમે એને ગર્ભ રહ્યો; પુત્ર અવતરતાં જ તે મૃત્યુ પામી. મેં એને અન્ય સિંહણોનાં દૂધથી ઉછેર્યો. અને આજે તો તારું બાણ વાગતાં (હવે) હું શાપથી બિલકુલ મુક્ત થઈ ગયો ! એટલે હવે આ મહાસત્ત્વશાળી બાળક હું તમને સોંપું છું, તેને સ્વીકારો. કારણ કે આજ વાત પેલા મુનિઓએ વર્ષો પહેલાં ભાખી હતી.' બોલતાં જ એ 'સાત' નામનો ગુહ્યક (યક્ષ) અન્તર્ધાન થઈ જતાં, એ રાજા પેલા બાળકને લઈને પોતાને ઘરે આવ્યો. અને 'સાત' પર એ સવાર થયેલો (સાત નામે યક્ષ એનું વાહન હતો) તેથી નામ પડ્યું 'સાતવાહન', અને સમય જતાં એને રાજ્યભાર પણ ભળાવી દીધો. પછી જ્યારે રાજા દીપકર્ણિએ (વાનપ્રસ્થાશ્રમ સ્વીકારી) વને પ્રસ્થાન કર્યું ત્યારે આ સાતવાહન સમગ્ર પૃથ્વીનો સાર્વભૌમ રાજા થયો."

પોતાની કથા આમ ગુણાઢ્યે માંડી. અને, કાણભૂતિના અનુરોધથી, બુદ્ધિમાન ગુણાઢ્યે પાછું સંભારી સંભારી કહેવા માંડ્યું :

"ત્યાં તો એક વાર વસન્તમયોત્સવે રાજા સાતવાહન (રાણીઓ સાથે) પેલા (અગાઉ જેની કથા થઈ ગઈ તે) દેવીકૃત ઉદ્યાનમાં ગયો. નન્દનમાં જાણે મહેન્દ્ર હોય તેમ ચિરકાળ સુધી વિહરતાં વિહરતાં, રાણીઓ સંગે ક્રીડાસુખ માણવા -

ઊતર્યો વાવને જળે !
હેલે હાથ ઝીંકે પાણી, છંટવે દયિતા ત્યહિં;
તે યે હાથિણીઓ શી રાજાને છંટકોરતી !
વાપીજળ વીંઝાય,
મુખ ધોવાય,
કાજળ ઊતર્યે આંખો રાતી-માતી !
ભીંજ્યે વસ્ત્રે ચીપક્યાં ઊપસ્યાં
અંગવિભાગોવાળી,
જળ-છંટાય.
વાયુ વનમાં લતા લતા પર વાય,
ઉઘાડે તિલકતિલકનાં[1] ગાત્ર.
પત્રનાં તિલકે શાં ભૂંસાય !
પુષ્પનાં આભરણો સૌ ખરે !
વાયુની જેમ જ રાજા કરે !
અહીંયે લતા લતા શી પ્રિયા પ્રિયાયે
રાજાથી છંટાય !
હવે ત્યાં હતી મહિષી એક,
ઋજુ શિરીષ પુષ્પ શી છેક,

સ્તનોને ભારે લચકે ચાલ,

કેલીથી થાકેલી એ હાલ.

જળ-છંટકોરતા રાજાને, એ (છંટકાર) ન સહી શકતાં કહે :

'મા-ઉદકે મને મારો.'

(એનું ઝડપથી સંભળાય 'મોદકે મને મારો'.)

એ સાંભળીને રાજાએ તો તરત જ એને માટે મગાવ્યા ઘણા બધા લાડુ (મોદકો). ત્યારે એ હસી પડી. ફરીને બોલી, 'રાજન ! અહીં આ જળની વચ્ચે વળી મોદકોનો તો પ્રસંગ જ ક્યાં છે ? મેં તો તમને એટલું જ કહ્યું હતું કે મને તમે ઉદકે મા છંટકોરકતા ! 'મા' શબ્દની 'ઉદક' સાથેની સંધિ ('મોદક' થાય) પણ તમે નથી જાણતા ! વળી ત્યાં એ (એક તરફથી વ્યાકરણગત એ સંધિપ્રકરણ તો બીજી તરફથી એવા પ્રસંગનું) પ્રકરણ(પ્રસ્તુતતા) પણ ન જાણો એટલા બધા શું તમને મારે મૂરખ માનવા ?!'

શબ્દશાસ્ત્રની જાણનારી એ રાણીએ રાજાને જ્યાં આમ કહ્યું અને અન્ય પરિજનો પણ જ્યાં હસી પડ્યાં કે તુરંત જ રાજા લજવાઈ પડ્યો. જલક્રીડા છોડતોકને હતપ્રભ થઈને એણે તત્ક્ષણ જ ચૂપચાપ ચાલતી પકડી, અને અવમાનના પામેલો તે, કોઈ જુએ નહિ તેમ પોતાના ભવનમાં પેસી ગયો. ચિન્તામાં જ ડૂબેલ ચિત્તે, ખાવું-પીવું યે ન સૂઝે, બોલવા-ચાલવાનું બધું છોડીને, જાણે કોઈ ચિત્રમાં ચીતરેલો ન હોય એવો (સૂમમૂન), પૂછીએ તો ": જવાબ કાંઈ જ ના વાળે એવો થઈ ગયો. 'હવે તો કાં પાંડિત્યને શરણે, કાં મરણને !' એમ મનોમન ચિન્તવે છે. શરીરે ઊંઘેય ત્યાગી છે, ને એ સન્તાપમાં જ ડૂબેલો છે. એકાએક આવી અવસ્થામાં રાજાને જોઈને સૌ પરિજનો ચકરાવામાં પડ્યા : 'આ તે છે શું ?' એમ સૌને થવા લાગ્યું. ત્યારે મેં અને શર્વવર્માએ ધીમે ધીમે બધું જાણી લીધું. પણ ત્યાં સુધીમાં તો દિવસ આથમી ગયો. 'આ સમયે રાજા બહિ અસ્વસ્થ હોય' એમ તરત વિચાર કરીને અમે રાજહંસ નામે રાજાના એક ખાસ સેવકને બોલાવ્યો. રાજાના શરીરની સ્થિતિ વિષે પૂછતાં એ બોલ્યો : 'પહેલાં મેં રાજાને ક્યારેય આવા, ચિત્ત ઉપરથી કાબૂ જ ગુમાવી બેઠેલા (દુર્મન)[૨] જોયા નથી !' અને (પછી તો) બીજી રાણીઓએ પણ કોપ કરતાં કહ્યું કે, 'પેલી...નહિ ? છે ને વિષ્ણુશક્તિરાજાની દીકરી - પેલી... પોતાને મોટી પંડિત માની બેઠી છે એ - ખોટ્ટી પંડિતડી ! એણે જ રાજાજીને ઉતારી પાડ્યા !' આવું, રાજા મન પરનો કાબૂ ગુમાવી બેઠો છે એવું, રાજસેવકને મુખે સાંભળીને, હું અને બીજો શર્વવર્મા બન્ને ઘટવટમાં પડી ગયા. વિચારવા લાગ્યા : 'રાજાને જો કોઈ (વ્યાધિ) દેહની બીમારી હોત તો તો એના ઇલાજ માટે કોઈ (વૈદ્યને) ચિકિત્સકને બોલાવત, પણ આ તો આધિ ! મનનો રોગ ! એનું કોઈ કારણ જ મળવું મુશ્કેલ. વળી રાજ્યમાં કોઈ શત્રુ પણ નથી (રહેવા દીધો); એવા કાંટાને તો મૂળમાંથી જ સાફ કરી દીધા છે. પ્રજા પણ રાજાને દિલથી ચાહે છે. ક્યાંય, કોઈ જ હરકત દેખાતી નથી ! તો પછી રાજાને આવડો મોટો ખેદ એકાએક શાનો ? આવું અમે ચર્ચતા હતા ત્યારે બુદ્ધિમાન શર્વવર્માએ આમ કહ્યું : "હું જાણું ને કારણ ! આ રાજાને (પોતાની) મૂર્ખતાનો જ અનુતાપ છે. 'હું મૂર્ખ છું' એ જ મનમાં (બસ) (ઠસ્યું) છે. એ સદૈવ પાંડિત્ય-પ્રાપ્તિને ઝંખે છે. મને તો પહેલેથી આની ખબર છે. મનમાં પહેલેથી આ ઇચ્છા તો હતી જ; એમાં રાણીએ આ ટોણો માર્યો, એનું નિમિત્ત મળ્યું એમ મેં સાંભળ્યું છે."

અન્યોઅન્ય[3] ચર્ચાવિચારમાં આમ રાત પસાર કરી. બીજે દિવસે પ્રભાતમાં અમે બેઉ રાજાને નિવાસે પહોંચ્યા. ત્યાં અમને રોકવાનો પ્રયત્ન તો ઘણાએ કર્યો, પણ ગમે તેમ કરીને હું તો અંદર પહોંચી ગયો. મારી પાછળ ધીમે ધીમે શર્વવર્મા પણ સરકી આવ્યા. રાજાની પાસે બેસી, રાજાને મેં નિવેદન કર્યું : 'મહારાજ ! અકારણ આમ સૂનમૂન કેમ થઈ ગયા છો ?' સાંભળીને પણ, રાજા સાતવાહન તો હતા તેમના તેમ મૂંગા જ રહ્યા ! ત્યારે શર્વવર્માએ આ અદ્ભુત વાત કરી : "'ક્યારેક હું બહુશ્રુત થાઉં'[૪] એવું પહેલાં આપે મને કહેલું. એટલે હમણાં મેં રાત્રે 'સ્વપ્નમાણવક'[૫] આવે એવું ગોઠવ્યું. તો, આજ મેં સ્વપ્નમાં જોયું ! નભથી સર્યું એક કમળ, ક્રૌં એક દેવી કુમારે પ્રફુલ્લિત કર્યું, કે એમાંથી પ્રકટી એક દિવ્યા સ્ત્રી, શ્વેતવસ્ત્રાવૃતા; અને તુરત જ, મહારાજ, એ આપને મુખે પ્રવેશી ! એવું જોઈને હું સહસા જાગ્યો. ખાતરી થઈ કે એ તો દેવી સરસ્વતી ! સાક્ષાત્ ! આપને મુખ સંચર્યાં ! એમાં ના કોઈ સંશય." શર્વવર્માએ (પોતાના) સ્વપ્નની આ વાત કહી કે તત્ક્ષણ રાજાનું મૌન આથમ્યું ![૬] ઉત્તેજિત[૭] થઈ રાજા સાતવાહન મને કહે : 'માણસને જો બરાબર મહેનતપૂર્વક ભણાવાય તો, કેટલા સમયમાં પાંડિત્ય મેળવે એ તમે મને કહો તો ! મને એના વિનાની આ રાજ્યસમૃદ્ધિમાં કોઈ રસ નથી. મૂર્ખને વૈભવો કેવાં ! એ તો જાણે કાષ્ઠ પરનાં[૮] આભરણો !

ત્યારે મેં કહ્યું : 'રાજન્, સર્વ વિદ્યાનું પ્રવેશદ્વાર (મુખ) ગણાય વ્યાકરણ. માણસ એ બારેક વર્ષે શીખી શકે. પણ પ્રભુ, હું તમને એ છ વરસમાં શીખવું.' એ સાંભળીને, કાંઈક ઈર્ષ્યાથી, તરત જ શર્વવર્મા કહે : 'આ સુખમાં રહેનાર જણ વળી આટલો લાંબો ગાળો કાપે શી રીતે ? દેવ, હું તો તમને એ (વ્યાકરણ) છ જ માસમાં શિખવાડી દઉં.' ત્યારે આ અસંભાવ્ય વાત સાંભળીને મેં રોષથી તને કહ્યું : 'તું જો છ જ માસમાં આ (વ્યાકરણ) દેવને શિખવી શકે તો તો, જા, સંસ્કૃત પ્રાકૃત અને સામાન્ય વ્યવહારમાં વપરાય છે તે દેશભાષા ત્રણેય મારે કાયમ માટે છોડી દેવી-જો કોઈ માણસથી આવું સમ્ભવિત હોય તો.[૯] તરત જ શર્વવર્મા બોલી ઊઠ્યો : 'જો હું આ ન કરી શકું તો, (જા), આ તારી પાદુકા મારે બાર વરસ સુધી માથે રાખવી !' એમ કહી, એ ચાલ્યો ગયો. પછી હું પણ મારે ઘેર ગયો.

બન્નેથી પોતાનું કામ તો હવે પાર પડવાનું જ છે. એમ માનીને રાજા હળવો (આશ્વસ્ત) થઈ ગયો. પણ પોતાની પ્રતિજ્ઞા ઘણી જ કપરી છે એ જોઈને, વ્યાકુળ બનેલા અને પસ્તાતા શર્વવર્માએ બધી જ વાત પોતાની પત્નીને કહી. સાંભળીને એ પણ દુ:ખી થઈ. કહે, 'પ્રભુ, તમારા આ સંકટમાં તો સ્વામી કાર્તિકેય સિવાયની બીજી કોઈ ગતિ દેખાતી નથી.' 'હા, એમ જ છે,' એમ નિશ્ચય કરી, રાતને પાછલે પહોરે, ખાવા-પીવાનું બધું છોડીને ત્યાં (કાર્તિકેય મંદિરે) જવા એ ચાલી નીકળ્યો.

ગુપ્તચરને મોઢેથી આ વાત જાણીને મેં સવારે રાજાને કહી. રાજા પણ એ સાંભળીને, 'હવે શું થશે' એમ ચિન્તામાં પડ્યો. ત્યારે સિંહગુપ્ત નામે એક રાજાનો હિતેચ્છુ રાજકુમાર, કહે : "પ્રભુ ! આપને ખિન્ન જોઈને મને બહુ જ નિર્વેદ વ્યાપ્યો અને આપના શ્રેયને માટે હું ચંડિકાને મારું શિર ચડાવવા નગરબહારને મંદિરે ગયો ને જેવો મસ્તક છેદવા ગયો કે એક આકાશવાણીએ મને વારતાં કહ્યું : 'મા કર આવું ! રાજની ઇચ્છા પૂરી થશે જ.' એટલે 'આમાં હવે આપની સિદ્ધિ નિશ્ચિત જ' એમ કહીને રાજાની વિદાય લઈને સિંહગુપ્તે સત્વરે શર્વવર્માની પાછળ બે ગુપ્તચરો રવાના કર્યા. શર્વવર્મા પણ કેવળ વાયુ ભક્ષીને, મૌન ધારણ કરીને, દૃઢતાપૂર્વક, આખરે સ્વામી કુમારને સ્થાનકે પહોંચ્યો.

શરીરનીયે ખેવના મૂકી માંડેલા તપથી ત્યાં પ્રસન્ન થયેલા કાર્તિકેયે એને મનવાંછિત ફળ આપ્યું. સિંહગુપ્તે મોકલેલા ગુપ્તચરોએ આવીને

શર્વવર્માના ઉદયની આ વાત રાજા સમક્ષ નિવેદિત કરી. એ સાંભળીને, મેઘને જોઈને જેમ હંસ-ચાતકને થાય છે તેમ મને અને રાજાને બન્નેને અનુક્રમે વિષાદ-આનંદ બેઉ થયાં ![10]

પછી તો કાર્તિકેયના વરદાને (વિદ્યાની) સિદ્ધિ પામેલા શર્વવર્માએ આવીને, વિચારતાં જ તરત હાજર થઈ જતી બધી જ વિદ્યાઓ રાજાને આપી. રાજા સાતવાહનને પણ એ વિદ્યાઓ સ્મરણમાત્રે તત્ક્ષણ પ્રકટતી થઈ. પરમેશ્વરની કૃપા શું ન કરી શકે ? પછી તો રાજાને સર્વ વિદ્યાઓ સુલભ બન્યાનું સાંભળીને આનંદિત થયેલા એ સમગ્ર રાજ્યમાં જાણે કોઈક મોટો ઉત્સવ થઈ રહ્યો.

કંઈ પવનઝકોરે તત્ક્ષણોલ્લાસભેર,
ઘર ઘર વસતી શી નૃત્યુ માંડે પતાકા ![11]

માત્ર રાજામહારાજાને જ લાયક એવાં રત્નોનો સંગ્રહ ધરી દઈને રાજાએ ગુરુનું પૂજન કર્યું. નમ્રતાથી પગે પડ્યો, અને નર્મદાતટે આવેલા 'ભરુકચ્છ'[12] નામના પ્રદેશનો એને રાજા સ્થાપ્યો. (વળી,) જેણે ગુપ્તચરો દ્વારા શર્વવર્માને છ મુખવાળા ભગવાન કાર્તિકેય ત્રૂઠ્યાના સમાચાર રાજાને મોઢામોઢ પહેલ-વહેલા પહોંચાડ્યા હતા ને જેથી રાજા પૂરેપૂરો સંતોષ પામ્યો હતો તે સિંહગુપ્તને પણ રાજાએ રિદ્ધિસિદ્ધિમાં પોતાના જેવો જ બનાવી દીધો. અને પોતાની વિદ્યાપ્રાપ્તિમાં મૂળ કારણભૂત બનેલી, રાજા વિષ્ણુશક્તિની પુત્રી, પોતાની રાણી, તેને પણ સૌ રાણીઓમાં સર્વોપરિપદ આપીને પોતે જ પ્રેમથી ભીંજવી દીધી ! (૧૬૭)

આવો છે
મહાકવિશ્રી સોમદેવભટ્ટ વિરચિત
કથાસરિત્સાગરના કથાપીઠ લમ્બકમાંનો છઠ્ઠો તરંગ

પાદટીપ :

૧. 'તિલક'નો અહીં અર્થ થાય 'સુંદર પુષ્પોવાળું એક વૃક્ષ'. 'માલવિકાગ્નિમિત્ર'માં (૩.૫) પણ છે : 'આક્રાન્તા તિલકક્રિયાપિ તિલકૈર્લીનદ્વિરેફાંજનૈઃ'.
'રઘુવંશ'માં (૯.૪૧) છે :
'ન ખલુ શોભયતિ સ્મ વનસ્થલીં
ન તિલકસ્તિલકઃ પ્રમદામિવ'
આ કયું વૃક્ષ હશે ? કોઈ જાણકાર કહે.
'તિલક' શબ્દ કોઈ શબ્દને અંતે લગાડેલા પ્રત્યયની જેમ આવે તો અર્થ થાય '-થી શોભતું', 'શ્રેષ્ઠ', 'મુખ્ય' કે 'પ્રધાન', '-થી અલગ પડી જતું.'

૨. મનની આવી સ્થિતિના રોગને કહે છે 'ડિપ્રેશન'; એને માટે સંસ્કૃતમાં વપરાતો આ શબ્દ સારો છે 'દુર્મનઃ'.

૩. 'અન્યોઅન્ય' જેવામાં બોલચાલમાં આ બીજો 'અ' અનુચ્ચરિત રહે છે. એટલે કાં તો ન લખીએ, કાં સંસ્કૃતનું અવગ્રહચિહ્ન મૂકીએ, કાં હલન્તચિહ્ન મૂકીએ.

૪. મૂળ પ્રમાણે 'બહુશ્રુતતા મારી હો !'

૫. માણવક : પેન્ઝર-ટૉનીમાં છે 'Thinking upon that, I employed last night a charm to produce a dream.' ગઈ રાત્રે મેં મને સ્વપ્ન આવે, એવું માન્ત્રિક શક્તિથી ગોઠવ્યું.' આમાં 'માન્ત્રિક શક્તિથી' એ વધારાનો તર્ક છે. (કેવી રીતે કર્યું ? તો કે મંત્રશક્તિથી.) સંસ્કૃતમાં 'માણવક' એટલે 'પંડિત' એવો અર્થ છે. (આપ્ટે, સં. અં. ડિ., ૧૯૬૫; પૃ. ૪૩૩) હિન્દી ભાષાન્તર તો તદ્દન ખોટું છે : 'રાજન્ ! આપને કભી મુઝ સે સુના હોગા ! મૈંને પહલે ભી આપસે કહા હૈ. અતઃ આજ સ્વપ્નમાણવક બનાયા' એ તો અસંબદ્ધ છે ! વળી, એમાં 'સ્વપ્નમાણવક'નો અર્થ તો સ્પષ્ટ થતો જ નથી !

૬. સરસ પ્રયોગ છે મૂળમાં 'રાજા થયો અસ્તમૌનઃ'.

૭. 'સાકૂત'. 'સ્મિત' એવું હિન્દી ભાષાન્તર બરાબર નથી. 'આકૂત' એટલે 'તીવ્ર ભાવ' કે 'ઊંડી લાગણી' (આપ્ટે, ૭૪) 'ઉત્તરરામચરિત'માં (૫.૩૬) છે. 'ચૂડામંડલબંધનં તરલયાત્યાકૂતજો વેપથુઃ'. 'સાકૂત' એમ નાટ્યસૂચિમાં (નટના માર્ગદર્શનાર્થે) જણાવાય છે. એટલે અહીં કર્યું છે 'ઉત્તેજિત.'

૮. ટૉનીનું અર્થઘટન સરસ છે. (હિન્દી પંડિતે એ કેમ નહિ જોયું હોય ?) : 'Like ornaments on a log of wood' સપ્તમીના અર્થમાં ષષ્ઠીનો પ્રયોગ સહજ છે. આજે પણ આપણે કરીએ છીએ. 'કાષ્ઠસ્યાભરણૈરિવ' 'લાકડાનાં જાણે આભરણો' એમ પણ થઈ શકે; પણ એમાં 'કાષ્ઠત્વ', એટલે કે મૂઢત્વ, 'આભરણો'ને જાય છે, લક્ષ્મીને જાય છે, રાજાને નહિ ! એટલે આખો પ્રયોગ જ નિરર્થક ઠરે. રાજા અહીં આ પોતા માટે વાપરે છે.

૯. 'યન્મનુષ્યેષુ સમ્ભવેત્' એને દેશભાષાના વિશેષણ તરીકે ટૉની અને કેદારનાથ બન્નેએ લીધું છે; જે રીતે એ છેલ્લે આવે છે તે રીતે મને એ યથાર્થ નથી લાગતું. દેશભાષા 'જે મનુષ્યોમાં સંભવતી હતી' - એમ આ બન્ને વિદ્વાનો પ્રમાણે લેતાં 'સંભવતી'નો 'પ્રચલિત' એવો અર્થ કરવો પડે એ બીજી મુશ્કેલી. અર્થ સ્પષ્ટ જ છે : 'જો મનુષ્યોથી આ સંભવિત હોય તો - એટલે કે માનવો માટે આ અસંભવિત છે. અહીં 'આ' એટલે 'છ માસમાં વ્યાકરણશિક્ષણ'.

૧૦. ચાતકને તો એ જ ચારો વર્ષાજળ, એ તો વર્ષાને જ ઝંખે, એ જ એનું જીવન; જ્યારે હંસને તો વર્ષા પહેલાં પહોંચવાનું હોય હિમાલયની છેક પેલે પાર માનસરોવરે ! એને તો વર્ષા કાળ જેવી લાગે. વળી મોતી એનો ચારો. એટલે ચાતક મેઘથી હરખાય ત્યારે હંસ ખિન્ન થાય, એવી પરંપરાગત જનકલ્પના છે.

૧૧. સંસ્કૃતને સમાસની સગવડ હોવાથી ક્યારેક આખું એક કાવ્યત્વમય ચિત્ર એક જ સામાસિક શબ્દે ઊતરી આવે છે. અહીં ૧૬૫મા શ્લોકનો ઉત્તરાર્ધ આવો છે :

'અપિ પવનવિધૂતાત્તક્ષણોલ્લાસમાનાઃ
પ્રતિવસતિ પતાકા બદ્ધનૃત્તા ઈવાસન્.'

આમાં 'ઉલ્લાસમાના'માંના 'લાસ્ય'ની વધારાની અર્થચ્છાયા, 'બદ્ધનૃત્તા'માં હકીકતે ધજા તો બાંધેલી જ હોય છે. તે વ્યવહારની અર્થચ્છાયા, એનો જ કાવ્યત્વભર્યો ઉપયોગ, સાથેસાથે 'નૃત્યમાં જ રત કે રાચતી એવી પતાકા' એવી પણ અર્થચ્છાયા, પ્રત્યેક ઘરે પોતે પોતાનો ઉલ્લાસ જાણે આમ લહેરાતો કર્યો છે એ ભાવ, આમ ઘણુંઘણું વ્યંગ્ય અનુવાદે ન ઊતરે ! મેં વાંચેલાં ત્રણેય અનુવાદો (હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી) કાવ્યને નથી પકડી શક્યા, નથી ઉતારી શક્યા; ને અહીં પણ 'લાસ્યાદિ', મૂળમાં કાંઈક શ્લેષથી આવતું, એવું ઘણું નથી જ ઉતારી શકાયું. અનુવાદકની મર્યાદા ઉપરાન્ત મૂળ ભાષા ને અનુવાદની ભાષા બન્નેના સ્વરૂપભેદે કેટલુંક અનુવાદે અસંભવિત જ રહેવાનું ! આ ખંડમાં વાર્તાનું નહિ, વર્ણન કથાકારનું કવિત્વ પ્રયોજાયું છે. આવા ખંડો ક્યાંક ક્યાંક આવી જાય છે. એક સળંગ એકધારી શૈલીમાં લખાયેલી આ કથા નથી.

૧૨. ભરૂચ.

મારા સાહેબ

'કાકા, આ સામેથી આવે છે તે કોણ છે?' એક છોકરો એના બાપાને પૂછી રહ્યો છે. એ સાંભળીને મને અત્યંત દુ:ખ થાય છે, કારણ કે, મારા વતનમાં, મારી જનમ ભોમકામાં હું જ અપરિચિત? કેવી વેદના છે આ? પણ સાચી વાત છે, આજે માદરે વતનથી વીસ વર્ષ જેટલો દૂર હું ફેંકાઈ ગયો છું. પછી નવી પેઢી માટે તો અજાણ્યો જ હોઉં ને?

બેસતા વર્ષના દિવસે વતનમાં જવાનું થાય છે. આમ તો નોકરીની સાથે જાહેર જીવનમાં વણાયેલા હોવાથી સમય રહેતો નથી, પણ નવા વર્ષ નિમિત્તે એકાદ દિવસ જૂનું નવું કરવાનો સમય લેવાય છે.

ગામડા ગામનું નવું વર્ષ એટલે ભેટીને મળવાનો લ્હાવો. ગામમાં બધાં વહેલાં જાગે, ઘરમાંથી આળસ કાઢે, ખુલ્લા બાથરૂમમાં બે લોટા પાણી રેડી લે અને ખંગોળિયું ખાઈને, ઘરમાંથી ઘી અને રૂની દિવેટ બનાવીને પહોંચી જાય મંદિરે મંદિરે!

અમારા ગામમાં ઝયણી (નૂતન વર્ષાભિનંદનની પદ્ધતિ) રાતની કરવાની. દિવસે મળે તો 'એ...રાંમ...રાંમ...' એવું કહેતા જાય, પણ મળવાનું તો રાતે જ! આખા વર્ષનાં વેર-ઝેર, લડાઈ-ઝઘડા કે કંઈ મનદુ:ખ હોય તો એ બધું જ ખંખેરી નાખે.

ખાટલામાં બેઠાંબેઠાં મેં બધા જ ચહેરાઓ ઉપર નજર કરી. બધા જ ચહેરા મને તો પરિચિત હતા, માત્ર પરિવર્તન આવ્યું હતું, સમયના કારણે; કેટલાક ચહેરાઓમાં!

મારી નજર ખાટલાઓને ઠેકીને પેલે પાર પહોંચી. આઠ-દસ જણ ટોળે વળીને નીચે બેઠા હતા. એ હતા ગામના હરિજન-આગેવાનો! મેં એમના પર નજર કરી, એ જ સુકાઈને કાળા પડી ગયેલા ચહેરા, વાત કરે કે હસે ત્યારે સફેદ દેખાતા દાંત! 'મા-બાપ...ખમ્મા ઘણી....' કહેતા હાથ જોડીને આપણને મળતા એ જ ચહેરા! આપણા ભાંડુઓના ચહેરા...આઝાદીના ચહેરા....

એમાં એક ચહેરા ઉપર મારી નજર સ્થિર થઈ. ધોળા થઈ ગયેલા વાળ, મોઢામાંથી પડી ગયેલા દાંત, બેસી ગયેલા ગાલ, સહેજ ઊંડી ઊતરી ગયેલી આંખો અને કાળો પડી ગયેલો ચહેરો! મેં ધ્યાનથી જોયું તો એ ચહેરામાં ભારોભાર પરિચિતતા જણાઈ. એ ચહેરા સાથેનો કોઈ સંબંધ જોડાતો હતો - ભૂતકાળ બેઠો થઈને સામે આવતો હોય, એમ લાગ્યું!

છતાંય, મેં મારા સાથીદારને પૂછ્યું, 'પેલી બાજુ, સહેજ જમણી તરફ બેઠેલા છે, તે કોણ?'

'તું મને ઓળખતો નથી?' મારા સાથીદારને પણ આશ્ચર્ય થયું. કારણ કે, અમે સહાધ્યાયી હતા. એટલે એણે ટોણો માર્યો : 'પટેલ પરગાંમ જ્યા એટલે ભેંસોના ખીલા ભૂલી જ્યા!'

'તારી વાત સાચી છે. પણ એમને નથી ઓળખ્યા એ પણ એટલું જ સાચું છે.' મેં એને હસતાંહસતાં કહ્યું.

— કિશોરસિંહ સોલંકી —

'અલ્યા, એ તો આપણા ગુરુજી છે!' એણે સહેજ કટાક્ષમાં કહ્યું, તે મેં નોંધ્યું. પણ હું હસીને બોલ્યો : 'ગુરુજી?'

'હા, ખેમચંદભાઈ...' માથું હલાવતાં લ્હેકાથી બોલ્યો. ત્યારે એની બાજુમાં બેઠેલાએ પૂછ્યું : 'શ્યું સે ખેમચંદનું?'

'એ તો આ આપણો પરદેશી ભૈ પૂછે સે કે, પેલો આદમી કુણ સે, એટલે ઈયાંનં ઓળખાવું સું?' એણે કટાક્ષમાં જ કહ્યું.

'અલ્યા, તું નથ ઓળખતો? ખેમો વણકર!' એમણે પણ ટાપસી પૂરી.

એક જબરજસ્ત ધક્કો વાગ્યો હતો મને!

હું હડસેલાઈ ગયો પાંત્રીસ વર્ષ પહેલાંના સમયમાં!

અમારી શાળામાં માત્ર બે જ ઓરડા હતા - સાત ધોરણ અને પાંચ શિક્ષક! અમારે બેસવાની જગ્યા તે લીમડાનો શીતળ છાંયડો! લીમડાના થડની આજુબાજુ માટીથી લેપીને અમે ચોતરો બનાવેલો અને એના ઉપર કાળું પાટિયું રાખતા. એની બાજુમાં સાહેબની ખુરશી હોય અને હાથમાં હોય દંડો!

સ્વરાજ્ય મળ્યાને થોડાં વર્ષ થયેલાં એટલે આજના શિક્ષણ જેવું રેઢિયાળ તંત્ર ત્યારે નહોતું. ઘણી સચ્ચાઈ, ધગશ અને નૈતિકતા શિક્ષકોમાં જોવા મળતાં.

ખાદીનું, ગળી કરેલું પહેરણ-લેંઘો અને માથે સફેદ ટોપી! પહેરણના ઉપરના ખીસામાં ડોકાતી પેન અને માથા ઉપરની ટોપીની ચાંચ! બધું જ ગડી વાળીને, લોટામાં કે તપેલીમાં દેવતાના અંગારા ભરીને ઇસ્ત્રી કર્યું હોય, તેવું! પગમાં ડાહ્યા મોચીએ સીવેલાં ચામડાનાં લઘડા જેવાં ચંપલ ! એ બીજા કોઈ નહિ પણ આ જ ખેમચંદભાઈ માસ્તર!

સ્વરાજ મળ્યું હતું - આભડછેટ ટળી નહોતી! ખેચમંદભાઈ પાસે પોતાનાં છોકરાં ભણે તો કેટલાકને કચવાટ પણ થાય : શું કરે? છૂટકો પણ નહોતો. છાંટ નાખીને ઘરમાં પ્રવેશ આપે છે અને પછી ઘરમાં સોનાવરણી છાંટે છે!

મારી આંખો સામે આવીને ઊભું છે એક દૃશ્ય :

એક નાનકડું બાળક છે, એની ચડ્ડી ફાટી ગયેલી છે, પાછળ થીગડાં મારેલાં છે અને કમ્મરમાંથી નીચે ઊતરી જાય છે, તે એક હાથે પકડી રહ્યું છે. એનું ફાટેલું પહેરણ પણ માટીમાં આળોટવાના કારણે ગંદું થઈ ગયેલું છે. તે બાળક, સાહેબને સ્લેટમાં લખેલું બતાવવા માટે ઊભું છે.

સાહેબ એની સ્લેટ હાથમાં લે છે અને પછી બાળકની સામે જુએ છે. થોડી વાર ટગરટગર તાકી રહે છે અને પછી પ્રેમથી બોલે છે : 'તારા અક્ષર બરાબર નથી. અક્ષર તો મોતીના દાણા જેવા હોવા જોઈએ.'

'સાયેબ...ઘણોય મથું છું પણ હારા આવતા નથ.' બાળક જવાબ આપેછે.

'તારે અક્ષર સુધારવા છે?' સાહેબ પૂછે છે.

(અનુસંધાન પૃ. ૪૮૧ ઉપર)

પ્રીતિ સેનગુપ્તાની પ્રવાસગાથા [૩]

ભૂમધ્યને બે કાંઠે

આધુનિક ઇટાલીમાં પણ એમ તો ઘણું છે કે જે પ્રશસ્ય છે - જેમ કે, ત્યાંની મદિરા, ફેશન અને ફર્નિચર માટેનાં ત્યાંનાં કલ્પન, વગેરે. પણ મુખ્યત્વે ઇટાલી એટલે અતીતનું ઉપાખ્યાન, જેનાથી સ્વાભાવિક રીતે બધાં મુગ્ધ છે. ત્યાંની ઇમારતો ઇતિહાસને મૂર્તિમંત કરે છે, ત્યાનાં શિલ્પો અને સ્થાપત્યોમાં હજી ત્યાંની પ્રાચીન કલા-પ્રતિભા શ્વસે છે, ત્યાંનું સાહિત્ય અમર્ત્ય અક્ષરે લખાયેલું છે. આજે પણ ઇટાલીમાં એના ગત ગૌરવનું પ્રતિબિંબ સર્વત્ર ઉપસ્થિત થતું રહે છે. દાખલા તરીકે, અલબત્ત, એનાં સુવર્ણ ત્રિ-પુઃ રોમ, ફ્લોરેન્સ, વેનિસ. આશ્ચર્યસભર સિસિલી. વિખ્યાત નેપલ્સ અને કાપ્રી. ગતિશીલ મિલાન. અનેક કળા-નગરો સિએના, પિસા, વિચેન્ઝા, આસિસિ, બેર્ગામો... ઉત્તરમાં હિમાચ્છાદિત આલ્પ્સ; માજ્યોરે, કોમો, ગાર્દા જેવાં સરોવર; પશ્ચિમે મેડિટરેનિયન, પૂર્વે એડ્રિયાટિક સાગરો, અને આખા દેશની કરોડરજ્જુ જેવા આપ્પેનાઈન પર્વતો. ભૌગોલિક વૈવિધ્ય અને ઇતિહાસ-વિષયક એકસૂત્રતા.

વીસમી સદીની શરૂઆતથી આપખુદ નેતા મુસોલિની અને વિશ્વ-યુદ્ધોથી ખાસ્સાં નારાજ થયા પછી ૧૯૪૮માં ઇટાલીમાં લોકશાહી તંત્ર સ્થપાયું. સદીઓ સુધી ત્યાંનાં સમર્થ, શ્રીમંત અને શક્તિશાળી કુટુંબો - બાર્બેરિની, મેડિચી, એસ્તે, વિસ્કોન્તી વગેરે - માં જેમ વેર અને પ્રતિસ્પર્ધા ચાલતાં જ રહ્યાં હતાં, તેમ અત્યારે ઇટાલીની વિભિન્ન રાજકારણીય મંડળીઓ વચ્ચે પણ સત્તા માટેની ખેંચતાણ ચાલ્યા જ કરે છે.

અનેક ક્ષેત્રો અને ગ્રામોમાંથી સુબદ્ધ થયેલા આ દેશનું પ્રજાસત્તાક તંત્ર વીસ વિભિન્ન રાજ્યોમાં વિભાજિત છે, જેમાંનાં કેટલાંયે વિખ્યાત છે : લેટિયમ (રોમ), લોમ્બાર્ડી (મિલાન), કમ્પાન્યા (નેપલ્સ), ટસ્કાની (ફ્લોરેન્સ), વેનેતો (વેનિસ), ઉમ્બ્રિયા (પેરુજિઆ) ઇત્યાદિ. વળી, એમાં કુલ ૯૪ જિલ્લા છે અને ૮૦૦૦ જેટલાં પરગણાં છે. સાચેસાચ હજારો જોવા જેવાં સ્થાન છે, ને એ દરેકમાં વળી અગણ્ય કળા-સામગ્રી મોજૂદ છે. ક્યાં જવું ને ક્યાં નહિ, શું જોવું ને શું નહિ! એક મહિનો એ એક જ દેશમાં ફરી, પણ છતાં એટલી બધી જગ્યાએ જવાનું બાકી રહી ગયું કે, એ બાકી રહી ગયેલાનો ઉલ્લેખ કરતાં જીવ બળે છે, ને સંકોચ થાય છે!

જે જગ્યા ઇટાલીના પહેલા પ્રવાસ વખતે રહી ગઈ હતી, ને આ વખતે જ્યાં સૌથી પહેલાં જવું હતું, તે જગ્યા એટલે સિસિલી. જગ્યા શું, એ એક મોટો વિભાગ છે. એમાં વળી કેટલીયે જગ્યાઓ જોવાની.

સિસિલી 'માફિઆ' કહેવાતા, ગુના અને દુષ્કૃત્યોમાં સંડોવાયેલા, કઠોર, સબળ, ભયજનક લોકોને કારણે કુખ્યાત છે. સરકાર ફક્ત નામની, બધી સત્તા અગ્રણી માફિઆ (Mafia)ના હાથમાં. એમની જુદી જુદી ટોળકીઓ 'કુટુંબ'ના નામે ઓળખાય, દરેક કુટુંબનો વડો 'ડોન' - લગભગ 'શ્રીમાન'ના અર્થમાં - તરીકે સંબોધાય. આ ડોનના હુકમ નહિ પાળનારા ક્યાં તો કડક શિક્ષા પામે, ક્યાં તો મોત - બંને ખૂબ ક્રૂર રીતે.



સિસિલીમાં આગ્રિજેન્તો ગામની એક શેરી

આમ જુઓ તો માફિઆને વળી મારી સાથે શું હોય? એક સામાન્ય, બિનનોંધપાત્ર પ્રવાસી. પણ વર્ષોથી અહીં અમેરિકામાં સાંભળતાં આવેલાં કે સિસિલીમાં માફિઆનો ખૂબ ત્રાસ હોય છે, અને પ્રવાસીઓ પણ પૈસા, સરસામાન વગેરેની ચોરીથી હેરાન થતાં હોય છે. મનમાં એવું જ ચિત્ર ઊભું થતું આવેલું કે સિસિલીનો દર ત્રીજો માણસ માફિઆમાંનો છે, ને ત્યાં તો એકલાં જવાય જ નહિ. જવું તો હતું જ, ને ગઈ પણ ખરી.

સિસિલી ઉપરાંત ઇટાલીના બીજા ભાગો માટે પણ જાતજાતની વાતો સાંભળેલી - જેમ કે, ઇટાલી પરનું દરેક પ્રવાસ-પુસ્તક ભારપૂર્વક ચેતવે છે કે અગત્યના કાગળ, પૈસા, કેમેરા વગેરે ચીજોને ખૂબ સભાનતાપૂર્વક સાચવવી. ખભા પર લટકાવેલી થેલી કે કેમેરા મોટરસાઇકલ પર ફરતા ચોર ઝડપથી ખેંચી કે કાપી લઈ જઈ શકે છે. રસ્તામાં આ જ માટે ફરતાં જિપ્સીનાં ટોળાં સિફતથી અને શીઘ્રતાથી ખિસ્સાં કે બેગમાંથી પાકીટ તફડાવી જાય છે. સસ્તી, નાની હોટેલના ઓરડાનાં તાળાં તોડીને પણ ચોરી થતી હોય છે. આવા ઘણા બનાવો વર્ણવતા પ્રવાસીઓના પત્રો પણ છાપામાં વાંચેલા.

ઇટાલી માટે, આથી, ઉત્સાહ તથા ઉત્કંઠા ઉપરાંત સંદેહ અને અનિશ્ચિતતા પણ હતાં. કામની કોઈ ચીજ મારે ગુમાવવી ન હતી, કોઈ પણ રીતે હેરાન થવું ન હતું, ને મનને દુઃખી થવા દેવું ન હતું. તેથી પહેલી વાર

આ નવી જાતના હુમલાઓ માટે હું સજ્જ થઈ. પાસપોર્ટ, ટિકિટ ને પૈસા વગેરે રાખવા કમ્મરે બાંધવાનું એક પાકીટ ખરીદ્યું. અને આખો મહિનો એને પેટે બાંધીને ફરી. કેમેરા-બેગ તો હતી જ, એના પ્રત્યે વધારે સાવધાન રહી. રોમમાં એક દિવસ કોલિઝિયમ પાસે બેઠી હતી, ત્યારે એક અંગ્રેજ યુવક પાસે આવ્યો, ને મને પૂછ્યું, કે પોલીસચોકી ક્યાં છે. ખભા પર લટકાવેલો એનો કેમેરા કોઈ તાણી ગયું હતું.

મારા નસીબે વળી આ વખતે સાથ આપ્યો. ૧૯૮૯ની શરૂઆતમાં એન્ટાર્કટિકામાં વહાણને થયેલા અકસ્માત વખતે તો બધું ગુમાવી જ બેઠેલી. એનો ચમચમાટ જ હજી ઓછો થયો ન હતો. પણ સદ્‌ભાગ્યે, ઇટાલીમાં આનંદથી ફરી, અને હેમખેમ રહી.

ઇટાલીના જુદા જુદા ભાગોમાંની પ્રજા દેખાવે પણ જુદી જુદી છે. ઉત્તરના લોક વધારે ગોરા અને હલકા રંગના વાળવાળા હોય, વચ્ચેના વિસ્તારના લોકો ખડતલ ને ઊંચા હોય, તો વળી ભૂમધ્યના વિસ્તારમાંથી આવેલી તળ-પ્રજા સહેજ નીચી અને થોડા ગાઢ રંગવાળી દેખાય છે. આમાં આઈબિરિઅન, ગ્રીક, ટ્યુટોનિક, કાર્થેજિયન વગેરે વંશના લોકોનો સમાવેશ થાય છે. દરેક પ્રજા પોતાની સંસ્કૃતિ ને કલા લઈને આવી. ઘણા ગ્રામ્ય વિસ્તારોમાં જુગ-જૂની રીતે રહેતાં, કપડાં પહેરતાં, ખેતરોમાં કામ કરતાં સ્ત્રી-પુરુષો હજી જોવા મળે છે.

ઇટાલીનો ભૂમિપટ બહુ સુંદર ના લાગ્યો. ક્યાંક ઢોળાવો સરસ હતા, પણ બધું સૂકું વધારે હતું. ગ્રીષ્મ પછીનો સમય હતો તેથી. વસંત દરમ્યાન બધે ફૂલો ખીલી જાય છે, ને લીલોતરી છવાઈ જાય છે. વળી, ગામો ને શહેરો પણ મને જૂનાં, ઊપટી ગયેલા રંગવાળાં ને દેખાવે સુસ્ત જેવાં લાગ્યાં. અલબત્ત, બજારો ને દુકાનો ઘણી જગ્યાએ ઝાકઝમાળ અને આકર્ષક હતાં, અને ઘણા નગરચોક હૃદયગમ્ય હતા. રહેવાનાં મકાનો બિલકુલ આપણે ત્યાંની ચાલી જેવાં હોય, ત્યારે નવાઈ લાગતી રહી. ઘણાં જૂનાં દેવળ ભૂખરાં, નિસ્તેજ અને વિસ્મૃત હાલતમાં જોવા મળતાં રહ્યાં.

પણ ઇટાલીનું વિશિષ્ટ સૌંદર્ય અને એનો અદ્વિતીય કળા-ભંડાર આ ઋતુક્લાંત બાહ્ય આકારોની અંદર સુરક્ષિત છે. કેવી ધીસંપન્ન હશે આ બધું સર્જનાર પ્રજા!

તાજેતરમાં ન્યૂ યોર્કમાં એક પિઆનો-સંગીતનો કાર્યક્રમ શરૂ થવાની રાહ જોતાં જોતાં એક સાવ અજાણી છોકરી સાથે વાતો થવા માંડી. એ મૂળ હંગેરીની હતી, પણ ઇટાલી ઘણું રહેલી. વાતવાતમાં એ કહે, 'મને ખાત્રી છે કે હું એત્રુશિયન જાતિની જ છું. ઇટાલીની એક ગુફામાં અતિપુરાતન એત્રુશિયન એક ભીંત-ચિત્ર જોયેલું, એમાં એક કન્યાનું ચિત્ર બરાબર મારા જેવું હતું. આબેહૂબ મારા જેવું.'

અચાનક, હજારો વર્ષોના સંદર્ભમાં વાત કરતી એક અજાણી વ્યક્તિ મને મળી ગઈ. વીતી ગયેલા અજાણ્યા યુગો સાથે કડી જોડાઈ ગઈ. ઇટાલીમાં જે બધું છે તેનો કસો અર્થ દેખાઈ ગયો. યોગાયોગ, અતીત સાથે વર્તમાનનો એક તાર સંધાઈ ગયો.

આવું બધું મને લાગ્યું - અણધાર્યા બનેલા એ નાના બનાવથી. (ક્રમશ:)

અનુસંધાન) મારા સાહેબ (પૃ. ૪૭૯ પરથી

'હા, કેમ નઈ? ' બાળક કહે છે.

બસ. તે દિવસથી એ બાળકના અક્ષર સુધરે એની પ્રક્રિયા શરૂ થાય છે. એ સાહેબનાં અક્ષર ખૂબ સુન્દર. એક વખત તાલુકામાંથી આવેલા સાહેબ પણ એમના અક્ષરનાં વખાણ કરતા હતા અને કોઈ પણ શાળામાં પ્રદર્શન હોય, શાળા શણગારવાની કે ચિત્રો દોરવાનાં હોય ત્યારે એ સાહેબને લઈ જવામાં આવતા. એમના અક્ષર આખા ઈલાકામાં વખણાતા!

એ બાળકના અક્ષર સુધારવામાં ખેમચંદભાઈનો ફાળો મોટો! પછી તો ધોરણ પાંચમામાં આવતાં સુધી તો એ બાળકનું ચિત્રકામ પણ વખણાવા લાગ્યું, એનું ગણિત પણ સુધર્યું અને ઠોઠ જેવા છોકરાને એક નવી ચેતના મળી હોય એવું લાગ્યું. એ બાળક માટે એ સાહેબ તો ભગવાન કરતાં પણ મોટા બની ગયા !

'તારે ચા નથી પીવી? ચા લઈને આ ક્યારનો તારી સામે ઊભો છે?' કહેતો મિત્ર મને ઠાંસો મારે છે. અને હું એકદમ જાગતો હોઉં એમ ખળભળી ઊઠું છું. કારણ કે, હું અહીં નહોતો, હું અત્યારે શાળાના લીમડા નીચે ખેમચંદભાઈ સાહેબની સામે ઊભો હતો - બાળક બનીને!

એ એક મકાન હતું જેની દીવાલો જર્જરિત બની ગઈ હતી, પોપડા ઊખડી ગયા હતા પણ મારા માટે તો જે અસ્સલ હતું, આજથી પાંત્રીસ વર્ષ પહેલાં, એ જ હતું!

મારા સારા અક્ષર, સારું ચિત્રકામ, ગણિત અને ભૂગોળની સાચી દીક્ષા દેનાર તે ખેમચંદભાઈ હતા. મારી આજની જે શૈક્ષણિક મહોલાત છે એના પાયામાં તો તે હતા!

મેં ઝટપટ ચા પીધી અને ઊભો થયો. ત્યારે એકસાથે કેટલાય બોલ્યા: 'બેસને ભૈ...કેમ, શેની ઉતાવળ સે?'

હું કશું પણ બોલ્યા વિના બધાની વચ્ચેથી પહોંચી ગયો - ટોળે વળેલા એ બંધુઓની પાસે. મને પાસે આવેલો જોઈને ખેમચંદભાઈ એકદમ ઊભા થઈ ગયા અને બોલ્યા : 'ભાઈ...' એ આગળ કંઈ પણ બોલે એ પહેલાં હું એમના પગમાં પડ્યો એટલે એમણે મારાં બાવડાં પકડીને મને ઊભો કરીને ભેટી પડ્યા!

એમની આંખમાંથી બોરબોર જેવડાં આંસુ સરી પડ્યાં!

આખું ગામ આ દૃશ્ય જોઈને સ્તબ્ધ બની ગયું!

એમની આંખોમાંથી સ્નેહ વરસી રહ્યો હતો!

આંખો લૂછી, થોડા સ્વસ્થ થઈને બોલ્યા : 'અમે તારી જ વાતો કરતા હતા. તારા બાળપણને યાદ કરતા હતા. હવે તો છાપાંઓમાં, રેડિયોમાં કે બીજે ક્યાંય તને વાંચું છું, સાંભળું છું ત્યારે મારી છાતી ગદ્‌ગદિત થઈ જાય છે, તું ખૂબ મોટો આદમી બની ગયો છે એનું મને ગૌરવ છે.'

'મારી આજની પ્રગતિ અને વિકાસના પાયામાં તો તમે જ છો, સાહેબ. આજે હું જે કંઈ છું તે તમારા આશીર્વાદથી છું.' મેં નમ્રભાવે કહ્યું.

'ના, ભાઈ, આ બધું તારી ધગશના આધારે છે.' બોલતાંબોલતાં ફરીથી એમની આંખો હર્ષથી ભરાઈ આવી!

અમે ઓગળી ગયા હતા એકબીજામાં! આખા ગામે, આખો દિવસ અમારી જ વાતો કર્યા કરી! બીજા દિવસે સવારે હું જવા નીકળ્યો ત્યારે એક પિતા પોતાના પુત્રને વિદાય આપવા આવે એમ ખેમચંદભાઈ સાહેબ મને વિદાય આપવા આવ્યા હતા. એમનો 'આવજો' કહેવા ઊંચો થયેલો હાથ હજુ પણ મને દેખાય છે. □

પથરી

માધવ ચૌધરી

અનાજ દળતાં લોટમાં સૂક્ષ્મ કાંકરી કે પથરી આવવાથી પાણી કે પથરી થાય છે એવી એક ખોટી માન્યતા લોકોમાં બંધાઈ છે. કિડની કે મૂત્રાશયમાં પથરી કે અશ્મરી થવાનું સાચું કારણ તો એ છે કે વાયુ તેના રુક્ષ ગુણને લીધે બસ્તિની અંદર વીર્યમુક્ત મૂત્ર કે પિત્તયુક્ત કફને સૂકવી નાખે છે. ત્યારે તેમાંથી ક્રમશ: જામીને પથરી થાય છે.

વાત, પિત્ત ને કફ એ ત્રણ જુદાજુદા દોષોની અને ચોથી શુક્ર (વીર્ય)ની, એ રીતે પથરી ચાર પ્રકારની થાય છે. વાયુને લીધે પથરી થઈ હોય તો અતિ પીડા થાય છે, રોગી દાંત કચકચાવે છે અને ટીપેટીપે પેશાબ કરે છે. પિત્તને લીધે પથરી થયેલી હોય તો બસ્તિસ્થાન બળ્યા કરે છે અને બસ્તિ જાણે પાકતી હોય એવું લાગે છે. કફને લીધે પથરી થઈ હોય તો બસ્તિસ્થાન શીતળ અને ભારે લાગે છે અને સોયો ભોંકાયા જેવી પીડા થાય છે.

શરૂઆતમાં થયેલી પથરી મટાડવામાં શસ્ત્રક્રિયા (ઑપરેશન)ની જરૂર પડતી નથી. દરરોજ હીમજ લેવાથી અને સવાર-સાંજ હરીતક્યાદિ ક્વાથ પીવાથી ગમે તેવી પથરી ઓગળી જઈ પેશાબ મારફત બહાર નીકળી જાય છે. પરંતુ જો શરૂઆતમાં જ ઉપચાર કરવામાં ઢીલ થાય અથવા ઔષધ લેવામાં આવે નહિ તો પછી શસ્ત્રક્રિયા કરાવ્યા વગર છૂટકો થતો નથી. પથરીની જો સમયસર ચિકિત્સા કરવામાં ન આવે તો પછી એ ભયંકર દુ:ખદાયક થઈ પડે છે. ગળો, ગોખરું અને આમળાંનું ચૂર્ણ (જેને રસાયણ ચૂર્ણ કહે છે) દસ ગ્રામ જેટલું રોજ સવારમાં સાકર સાથે લેવામાં આવે તો મૂત્રમાર્ગના તમામ દોષોથી મુક્ત થઈ દીર્ઘજીવન પ્રાપ્ત કરી શકાય છે.

વાતજ પથરી : વાયવરણાની છાલ, સૂંઠ અને ગોખરુનો ક્વાથ કરી, તેમાં જવખાર અને ગોળ મેળવીને પીવાથી લાંબા સમયની વાતજ પથરી મટે છે.

પિત્તજ પથરી : પાષાણભેદની છાલનો ક્વાથ કરી, તેમાં શિલાજિત તથા સાકર મેળવીને પીવાથી પિત્તજ પથરી મટે છે.

કફજ પથરી : સરગવાની છાલ અને વાયવરણાનો ક્વાથ બનાવી, તેમાં જવખારનું ચૂર્ણ મેળવીને પીવાથી કફજ પથરી મટે છે.

શુક્ર-વીર્યની પથરી : શતાવરીના મૂળનો રસ અને ગાયનું દૂધ સમાન ભાગે લઈ પીવાથી લાંબા સમયની શુક્રની (વીર્ય) પથરીનો નાશ થાય છે.

સર્વ સામાન્ય પથરી : (૧) ગોખરુનું ચૂર્ણ અને મધ ઘેટીના દૂધમાં પીવાથી પથરી મટે છે. (૨) ગોખરુનાં મૂળ, એખરાનાં મૂળ, એરંડાનાં મૂળ અને નાની તથા મોટી ભોંરિંગણીનાં મૂળ દૂધમાં વાટી ખટાશ વિનાના મોળા દહીંમાં મેળવીને સાત દિવસ પીવાથી પથરી મટે છે. (૩) કળથી, પાષાણભેદ અને ગોખરુનો ક્વાથ કરી પીવાથી પથરી મટે છે. (૪) કળથીનો ઉકાળો કરી, તેમાં સરપંખાનું ચૂર્ણ અને બે ગ્રામ સિંધવ મેળવીને પીવાથી પથરી મટે છે. (૫) ચાલીસથી પચાસ ગ્રામ કાળી કળથી રાત્રે સોળ ગણા પાણીમાં પલાળી રાખી, સવારે ખૂબ મસળી કપડાથી ગાળી, બે ચાર મહિના પીવાથી પથરી ચોક્કસ મટે છે. (૬) કુંવારના ગરભમાં હળદર મેળવીને ચાટવાથી પથરી મટે છે. (૭) તુરિયાના વેલાનાં મૂળ ગાયના દૂધમાં અથવા ઠંડા પાણીમાં ઘસી રોજ સવારમાં ત્રણ દિવસ પીવાથી પથરી મટે છે. (૮) ઉંબરાનાં મૂળનો પચાસ ગ્રામ રસ, તેમાં સાકર મેળવીને પીવાથી પથરી મટે છે. (૯) સકરટેટી કે ચીભડાનાં મૂળને ઠંડા પાણી સાથે ભાંગની માફક પીસી, ગાળીને વહેલી સવારે સાત દિવસ પીવાથી પથરી (અને મૂત્રકૃચ્છ) મટે છે. (૧૦) અઘેડાનો ક્ષાર ઘેટીના મૂત્ર સાથે પીવાથી પેશાબમાં જતી રેતી બંધ થાય છે અને પથરી મટે છે. (૧૧) રોજ સવારે મૂળાનો રસ પીવાથી પથરી મટે છે. (૧૨) મૂળાનાં ચાલીસ ગ્રામ બીને બસો પચાસ મિલિલીટર પાણીમાં ઉકાળી અર્ધું પાણી બાકી રહે એટલે ઉતારી પીવાથી પથરી મટે છે. (૧૩) મૂળાના રસમાં સૂરોખાર મેળવી પીવાથી પથરી મટે છે. (૧૪) કાંટાળા તાંદળજાના ક્ષારને, તેના છોડના ચાલીસ-પચાસ ગ્રામ રસની સાથે મેળવી એકએક કલાકને અંતરે બે-ત્રણ વાર પીવાથી પથરી નીકળી જાય છે. (૧૫) વાયવરણાની છાલ, ગળો અને ગોખરુ વીસવીસ ગ્રામ લઈ, તેનું અધકચરું ચૂર્ણ કરી, અર્ધા લીટર પાણીમાં ઉકાળી ચોથા ભાગનું પાણી બાકી રહે એટલે ઉતારી, ગાળી, તેમાં થોડો જવખાર અને ગોળ મેળવી પીવાથી પથરી નિર્મૂળ થાય છે. (૧૬) પાલખનાં પાનનો સ્વરસ અથવા તેનો ક્વાથ કરીને પીવાથી પથરી ઓગળી જાય છે અને મૂત્રવૃદ્ધિ થઈને પથરીના કણ બહાર નીકળી જાય છે. (૧૭) કાકડીનાં બી અને કબૂતરની હગાર વાટી, ચોખાના ઓસામણમાં પીવાથી પેશાબની પથરી નીકળી જય છે. (૧૮) પથ્થરકટા કે પાનફૂટીનું એક એક પાન અને સાત-સાત મરી એકત્ર કરી રોજ ખાવાથી પથરી ઓગળે છે. (૧૯) લીંબુના રસમાં સિંધવ મેળવીને કેટલાક દિવસ નિયમિત રીતે પીવાથી પથરી ઓગળી જાય છે. (૨૦) રીંગણાનું શાક ખાવાથી પેશાબની છૂટ થઈ શરૂઆતની નાની પથરી ઓગળી જાય છે.(૨૧) ગોખરુ કે માળવી ગોખરુ અઢી-ત્રણ ગ્રામ લઈ, તેનો ઉકાળો કરી, રોજ પીવાથી પથરીમાં ફાયદો થાય છે. (આનાથી મૂત્રમાર્ગના તમામ રોગો પણ મટે છે) (૨૨) એક ગ્રામ જવખાર ઘીમાં મેળવી ચાટી જઈ, તેના ઉપર પાંચ-સાત મિનિટ પછી ઠંડું પાણી અથવા લસ્સી પીવાથી પથરીમાં ફાયદો થાય છે. (૨૩) કોળાનો રસ, હિંગ અને જવખારને એકત્ર કરી પીવાથી પથરીમાં ફાયદો થાય છે. (૨૪) હળદર અને જૂનો ગોળ છાશમાં મેળવીને પીવાથી પથરીમાં ફાયદો થાય છે.

કળથી, મગ, ઘઉં, જૂના ચોખા અને જવ એ બધાં ખાદ્ય પથરીમાં પથ્ય છે. તેમજ તાંદળજાનું શાક, જૂના કોળાનું શાક, આદુ અને જવખાર ઇત્યાદિ પણ પથરીના રોગમાં પથ્ય છે. □

પરપલ્યાં

દશરથ પરમાર

એ કણજીના ઝાડ નીચે કમરે હાથ ટેકવીને ઊભી હતી. ખુલ્લા આકાશમાંથી વૈશાખનો તડકો વેરાઈ રહ્યો હતો અને એના લીધે એનું શરીર લાલઘૂમ થઈ ગયેલું દેખાતું હતું. એ ધીમેથી વાંકી વળી અને નીચે પડેલાં પરપલ્યાં વીણવા લાગી.

કણજી મારા ઘરની સામેના પડતર ખેતરના શેઢા પર હતી અને તેના થડને સમાંતરે થુવરની વાડ હતી. કણજીનો બીજો કોઈ ઉપયોગ નહોતો. પાનખર પછી કણજી પર લીલા છમ્મ, ઝીણા, ગોળ 'પરપલ્યાં'ના ગુચ્છ લચી પડતા. વૈશાખમાં એ પાકીને ખરી પડતાં. એની શીંગના દાણાનો સ્વાદ આખાય વેકેશનમાં હું ચાખ્યા કરતો.

તો મેં એને આ જ કણજીના ઝાડ નીચે પહેલી વાર જોઈ હતી. એક બપોરે હું પરપલ્યાં વીણતો હતો ત્યાં એ અચાનક વાડ પાછળથી ફૂટી નીકળી હતી.

'શું કરો છો ?' એણે પૂછ્યું હતું.

'પરપલ્યાં વીણું છું.' મેં સાશ્ચર્ય એના મોં સામે જોઈને કહેલું.

'હું મદદ કરું ?' કહીને એ મારી સામે પ્રશ્નાર્થ નજરે તાકી રહેલી. મેં માથું હલાવ્યું, હકારમાં.

એ પરપલ્યાં વીણવા લાગી. પ્રખર તાપમાં એનો દેહ લાલ-લાલ થવા લાગ્યો હતો. થોડી વાર પછી એ કહે : 'મને પણ પરપલ્યાં ખૂબ ભાવે...પણ શહેરમાં તો કણજીઓ નથી હોતી...એક કામ કરોને... ! એક ડાળી આ ઝાડ પરથી તોડી આપો...! હું મારા ઘેર લઈ જઈશ !'

'ઝાડ પર તો,' મેં કહ્યું, હસીને, 'પોચાં પરપલ્યાં હોય...પાક્યાં પછી જ એ ખરી પડે...એટલે ખરો સ્વાદ ચાખવો હોય તો નીચેથી વીણવાં પડે...!'

એ આ ગામની નહોતી. એના મામાને ઘેર આવેલી, વેકેશન ગાળવા અને પછી તો આખું વેકેશન એ પરપલ્યાં વીણવા આવતી. સાડીનો છેડો કમરે ખોસીને બેય હાથે પરપલ્યાં વીણવા લાગતી. એની આ ક્રિયાને હું ઘણી વાર અવાક્ બનીને જોઈ રહેતો. વેકેશન પૂરું થાય એટલે અમે એક થેલો ભરીને પરપલ્યાં વીણતાં. પછી એ થેલો એ શહેરમાં લઈ જતી.

એ શહેરમાં ચાલી જાય પછી હું રોજ મારા ઘરની બારીમાં બેસીને કણજીને નીરખ્યા કરતો. પછી કણજીના ઝાડ નીચે જઈ ઊભો રહેતો અને એ મારી બાજુમાં જ ઊભી છે એવું કલ્પ્યા કરતો. અમે પરપલ્યાં વીણતાં એ ક્ષણોને ચોકલેટની જેમ ચગળ્યા કરતો... પછી એનાં પગલાંની છાપને ધૂળમાં શોધ્યા કરતો.

એક વેકેશનમાં એ ન આવી. મેં આખોય વૈશાખ એની રાહ જોયા કરેલી. સાવ એકલું એકલું લાગ્યા કરે અને કણજી પરથી ટપ્ ટપ્ પરપલ્યાં ખર્યાં કરે. પછી તો એવું લાગવા માંડ્યું કે એક કણજી મારી આંખમાં ઊગી નીકળી છે. દિવસ-રાત સવાર-સાંજ બસ કણજી જ આંખોમાં તરવર્યા કરે...પાનખરમાં સાવ ઠૂંઠું થઈ જાય અને વૈશાખમાં પાછાં પરપલ્યાંના ગુચ્છે ગુચ્છા અને દર વૈશાખમાં હું એના માટે પરપલ્યાંનો થેલો ભરી રાખતો.

પણ એ ન આવી તે ન જ આવી.

તે છેક આજે આટલાં વર્ષે...

એને કણજી અચાનક સાંભરી આવી કે શું ? વર્ષો પહેલાં એને છેલ્લી વાર મળ્યો હતો એ ક્ષણ અને વર્તમાનની આ ક્ષણ. એ બંને વચ્ચેથી એક મોટો કાલખંડ પસાર થઈ ચૂક્યો છે. છતાંય આ ક્ષણે તો એવું લાગે છે કે જે વહી ગયો છે એ સમય નથી. હું હજુય સત્તર-અઢાર વર્ષનો કિશોર છું અને...

મેં માથે હાથ ફેરવ્યો. એક ધોળો વાળ હાથમાં આવ્યો. ધોળા વાળ, કાળા વાળ સાથેની સ્પર્ધામાં આગળ નીકળી ચૂક્યા છે. પણ એ તો હજુય એવી જ લાગે છે. વધતી ઉંમરે એના શરીર પર એક પણ નિશાન નહિ છોડ્યું હોય ? કે પછી એના બદલે કોઈ બીજું જ છે ? ના, છે તો એ જ. એવા જ લાંબા કાળા ભમ્મર વાળ....આસમાની સાડી....કમરે ખોસેલો સાડીનો છેડો...અને કમરે હાથ ટેકવીને ઊભા રહેવાની એની આદતમાં પણ જરાય ફરક પડ્યો નથી.

વૈશાખી તડકામાં તરતો તરતો હું વાડ પાસે પહોંચી ગયો. એ વિમુખ હતી. મને એની પીઠ સ્પષ્ટપણે દેખાય છે. બ્લાઉઝના નીચેના ભાગની ગૌર ચામડી તડકામાં રક્તવર્ણી થઈ ગઈ છે...

હું ધીમેથી એની પાછળ જઈ ઊભો. મારા આગમનથી એ સાવ અજ્ઞાત હોય એમ પરપલ્યાં વીણતી જ રહી. એના કાન પાસે મોં લઈ જઈને મેં ધીમેથી કહ્યું : 'સુનંદા...!'

એ સહસા ચોંકી ઊઠી. મારી સામે જોયું. એના ચહેરા પર આશ્ચર્યના ભાવ ઊપસી આવ્યા. હું યે ચમક્યો.

'મારું નામ નેહા છે...' એણે કહ્યું : 'સુનંદા તો મારી મમ્મી...'

હું એના તાપમઢ્યા ચહેરાને તાકી રહ્યો.

સુનંદાને હું આ જ કણજીના ઝાડ નીચે પહેલી વાર મળ્યો હતો, અને છેલ્લી વાર પણ.

□

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

સ્ટીલ અને એડિસન : પત્રકારત્વનો ઉદય

પ્રાસ્તાવિક :

ઈંગ્લૅન્ડમાં સામયિકોનો ઉદય સામાન્ય રીતે જોતાં ૧૭મી સદીના આરંભથી થયો ગણાય. ડીફોનું પત્ર 'રિવ્યૂ' (Review) ૧૭૦૪થી પ્રકટ થવા માંડ્યું. એ પહેલાં પણ 'ધ એથેનિયન મર્ક્યુરી' (The Athenian Mercury - 1690-97), 'જેન્ટલમેન્સ જર્નલ' (Gentelman's Journal - 1692-94) હતાં, પણ 'રિવ્યૂ'ના પ્રકાશનથી સામયિક પ્રત્યે લોકોનું કંઈક વિશેષ ધ્યાન આકર્ષાવા માંડ્યું.

સ્પેક્ટેટર અને ટેટલર

'રિવ્યૂ' પછી તરત જ લોકપ્રિયતાની દૃષ્ટિએ 'સ્પેક્ટેટર' (Spectator) અને 'ટેટલર' (Tatler) અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરનારાં સામયિકો છે. આ બંને સામયિકો સાથે રિચાર્ડ સ્ટીલ (Richard Steele ૧૬૭૨-૧૭૨૯) અને જોસફ એડિસન (Joseph Addison ૧૬૭૨-૧૭૧૯)નાં નામ સંકળાયેલાં છે. ડિફોના 'રિવ્યૂ' ઉપરથી પ્રેરણા લઈ સ્ટીલે ૧૭૦૯માં 'ટેટલર' શરૂ કર્યું. ૧૭૦૯ થી ૧૭૧૧ સુધી તે ચાલ્યું. તે પછી તરત જ એડિસને ૧૭૧૧માં 'સ્પેક્ટેટર' પ્રકાશિત કરવા માંડ્યું. એ પણ ૧૭૧૨ સુધી ચાલ્યું. આ બંને સામયિકોમાં સ્ટીલ અને એડિસને ઇંગ્લૅન્ડની તત્કાલીન રીતરસમોને સુધારવામાં લલિત નિબંધ પ્રકારનો સમર્થપણે ઉપયોગ કર્યો. એ બે સામયિકોનાં, સ્ટીલ અને એડિસન એકબીજાંથી છૂટાં ન પાડી શકાય તેવાં અંગ છે : પ્રકૃતિ બંનેની એકબીજાથી ઘણી ભિન્ન છે. તેમનું સામયિકોમાં પ્રદાન પણ પોતપોતાનું આગવું છે. તેમ છતાં તત્કાલીન સામાજિક



જરૂરિયાતોને પોષવામાં, પ્રજામાં વિશાળ અર્થમાં સુરુચિ, સંસ્કાર, નીતિ પ્રસારવામાં, સાહિત્યિક ક્ષુધા સંતોષવા-ઉત્તેજવામાં બંનેએ એવો સહિયારો પુરુષાર્થ કર્યો કે એમનાં નામ એકબીજાં સાથે સંકળાઈ ગયાં છે.

લંડનના સામાજિક ઇતિહાસમાં ઊતરતી સત્તરમી અને ઉદય પામતી અઢારમી સદીમાં કોફી-હાઉસનો પ્રચાર વધી ગયો હતો; એમાંય બટન (Button) અને વીલ (Will)નાં કોફી હાઉસ સુપ્રસિદ્ધ હતાં. પ્રજાના શિક્ષિત વર્ગમાં નવીન સમાચારોની આપ-લે માટે, તેમજ વિવિધ ઘટનાઓની ચર્ચાવિચારણા માટે કોફી-હાઉસ સર્વથા અનુકૂળ હતાં. અને 'ટેટલર' તથા 'સ્પેક્ટેટર'ના ઉદ્‌ભવમાં પણ કોફી-હાઉસનો જ ફાળો છે.

આ સામયિકોમાં વિવિધ પ્રકારના વિષયો પર લેખો-નિબંધો પ્રકટ થતા હતા. સાચાં તેમજ કલ્પિત પાત્રો દ્વારા પત્રો પણ તેમાં પ્રકટ કરવામાં આવતા હતા. એમાં આઈઝેક બિકર સ્ટાફ (Issac Bicker Staff) અને જેની ડિસ્ટાફ (Jenny Distaff) એ પાત્રો તો વાચનરસિક પ્રજા માટે જીવંત બની ગયાં હતાં. જેનીનું પાત્ર મહિલાઓની રસવૃત્તિ-રુચિ ખીલવવા માટે હતું. અને પરગણાના એક ગૃહસ્થ તરીકે સર રોજર દ કવરલી (Sir Roger de Coverley)નું કલ્પિત પાત્ર તો કદાચ કોઈ નવલકથાના પાત્ર કરતાં પણ વધુ જીવંત બની ગયું હતું. સ્ટીલ અને એડિસનની સંયુક્ત કલમની એ પ્રસાદી હતી. 'ટેટલર'માં એ પાત્ર રજૂ થયું અને પછી 'સ્પેક્ટેટર'માં એ ખૂબ ખ્યાત બની રહ્યું. આ બંને સામયિકોએ લોકહૃદય પર અદ્‌ભુત અસર કરી. એડિસન અને સ્ટીલ બંનેએ આ સામયિકો દ્વારા સમર્થ પ્રજાશિક્ષણનું કાર્ય કર્યું. એમનું તો પ્રયોજન જ નીતિ અને જ્ઞાનનો સુયોગ રચવાનું હતું. (To enliven morality with wit and to temper wit with mordity.)

એડિસને 'સ્પેક્ટેટર'માં પોતાના પ્રયોજન વિષે લખ્યું હતું કે મેં ફિલસૂફીને-જ્ઞાનને કમરાઓમાંથી, પુસ્તકાલયોમાંથી, શાળા-કૉલેજોમાંથી બહાર આણીને ક્લબો અને મંડળોમાં, ચાના ટેબલ પર, કોફી હાઉસમાં, (I have brought philosophy out of closets and libraries, schools and colleges to dwell in clubs and assemblies, at tea-tables and coffee-house) આણ્યાં. ખરું જોતાં રેસ્ટોરેશન પછીના યુગની જનતા માટેનો આ બંને તંત્રીઓએ નૈતિકતા અને શિક્ષણના પ્રસાર માટે જ આ સામયિકો દ્વારા કાર્યક્રમ ગોઠવ્યો હતો. રેસ્ટોરેશન પછી નવા ઉદિત થયેલા મધ્યમવર્ગનાં રસ-રુચિનો એમાં પડઘો પડતો હતો. ચાર્લ્સ બીજાના શાસન દરમ્યાન વૈભવવિલાસનો અતિરેક થઈ ગયો હતો અને નીતિનાં ધોરણો ઠેબે ચડ્યાં હતાં. બીજી તરફ અમુક વર્ગમાં આનંદ, રસિકતા વગેરેનો નિષેધ માનતું પ્યૂરિટનવાદી વલણ હતું. સ્ટીલ

અને એડિસને સિફતપૂર્વક બંનેનો સુયોગ યોજ્યો. સમાજની વૃત્તિ સમતોલ રહે, મિતાચારનો મહિમા થાય, કુટુંબમાં, જાહેર સ્થાનોમાં સ્ત્રીપુરુષોમાં નાગરિકતા-બુદ્ધિ પ્રકટે, પતિ-પત્નીના પરસ્પરના વ્યવહારમાં સલૂકાઈ આવે એવા પ્રકારના લેખ-નિબંધો તેમણે પ્રકટ કરવા માંડ્યા અને એમની વસ્તુને રજૂ કરવાની પદ્ધતિ લોકોને પસંદ પડી ગઈ. સરળ, સુગ્રાહ્ય ભાષા અને વિનોદની થોડીક છાંટ એ એમના નિબંધોની વિશેષતા હતી. લોકરુચિને આઘાત આપ્યા વિના કુશળ શિક્ષકોની હેસિયતથી આ બંને મહાનુભાવોએ પોતાનું પ્રયોજન સિદ્ધ કર્યું. 'સ્પેક્ટેટર' બંધ પડ્યા પછી તેમનું 'ગાર્ડિયન' સામયિક પ્રકટ થયું. (૧૭૧૩)

આ બે લોકચાહના પ્રાપ્ત કરનારા તંત્રીઓએ જાણે સામયિકોમાં જ જીવનકાર્ય શોધી લીધું હતું. આ બે સામયિકોમાં પ્રકટ થયેલા નિબંધો આઠ ગ્રંથોમાં સંઘરાયા હતા અને એની આવૃત્તિઓ થયા જ કરતી હતી - અઢારસોની સાલ પૂર્વે પચાસથી પણ વધુ વાર તેની આવૃત્તિ થઈ હતી. પેઢી દર પેઢી પ્રજા આ સામયિકોમાં પ્રકટ થયેલા સામાજિક રીતરસમ વિશેના તેમજ નીતિવિષયક અને સાહિત્યિક વિચારો સત્કારતી રહી. એડિસનના પ્રાસાદિક ગદ્યની તો અંગ્રેજી ગદ્ય શૈલી પર સરસ મુદ્રા ઊપસી. આખી અઢારમી સદીમાં એ ગદ્યપ્રશંસાપાત્ર રહ્યું અને એ ગદ્યશૈલી અનુકરણીય પણ બની. પ્રસિદ્ધ નવલકથાકાર જેન ઓસ્ટેનના સ્વસ્થ, સમતોલ ગદ્ય પર પણ એડિસનની ગદ્યશૈલીનો પ્રભાવ જોઈ શકાય. જહોનસને 'ટેટલર' અને 'સ્પેક્ટેટર'ની સંસ્કાર સેવા વિશે નોંધ્યું છે કે એમણે રોજિંદા વ્યવહારની વાતો ઔચિત્યપૂર્વક અને સલૂકાઈથી પ્રકટ કરી. વિવિધ વિષયોને તેમણે સરસ મઝાની કલ્પિત કથાઓથી અથવા રૂપકોથી નિરૂપ્યા અને શૈલીનું વૈવિધ્ય પણ પ્રસંગોપાત્ત દાખવ્યું. એડિસનના ગદ્યથી મુગ્ધ થઈને તેણે લખ્યું હતું કે કોઈને પણ પરિચિત પણ ખરબચડી નહિ એવી શિષ્ટ નિરાડંબરી અંગ્રેજી શૈલીનો આસ્વાદ લેવો હોય તો તેણે રાતદિવસ એડિસનના ગ્રંથો વાંચવા. (Who ever wishes to attain an English style, familiar but not coarse, and elegant but not ostentatious, must give his days and nights to the volumes of Addition.)

સામયિકો દ્વારા નિબંધનો વિકાસ

'ટેટલર' અને 'સ્પેક્ટેટર' સામયિકો દ્વારા એક બીજું મહત્ત્વનું કાર્ય થયું તે લલિત નિબંધના વિકાસનું. જેને અંગત નિબંધ (Personal Essay) તરીકે ઓળખવામાં આવે છે તેનું સ્વરૂપ વ્યવસ્થિત રીતે ૧૬મી સદીમાં ફ્રેન્ચ લેખક મોન્તેઈન (Montaign) દ્વારા ખેડાયું. ફ્રાન્સિસ બેકને એ સ્વરૂપ અંગ્રેજીમાં આણ્યું. પણ એના નિબંધનો પ્રકાર જુદો હતો. મોન્તેઈને તો નિબંધ વિશે નોંધેલું : 'મારા નિબંધનો વિષય હું પોતે જ છું.' (I am myself the subject of my book.)

બેકને નિબંધનું વસ્તુલક્ષીરૂપ અજમાવ્યું (objective or impersonal). એના નિબંધો માહિતીપ્રધાન અને ઉપદેશપ્રધાન બની રહ્યા. સત્તરમી સદીના આરંભમાં નિબંધનો એક નવો પ્રકાર - ચરિત્રરેખાનો (character-sketches) ઉદ્‌ભવ્યો. હોલ (Hall) ઓવરબરી (Over bury) અને અર્લ (Earle) જેવા નિબંધકારોએ ગ્રીક અને રોમન ફિલસૂફોની અસર ઝીલીને એ પ્રકાર ખીલવ્યો.

રેસ્ટોરેશન યુગ દરમ્યાન ડ્રાયડન જેવા સર્જકે વિવેચનાત્મક નિબંધ (Critical Essay) દ્વારા નવી કેડી પાડી. એનો 'એસે ઑફ ડ્રામેટિક પોયેઝી (Essay of Dramatic Poesy) આ પ્રકારનો સાહિત્ય-વિવેચનનો નિબંધ છે. 'ફેબલ' (Fable)ની પ્રસ્તાવના પણ એ જ પ્રકારમાં ગણાય, જો કે એમાં 'પર્સનલ એસે'ના અંશો છે.

અઢારમી સદીના પ્રારંભે પત્રકારત્વનો ઉદય થતાં નિબંધોને સામયિકોમાં સ્થાન મળવા માંડ્યું. તત્કાલીન સમાજની ફેશનો, રીતરસમો વગેરે વિષયો પર નિબંધો લખાવા માંડ્યા. ડીફોના 'રિવ્યૂ' સામયિકે એ પ્રકારના નિબંધો માટે સુવિધા કરી અને એમાંથી સ્ટીલ-એડિસને ખાલી પ્રેરણા લઈને 'સ્પેક્ટેટર'-'ટેટલર'માં નિબંધો (Personal Essay) લખવા-લખાવવા માંડ્યા. સ્ટીલ-એડિસને જોતજોતામાં આ નવીન નિબંધસ્વરૂપ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરી લીધું. નિબંધના ઇતિહાસમાં પહેલી જ વાર હવે વિશિષ્ટ સામાજિક સુધારણા માટેનું પ્રયોજન પ્રવેશ્યું. અલબત્ત, નિબંધનાં અગાઉનાં પ્રયોજનો ભુલાઈ ગયાં નહોતાં.

સામયિકોમાં પ્રકટતા નિબંધોમાં પણ સાહિત્યિક વિવેચના રજૂ થતી હતી; અને ચરિત્રચિત્રણો પણ આલેખાતાં હતાં. 'સર રોજર દ કવરલી'નું નિબંધો દ્વારા રજૂ થયેલું પાત્ર પ્રજાના હૈયે કેવું વસી ગયું હતું!!

આમ, સામયિકોના વિકાસે નિબંધ-સ્વરૂપના વિકાસ માટે પણ સારો એવો અવકાશ કરી આપ્યો, અને જોનાથન સ્વિફ્ટ (Jonathan Swift), ઓલિવર ગોલ્ડસ્મિથ (Oliver Goldsmith), ચાર્લ્સ લૅમ્બ (Charles Lamb) વગેરે સર્જકો દ્વારા નિબંધ આકર્ષકરૂપે મહોરી રહ્યો. (ક્રમશઃ)

☐

અનુસંધાન) યુદ્ધથી જ યુદ્ધનો... (પૃ. ૪૬૦ પરથી

યુદ્ધને સારું કહેનાર હેનરી કલે અને જહોન કેલહનનાં પૂતળાં આજેય અમેરિકામાં આદર પામે છે ને શાંતિની વાતો કરનાર ફ્રેન્ચ નેતા જીન જોરસનને લોકોએ પેરિસની ઊભી બજારે ચીરી નાખ્યો હતો. શાંતિની વાતો કરનાર ગાંધીજીને નોબેલ-પ્રાઈઝ રૂપે શું મળ્યું એનીય આપણને ખબર છે.

યુદ્ધ તો મોંઘું હોય છે જ, પણ શાંતિય યુદ્ધ જેટલી જ મોંઘી પડે છે. શાંતિના હેતુ માટે જ કેટલાક દેશો અણુબોમબ બનાવે છે. પોતાના દેશમાં શાંતિ જળવાય એ વાસ્તે જ જંગી શસ્ત્રો પોતાને ત્યાં ખડકવામાં આવે છે. ખિસ્સામાં રિવોલ્વર રાખીને શાંતિની વાતો કરવાનો આનંદ કંઈ ઓર હોય છે. એક વાર પ્રયોગ કરી જોજો. ☐

ધારાવાહી લઘુનવલ સંભવામિ યુગેયુગે રતિલાલ બોરીસાગર

આદિવાસીઓના પ્રદેશમાં : ભાષણ

આદિવાસીઓનો આ પ્રદેશ છૂટાંછવાયાં ઝાડવાંવાળો અને પહાડી હતો. થોડાં ઝૂંપડાં છૂટાંછૂટાં દેખાતાં હતાં. ચારપાંચ પર્યાવરણવાદીઓ અગાઉથી અહીં આવી ગયા હતા. અમે પહોંચ્યા કે તરત જ સોએક જેટલાં આદિવાસી સ્ત્રી-પુરુષો કંઈક અવાજ કરતાં નાચવા માંડ્યાં. દસબાર પુરુષો મોટે મોટેથી ઢોલક વગાડી રહ્યા હતા. આ દૃશ્ય જોઈ ભદ્રંભદ્ર કંઈક અસ્વસ્થ થયા ને બોલ્યા, 'અંબારામ ! આ લોકો આર્ય છે?'

'ના, મહારાજ ! આ લોકો અનાર્ય છે.' અનાર્ય શબ્દ સાંભળતાં જ ભદ્રંભદ્ર બોલી ઊઠ્યા, 'અનાર્યપ્રદેશમાં હું ક્ષણવાર પણ ઊભો નહિ રહું. આ ભૂમિનો સ્પર્શ મારા માટે વર્જ્ય છે.' આટલું કહી તેઓ પાછા જીપમાં ચડી ગયા. આ જોઈ યજમાન વિહ્વળ બની ગયા. તેઓ કહે, 'અંબારામભાઈ ! હવે શું થશે ? ભગવાન ભદ્રંભદ્રની સહાય વગર નર્મદાયોજનાનો વિરોધ કરવાનું અમારે માટે શક્ય નથી. તમે કંઈક ઉપાય કરો.' યજમાનનાં દીન વચન સાંભળી મારું હૃદય દ્રવી ઊઠ્યું. મેં ભદ્રંભદ્ર પાસે જઈ નમ્રતાથી કહ્યું, 'મહારાજ !' પરંતુ ભદ્રંભદ્ર અત્યંત અસ્વસ્થ હતા. મને આગળ બોલતો અટકાવી તેઓ વદ્યા : 'અંબારામ ! યજમાને આપણને વિપરીત માર્ગે દોર્યા છે. અનાર્ય સમક્ષ ભાષણ ન થાય. અનાર્યો ઉપદેશને પાત્ર નથી.' મેં કહ્યું, 'મહારાજ, આવા પ્રસંગોએ શાસ્ત્રોની સહાય આવશ્યક છે.'

'અંબારામ ! પ્રત્યેક શ્વાસે શાસ્ત્રોની સહાય આવશ્યક છે. કિન્તુ, આમાં શાસ્ત્રનું કોઈ વિધાન હોવા સંભવ નથી.'

'મહારાજ, શાસ્ત્રોનું વિધાન ન હોય એવો કોઈ પ્રસંગ જગતમાં સંભવતો નથી.'

'તારી વાત સત્ય છે. પળવાર માટે પણ શાસ્ત્રમાં અશ્રદ્ધા સેવી તે માટે હું ઘોર અપરાધી ઠર્યો કહેવાઉં. પરંતુ મહાપુરુષોને દોષો લાગતા નથી, તેથી હું દોષમુક્ત છું. કિન્તુ, આમાં શાસ્ત્રનું કોઈ વિધાન હોય તો તું મને અવિલંબિત રીતે એનાથી જ્ઞાત કર.'

'આમાં તર્કશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રનો આધાર મળે છે, મહારાજ !'

'તે કઈ રીતે, વત્સ ?'

'જુઓ, આપણે આર્ય છીએ.'

'આપણું આર્યત્વ સિદ્ધ છે.' ગૌરવયુક્ત વાણીથી ભદ્રંભદ્ર બોલ્યા.

'આપણે આર્ય છીએ. આપણે નર્મદાયોજનાનો વિરોધ કરીએ છીએ. તેથી જે જે લોકો નર્મદાયોજનાનો વિરોધ કરે છે તે સકલજનો આર્ય છે. તેથી, આ લોકો નર્મદાયોજનાનો વિરોધ કરે છે, માટે તેઓ આર્ય છે, એવું સિદ્ધ થાય છે. આ લોકો આર્ય હોવાનું સિદ્ધ થાય એટલે આપણી અને એની વચ્ચે અભેદ સિદ્ધ થાય. અને તેથી આ લોકો આપના ઉપદેશને પાત્ર છે.'

મારા સ્પષ્ટીકરણથી ભદ્રંભદ્ર સંતુષ્ટ થયા અને બોલ્યા, 'ધન્ય છે, અંબારામ! ધન્ય છે! તું તારું શિષ્યત્વ અવશ્ય ઉજાળશે. યજમાનોને કહી દે કે હું મારું ભાષણ આપવા તૈયાર છું.'

મેં યજમાનોને શુભસમાચાર આપ્યા. તેઓએ નિરાંતનો શ્વાસ લીધો.

ઝાડના એક ઝુંડ નીચે સભાની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આદિવાસીઓને ત્યાં અગાઉથી જ બેસાડી દેવામાં આવ્યા હતા. યજમાનશ્રેષ્ઠ ભદ્રંભદ્રને સભાસ્થાને દોરી લાવ્યા. માર્ગમાં ભદ્રંભદ્રે વારંવાર કહ્યું, 'આ લોકોનું આર્યત્વ સિદ્ધ થયું છે, માટે જ હું ભાષણ પ્રદાન કરવા તત્પર થયો છું.' આ લોકોનું આર્યત્વ કેવી રીતે સિદ્ધ થયું તે તો યજમાનશ્રેષ્ઠની સમજમાં ઊતર્યું નહિ. પરંતુ ભદ્રંભદ્ર પ્રવચન માટે તત્પર થયા એ જ એમને માટે પરમ સંતોષની વાત હતી.

ભદ્રંભદ્ર સભાના મુખ્ય સ્થાને વિરાજ્યા. મને હંમેશની પેઠે એમની સંનિકટ બેસાડ્યો. પ્રથમ યજમાનશ્રેષ્ઠે ઊભા થઈ ભદ્રંભદ્રનાં યશોગાન ગાયાં. આદિવાસીઓના ઉદ્ધાર માટે સ્વયં ઈશ્વર અવતાર ધારણ કરીને આવ્યા છે તેમ ભદ્રંભદ્રે કહ્યું, ત્યારે ભદ્રંભદ્રે અત્યંત ધીમેથી મને જણાવ્યું, 'યજમાન અત્યુક્તિ કરી રહ્યા છે તેમ પ્રથમ દૃષ્ટિએ લાગે તો પણ ભાવનાથી તેમ કહેવું યથાર્થ છે એવી મારી પ્રતીતિ છે.'

'મારી પણ એ જ પ્રતીતિ છે.' મેં કહ્યું. ભદ્રંભદ્ર સંતુષ્ટ બની મારી સામે જોઈ રહ્યા. વસ્તુતઃ યજમાન જે કંઈ કહેતા હતા તે આદિવાસીઓ સમજતા નહોતા અને ભદ્રંભદ્ર જે કહેવાના હતા તે પણ તેઓ સમજવાના નહોતા. યજમાન પણ આ જાણતા હતા તથાપિ તેઓ કેવળ ભદ્રંભદ્રને પ્રસન્ન કરવા જ આમ બોલી રહ્યા હતા. ભદ્રંભદ્રને આ સત્ય અવગત કરાવવાની મને કંઈ જરૂર જણાઈ નહિ.

યજમાનનું પ્રવચન ચાલતું હતું. તે વેળા ભદ્રંભદ્રે મને ધીમેથી કહ્યું, 'વત્સ ! મેં અગાઉ અનેક વેળા કહ્યું છે તેમ હું જાણતો ન હોઉં એવું આ જગત વિશે કશું નથી, ભવિષ્યમાં હોવાનો સંભવ પણ નથી તથાપિ આ લોકો સમક્ષ મારે જે પ્રવચન કરવાનું હોય તેની સંક્ષિપ્ત રૂપરેખા તું મને જણાવ. નર્મદાયોજનાના વિરોધમાં આ લોકો વચ્ચે કેવી રીતે આવ્યા તે અદ્યાપિ મને સ્પષ્ટ થતું નથી.'

મેં આદિવાસીઓના વિસ્થાપનનો પ્રશ્ન સંક્ષેપમાં સમજાવ્યો. આ સાંભળી ભદ્રંભદ્ર બોલ્યા, 'સ્થાનાન્તર માત્રનો શાસ્ત્રોમાં નિષેધ છે. માટે વિરોધને પાત્ર છે. આ પ્રશ્ને નર્મદાવાળાઓ સાથે તુમુલ યુદ્ધ કરવા હું તૈયાર થઈશ. મારી પરશુથી એ લોકોનો શિરચ્છેદ કરીશ.' આટલું કહેતાં ભદ્રંભદ્ર ભગવાન પરશુરામની જેમ ક્રોધથી કાંપવા લાગ્યા. તેઓ અત્યારે જ કોઈનો શિરચ્છેદ ન કરી નાખે તે માટે મેં એમની બાજુમાં પડેલી પરશુ બેઠક નીચે છુપાવી દીધી.

સ્વાગતપ્રવચન પૂરું થયા પછી યજમાનશ્રેષ્ઠ ભટ્ટંભટ્ટની રીતસરની પૂજા કરવા પૂજાનો થાળ લઈ આવ્યા. તેઓ બોલ્યા, 'આપની ભક્તિથી હું પ્રસન્ન થયો છું, કિન્તુ અત્રે આવીને આપે સ્નાન કર્યું હોય તેમ જણાતું નથી. સ્નાન કર્યા વગર દેવની કે દેવતુલ્ય મનુષ્યની પૂજાનો શાસ્ત્રોમાં નિષેધ છે.' યજમાન બિચારા મૂંઝાઈ ગયા. એમણે મારી સામે જોયું. મેં કહ્યું, 'મહારાજ, આપની વાત સત્ય છે; કિન્તુ, પાંચ જલબિંદુનો છંટકાવ થાય એટલે સ્નાનનું ફળ મળે એવું શાસ્ત્રનું વિધાન છે. એટલે આપ પાંચ જલબિંદુઓ છાંટી યજમાનને પવિત્ર કરો. આ રીતે પવિત્ર થયેલા યજમાન આપની ષોડશોપચાર પૂજા કરી શકશે.'

ભટ્ટંભટ્ટે હંમેશની પ્રસન્નતા ધારણ કરી મારી સમક્ષ દૃષ્ટિ કરી અને પછી યજમાનના મસ્તક પર, બંને બાહુ પર, હૃદયસ્થાન પર તેમજ બંને પગ પર એકએક જલબિંદુનો છંટકાવ કરી, યજમાનની પવિત્રતા સિધ્ધ કરી. યજમાને ભટ્ટંભટ્ટનાં ચરણ પલાળ્યાં, લૂછ્યાં એના પર કંકુથી ચાંદલા કર્યા. ચરણ પર ફૂલ મૂક્યાં, કપાળમાં ચાંદલો કર્યો અને પુષ્પમાળા પહેરાવી. પૂજાવિધિ સમાપ્ત થયા પછી યજમાને ભટ્ટંભટ્ટને પ્રવચન કરવા વિનંતી કરી.

ભટ્ટંભટ્ટ પ્રવચન કરવા માટે ઊભા થયા. સીતાસ્વયંવરમાં શિવધનુષ્યનો ભંગ કરવા ઊભા થયેલા શ્રીરામના મુખ પર જેવું ગાંભીર્ય હશે, ગોવર્ધન પર્વત ધારણ કરવા તત્પર થયેલા શ્રીકૃષ્ણના મુખ પર જેવું ગાંભીર્ય હશે એવું ગાંભીર્ય ભટ્ટંભટ્ટે ધારણ કર્યું, પછી ગણપતિનું સ્મરણ કરી એક શ્લોકનો મુખપાઠ કર્યો. ચાર જુદા જુદા શ્લોકનું એક એક ચરણ ભટ્ટંભટ્ટે ભૂલથી સાથે જોડી દીધું હતું પણ અહીં સંસ્કૃત જાણનાર કોઈ હતું નહિ. પર્યાવરણવાદીઓમાંના બે સજ્જનો તો 'પર્યાવરણ' શબ્દમાંના 'પર્યા'નું ઉચ્ચારણ 'ફર્યા-કર્યા-ધર્યા'ની પેઠે કરતા હતા એટલે ભટ્ટંભટ્ટે કહેલા શ્લોકમાં રહેલી ક્ષતિ સુધારવાની આવશ્યકતા મને જણાઈ નહિ.

આ પછી ભટ્ટંભટ્ટે રીતસર પ્રવચનનો પ્રારંભ કર્યો. ભટ્ટંભટ્ટના લગભગ પ્રત્યેક પ્રવચનના મોટા ભાગના મુદ્દાઓ એના એ જ રહેતા. આ અંગે મેં એમનું લક્ષ દોરવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ મારી વાતનો અસ્વીકાર કરી, એમણે કહ્યું હતું, 'વત્સ ! મહાપુરુષોની વાણીમાં એકવાક્યતા હોય છે. તેઓ ગઈ કાલે બોલેલું જ આજે બોલે છે, અને આજે બોલેલું જ આવતી કાલે બોલે છે. મારી, વાણીમાં રહેલી એકવાક્યતા પ્રતિ તું સંશય ન કર.' આ પછી મેં આ અંગે સંશય કરવાનું ત્યાગી દીધું હતું. આજે પણ ભટ્ટંભટ્ટની વાણીની પુનરાવૃત્તિ માટે હું સજ્જ થઈ ગયો.

ભટ્ટંભટ્ટ બોલ્યા, 'આ સ્થળના આદિવાસી તેમજ પર્યાવરણસુરક્ષા માટે સજ્જ થયેલા પર્યાવરણપ્રેમીઓ, નર્મદાવાળાઓ પર્યાવરણનો નાશ કરી રહ્યા છે. પૂર્વે રાક્ષસો જેમ યજ્ઞાદિ પવિત્ર કાર્યોમાં વિઘ્નો નાખતા હતા, તેમ આ દુષ્ટમતિ નર્મદાવાળાઓ નર્મદા જેવી પુરાણ પ્રાચીન નદી પર બંધ બાંધી એનાં પાણીની યથેચ્છ ગતિને રૂંધી રહ્યા છે. નર્મદાના જળ અદ્યાપિ સમુદ્રમાં વહી રહ્યાં છે. કન્યાની અંતિમ પરિણતિ જેમ પતિગૃહ છે તેમ નદીની અંતિમ પરિણતિ સમુદ્ર છે. રાવણે જેમ રામ અને સીતા વચ્ચે વિયોગ કરાવ્યો હતો તેમ નર્મદાવાળાઓ સમુદ્ર અને નર્મદાનું મિલન વિલંબમાં પાડવા માગે છે. પણ હું તેમ નહિ થવા દઉં. હું દૃષ્ટિમાત્રથી બંધનું ઉચ્છેદન કરી શકું છું એ સત્યથી નર્મદાવાળાઓ અજ્ઞાત છે. નર્મદાવાળાઓ સાથે તુમુલ યુધ્ધ થવાનું છે. આ યુધ્ધ રામ-રાવણના યુધ્ધની કે પાંડવો-કૌરવોના યુધ્ધની કીર્તિ ઝાંખી પાડશે. આ યુધ્ધના સમાચારમાત્રથી શત્રુગણ ભયત્રસ્ત થઈ પલાયન કરતાં પડી જશે ને શેષનાગના શીર્ષને ધબકારાથી વ્યથિત કરશે; આ યુધ્ધના દર્શન સારુ આવા દેવોનાં વિમાનોથી સૂર્ય આચ્છાદિત થતાં બ્રહ્માંડમાં અંધકાર વ્યાપી રહેશે; આ યુધ્ધનાં દર્શન સારુ જગતના સમુદ્રો પોતાનાં મોજાં આકાશ જેટલાં ઉછાળશે - આવા ભીષણ યુધ્ધ માટે તમે સજ્જ થાઓ.'

'નર્મદાવાળાઓ તમને વિસ્થાપિત કરવા માગે છે. એમનું આ પગલું શાસ્ત્રવિરુધ્ધ છે. અચલતા શાસ્ત્રનું વિધાન છે. આપણા પૂર્વજો જેમ રહેતા હતા તેમ જ આપણે રહ્યા હોત તો પર્યાવરણ પ્રદૂષિત ન થાત. પ્રવાસ માટેનાં આ સાધનો - તૈલવાહન, અગ્નિરથ, વિમાનાદિ શોધવાની શી આવશ્યકતા હતી? આપણા બાપદાદાઓને કશું શોધવાની જરૂર ન પડી તો આપણને શા માટે પડી ? નર્મદાના બંધથી આ આર્યભૂમિમાં કેટલો અનર્થ થશે ! આપણી આર્યની નીતિ રીતિ ગીતિ પ્રીતિ ભીતિ, અહા તે કેવી ઉત્તમ ! અહા તે શી ઉત્કૃષ્ટ ! આ આર્યનીતિનો ત્યાગ દેશનું કેવું દુર્ભાગ્ય ! આપણો દેશ પૃથ્વીથી પણ શ્રેષ્ઠ હતો. દેવગણની કૃપામાત્ર આપણા દેશ પર જ હતી. બીજી ભૂમિઓના લોકોના ઇન્દ્રાદિ દેવો વિશે અને ઇન્દ્રાદિ દેવોને તેમના વિશે માહિતી નહોતી. નર્મદા પર બંધ બંધાવાથી દેવો કોપ કરવાના છે. નર્મદા શિવની પુત્રી છે. ઇન્દ્રમહારાજ પણ એને પોતાની પુત્રી માને છે. પુત્રી પર આચરાતી ક્રૂરતા કયો પિતા સહી શકે ? શિવ ત્રિશૂળ ફેંકીને અને ઇન્દ્ર વજ્ર પ્રહાર કરીને નર્મદાનો બંધ તોડી નાખશે એનું આ પામર નર્મદાવાળાઓને જ્ઞાન નથી.'

'નર્મદાવાળાઓ કહે છે કે આ લંગોટી છોડાવી તમને શહેરવાસીઓ જેવો પોશાક પહેરાવીશું. આ માયા છે. આ લંગોટી તપસ્વીઓનો પોશાક છે. ભગવાન શિવ કેવળ કૌપિનધારી છે, આપણા સંન્યાસીઓ કૌપિનધારી છે. તમે કૌપિનધારી છો. નર્મદાવાળાઓ તમને તપોભ્રષ્ટ કરવા માગે છે. પણ હું પ્રાણાન્તે પણ તેમ નહિ થવા દઉં. તમે લંગોટભેર જ કાયમ રહો એમ ઇચ્છું છું.'

'નર્મદાવાળાઓ તમારા હાથમાંથી તીર-કામઠું છોડાવી કલમ પકડાવવા માગે છે. તમને પાશ્ચાત્ય કેળવણી આપી ભ્રષ્ટ કરવા માગે છે. પણ હું તેમ નહિ થવા દઉં. તમે યુગોથી જેવા છો તેવા જ યુગાન્તરે પણ રહો એવી મારી શુભકામના છે. નર્મદા માતા કી જય !'

આટલું બોલી ભટ્ટંભટ્ટ બેસી ગયા. ભટ્ટંભટ્ટ બોલતા હતા ત્યારે વચ્ચે વચ્ચે આદિવાસીઓ તાળીઓ પાડતા હતા - આ લોકો ભટ્ટંભટ્ટની ગહન વાણી સમજે છે કે શું એવી શંકા મને પ્રથમ થઈ. પણ પછી મેં જોયું કે એક પર્યાવરણવાદી સજ્જન હાથની સંજ્ઞાથી આદિવાસીઓને તાળી પાડવા અંગે માર્ગદર્શન આપી રહ્યા હતા. તાળીઓથી ભટ્ટંભટ્ટને પ્રોત્સાહન મળતું હતું અને એમનો અવાજ વધુ બુલંદ બનતો હતો.

ભટ્ટંભટ્ટના પ્રવચનથી યજમાનો પણ અત્યંત પ્રભાવિત થયા. ભટ્ટંભટ્ટની સહાયને કારણે નર્મદાનો બંધ બંધાતો અટકાવી શકાશે એવી શ્રધ્ધા યજમાનના મનમાં દૃઢીભૂત થઈ.

જેવી રીતે ગયા હતા તે જ રીતે જીપમાં બેસીને અમે પાછા ફર્યા.

(ક્રમશઃ)

દેશી રાજ્યોના કેટલાક ચલણી સિક્કા

મનસુખલાલ સાના

ઈતિહાસ એ ભૂતકાળનું પ્રતિબિંબ છે. માનવજીવનનાં વિવિધ પાસાંઓના અભ્યાસને આપણે સંસ્કૃતિનો અભ્યાસ કહીએ છીએ. પ્રાચીન સિક્કાઓનો અભ્યાસ એ તેવું જ એક પાસું છે. આવા સિક્કાઓના અભ્યાસથી જે તે સમયના શાસકો અને તે કાળના લોકજીવન વિષે ઘણી માહિતી મળી રહે છે. આ રીતે સિક્કાઓ પોતાના કાળના ઈતિહાસના નક્કર પુરાવા બની રહે છે. આપણા દેશમાં અંગ્રેજોના શાસનકાળમાં ૭૦૦ જેટલાં નાનાંમોટાં દેશી રાજ-રજવાડાં હતાં. અંગ્રેજી શાસનનો પ્રભાવ તો એમના પર હતો જ, પરંતુ આમાંના કેટલાંક રાજ્યોને પોતાના સ્વતંત્ર સિક્કા પાડવાના હક્ક અંગ્રેજી શાસને આપ્યા હતા. અલ્વર, બિકાનેર, બુન્દી, કોટા, ભરતપુર, દેવાસ, ધાર, જયપુર, જેસલમેર, જોધપુર, કચ્છ, કિસનગઢ, કારૌરી, કોચવાન, ઝાલાવાડ અને ટોંક રાજ્યને પોતાનું નાણું ચલાવવાના અધિકાર મળ્યા હતા. આમાંના ઘણા રાજાઓ પોતાના સિક્કા ઉપર બ્રિટિશ સામ્રાજ્ઞી વિક્ટોરિયાનું નામ અંકિત કરી તેમના પ્રત્યેની પોતાની વફાદારી પ્રકટ કરવાનો સંતોષ પણ લેતા હતા. પરંતુ મેવાડના ઉદેપુર રાજ્યના રાજાએ રાણી વિક્ટોરિયાના નામને બદલે પોતાના સિક્કાઓ પર નાગરી લિપિમાં 'દોસ્તી લંધન' એવા શબ્દો મુકાવ્યા હતા. પ્રાચીન સિક્કાઓના ઘણા સંગ્રાહકો ભૂલથી આ શબ્દોને 'દોસ્તી લંડન' સમજે છે. આ જ રીતે વડોદરા, ઇન્દોર, રતલામ, ભોપાલ અને ત્રાવણકોર રાજ્યના રાજાઓએ પોતાના સિક્કાઓ પર રાણી વિક્ટોરિયા કે બ્રિટિશ તાજનો ઉલ્લેખ કરવાનું જરૂરી માન્યું નથી. જેમને પોતાના અલગ સિક્કાઓ પાડવાની છૂટ નથી તેવાં રાજ્યોમાં અંગ્રેજી રાજના સિક્કાઓનું ચલણ હતું.

જે દેશી રાજ્યોને પોતાના સ્વતંત્ર ચલણી સિક્કા પાડવાના ઇ. ૧૮૭૦માં અંગ્રેજોએ અધિકાર આપ્યા હતા તેમની ટંકશાળની તપાસણી તો અંગ્રેજ અધિકારીઓને જ હસ્તક હતી. આમાં જાણવા મળ્યું કે કેટલાંક રાજ્યો સ્વતંત્ર ચલણ રાખવાના પોતાના અધિકારનો ઉપયોગ કરવાની ખેવના રાખતા નહોતા, એટલે અંગ્રેજ સરકારે પછી માત્ર ૩૪ રાજ્યોના જ અધિકારો ચાલુ રાખ્યા હતા.


અત્યાર સુધી મોટા ભાગનાં દેશી રાજ્યો મુઘલ શહેનશાહના નામના સિક્કા જ પાડતા હતા, પરંતુ ઇ. ૧૮૭૦થી ૧૫ જેટલાં રાજ્યોએ રાણી વિક્ટોરિયાનું નામ પોતાના સિક્કા પર મૂકવા માંડેલું. આમાંથી ભરતપુરના ચાંદીના રૂપિયા ઉપર વિક્ટોરિયાની મુખાકૃતિ પણ છપાતી અને એ સિક્કાને આવકાર પણ મળેલો.

દેશી રાજ્યોના સિક્કાઓ પરના લખાણમાં મોટા ભાગે ફારસી લિપિનો પ્રયોગ પણ જોવા મળે છે. એ લખાણની સાથે તે સિક્કા પાડ્યાની સંવત કે હીજરી સન પણ દર્શાવાતી હતી. રાણી વિક્ટોરિયાનું નામ અને ઇસ્વી સનનું વર્ષ અંગ્રેજીમાં અંકિત કરવાનો પ્રારંભ સૌપ્રથમ બુન્દીના રાજ્યે કરેલો.

હિન્દુસ્તાનના બધાં દેશી રાજ્યોમાં બ્રિટિશ તાજના નામોલ્લેખવાળા સિક્કાઓનું ચલણ દાખલ કરવા ઇ. ૧૮૭૬માં અંગ્રેજ શાસકોએ એક કૂટનીતિ અપનાવી અને આ રાજ્યોને મજૂરી ખર્ચ લીધા વિના પોતાની ટંકશાળમાં તે પાડી આપવાનો પ્રસ્તાવ મૂક્યો. અલ્વર, બિકાનેર અને કેટલાંક રાજ્યોએ તેનો લાભ પણ લીધો; પરંતુ ઇ. ૧૮૯૩માં અંગ્રેજોએ આ પ્રથા બંધ કરી.

બાંસવાડા, જૂનાગઢ (જામનગર), જાઓરા (જાવસ), સાયલા, ગ્વાલીઅર, હૈદરાબાદ અને પુદુકોટાના રાજ્યને પણ પોતાનું સ્વતંત્ર ચલણી નાણું રાખવાની છૂટ હતી. દેશી રાજ્યોમાં બુન્દી અને કોટાના સિક્કાનો ઈતિહાસ કંઈક જુદો જ છે. આ રાજ્યોના રાજા 'હરા' વંશના રાજપૂતો હતા. તેમના તાબાનો પ્રદેશ 'હરાવતી' કહેવાતો. બુન્દી રાજની સ્થાપના ઇ. ૧૩૪૨માં

(અનુસંધાન પૃ. ૪૫૮ ઉપર)



બુન્દી અને કોટા રાજ્યના રૂપિયા (ડાબી બાજુથી અનુક્રમે) ૧. મોગલ બાદશાહ મહમદ અકબર બીજાના નામનો બુન્દી રાજ્યનો ચોરસ રૂપિયો. તેના ઉપર ફારસી ભાષામાં લખાણ છે. ૨-૩. મહમદ અકબર બીજાના નામવાળા કોટા રાજ્યના ગોળાકાર રૂપિયાની બે બાજુ. તેના ઉપર પણ ફારસીમાં લખાણ છે. ૪-૫. બુન્દી રાજ્યનો રાજા રામસિંહનો વિ. સં. ૧૯૫૯નો રૂપિયો. તેની આગળની બાજુ ઉપર 'એમ્પરર એડવર્ડ-૭'નો અંગ્રેજીમાં ઉલ્લેખ છે અને મધ્યમાં કટારધારી માતાજીની આકૃતિ છે. તેની પાછલી બાજુ પર નાગરી લિપિમાં બુન્દી રાજ્ય, રામસિંહ અને (સં) ૧૯૫૯ એવું લખાણ છે. ૬. મધ્યમાં ખંજરની આકૃતિ સાથે 'એમ્પરર એડવર્ડ-૭' એવા અંગ્રેજી લખાણ સાથેનો બુન્દી રાજ્યોનો રાજા રામસિંહે વિ.સં. ૧૯૬૯માં બહાર પાડેલો રૂપિયો.

લક્ષ્મી અને સરસ્વતી

આશ્વિન માસની અમાવાસ્યા, એટલે કે દિવાળીના પર્વદિને ઐશ્વર્યદાયી લક્ષ્મી તથા વિદ્યાદાયિની સરસ્વતીનાં પૂજનની આપણામાં એક પરંપરા છે. પ્રાચીનકાળથી આ બંને દેવીની ઉપાસના થતી આવી છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં તેમના પ્રાકટ્યથી માંડી તેમનાં વિવિધ સ્વરૂપો, તેમનાં એ રૂપલક્ષણોનાં સાંકેતિક તેમજ આધ્યાત્મિક અર્થઘટનો, તેમની ઉપાસનાનું માહાત્મ્ય અને વ્રત-વિધિ વગેરે વિશે પુષ્કળ લખાણ મળે છે. આ જ રીતે ભારતીય કલાપરંપરામાં - ખાસ કરીને શિલ્પાંકનોમાં તેમનાં વિવિધ સ્વરૂપોનું અર્થસૂચક નિરૂપણ જોવા મળે છે. કાળાનુક્રમે આ બંને દેવીઓનાં સ્વરૂપોની વિવિધ વિભાવનાઓ વિકસી છે. તેનાં વર્ણનો અને શિલ્પાંકનો પરથી અહીં તે બંને દેવીઓનો આછોશો પરિચય રસપ્રદ થશે.

લક્ષ્મી

સમુદ્રમંથનમાંથી તેનું પ્રાકટ્ય થયું. તેના દેદિપ્યમાન રૂપથી લુબ્ધ થઈ દેવ-દાનવ સર્વએ તેને પામવાની ઇચ્છા કરી. પણ સ્વયં લક્ષ્મીએ વિષ્ણુના ગળામાં વરમાળા પહેરાવી અને એ વિષ્ણુ-પત્ની બની. કમલા, સિંધુજા, ક્ષીરાબ્ધિતનયા, પદ્મા, ઇંદિરા, હરિપ્રિયા, શ્રી, લોલા, ચપલા, ચંચલા, ધરણી વગેરે નામોથી પણ તે ઓળખાય છે. ઋગ્વેદમાં પ્રથમ વાર લક્ષ્મી શબ્દનો ઉપયોગ થયો છે, જ્યાં તેનો અર્થ સદ્ભાગ્ય એવો થાય છે. લક્ષ્મીનો બીજો પર્યાય છે શ્રી એટલે કે શોભા અથવા કાન્તિ. આજે શ્રી અને લક્ષ્મી બંને એક જ દેવી ગણાય છે, પણ કદાચ એ બંને ભિન્ન હતી અને બંને વિષ્ણુની પત્ની હતી. આ જ રીતે લક્ષ્મીનું એક નામ 'માયા' પણ છે. શતપથ બ્રાહ્મણમાં માયાને અસુર વિદ્યાની પર્યાય માની છે. એ અસુરોની વૈભવદાત્રી દેવી હતી, પરંતુ કાળાંતરે અસુર અને આર્યો એકબીજામાં ભળી ગયા પછી તેજ, કાન્તિ અને ઐશ્વર્યની દેવી મનાતી હોવાથી આર્યોમાં પણ તેને લક્ષ્મી અને શ્રી જેવી જ પ્રતિષ્ઠા મળી. પુરાણોના ઉત્કર્ષકાળમાં લક્ષ્મીને વિશેષ પ્રતિષ્ઠા મળતાં માયાદેવી અને શ્રીદેવી તેમાં વિલીન થઈ ગઈ હોય તેવું બને. આમ, આગળ જતાં લક્ષ્મી નામમાં બીજી પણ કેટલીક નાનીમોટી દેવીઓનાં નામ સમાઈ ગયાં હશે. વાયુપુરાણમાં લક્ષ્મીનાં ૫૬ જેટલાં નામ મળે છે. લક્ષ્મીનું એક નામ 'મા' પણ છે. આ નામ માયા નામનું પણ સૂચન કરે છે. ભારહૂતમાંથી મળેલી એક પ્રાચીન મૂર્તિ નીચે 'સિરિમા દેવતા' એવું લખાણ છે. આ સિરિમા એટલે 'શ્રીદેવી' સાથે મળી ગયેલી 'મા' કે 'માયા' હોઈ શકે એવો પણ એક મત છે.

આમ, શિવ અને અશિવ દેવીસ્વરૂપો મૂળ એક જ દેવીનાં રૂપ છે એમ મનાય છે. ભાગવતધર્મના વ્યાપ પછી અનેક દેવીઓ એક જ દેવી લક્ષ્મીમાં સમાઈ જઈ વિષ્ણુપત્ની એટલે કે એક આદર્શ સ્વરૂપ દેવી તરીકે ઉપાસ્ય બની. પુરાણોમાં કહ્યું છે, વિષ્ણુ જ્યારે જ્યારે અને જે જે સ્વરૂપે અવતાર લે છે, ત્યારે ત્યારે તેને અનુકૂળ રૂપે લક્ષ્મી પણ અવતરીને તેની પત્ની બની રહે છે.

સૌંદર્ય, સંપત્તિ અને ભાગ્યની આ દેવી ઐશ્વર્યદાયી તરીકે પ્રતિષ્ઠા પામ્યા પછી ધનલક્ષ્મી, ધાન્યલક્ષ્મી, ધૈર્યલક્ષ્મી, વિદ્યાલક્ષ્મી, કીર્તિલક્ષ્મી, વિજયલક્ષ્મી અને રાજ્યલક્ષ્મી એવાં એનાં આઠ રૂપો પૂજનીય બન્યાં. પદ્મપુરાણમાં લક્ષ્મીને ક્ષીરસાગરમાં અનંતનાગની શય્યા પર પોઢેલા વિષ્ણુના પાદનું સંવાહન કરતી વર્ણવી છે. વૈકુંઠમાં તેને વિષ્ણુની પાસે બિરાજિત બતાવી છે.

બળ અને ઉન્માદ એ લક્ષ્મીના ભાવાત્મક પુત્ર છે. અને આપણે જોઈએ છીએ કે ઐશ્વર્યદાયી આ દેવીની કૃપા હોય ત્યાં આ બંને પણ હોવાનું સ્વાભાવિક છે.

હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મોમાં ગજલક્ષ્મી સ્વરૂપે તેને માન્યતા મળી છે એમ આ ત્રણે ધર્મોનાં પ્રાચીન શિલ્પાંકનો પરથી લાગે છે. સાંચી, ભારહૂત, મથુરા, અજંતા-વેરૂળ (ઇલોરા) વગેરે અનેક સ્થળેથી તેનાં આ સ્વરૂપોનાં શિલ્પો મળ્યાં છે. ગ્રામીણ પરંપરામાં પણ તેની આવી જ પ્રતિષ્ઠા રહેતી આવી છે. આપણા દેશમાં ઉત્તરમાં લક્ષ્મીપૂજનનો મોટો મહિમા છે, તેમાં બહુધા આ ગજલક્ષ્મીનું સ્વરૂપ વધુ પ્રચલિત છે.

વિષ્ણુધર્મોત્તર પુરાણમાં તેની મૂર્તિ કેવી બનાવવી તે કહ્યું છે. વિષ્ણુની પાસે તેને દ્વિભુજ દર્શાવાય છે, જ્યારે તેની સ્વતંત્ર પ્રતિમામાં તેને ચતુર્ભુજ, સર્વાભરણભૂષિત, અષ્ટદલ કમળ પર આસનસ્થ તથા હાથમાં કમળ, અમૃતઘટ તથા શ્રીફળ અને શંખ સાથે અંકિત કરાય છે. કુશાન અને શુંગકાળમાં કમળ પર આસિત પદ્માવસ્થેત, હાથમાં કમળવાળી પદ્મગ્રહ, કમળપુષ્પોથી ઘેરાએલી પદ્મવત્સ વગેરે રૂપો પ્રચલિત હતાં. એક ગુપ્તકાલીન સિક્કા ઉપર તો લક્ષ્મીને હાથમાંથી ધનવર્ષા કરતી દર્શાવી છે. આ કાળમાં લક્ષ્મીપૂજનનું વિશેષ મહત્ત્વ રહ્યું હતું તેમ એ કાળના ચલણી સિક્કાઓ જોતાં લાગે છે.

ધનની અધિષ્ઠાત્રી અને ભાગ્યની દેવી તરીકે આ ઐશ્વર્યદાયી લક્ષ્મીની પૂજા-ઉપાસના આજ સુધી પ્રચલિત રહે એ સ્વાભાવિક છે.

સરસ્વતી

આર્યોની આ વિદ્યાદેવી વાક્, વાગ્દેવી, વાગીશ્વરી, વાણી, શારદા, ભારતી, વીણાપાણિ ઇત્યાદિ એનાં અન્ય નામ છે. સરસ્વતી શબ્દનો અર્થ ગતિમતી થાય છે. આધ્યાત્મિક અર્થમાં એ નિષ્ક્રિય બ્રહ્મનું સક્રિય રૂપ છે. તેનો વર્ણ ઉજ્જવલ હોઈ જ્યોતિર્મય બ્રહ્મનું તે પ્રતીક મનાય છે. ઋગ્વેદમાં તેને નદીનું માનવસ્વરૂપ માની છે. પ્રજ્ઞાબુદ્ધિ અને વાણીની મીઠાશ અર્થે ઉપનિષદમાં તેની પ્રાર્થના કરી છે. પુરાણોમાં તેને બ્રહ્મદેવની પત્ની તો ક્યાંક તેની પુત્રી કહી છે. સાવિત્રીની પુત્રી અને સનકાદિ ભાઈઓની બહેન તરીકે પણ તેના ઉલ્લેખો છે, તો 'પુષ્ટી' નામે તેને વિષ્ણુની પત્ની તરીકે પણ ગણાવાઈ છે. આમ, આપણા પ્રાચીન ગ્રંથોમાં એનાં વિધવિધ વર્ણનો મળે છે. બૃહદારણ્યકમાં તેને 'ધેનુ' કહી છે. પ્રાણ આ ધેનુનો વૃષભ અને મન તેનું વત્સ છે.

જેમ પ્રત્યેક કાર્યના શુભારંભમાં ગણેશની સ્તુતિ કરવામાં આવે છે તેમ, વિદ્યા અને કલાની દેવી કોઈ વિદ્યારંભે તેમજ ગ્રંથના આરંભમાં સરસ્વતીનું પૂજન કે સ્તુતિ કરવાની પરંપરા છે.

શુભ્રવર્ણ, શુભ્રવસ્ત્રધારિણી, અલંકાર-વિભૂષિત અને પુંડલિક, માલા, વીણા અને કમંડલ કે જ્ઞાનકુંભ-ધારિણી તથા પદ્મ પર આસિત એવું એનું પ્રચલિત સ્વરૂપ છે. પુસ્તક અને વીણા એ તેનાં મુખ્ય પ્રતીક છે. ચાર દિશાના પ્રતીકરૂપ તેના ચાર હાથ સરસ્વતીના સર્વવ્યાપીત્વનું સૂચન કરે છે. તેના હાથમાંનું પુસ્તક કે પોથી તે સ્થૂળ રૂપના જ્ઞાનની પ્રાપ્તિનું સાધન હોઈ, આધ્યાત્મિક અર્થમાં સર્વજ્ઞાનમય વેદોનું પ્રતીક છે. તેના હાથમાંની માલા એકાગ્રતા સૂચવે છે, વીણા જીવનસંગીતનું અને કમળ તે સૃષ્ટિનું પ્રતીક મનાય છે.

શ્વેત હંસ એ તેનું વાહન છે. બૌદ્ધ અને જૈન પરંપરામાં મોર-મયૂરને તેનું વાહન ગણ્યું છે. હિંદુ તેમજ બૌદ્ધો અને જૈનોમાં પણ તે પૂજનીય મનાય છે. બૌદ્ધો તેને મંજુશ્રીની પત્ની માની તેનાં પાંચ સ્વરૂપોની ઉપાસના કરે છે. એમાં 'મહાસરસ્વતી' સ્વરૂપમાં તેનું હિમગૌર અને દ્વિભુજ તથા જમણો હાથ અભયમુદ્રામાં અને ડાબા હાથમાં કમળવાળું સ્વરૂપ કલ્પ્યું છે. 'વજવીણા' સ્વરૂપમાં તેને મુકુટમાં બીજચંદ્ર સાથે ત્રિનેત્ર, દ્વિભુજ, કમલ તથા પુસ્તકધારિણી અને કમલાસિત દર્શાવાય છે. ગૌર, દ્વિભુજ અને વીણાવાદિની એવું તેનું ત્રીજું સ્વરૂપ 'વજશારદા' કહેવાય છે. ચોથા 'આર્યસરસ્વતી' સ્વરૂપમાં તે ગૌર કાન્તિવાળી, ડાબા હાથમાં કમલનાળ અને તેની ઉપર પોથી સાથે, તથા પાંચમા 'વજ સરસ્વતી' સ્વરૂપમાં તેને ત્રિમુખ, ષડ્ભુજ, રક્તવર્ણ, રક્તકેશી અને રક્તકમલ પર આસિત દર્શાવાય છે.

જૈનોમાં સરસ્વતી 'શ્રુતદેવી' તરીકે પૂજાય છે.

સ્કંદપુરાણમાં તેને શિવની શક્તિ કલ્પી છે, ને બીજચંદ્ર સહિત જટામુકુટધારી, ત્રિનેત્રી તથા નીલવર્ણી કંઠવાળી વર્ણવી છે, જે શિવનું જ નારી રૂપ જણાય છે.

સરસ્વતીનાં દ્વિભુજ, ચતુર્ભુજ, ષટ્ભુજ અને દશભુજ એવાં રૂપો છે. આમાંનાં પ્રથમ બે પૌરાણિક, ષડ્ભુજ તે બૌદ્ધ અને દશભુજ એ 'શિલ્પરત્ન'ની કલ્પના છે.

ભારતીય કલામાં ઈ. પૂર્વે બીજા સૈકાથી તેનું દ્વિભુજ અંકન જોવા મળે છે. પદ્મપીઠ ઉપર ઊભેલી, દિવ્ય ગૂઢ ભાવયુક્ત મુખારવિંદવાળી અને અલંકારથી ખચિત તથા વીણા વગાડતી એક મૂર્તિ ભારહુતમાંથી મળી છે. બંગાળ અને બિહારમાંથી તેનાં ચતુર્ભુજ સ્વરૂપો મળ્યાં છે. મથુરા પાસેના એક ઉત્ખનનમાંથી એક મૂર્તિ મળી છે જે કદાચ જૈનકાલીન છે. તેમાં સરસ્વતીને વિપુલ વસ્ત્રપરિધાન સાથે બેઠેલી દર્શાવી છે. તેની બે બાજુના બે સેવકોમાંથી એકના હાથમાં પાત્ર છે તે 'જ્ઞાનપાત્ર' મનાય છે.

ગુપ્તકાળમાં સરસ્વતીનું પ્રતિમાકરણ ઠીકઠીક વિકસ્યું હોવાના પુરાવા મળે છે. દક્ષિણમાં ચોલ અને ચાલુક્યકાળમાં સરસ્વતીની-મૂર્તિ મળી છે. તંજાવુરમાં બૃહદેશ્વરના મંદિરમાં વીરાસનમાં બેઠેલી એક દ્વિભુજ સરસ્વતીનું શિલ્પાંકન છે. તેમાં તેના મસ્તક ઉપર ઊંચો મુકુટ અને તેની ઉપર છત્ર તથા તેની યે ઉપર વૃક્ષ છે. બોધિવૃક્ષની જેમ આ વૃક્ષ જ્ઞાનવૃક્ષ મનાય છે. અહીં સરસ્વતીની બાજુમાં એક ચામરધારી સેવક તથા ઉપરના ભાગમાં વિદ્યાધરને ઊડતો દર્શાવ્યો છે.

ઉત્તર ભારત કરતાં દક્ષિણ ભારતમાં સરસ્વતી-પ્રતિમામાં ભિન્નતા પણ જોવા મળે છે. દક્ષિણમાં તે શિવની શક્તિ મનાય છે. ષડ્ભુજ સરસ્વતીની મૂર્તિ ઘણીખરી દક્ષિણમાંથી મળી છે. હોયસળેશ્વરના મંદિરમાં હોયસળ યાદવોના કાળની એક મૂર્તિમાં શિવની શક્તિના રૂપમાં તેને ષડ્ભુજ અને નૃત્યમાં રત બતાવી છે. શ્રીશૈલમ્‌ના બ્રહ્મેશ્વર મંદિરમાંની સરસ્વતીની એક મૂર્તિ પણ ષડ્ભુજ છે. દસમા સૈકાની ચાલુક્યકાલીન એક ષડ્ભુજ મૂર્તિના એક હાથમાં પરશુ અને એકમાં કલ્પવૃક્ષની ડાળ દર્શાવવા સાથે તેને નૃત્ય કરતી બતાવી છે.

સરસ્વતીનું પૂજન દિવાળી ઉપરાંત વસંતપંચમીના દિવસે પણ થાય છે. 'સરસ્વતી શયન સપ્તમી' નામે એક વ્રત પણ છે જે આશ્વિન સુદ સપ્તમીથી નવમી પર્યંત પળાય છે. તેમાં સપ્તમીએ ગ્રંથની પૂજા કરીને વ્રતનો આરંભ થાય છે. ત્યારથી દશમી સુધી અધ્યયન, અધ્યાપન અને લેખનકાર્ય બંધ રહે છે. કારણ તે કાળમાં સરસ્વતી નિદ્રિત રહેતી હોવાનું મનાય છે. આ વ્રતમાં સર્વાલંકારવિભૂષિત, પુસ્તક, વીણા ને કમંડલધારિણી ચતુર્ભુજ સરસ્વતી સમક્ષ ધ્યાન ધરવાનો મહિમા છે.

- સંકલિત

સાદાઈ

જે માણસ અંદર અને બહારથી એક છે, સાદો છે, તેની વાત બધા માને છે. તે સૌને સારો લાગે છે.

સાદાઈનો મતલબ એ કે દેખાવ અને બનાવટ ન કરીએ. આ બે બાબતો છોડી દેનાર જરૂર સારો બની જાય છે.

દરેક માણસે સારા બનવું જોઈએ. પોતા માટે અને બીજા માટે. દેશ માટે અને દુનિયા માટે પણ. જે સૌને માટે સારો નથી, નેક નથી તેને હું માણસ કહેતાં ડરું છું.

સાદાઈથી મોટો ફાયદો પણ છે. જો તમે સાદા રહેશો તો ખર્ચ ઓછું થશે. તેથી બચત થશે. તેનાથી વધારે સારાં કામ થઈ શકશે.

બધા લોકો સાદાઈને જીવનમાં ઉતારે તો એ બધાય, શું નાના કે મોટા, અમીર કે ગરીબ સૌ સરખા બની જશે.

બધા ગરીબ/તવંગર નહીં બની શકે. બધા તવંગર ગરીબ નહીં બની શકે, પરંતુ સાદા તો બધા બની શકે છે. અને એ રીતે સૌ સરખા જેવા બની જશે.

ત્યારે આપણે આપણું રામરાજ્ય બનાવી લઈશું.

ગાંધીજી

'કુમાર'ના એક શુભેચ્છક તરફથી સ્થાન સમર્પિત

કંકાવટી

ગૃહિણીઓની માંગલ્યવાંછું શોભનકળા

રંગોળી

રંગોળી એટલે કોઈ વારતહેવારે, શુભ પ્રસંગે યા સમારંભ સમયે મુખ્યત્વે ઘરના પ્રવેશદ્વાર પાસે કરાતી શોભન-આકૃતિઓ એવી એક સામાન્ય સમજણ છે. આપણે ત્યાં ખાસ તો દિવાળીના તહેવારોમાં રંગોળી થાય છે. જો કે હવે તો ઉત્સવો, લગ્ન વગેરે જેવા પ્રસંગો, ભોજન-સમારંભો, પ્રદર્શનો કે રાષ્ટ્રીય પર્વોમાં પણ ઘરઆંગણ, ઓટલો, દીવાનખંડ, ભોજન કે પૂજાસ્થાન અને તુલસી-ક્યારે પણ રંગોળી કરવામાં આવે છે, અને આ રીતે પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરવામાં આવે છે. પાકા રંગથી જમીન ઉપર કરેલાં કાયમી શોભન-આલેખનોને પણ ઘણાં રંગોળી કહે છે. રંગોળી દ્વારા વ્યક્તિની કળાની સમજ ખીલે છે, કલ્પના અને વ્યવસ્થાશક્તિ વિકસે છે, એકાગ્રતા કેળવાય છે, અને ખાસ તો ઘરની બાળાઓમાં નાનપણથી કળાના સંસ્કાર જાગૃત કરતું લોકકળાનું આ એક વિશિષ્ટ અંગ છે તેમ મનાય છે. - એ ખોટું પણ નથી. કોઈ પણ પ્રકારે રંગોળી એ એક આવકાર્ય કલા છે. આજે તો અનેકવિધ સાધનો અને રંગમાધ્યમોનો તેમાં ઉપયોગ થાય છે, પરંતુ હાથની ચપટીમાં રંગચૂર્ણ લઈ તેના વડે અન્ય કોઈ આધાર વિના સહજપણે બનાવેલી રેખાકૃતિઓનાં શોભનોને રંગોળી ગણવી જોઈએ. શુભકામનાઓ અને ધર્માનુસાર સાંકેતિક આકારઆકૃતિઓના શોભન સાથે રંગોળી સંકળાયેલી છે.

વૈદિક કાળના તો નહિ, પણ પૌરાણિક કાળના ગ્રંથોમાં તેના ઉલ્લેખો મળે છે. તેમાં દ્વારની પાસે નાગ, સવત્સ ગાય, મંડલો વગેરેનાં આલેખનો કરવાના ઉલ્લેખો છે. રંગોળીના એ આદ્ય પ્રકારો જ કહી શકાય. સંસ્કૃતમાં રંગવલ્લી નામે તેનો ઉલ્લેખ છે. ચોસઠ કળામાંની એ એક કળા ગણાય છે, અને તેનો ઉગમ ધર્મ સાથે સંકળાયેલો છે. મૂર્તિકલા કે ચિત્રકલા કરતાંયે તેની પરંપરા કદાચ જૂની હોઈ શકે. મંગલ પ્રસંગે તેમજ ધાર્મિક વિધિઓમાં તેના સ્થાને પ્રથમ રંગોળી કરવાનું આવશ્યક મનાતું આવ્યું છે. સુંદરતાનું દર્શન અને માંગલ્યની સિદ્ધિ એ તેના મૂળ મુખ્ય ઉદ્દેશ લાગે છે. તેમાં શંખ, સ્વસ્તિક, ચંદ્ર, સૂર્ય, કચ્છપ ઇત્યાદિનું આલેખન એ ધર્માનુસાર વિધવિધ પ્રતીકો જ છે. કેટલીક ધાર્મિક વિધિઓમાં આલેખાતાં મંડલ એ કેવળ શોભન જ નહિ, પણ પ્રતીકો છે. અને એથી દેવાકૃતિ કે પ્રતિમાના બદલે તેમની પ્રતીકાત્મક આકૃતિઓ કરી તેની પૂજા કરવાની પરંપરાને પણ રંગોળીનો એક પ્રકાર ગણી શકાય.

રંગોળી પૂરવામાં વિવિધ માધ્યમોના પ્રયોગ પણ નવા નથી. ત્રીજા શતકમાં ધાન્ય વડે રંગોળી થતી હોવાના ઉલ્લેખો મળે છે. વિવિધ પુષ્પો અને પંચરંગી ચૂર્ણો વડે પણ રંગોળી થતી. ઘરઆંગણમાં રંગોળી કરવાના તેમજ ભોજન-સમારંભમાં મંગલચૂર્ણરેખાઓનું શોભન કરવાના ઉલ્લેખો પણ મળે છે. હેમચંદ્રાચાર્યે ચોખાના લોટની રંગોળી વિષે લખ્યું છે, તો સોમેશ્વરે તેને ધૂલિચિત્ર અને ક્ષણિક ચિત્ર નામે ઉલ્લેખી છે. આમ, પ્રાચીન ઉલ્લેખો પરથી રંગોળીની પરંપરા બે હજાર પૂર્વેથી ઊતરતી આવી હોવાનું જણાય છે.

આમ તો ભારતના લગભગ બધા પ્રદેશોમાં એક યા બીજા પ્રકારે આની પરંપરા રહી છે. મુખ્યત્વે તે સ્ત્રીઓની કળા ગણાય છે, અને બંગાળની સ્ત્રીઓ તેમાં સિદ્ધહસ્ત કહી શકાય તેટલું શોભન-પ્રધાન વૈવિધ્ય તેમણે વિકસાવ્યું. ખડી કે ચોખાના પલાળેલા લોટના પ્રવાહીમાં એક પોતું બોળી હાથમાં લઈને અંગૂઠાનો સહેજ દાબ આપી તેઓ જે જાડી-પાતળી રેખાઓનું શોભનવૈવિધ્ય સરજે છે તેની વ્યાપક ખ્યાતિ છે. મુખ્યત્વે તેમાં ફૂલ-પત્તીના વળાંકદાર સુંદર આકારો જોવા મળે છે. ત્યાં રંગોળી 'અલિપના' નામે ઓળખાય છે. અને વ્રત તથા વિવિધ સંસ્કારો સાથે તે સંકલિત છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર તરફની રંગોળીના પ્રકારો ધાર્મિક સ્વરૂપના છે અને બહુધા આકૃતિપ્રધાન હોય છે. ટપકાંના આધારે ભૌમિતિક આકૃતિઓની રચના પણ મહારાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાત તરફ ઠીકઠીક પ્રચલિત છે. જ્યારે પૂર્વભારત તરફ રંગોળી શોભનપ્રધાન અને ફૂલપત્તીના બાહુલ્યવાળી લાગે છે. રાજસ્થાનમાં તે 'માંડણાં' કહેવાય છે.

ત્યાંના લોકસમાજમાં ઘરનું આંગણ, ઓટલા ને ભીંતો ઉપર પણ તેનું પલાળેલી ખડી વગેરે વડે આલેખન થાય છે, જેમાં આપસાસ જોવા મળતા ચિત્રવિષયોનું ગ્રામીણ પણ કલ્પનાભર્યું આલેખન જોવા મળે છે. એમાં ફૂલપાન, મોરપોપટ, કમળફૂલ કે માતાજીનાં પગલાં વગેરે તો હોય જ પણ એની સાથે આગગાડી ને વિમાન પણ જોવા મળે. રંગોનું વૈવિધ્ય તેમાં ઓછું હોય. મધ્યપ્રદેશમાં તેને 'ચોક' પૂરવો કહે છે. આંધ્રમાં 'મૂગ્ગુ', તામિલનાડુમાં 'કોલમ', કર્ણાટક અને મહારાષ્ટ્રમાં 'રંગોલી' કે 'રાંગોલી' ને કેરળ બાજુ તે 'પૂવિડલ' નામે ઓળખાય છે. અલબત્ત, પ્રાદેશિક લાક્ષણિકતા સાથે તેમાં આકાર આકૃતિ તથા પ્રતીકાત્મક 'સંજ્ઞા-આલેખનોમાં ભિન્નતા સહેજે ધ્યાન ખેંચે જ છે. ગુજરાતમાં 'રંગોલી' શબ્દ હવે તો લગભગ બધે જ વપરાય છે, પણ અસલ તો તે 'સાથિયા' નામે ઓળખાય છે. દિવાળીના તહેવારો બાદ કરતાં તે આજે તો કેવળ શોભનાર્થે વિવિધ પ્રકાર અને માધ્યમોમાં તેનો કાયમી જેવો ઉપયોગ થાય છે.

વૈષ્ણવોએ તો વળી 'સાંઝી' નામે તેનો એક ખાસ પ્રકાર વિકસાવ્યો છે અને ધાર્મિક પર્વ-પ્રસંગોએ તેમની હવેલીઓમાં તેનો પ્રયોગ થાય છે. વ્રજમાં સંધ્યા સમયે વિધવિધ માધ્યમોમાં તેની શોભનરચનાઓ થવાની એક પરંપરા પરથી એ 'સાંઝી' કહેવાય છે. એમાં બહુધા કૃષ્ણ સાથે સંકલિત પ્રતીકો અને દૃશ્યોનું નિરૂપણ થાય છે. આ માટે તે જાડા કાગળમાં કોતરીને ફૂલપાન, વૃક્ષો, ગાય, મોરપોપટ, વિવિધ મુદ્રામાં કૃષ્ણ, ગોપીઓ વગેરેનાં ઓઠાં તૈયાર કરે છે. સાંઝી પૂરતી વખતે આ ઓઠાં જમીન ઉપર મૂકી તેના ઉપર વિવિધ રંગની ભૂકી પાતળા કાપડની પોટલી દ્વારા ભભરાવે છે, ને પછી હળવે હાથે એ કાગળનું ઓઠું ઉપાડી લે, અને જમીન પર એ ઓઠાંના કોરાએલા ભાગમાંથી રંગ જમીન પર છવાઈ રહે. આવાં વિવિધ ઓઠાંઓનાં અવનવાં સંયોજનો ગોઠવીને તેના આધારે સાંઝીમાં કૃષ્ણલીલાનાં સુંદર દૃશ્યો સરજી શકાય. નારીકુંજર, નારીઅશ્વ આદિ જેવા હાથી, અશ્વ કે પાલખી વગેરેના બાહ્ય આકારમાં નારીપાત્રો (ગોપીઓ)ની તેઓ અટપટી ચાતુરીયુક્ત સુંદર સંયોજનાં સાંઝીમાં જોવા મળે છે.

સુરત તરફ તો વળી રંગોળી માટે નવી જ યુક્તિ વપરાય છે. તેમાં પતરાનાં કાણાંવાળાં બીબાંમાં વિવિધ ફૂલબુટ્ટી વગેરે કોરી હોય છે. આ બીબામાં રંગ ભરીને ભીની જમીન ઉપર એ હળવે હાથે પછાડતાં નીચે રંગ પડીને આકૃતિની છાપ પડી જાય. સળંગ કિનારી માટે એક જ બીબાની છાપનું પુનરાવર્તન કરી શકાય, અથવા વાંસની ભૂંગળીમાં કાણાં પાડી તેમાં રંગ ભરીને તેને જમીન પર રોડવે એટલે પેલા કાણામાંથી રંગ ખરીને સુંદર સળંગ ભાત પડી જાય. મોટે ભાગે પારસીઓ પોતાના આંગણમાં આ રીતે લગભગ રોજ રંગોળી પૂરે છે.

આમ, રંગોળી એ કેળવ સુશોભન જ નહિ, પણ અશુભ-નિવારક ગણાય છે, અને એ માન્યતા સ્વાભાવિક જ છે કે રંગોળીના શોભન વિનાનું ગૃહદ્વાર અશુભ ગણાય. - બિ.

મરચાં અને શીંગદાણાનું શાક

બજારમાં અત્યારે લીલી શીંગ (મગફળી) આવે છે. શેકીને કે બાફીને ખાવાની એની એક મજા છે. એની એક વાનગી જોઈએ :

લીલાં મરચાંને ઊભાં કાપીને બાફી નાખવાં. પછી તેને તેલમાં રાઈ-હિંગનો વઘાર કરી વઘારવાં અને તેમાં શીંગદાણા તથા તલ, મીઠું, મસાલો અને ગોળ નાખી શાક થવા દેવું. ગોળ ઓગળીને રસો થાય ત્યારે ઉતારી ઉપયોગમાં લેવું. આ શાકમાં ખમણેલું કોપરું પણ નાખી શકાય. બધી ચીજોનું પ્રમાણ રુચિ અનુસાર ઓછું વધતું રાખી શકાય. લીલી શીંગના બદલે સૂકા સીંગદાણા વાપરીને પણ બની શકે.

પાંઉભાજી ડોડા

પાંઉભાજીનો મહિમા આજકાલ સારી પેઠે પ્રસરેલો છે. આમાં તેની ભાજી તૈયાર કરવામાં બહેનો પોતપોતાની હૈયઉકલતથી વિવિધ રીતો અજમાવતી રહે છે. કોઈ તેમાં વપરાતી શાકભાજીના તો કોઈ તેના મસાલામાં અવનવા પ્રયોગો કરે છે. આવી એક રીત અહીં જોઈએ :

ફોલેલા લસણ સાથે મરચું, મીઠું, ખાંડ, જીરું અને લીંબુ અથવા આમલી રુચિ પ્રમાણે સપ્રમાણ લઈ તેને પીસીને ચટણી બનાવી લેવી. બીજી બાજુ પોણો કિલો બટાટા તથા અર્ધો અર્ધો કિલો લીલા વટાણા તથા ફ્લાવરને બાફવાં. આ પછી થોડું ઘી કે માખણ લઈ તેમાં પા કિલો ઝીણા સમારેલા કાંદા તથા પા કિલો સમારેલાં મોટાં મરચાં સાંતળવાં, અને તે લગભગ ચઢી જાય ત્યારે તેમાં બાફી રાખેલાં શાક સહેજ મસળીને નાખવાં અને આ શાક પૂરતું મીઠું, મરચું અને ગરમ મસાલો તથા લસણની બનાવી રાખેલી ચટણી તેમાં નાખી થોડી વાર ચૂલા પર રહેવા દઈ બધું હલાવવું. એ પછી ટામેટાં ઝીણાં સમારીને તેમાં નાખી સાંતળવું અને તેની ઉપર એકાદ મિનિટ સુધી તપેલી કે એવું વાસણ ઊંધું મૂકી બધું ઢાંકી દેવું. આ ખાસ જરૂરી છે. આ પછી ઉપયોગમાં લેવા માટે ભાજી તૈયાર છે.

હવે તવી ઉપર ઘી કે માખણમાં પાંઉને બે ભાગમાં ફાડીને કે તેની તૈયાર સ્લાઈસને ગરમ કરી ભાજી સાથે પીરસવું. રજાના દિવસે સાંજે કે મિત્રમંડળી જામે ત્યારે આ ભાજીપાંઉ પણ ક્યારેક માણવા જેવી વાનગી બની રહેશે.

મકાઈ

હાલમાં બજારમાં પુષ્કળ મકાઈડોડા આવે છે. સામાન્ય રીતે તો એ ગરીબોનું ખાણું ગણાય છે, પરંતુ દૂધિયા મકાઈદાણાની મીઠાશ તો તેના ડોડા શેકીને ચાવીચાવીને ખાવાથી ખાસ માણવા જેવી છે. મુખ્યત્વે કાર્બોહાઈડ્રેટ (શર્કરાયુક્ત તત્ત્વો) ધરાવતા આ ધાન્યની અનેક વાનગીઓ બની શકે છે. સામાન્યત:-

(૧) મકાઈનો ડોડો ધીમા તાપે બદામી રંગનો થાય ત્યાં સુધી શેકી, ઉપર મરી, મીઠું ને લીંબુ લગાડીને ખાવો, એ એક મજાનો નાસ્તો છે.

(૨) મકાઈના ડોડાને આખો જ બાફી ઉપર માખણ અને મીઠું લગાડીને પણ ખવાય છે.

(૩) મકાઈને શેકી, એના દાણાને વઘારીને સાદો ચેવડો બનાવી શકાય. આ જ દાણા સહેજ ધોઈ પલાળીને તેમાં ભેળવીને વઘારીને મકાઈ-પૌંઆ બનાવી શકાય.

(૪) મકાઈને ખમણી, તેની સાથે એટલો જ બાફેલા બટાટાનો છૂંદો ભેળવીને જરૂરી મસાલો નાખી તેના ભજિયાં બનાવી શકાય. તળતાં છૂટી જાય તો તેમાં સહેજ ચણાનો લોટ ઉમેરવો.

(૫) મકાઈના કાચા દાણા કાઢી, વરાળથી બાફી, એનું પૂરણ બનાવી પેટીસ કે કચોરી બનાવી શકાય. શેકેલા દાણા કરતાં બાફેલા દાણાના સ્વાદ અને કુમાશમાં ફેર પડી જશે.

(૬) મકાઈના કાચા દાણાને દૂધમાં રાંધી મીઠી ખીર બનાવી શકાય. એમાં એલચી, ચારોલી અને સૂકો મેવો પણ ઉમેરી શકાય.

આમ, મકાઈની તો અનેકવિધ વાનગીઓ બની શકે. હૈયાઉલકતવાળી ગૃહિણી એ આસાનીથી બનાવી શકે. થોડી વાનગીનાં નામ જોઈએ. એ કેમ બનાવવી એ તેનાં નામ પરથી જ લગભગ સમજાઈ જશે. જેમ કે, મકાઈનો સૂપ, મકાઈની ખીચડી, વડાં, મકાઈના કૂમળા દાણા સાથે બટાટા, કોળું, ગલકાં, દૂધી વગેરેનાં શાક, મકાઈની પેટીસ અને કટલેસ, મકાઈનાં ઢોકળાં, મકાઈનો હલવો, મકાઈનાં મૂઠિયાં વગેરે. અલબત્ત, આ બધી વાનગીઓ કૂમળી મકાઈની જ સમજવી. બાકી રોટલા, રાબ ને ઘેંશ જેવી વાનગીમાં તો સૂકી મકાઈનો લોટ જ ચાલે.

ચહેરાને નવો નિખાર આપવા

કેટલાંક ફળ અને શાકભાજી તેના ગુણ તથા તેની સહજ પ્રાપ્યતાને કારણે ઘરગથ્થુ સૌંદર્ય-પ્રસાધનો તરીકે પણ આગવું સ્થાન ધરાવે છે. નારંગી, લીંબુ, પપૈયું, ટમાટાં, કાકડી વગેરે આ માટે જાણીતાં છે. અહીં આપણે એનાં થોડા પ્રયોગો જોઈએ :

* પપૈયાના ગરનો લેપ ચહેરાની ત્વચાનો વાન સુધારી તેને એક નવી જ તાજગી આપે છે.

* કાકડીના રસમાં થોડો લીંબુનો રસ તથા થોડું ગુલાબજળ મેળવી ચહેરા અને ગરદન પર હળવે હાથે માલિશની જેમ લગાડી પંદરવીસ મિનિટ પછી ધોઈ નાખવું. ચીકણી અને નિસ્તેજ ચામડી માટે એ એક ટોનિક છે. આ જ રીતે કાકડીના રસમાં થોડું ઠંડુ દૂધ ભેળવીને લગાડવાથી ત્વચાનાં છિદ્રો ખુલ્લાં થઈ તે સ્વચ્છ અને તાજગીભરી બને છે. □

અતીતમાં અવગાહન

વાંચનારને

સુભાગી આત્મા

આ માસિકથી તમારો ને અમારો સંબંધ થાય છે. દુનીઆના વહેવાર જેવો એ સંબંધ સાધારણ નથી, પણ જગતની કલ્યાણકારી યોજનાઓમાં વધારો કરનારી એ એક નવીન પ્રવૃત્તિ છે.

જગતના દીપોત્સવમાં દેશદેશના માનવો આત્મકલાની જ્યોતિઓ આગળ ધરશે તે વખતે ગુજરાતના કુમારો શું અંધકારમાં શૂન્યમુખ થઈ ઊભા રહેશે? એ વિચાર જ અસહ્ય છે. એ ભયંકર નિરાશા ભાંગવાનો આ એક પવિત્ર પ્રયાસ છે.

કલા, જ્ઞાન, ચારિત્ર, પ્રેરણા, સંસ્કાર અને પરસ્પર સદ્‌ભાવ ગુજરાતના કુમારોમાં પૂરી તેમની આત્મજ્યોતિઓ સચેત રાખવાની અમારી અભિલાષામાં સ્વાર્થપરાયણતાનો ત્યાગ છે કે નહિ, તે તો ભવિષ્યનું અમારું કાર્ય બતાવશે.

ગુજરાતમાં બાલશિક્ષણની સામગ્રી છે - થતી આવે છે; પુખ્ત બુદ્ધિનાં માણસો માટે પણ જ્ઞાનસામગ્રી ભરી છે; પરંતુ ઊગતી પ્રજા - કુમારોને જીવનદૃષ્ટિ આપતી કશી જ સામગ્રી નથી. એ ઊણપ પૂરવાનો આ પ્રયાસ છે.

આપણું પ્રાચીન ગૌરવ, ઋષિવરોનાં આત્મ-દર્શનો, આપણી સંસ્કૃતિનો પ્રભાવ, સંતોની પ્રાણપોષતી પ્રસાદીઓ, કલાની રસભરી કૃતિઓ, કુદરતની ભવ્ય લીલા, વિશ્વની ચમત્કૃતિઓ, નવી દુનિયાની વૈજ્ઞાનિક અજાયબીઓ, હુન્નરઉદ્યોગના નુસખાઓ અને વિનોદની વાનીઓ - આ સૌ શોધી, સંઘરી, માગી આણીને પણ સુંદર નિર્દોષ સ્વરૂપમાં આપવું એ અમારો સંકલ્પ છે. આટલો ભારે સંકલ્પ છે. આટલો ભારે સંકલ્પ પૂરો કરવા પૂરતાં સાધન-શક્તિ વખતે નહિ હોય; પરંતિ જેમને સાધન કરતાં યોજના પ્રિય છે, યોજના કરતાં હેતુ ઈષ્ટ છે એવાં સંસ્કારી ચિત્ત આ પ્રવૃત્તિ તરફ સહાનુભૂતિની નજરે જોશે એવી આશા છે.

'કુમાર' કુમારોને જ માટે છે એવો ભ્રમ કોઈ ન કરે; કુમારીઓને અમે ભૂલ્યા નથી. 'કુમાર' એટલે ગુજરાતનું 'કૌમાર.'

છેવટે, અમારી એટલી પ્રાર્થના છે કે અમારી ભૂલો પર ચર્ચા ભલે કરજો પણ પણ અમારા હેતુમાં શંકા કરશો નહિ; કારણ કે અમારી શ્રદ્ધા છે કે એ હેતુની પાછળ પરમ કૃપાળુ પરમાત્માની પ્રબળ પ્રેરણા છે.

('કુમાર'ના સંસ્થાપક અને આદ્યતંત્રી રવિશંકર રાવળે ૧૯૨૪માં 'કુમાર'ના પ્રથમ અંકમાં લખેલો તંત્રીલેખ)

આ માસ (ઑક્ટોબર) ઈતિહાસમાં

૨ (૧૪૫૨) ઈંગ્લૅન્ડના યૉર્ક રાજવંશના છેલ્લા રાજા રિચાર્ડ ત્રીજાનો જન્મ. શેક્સ્પીઅરના જગવિખ્યાત નાટક 'રિચાર્ડ થર્ડ' પરથી ઈંગ્લૅન્ડના સૌથી વધુ ગણતરીબાજ કાવતરાખોર ખૂની રાજવી તરીકે એને ઘણી બદનામી મળી છે, પણ હકીકતે એ એવો હતો કે નહિ તે પ્રશ્ન છે.

ઈંગ્લૅન્ડના ઈતિહાસમાં 'ગુલાબોના વિગ્રહ' તરીકે જાણીતી દીર્ઘ યુદ્ધ-પરંપરાથી ત્રાસેલી પ્રજાને ઈ. ૧૪૮૫માં બૉસવર્થની લડાઈમાં રિચાર્ડ ત્રીજાને મારીને ગાદીએ આવેલા ટ્યુડર રાજ હેન્રી સાતમાના શાસન પછી કંઈક શાંતિ મળી તેને પડછે રિચાર્ડના ગુણો હોય તો તે પણ ધોવાઈ ભૂંસાઈ જાય અને હેન્રી પણ એ બાબતને ઉત્તેજે એ સમજી શકાય તેવું છે. એ જ સમયના જહૉન રાઉઝ નામના એક ધર્મગુરુએ લખેલા ઈતિહાસમાં પોતે કરેલી રિચાર્ડની પ્રશંસાને પાછળથી એણે ફરી લખેલા ઈતિહાસમાંથી ઉડાવી દઈને અતિ-શયોક્તિ કરી ઉમેરેલું કે ખભા સુધી લાંબા વાળ, મોંમાં પૂરા દાંત અને નહોર જેવા તીણા નખ સાથે જન્મેલો રિચાર્ડ ખંધો અને ખૂંધિયો હતો. નિરક્ષરતા, અજ્ઞાન અને વેહેમીપણાના એ સમયમાં આવી અસ્વાભાવિક દેહાકૃતિવાળા માણસનું માનસ પણ એવું જ વિકૃત હોય તેમ કલ્પી લેવું ત્યારના લોકમાનસને માટે સરળ હતું. પરંતુ બ્રિટિશ મ્યૂઝીઅમમાં સુરક્ષિત રાઉઝના ઈતિહાસની પહેલી અંગ્રેજી પ્રતમાં રિચાર્ડનાં વખાણ આજે યે જોવા મળે છે.



રિચાર્ડ ત્રીજો



બૉસવર્થમાં 'રિચાર્ડનો કૂવો'

રાઉઝ તો ઈ. ૧૪૯૧માં અવસાન પામ્યો, પણ એણે લખેલા વિકૃત વર્ણનની છાપ ટકી રહી. એની અસર તળે ટૉમસ મોર, એડવર્ડ હૉલ અને રફાએલ હૉલિન શેડે પણ રિચાર્ડનું એવું જ ઘેરું પાત્રાલેખન કર્યું. અને આ બધાની અસર તળે રિચાર્ડના મરણ પછી ૧૦૮ વર્ષે શેક્સ્પીઅરે લખેલા નાટકમાં એણે વધુ રંગો પૂરીને રિચાર્ડને ખંધો, કાવતરાખોર, ખૂની, ખૂંધિયો, એક પગે લંઘાતો ને વિકૃત હાથવાળો ચીતર્યો. બાર્નેટ અને ટેક્સબરીની લડાઈમાં ૧૯ વર્ષની વયે રિચાર્ડ ત્રીજાએ યુદ્ધકૌશલ દર્શાવ્યાની જે વિગતો મળે છે તે શું આવી દેહવિકૃતિઓ સાથે શક્ય છે? બીજી બાજુ રિચાર્ડને નામે ચડેલાં કાવતરાં અને હત્યાઓની સાબિતી આપતાં અન્ય કોઈ દસ્તાવેજી લખાણો કે એની દેહવિકૃતિ દર્શાવતાં તે સમયનાં કોઈ ચિત્રો મળતાં નથી.

હકીકતમાં ગમે તે હશે, પણ ટ્યુડર શાસનમાં રિચાર્ડ ત્રીજાનાં કાર્યોનું જે વિકૃતીકરણ થયું તેની છાપ શેક્સ્પીઅરના અજબ પાત્રાલેખનથી ભૂંસાય નહિ તેટલી દૃઢ બની ચૂકી છે.

સંખ્યામાં ઓછા પણ ચુનંદા તીરંદાજો ને હાથોહાથની લડાઈમાં કુશળ યોદ્ધાઓ સામે પોતાના ૧૦,૦૦૦ના સૈન્ય છતાં કેવળ બેએક કલાકમાં જ પરાજય અને મોત પામનાર રિચાર્ડના બૉસવર્થના યુદ્ધ પછી ઈંગ્લૅન્ડના ઈતિહાસનું એક નવું જ પ્રકરણ આરંભાયું હતું. લીસેસ્ટરથી ૧૧ માઈલ દૂર બૉસવર્થની એ યુદ્ધભૂમિ અને છેલ્લા હુમલા પહેલાં રિચાર્ડે જેનું પાણી પીધેલું એ 'રિચાર્ડનો કૂવો' હજી સચવાઈ રહ્યાં છે. 'રિચાર્ડ થર્ડ સોસાએટી' નામે એક મંડળ આજે એના જીવન અને કાળ અંગે સંશોધન પણ ચલાવી રહ્યું છે.

ઈંગ્લૅન્ડના ઈતિહાસમાં પલટો આણનાર હેસ્ટિંગ્સનું યુદ્ધ પણ એક આવો જ બનાવ હતો. ઈ. ૧૦૬૬માં આ ઑક્ટોબર માસમાં જ એ લડાએલું. એ યુદ્ધને ચિત્રિત કરતી બાયેક્સ ટૅપેસ્ટ્રીમાં આ આપત્તિના એંધાણ તરીકે એક ધૂમકેતુનું આલેખન પણ છે. એ હેલીનો ધૂમકેતુ જ હતો. ત્યારબાદ પણ નિયમિત આવતો રહી છેલ્લે એ ૧૯૧૦માં દેખાએલો, પણ એના એ આગમનનું પ્રથમ દર્શન ઈ. ૧૯૦૯ની આજ માસની ૨૧મી તારીખે કેમ્બ્રિજ વેધશાળામાંથી થએલું.

(સળંગ અંક ૫૯૮માંથી)

અડકો દડકો

શિયાળભૈની નીચી મૂંછ!

એક હતા કાગડાભૈ.

કાગડાભૈ જંગલમાં રહે. વનરાજનું વધ્યું-ઘટ્યું ખાય. મન ફાવે ત્યાં જાય. કોઈ વાર ભાજી-પાઉં કે ભજિયાં-પૂરી એવું ખાવાનું મન થાય તો પાછા ઊડતા ઊડતા શહેરમાં પહોંચી જાય. ને પછી મોજ-મજા કરી ફરી જંગલમાં ઊડતા ઊડતા આવે. જંગલ વગર એમને તો બીજે ક્યાંય ન ફાવે.

જંગલમાં એક શિયાળભૈ પણ રહે. કાગડાભૈને તો શિયાળભૈ દીઠાય ન ગમે. શિયાળભૈને જોતાં જ એ તો ગુસ્સાથી રાતાચોળ થઈ જાય. હા, શિયાળભૈ એમને વારેવારે ઉલ્લુ બનાવી જતા ને પાછા ઉપરથી હસતા : 'હી હી હી'. એટલે જ આંખોના પાટા જેવા લાગતા હતા એ.

એક વાર કાગડાભૈ વહેલી સવારે : 'કા..કા..કા..' કરી ગાવા લાગ્યા.

'અરે! આ કાગડાએ તો કાન ફોડી નાખ્યા હારાએ!...' શિયાળભૈ તો કંટાળીને જાગી ઊઠ્યા.

શિયાળભૈને સવારના પહોરમાં જોતાં જ કાગડાભૈની આંખો લાલઘૂમ થઈ ગઈ : 'આજે વાત છે તમારી!' - કાગડાભૈ બબડ્યા. ને પછી ઝાડ પરથી ઊડીને એ નીચે આવ્યા. હાંફળાંફાંફળા બની શિયાળભૈની પાસે ગયા. 'જીવ લઈને ભાગો નહિ તો...' આમ કહીને કાગડાભૈએ શિયાળભૈના કાનમાં કશુંક કહ્યું ને પછી એ ફરરરર કરતા ઊડ્યા : 'ભાગો, ભાગો!'

શિયાળભૈ તો કાગડાભૈની વાત સાંભળતાં જ ગભરાઈ ગયા. એમની પૂંછડી તો થરથર કરતી ધ્રૂજવા લાગી. એમણે તરત આંખો મીંચીને દોટ મૂકી રસ્તામાં રીંછ મળ્યું. રીંછે પૂછ્યું :

'કેમ શિયાળમામા, આમ દોટંદોટ ક્યાં ચાલ્યા?'

શિયાળભૈએ ઘડીક થોભીને રીંછના કાનમાં કશુંક કહ્યું. રીંછભૈના કાન તો સાંભળતાંની સાથે જ ધ્રૂજવા લાગ્યા - થર થર થર...ને પછી તો રીંછભૈયે શિયાળભૈની પાછળ દડબડ દડબડ કરતા દોડવા લાગ્યા. રસ્તામાં હાથીભૈ મળ્યા. હાથીભૈ તો નિરાંતે નદીના ઊંડા ધરામાં પડી નહાતા હતા. એમણે શિયાળ અને રીંછભૈને દોડતા જોઈને બૂમ મારી : 'એલા, એય ગાંડિયાઓ, આમ ઊભી પૂંછડીએ કાં ભાગો!?'

રીંછભૈ તો હાંફી રહ્યા હતા. એ બોલેય શું બિચારા!!?'

શિયાળભૈ હાથીભૈની નજીક ગયા ને એમના સૂપડા જેવા કાનમાં કશુંક કહ્યું ને થઈ રહ્યું! હાથીભૈ તો સૂંઢને ઊંચી-નીચી કરી હડફ કરતા પાણીમાંથી બહાર નીકળ્યા. શિયાળ અને રીંછભૈની પાછળ દોડવા લાગ્યા. દડબડ દડબડ, ડગમગ ડગમગ ડોલવા લાગ્યા, જાણે પહાડ ડોલવા લાગ્યો!

રસ્તે જતાં વાઘ મળ્યો : 'અરે! શિયાળમામા શું છે આ બધું !?... શાની દોડંદોડી છે આ બધી, હેં!?...'

શિયાળભૈએ તો વાઘના કાનમાંય કશું કહ્યું ને એ સાંભળતાંની સાથે જ વાઘના શરીર પરના ચટાપટા બધા આટાપાટા રમવા લાગ્યા. એમણે ય પૂંછડી પટપટપટ કરતાં દોડવા માંડ્યું ને પછી તો રસ્તામાં સાપ મળ્યો, નોળિયો મળ્યો, વરુ મળ્યું, ચિત્તો મળ્યો, સસલાં મળ્યાં, હરણાં મળ્યાં, સાબર ને કાબર મળ્યાં, જંગલી ભેંસ મળી, ખિસકોલી ઢીલીઘેંશ મળી, કૂકડા મળ્યા, દેડકાં-નાનાં ટબૂકડાં મળ્યાં, લાંબાં ડગલાં ભરતા બગલા મળ્યા, પશુ ને પંખી મળ્યાં! જે મળ્યાં તે બધાં જ કોઈને કશું પૂછયા વગર દોડવા-કૂદવા-ઊડવા માંડ્યાં. જાણે મોટું લશ્કર નીકળ્યું. શોરબકોર વધી ગયો. જંગલ-નાં હરણાં, ઝરણાં, નદીઓ ધ્રૂજવા લાગ્યાં. ગભરું ગભરું માછલીઓ તો રોવા લાગી :

'અમે શું કરીએ? અમારે તો પાંખો યે નથીને પગે ય નથી! અમે કઈ રીતે ઊડીએ!?... દોડીએ!!'

એટલામાં તો ભારે મોટી ત્રાડ પડી. જંગલ આખું ફફડી ઊઠ્યું. ત્રાડ સૂણતાં જ જંગલનાં ઝાડ-પહાડ ને પાંદડાં તો થર થર કાંપવા લાગ્યાં. માછલીઓ ને દેડકાં તો ઊંડાં પાણીમાં સંતાઈ ગયાં. બિચારાં સસલાં શું કરે!? એ ય હાથીભૈની પાછળ સંતાઈને, લપાઈને ઊભાં રહ્યાં.

જંગલના રાજા સિંહ લાંબું બગાસું ખાઈને ગુફામાંથી બહાર આવ્યા : 'લ્યા, શાની ધમાલ છે આ બધી!? આમ કાગારોળ કાં કરો!? આ સરઘસ શાનું છે!?'

આખું જંગલ એકીશ્વાસે સિંહની સામે તાકી રહ્યું. કોઈ કંઈ બોલે કે ચાલે! ભયનાં માર્યાં ઝાડનાં પાંદડાં યે ના હાલે કે ના ચાલે. સૌ એકબીજાનાં મોં સામે જોવા લાગ્યાં. મોટાંભાગનાંને તો ખબર જ નહોતી કે પોતે શા માટે દોડી રહ્યાં છે!? ...સૌ દોડ્યું એટલે પોતેય દોડ્યા.

'કેમ દોડો છો તમે બધાં!?... બોલો, બોલો, શા માટે આ જંગલ આખું માથે લીધું છે!? હેં!? બોલો...!!' સિંહનો ત્રાડ જેવો અવાજ સાંભળીને વાઘે હાથી સામે જોયું. હાથીએ રીંછ સામે, રીંછે શિયાળ સામે જોયું. શિયાળભૈની પૂંછડી તો પટપટ પટપટ ધ્રૂજવા લાગી. એ ધીમે રહીને સિંહની પાસે ગયા.

'વનરાજ,... હું... હું... એક... વાત... કહું!?...'

'ચાલ, જલ્દી ભસી મર!'

'મહારાજ, નદીકિનારે આંબલી છે. આંબલી પર કાગડો રહે છે. આ બધું કારસ્તાન એનું છે...' શિયાળની પૂંછડીની સાથે પગેય ધ્રૂજી રહ્યા હતા.

પોતાનું નામ પડતાં જ કાગડો અગમચેતી વાપરીને હાજર થઈ ગયો. કાગડાને જોઈને શિયાળ બોલી ઊઠ્યો :

'પે...લો રહ્યો... હરામખોર કાગડો...'

કાગડાની સામે જોતાં જ સિંહની આંખો અંગારાની જેમ ધગધગી ઊઠી. કાગડાનો અવાજેય ધ્રૂજી ઊઠ્યો.

'મહારાજ, હું નિર્દોષ છું... હું તો તમારું બચેલું-ખૂચેલું ખાનારો પામર જીવ છું..'

'ચૂપ મર, આ શિયાળની ફરિયાદ ખોટી છે તો પછી?'

સિંહે ત્રાડ નાખી. ત્રાડ સાંભળતાં જ એક ઉંદર ભૈ દોડીને હાથીભૈના કાનમાં ઘૂસી ગયા. બે માછલીઓ તો તરફડીને મરી ગઈ તરત જ.

'હા, શિયાળ તો સદાયનો જુઠ્ઠો છે જુઠ્ઠો...' : કાગડો બોલી ઊઠ્યો.

'શું કહ્યું?' હું જુઠ્ઠો છું?' શિયાળે જોરથી પૂંછડી પછાડી.

'હા, સાડી સત્તર વાર તું જુઠ્ઠો છે!..' કાગડાએ ઝાડની ડાળી પર ચાંચ ઘસી.

'જુઓ મહારાજ, આ લુચ્ચા કાગડાએ સવારે મારા કાનમાં આવીને કહ્યું કે...'

'અરે! ઝટ ભસી મરને શું કહ્યું તે? મને તો ભૂખ લાગી છે...' સિંહે મોં ખોલ્યું. જીભ બે ત્રણ વાર દાંતે-હોઠે ફેરવી.

શિયાળભૈ તો એકાએક થોડુંક પાછળ હટીને ઝડપથી બોલી ગયા : 'એણે કહ્યું, મહારાજ, કે જંગલમાં ભયંકર આગ લાગી છે... જા, દોડ, ને સૌને ખબર આપી દે.'

'ના, મહારાજ, એમ મેં કહ્યું જ નથી...' કાગડાની આંખો ગોળ ચક્કર ચક્કર ફરવા લાગી.

'તો શું કહ્યું 'તું તેં?..' સિંહ હવે પૂરેપૂરો કંટાળી ગયો હતો.

'મહારાજ, મેં તો કહેલું કે શિયાળભૈ જુઓ તો ખરા, ઊગમણી દિશા કેવી રાતી રાતી લાગે છે, આગ તો નહીં લાગી હોય?'

'તેં આગ જોઈ'તી?' : સિંહે ગર્જના કરી.

'ના રે, ના મહારાજ, સૂરજદાદા ઊગે એટલે આકાશ તો રાતું જ લાગે ને! આ તો લુચ્ચાએ સૌની મશ્કરી કરવા...' કાગડાએ ઠાવકાઈથી કહી નાખ્યું.

'તો આમ વાત છે એમ...? કેમ શિયાળભૈ, શું ધાર્યું છે તમે? એક તો જંગલમાં રહેવું યે છે ને સૌને હેરાને ય.... બોલો !' સિંહે તો આગ આગ થઈને શિયાળ સામે જોયું.

શિયાળભૈ તો એકદમ શિયાંવિયાં. શું બોલે બિચારા?

મનમાં થયું : 'આ કાગડોયે મૂવો, મારા માથાનો નીકળ્યો હોં! આ ભૂખ્યો ડાંસ સિંહ મારો ઘડો-લાડવો કરી નાખે એ પહેલાં જ લાવ, શરણે જતો રહું!...' ને પછી તો શિયાળભૈ દોડીને સિંહના પગમાં પડી આળોટવા લાગ્યા : 'માફ કરો, મહારાજ, મારી ભૂલ થઈ ગઈ!.. તમે કહો તો કાન પકડીને ઊઠ-બેસ કરું..' - આમ શિયાળભૈને કાકલૂદી કરતા જોઈને કાગડાભૈ તો ખુશખુશ થઈ ગયા. એકદમ આકાશમાં ઊડી ગાવા લાગ્યા :

શિયાળભૈની કાપી પૂંછ! વાહ ભૈ વાહ, મજા મજા!
શિયાળભૈની નીચી મૂંછ! વાહ ભૈ વાહ, મજા મજા!

રમેશ ત્રિવેદી

ઉખાણાં

(૧)

આવડું તેવડું
ગાંડા મહેતા જેવડું.

(૨)

એક જનાવર ઈતું,
પૂંછડે પાણી પીતું.

(૩)

ધોળા ખેતર માંહી કાળા ચણ્યા,
હાથે વાળી મોઢે લણ્યા.

(૪)

ઊંચ ઘેર જાય, નીચ ઘેર જાય,
તેનું ચઢાવેલું સર્વે ખાય.

*

ઉત્તરો : (૧) સાંબેલું (૨) દીવેટ
(૩) કાગળ (૪) સૂપડું

સાહિત્યસંપર્ક

નોડિન ગોર્ડિમરને નોબેલ પારિતોષિક

દક્ષિણ આફ્રિકાના અગૌર લોકોની સામાજિક-રાજકીય યાતનાઓને ગૌર લેખિકા નૉડિન ગૉર્ડિમરે પોતાની નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓમાં કલાત્મક અભિવ્યક્તિ આપી છે. એમની આવી રચનાઓને ધ્યાનમાં લઈ ૧૯૯૧નું નોબેલ પારિતોષિક આપવાની જાહેરાત કરતાં સ્વિડિશ અકાદમીએ જણાવ્યું છે 'પોતાના પર્યાવરણમાંની અત્યંત સંકુલ એવી વ્યક્તિગત અને સામાજિક સંબંધજાળ વિશે ગૉર્ડિમર તીવ્ર પ્રત્યક્ષતાથી લખે છે.' ૬૮ વર્ષના આ લેખિકાએ છેલ્લા અઢી દાયકાથી પોતાની કૃતિઓ દ્વારા સહુનું ધ્યાન ખેંચ્યું છે. ૧૯૫૮માં એમની નવલકથા 'અ વર્લ્ડ ઑફ સ્ટ્રેન્જર્સ', ૧૯૬૬માં 'ધ લેટ બૂર્ઝવા વર્લ્ડ', ૧૯૭૯માં 'બર્ગર્સ ડૉટર' ઉપરાંત 'ધ લાઈંગ ડેઝ', 'ઑકેઝન ફૉર લવિંગ', 'અ ગેસ્ટ ઑફ ઑનર', 'જુલાઈઝ પીપુલ' વગેરે નોંધપાત્ર નવલકથાઓ પ્રકટ કરી છે. ૧૯૪૯માં એમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'ફેસ ટુ ફેસ' પ્રકટ થયો ત્યારથી તેઓ અગૌર આફ્રિકન પ્રજાની મોઢામોઢ રહી એમની યાતનાઓને વાચા આપતા રહ્યાં છે. પરન્તુ એમની આ નિસબત એમની વાર્તાઓ કરતાં એમની નવલોમાં સુપેરે અને કલાત્મકતાથી રજૂ થયેલી જોવા મળે છે. ગૌર પ્રજા અને વહીવટકર્તાઓએ આફ્રિકાના અગૌરોને જે રીતે ગુલામ ગણી એમની સાથે અમાનુષી વ્યવહાર-વર્તન કર્યાં છે તેનો ખૂબ નૈકટ્યથી સાક્ષીભાવે જ નહિ પણ સંપૂર્ણપણે ઓતપ્રોત થઈને આબેહૂબ ચિતાર આપ્યો છે. દક્ષિણ આફ્રિકામાં જહોનિસ-



બર્ગમાં જન્મી વિટવૉટરસ્ટૅન્ડ નામક વિશ્વ-વિદ્યાલયમાં અભ્યાસ કરનાર આ ગૌર લેખિકાએ રંગભેદની અમાનુષી રીતરસમ સાથે પોતાની કલમ કસી છે તેમાં તેમની ખુલ્લેઆમ હિમ્મતના દર્શન થાય છે, અને એથીય વિશેષ તો મૂળભૂત માનવ અધિકારોની જિકર કરનાર આ લેખિકને સ્વિડિશ અકાદમીએ નોબેલ પારિતોષિકપાત્ર જાહેર કરીને વધુ હિમ્મત દાખવી છે.

ગોપીનાથ માહાન્તી, સ્વ.



ઓડિયા ભાષાના અગ્રગણ્ય સાહિત્યકાર, સાહિત્ય અકાદમીના પ્રથમ વર્ષના ઓડિયા ભાષાના પુરસ્કૃત લેખક અને જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત કરનાર ગોપીનાથ માહાન્તીનું જૈફ વયે અવસાન થતાં, એક સમર્થ ભારતીય લેખક ગુમાવ્યાની લાગણી જન્મે તે સ્વાભાવિક છે. નવલકથા અને ટૂંકી વાર્તાના ક્ષેત્રે એમનું પ્રદાન સીમાસ્તંભરૂપ રહ્યું છે. ૧૯૧૪માં એમનો જન્મ. એમણે ઘણાં વર્ષો આદિવાસીઓની વચમાં પસાર કર્યાં હતાં. પરિણામે એ લોકના જીવનનું પ્રતિબિંબ એમની નવલકથાઓમાં સ્વાભાવિકતા અને સચોટતાથી ઝિલાયું છે. એમની નવલકથા 'અમૃતસર સંતાન' ઓડિયા ભાષાની મહત્ત્વની રચના ગણાઈ છે. 'પરજા', 'દંડિબુલ્દ', 'રાહુર છાયા', 'હરિજન' વગેરે એમની અન્ય જાણીતી નવલકથાઓ છે. એમની નવલકથા 'માટી માતાલ'ને કન્નડ સાહિત્યકાર બેન્દ્રે સાથે ૧૯૭૩નો સહિયારો જ્ઞાનપીઠ ઍવૉર્ડ એનાયત થયેલો. એમણે નવલકથાઓ ઉપરાંત 'ઘાસફૂલ' 'મહાનગરીર રાત્રિ', 'મહાનિર્વાણ' આદિ વાર્તાસંગ્રહો પણ આપ્યા છે. 'માટી માતાલ'ને ઓડિયાનું ગદ્યમાં રચાયેલું મહાકાવ્ય ગણાવાયું છે.

ઓડિયા સાહિત્યમાં નવપ્રસ્થાનકાર તરીકે એમનું મહત્ત્વનું ગણાયું છે. સામાજિક-રાજકીય પ્રશ્નોની કલાત્મક છણાવટ કરતી ગોપીનાથની નવલકથાઓ જુદી તરી આવે છે. એમની રચના-ઓમાં ત્યાંની પ્રકૃતિ સાથે ત્યાંના ગ્રામવાસીઓની પ્રકૃતિનું પણ નિરૂપણ થયેલું જોવા મળે છે. એમાં વાસ્તવના ચિત્રણ સાથે પ્રજામાં નવજાગ્રતિ લાવવાની નેમ પણ છે. એમની અનુગામી પેઢી પર ગોપીનાથ માહાન્તીની સાહિત્યકૃતિઓનો ઘેરો પ્રભાવ પડેલો છે. મનુષ્ય અને સમાજજીવન સાથે નાતો અને તંતોતંત નિસબત ધરાવનાર ગોપીનાથના નિધનથી જાણે ઓડિયા સાહિત્યમાં એક યુગનો અસ્ત થયો છે.

સાહિત્યિક સંજ્ઞાઓ

દિગીશ મહેતા

મીનિંગ : અર્થ

સ્વાભાવિક રીતે જ અર્થ સંજ્ઞા પર શું ભારતીય કે શું પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રમાં ભારે તણાવ છે. પણ એ સાથે એ પણ એટલું જ સાચું છે કે અર્થની વિભાવના વિશે આ બે વિચારપ્રણાલિઓના અભિગમો જુદા જુદા છે, અને આ મૂળભૂત પ્રકારના ભેદની તરફ ઉપેક્ષા કરવાથી ઘણી ગેરસમજો ઊભી થાય છે.

સમયાનુક્રમે ન ચાલી હાલ અત્યારે જે અર્થચર્ચા ચાલી રહે છે તેની સાથે જોડાણ કરવા પ્રયત્ન કરીએ તો પાશ્ચાત્ય પ્રણાલિમાં ચાલતી આ ક્ષેત્રની વાતમાં એક જે મહત્ત્વનું ભેદ પાડનારું પરિબળ છે તે વિજ્ઞાન. ઓછામાં ઓછું આ સદીમાં તો અર્થની વિભાવના-માત્રને ઘડનાર આ એક બહુ મોટું પ્રભાવક અંગ રહ્યું છે.

આમ તો વિજ્ઞાન 'અર્થ' કરતાં ય 'સત્ય'ને શોધે છે. અર્થ સાથે વિજ્ઞાનને સીધો નહિ પણ જાણે કે આડકતરો સંબંધ છે. પણ આ સાથે તેની વિશેષતા એ છે કે તેની ખોજ આંતરખોજ નથી; તે બાહ્ય સ્તર પર પ્રવર્તે છે અને બીજું કે તે એકાકિ ખોજ નથી; તે સહિયારી ખોજ છે. આને પરિણામે એ ખોજની નીપજ, તેની પ્રક્રિયા આખીયને તે સંકેતો અને સમીકરણોમાં ઉતારતું રહે છે. એની આખીય

એક સાંકેતિક ભાષા કે સંકેતશ્રેણી કે તેવી લિપિ છે જેને આધારે જ તે આગળ વધે છે.

વૈજ્ઞાનિક સમીકરણો અને એ સમીકરણોમાં પ્રયોજાયેલા આ સંકેતો, આ સંજ્ઞાઓ એ આખીય પરિભાષા આમ એક રીતે જોઈએ તો એક આગવી ભાષા જ છે. અથવા ભાષા નામના બૃહદ્ વિશ્વમાંનું એક નાનકડું સેક્ટર, એક નાનકડું પણ વિશિષ્ટ પરગણું છે. એ ભાષાની અંદર વિકસેલી એક ભાષા, એક પધ્ધતિની અંદર વિકસેલી એક ઉપપધ્ધતિ છે અને અહીં જ કાવ્યચર્ચાનો તંતુ આવી મળે છે. કેમ કે એક કાવ્ય, એક કૃતિ-નવલ કે નાટક કે નિબંધ - એ પણ ભાષામાં રહીને ઉપસાવાયેલી આવી ઉપભાષા, એવી એક ઉપપધ્ધતિનો નમૂનો જ છે ને?

એક કહી શકાય કે છેલ્લા બે-ત્રણ દાયકાઓમાં જે મૂલગામી નવ્યવિચાર આરંભાયો છે તે આ પ્રદેશમાં કેમ કે કાવ્ય એટલે શબ્દ અને અર્થની લીલા, શબ્દાર્થનું સહિતત્વ, એ જે વિશ્લેષણાત્મક વિચાર સંસ્કૃત પરંપરામાં તો સદીઓથી કેન્દ્રવર્તી રહ્યો છે તેનાથી હવે આ આજ ચાલી રહેલી ચર્ચા જુદી જુદી દિશામાં ફંટાય છે. અથવા એમ કહીએ કે જુદી ફંટાતી લાગે છે કેમ કે સંસ્કૃત પરંપરામાં આજની ચર્ચાનું આ કે તે અંગ અભિપ્રેત નથી એમ કહેતાં માણસે વિચારવું જોઈએ.

તો વૈજ્ઞાનિક વાક્‌વિસ્તાર, એટલે કે ડિસ્કોર્સમાં સંજ્ઞાઓ અને તેના સાંકેતિક અર્થો છે, અને એની સામે સાહિત્યિક વાક્‌વિસ્તાર એટલે કે ડિસ્કોર્સમાં શબ્દો અને તેના પ્રચલિત વિશિષ્ટ અર્થો છે - એમ ભેદ પાડવો એ હવે આજે બહુ મર્યાદિત વિધાન લાગે છે. વાસ્તવમાં તો વૈજ્ઞાનિક અને સાહિત્યિક, બન્ને વાક્‌વિસ્તારમાં સંજ્ઞાઓ અને તેમની સાથે સંકળાયેલા સંકેતોના જ વ્યાપાર છે. સાહિત્યમાં જે વપરાય છે તે શબ્દો નથી; તે પણ સંજ્ઞાઓ જ છે, અને જે રચાય છે તે અર્થોનાં પ્રચલિત/અપ્રચલિત પણ છેવટના અર્થમાં તો પરિચિત વિશ્વ - કે ખંડવિશેષો નથી; એ સંજ્ઞાઓમાંથી જે નીપજે છે તે અર્થો જ માત્ર નથી; એ પણ સંકેતો છે અને કાવ્ય પણ આવી સંકેતશ્રેણીઓની જ સંરચના છે જેમ વૈજ્ઞાનિક કે કોઈ પણ શાસ્ત્રીય સમીકરણ.

આમ, ભાષાની વિભાવનાની આસપાસની ક્ષિતિજો ખૂલી ગઈ છે; ભાષા એટલે શબ્દકોશ અને વ્યાકરણમાં બધ્ધ અને તે સાથે પૂરી થતી એક પધ્ધતિ, એ આખીય સમજ હવે નવાં પરિમાણો પામી છે. અને સાથે અર્થની ક્ષિતિજો પણ હવે ખૂલી, બદલાઈ ગઈ છે.

આનું પરિણામ એ આવ્યું છે કે ગઈ કાલ સુધી જે બહુ જ પ્રતિષ્ઠિત હતી તે ન્યૂ ક્રિટિસિઝમ, નવ્ય વિવેચનની પ્રણાલિને હવે પાછળ મૂકી પશ્ચિમમાં સાહિત્ય-ચર્ચા હવે ન્યૂ ન્યૂ ક્રિટિસિઝમ, નવ્ય નવ્ય વિવેચન તરફ આગળ વધે છે. ગઈ કાલ સુધી પ્રતિષ્ઠા પામેલી કૃતિની સ્વનિર્ભરતા, શબ્દબધ્ધ પ્રતીકની સ્વયં પર્યાપ્ત સત્તા, એ સાથે કૃતિના આસ્વાદ કરવા-કરાવવાના શાળા-મહાશાળાઓમાં ચાલતા ઉદ્યમ-ઉદ્યોગ, એ બધાં ગૃહીતોને જાણે કે ત્યજવામાં આવે છે. કૃતિ-કૃતિ, તેથી આગળ સાહિત્ય-સાહિત્ય, અને તેથીય આગળ સાહિત્ય-સાહિત્યેતર-તેમજ-અસાહિત્ય તે બધાં વચ્ચે, તે બધાંની આસપાસ વિસ્તરની સંજ્ઞાઓ, તેમનું વિશ્વ, તેની સીમાઓ, તેનો નકશો આંકવામાં આજનો પધ્ધતિલક્ષી વિચારક રોકાયેલો છે. સાહિત્ય અને સાહિત્યનું વિવેચન, એ હવે કેન્દ્રમાં નથી રહ્યું. આ બધાંનું કારણ પેલા અર્થનો જે અર્થ બદલાયો તે છે.

એક-બે જરા આગળ પાછળ નજર નાખી લઈએ. દેખીતું છે કે તદ્દન અત્યારના પ્રવાહોથી જરા પાછા જઈ જોઈએ તો આ તંતુનો આરંભ એમ્સન-રિચર્ડ્ઝના વિચારમાં છે. રિચર્ડ્ઝમાં વિજ્ઞાન અને કાવ્યનો પરસ્પર સંબંધ કેન્દ્રમાં છે. ભાષાના બે ઉપયોગ, એક વૈજ્ઞાનિક અને બીજો કાવ્યાત્મક, એ મુદ્દો તેમણે પહેલી વાર ઉપસાવ્યો. વૈજ્ઞાનિક સમીકરણમાં એક સંજ્ઞા બરાબર એક અને એક જ અર્થ. જ્યારે કાવ્યમાં એક શબ્દ/સંજ્ઞા બરાબર એકાધિક અર્થ. કાવ્યના શબ્દમાં અર્થની આ એકાધિકતા અથવા તો દ્વિધા, એમ્બીગ્યુઈટી, એ એમ્સનનો પ્રમુખ ચર્ચા-વિષય છે.

તો પ્રશ્નોનો પ્રશ્ન એ રહે છે કે ઉપર જોયું તેમ પાશ્ચાત્ય પ્રણાલિમાં જેને ભાષાનો વૈજ્ઞાનિક ઉપયોગ કહ્યો, તેને સંસ્કૃત પરંપરામાં પ્રયોજાતા અભિધા પ્રકારના ઉપયોગ સાથે સરખાવી શકાય? અહીં પેલો પ્રણાલિભેદ ઉપર તરી આવે છે કેમ કે સંસ્કૃત કાવ્યશાસ્ત્ર જે વાતાવરણમાં વિકસ્યું તેમાં વિજ્ઞાન, એટલે કે અત્યારના અર્થમાં વિજ્ઞાન, તે કદાચ અસ્તિત્વમાં જ ન હતું. □

શબ્દાર્થ-ચર્ચા

યોગેન્દ્ર વ્યાસ

'ઉત્પન્ન-સર્જન' જૂથના શબ્દોની ચર્ચા કરીએ : 'પહેલાં અસ્તિત્વમાં નહોતું પરંતુ કોઈક પ્રક્રિયા કે ક્રિયા દ્વારા - એટલે કે કુદરતી રીતે કે કોઈકના પ્રયત્નોથી - હવે એ અસ્તિત્વમાં આવ્યું' એવા અર્થમાં આ જૂથના શબ્દો વપરાય છે.

	શબ્દ	વ્યાકરણી મૂળભાષા મોભો	અર્થ	પૃષ્ઠ સંખ્યા
૧	ઉત્પન્ન	વિ. [સં]	જન્મેલું (૨) નીપજેલું; બનેલું (૩) ઊગેલું (૪) ન. પેદાશ; નીપજ (૫) કમાઈ (૬) નફો	૧૦૬
૨	ઉત્પાદન	ન. [સં]	ઉત્પન્ન કરવું તે (૨) પેદાશ; ઉત્પત્તિ (૩) ફળ	(૧૦૬)
૩	ઊપજ	સ્ત્રી. [જુઓ ઊપજવું]	પેદાશ (૨) આવક, મળતર (૩) નફો	(૧૨૩)
૪	ઘડતર	ન. ['ઘડવું' ઉપરથી]	ઘડીને - ટીપી ટીપીને કરેલી બનાવટ	(૨૭૬)
૫	નિર્માણ	ન. [સં]	રચના; સર્જન (૨) નસીબ; નિયતિ	(૪૯૨)
૬	નીપજ	સ્ત્રી. ['નીપજવું' ઉપરથી]	નીપજે તે; પેદાશ	(૪૯૭)
૭	પેદાશ	સ્ત્રી. [ફા. પૈદાયશ]	પેદા થવું કે થાય તે; ઉત્પન્ન; ઊપજ	(૫૫૦)
૮	બનાવટ	સ્ત્રી.['બનાવવું' ઉપરથી]	બનાવવાની રીત; ઘડતર; રચના (૨) તરકટ (૩) ફજેતી; મશ્કરી	(૫૫૮)
૯	રચન	ન.- ના, સ્ત્રી. [સં]	રચવું-બનાવવું તે (૨) ગોઠવણ; વ્યવસ્થા	(૬૯૩)
૧૦	સર્જન	ન. [સં]	સર્જવું તે (૨) સર્જેલું તે; કૃતિ (૩) સૃષ્ટિ	(૮૨૮)

ઉપરના દસ શબ્દોનાં કુલ ત્રણ ઉપજૂથ પાડી શકાય. 'પહેલાં અસ્તિત્વમાં નહોતું, પરંતુ કુદરતી રીતે કોઈક પ્રક્રિયા દ્વારા અસ્તિત્વમાં આવ્યું.' તેવો અર્થ વ્યક્ત કરતા શબ્દોનું પહેલું જૂથ 'નીપજ' અને 'સર્જન' શબ્દોનું બનેલું છે. 'પહેલાં અસ્તિત્વમાં નહોતું, પરંતુ પ્રયત્નપૂર્વક, ઇરાદાપૂર્વક કોઈએ તેને અસ્તિત્વમાં આણ્યું' એવો અર્થ વ્યક્ત કરતો શબ્દ 'બનાવટ' એ બીજા જૂથનો સભ્ય છે. અને ત્રીજા જૂથમાં બાકીના શબ્દો છે જેઓ 'પહેલાં અસ્તિત્વમાં નહોતું, પરંતુ કુદરતી રીતે કે કોઈ દ્વારા પ્રયત્નપૂર્વક અસ્તિત્વમાં આવ્યું' એવા બંને અર્થ વ્યક્ત કરે છે.

આ કારણે 'નીપજ થઈ' એવો પ્રયોગ વપરાય છે પણ 'નીપજ કરી' અથવા 'નીપજ લીધી' એવો પ્રયોગ વપરાતો નથી. એ જ રીતે 'સર્જન થવું' એવો પ્રયોગ વધુ વપરાય છે અને 'ઈશ્વરે સર્જન કર્યું' એવા સંદર્ભ સિવાય અન્યત્ર 'બીજા કોઈએ સર્જન કર્યું' એવો પ્રયોગ ભાગ્યે વપરાય. 'સર્જન' થઈ જાય છે - કલાકૃતિનું હોય ત્યારે 'સર્જન' શબ્દપ્રયોગ વધુ વપરાય છે. જો કે 'કવિએ કાવ્ય-સર્જન કર્યું' એવો પ્રયોગ મળે છે છતાં ત્યાં 'સર્જન' શબ્દ વાપરનારના મનમાં એવો અર્થ છે કે કવિની પ્રતિભાની એ પ્રસાદી છે. જ્યારે 'કવિએ કાવ્યરચના કરી' જેવા વાક્યમાં સ્પષ્ટ છે કે કવિએ પોતાની બુદ્ધિની - પ્રયત્નની સહાય લીધી.

'બનાવટ થઈ' એવો પ્રયોગ મળે છે પણ ત્યાં 'બનાવટ કરનાર કોઈક છે' એવો અર્થ ભાષકના મનમાં છે જ. આ કારણે માણસ અને કુદરત બંનેએ ભેગાં થઈને અસ્તિત્વમાં આણેલા પદાર્થો માટે 'બનાવટ' શબ્દ વપરાતો નથી. દા.ત. 'ખેતરમાં કેટલા ઘઉંની બનાવટ થઈ' એવું વાક્ય ન મળે પરંતુ 'કારખાનામાં તમે કયા માલની બનાવટ કરો છો?' (જો કે વાક્ય કૃત્રિમ લાગે છે એટલે મૂળ વાક્ય 'કારખાનામાં તમે કયો માલ બનાવો છો?' એમ હોય અને 'તમારો બનાવટનો માલ ખૂબ વખણાય છે' જેવા વાક્યમાં સહજ રીતે 'બનાવટ' શબ્દ વપરાયેલો મળે છે.)

હવે નીચેનાં વાક્યો વાંચો :

૧ એને ખેતીની ઊપજ સારી.

૨ રચવા ગયા ગણપતિ અને નીપજી આવ્યો વાંદરો.

૩ વિધિના નિર્માણને કોણ ટાળી શકે?

૪ સ્વતંત્ર ભારતનું નિર્માણ કરવામાં સરદાર મોખરે હતા.

૫ ભરૂચ જિલ્લામાં મુખ્ય પેદાશ કપાસની.

૬ બિરલાની બનાવટનો માલ ખૂબ વખણાય.

૭ મહાદેવ દેસાઈના ઘડતરમાં ગાંધીજીનો ફાળો મોટો.

૮ રામાયણની રચના કોણે કરી?

૯ એક અદ્‌ભુત સ્વપ્નસૃષ્ટિનું સર્જન તેણે કર્યું.

ઉપરનાં વાક્યોમાંથી નં.૧ વાક્યમાં 'ઊપજ'ને સ્થાને 'પેદાશ' વાપરી શકાશે. વળી 'એને ખેતીનું ઉત્પાદન ઉત્પન્ન સારું' એવું વાક્ય પણ વાપરી શકાશે. પણ ત્યાં 'નિર્માણ' કે 'રચના' નહીં વાપરી શકાય. એટલે જમીનમાંથી (પછી એ ખેતર હોય, ખાણ હોય કે જંગલ હોય) માણસે પ્રયત્નપૂર્વક અસ્તિત્વમાં આણેલા અથવા કુદરતી રીતે અસ્તિત્વમાં આવેલા માલ માટે 'ઊપજ', 'ઉત્પન્ન' 'પેદાશ' જેવા શબ્દો વપરાય છે.

'હમણાં કારખાનાંઓમાં ઉત્પાદન ઘણું ઓછું થાય છે' એવા વાક્યમાં વપરાતો 'ઉત્પાદન' શબ્દ 'ખેતીનું ઉત્પાદન ઘટ્યું છે' જેવા વાક્યમાં પણ વપરાય છે, પરંતુ સામાન્ય રીતે કુદરતમાંથી મળતા કાચા માલને યંત્રોની મદદથી તૈયાર કરવામાં આવે તેને માટે 'ઉત્પાદન' શબ્દ વધુ વપરાય છે. આ કારણે ક્યારેક 'ખેતીવાડી ઉત્પાદન બજાર' વપરાય પણ મોટે ભાગે 'ખેતીવાડી ઉત્પન્ન બજાર' વધુ વપરાય.

બીજા વાક્યમાં 'નીપજી આવ્યો' એવો પ્રયોગ એટલા માટે છે કે સભાન રીતે તો કશાક બીજાની રચના કરવી હતી પણ અવશપણે - ઇરાદા વિના જ, સહજ રીતે વાંદરાની આકૃતિ અસ્તિત્વમાં આવી ગઈ. આ કારણે 'ખેતીની નીપજ' ક્યારેક વપરાય પણ બહુ બંધબેસતો શબ્દ ત્યાં નથી લાગતો. 'નીપજવું' એ કુદરતના હાથમાં છે.

વાક્ય નં. ૩ અને ૪ બંનેમાં વપરાયેલા 'નિર્માણ' શબ્દના સંદર્ભો જુદા છે. ત્રીજા વાક્યમાં 'નિર્માણ' શબ્દ દ્વારા સહજ રીતે- કુદરતી રીતે થતી ઘટનાની વાત છે જ્યારે ચોથામાં સરદાર પટેલના કર્તૃત્વની, ઇરાદાપૂર્વક કરેલા પ્રયત્નની વાત છે.

પાંચમા વાક્યમાં વપરાયેલો 'પેદાશ' શબ્દ કુદરતી રીતે (આબોહવા, જમીન વ.ને કારણે) અસ્તિત્વમાં આવતા માલનો અર્થ વ્યક્ત કરે છે પરંતુ 'ખનીજ તેલમાંથી મુખ્ય કઈ પેદાશો બને છે!' જેવા વાક્યમાં કુદરતી સામગ્રીમાંથી માણસે તૈયાર કરેલા માલનો અર્થ 'પેદાશ' શબ્દ વ્યક્ત કરે છે.

'બનાવટ' શબ્દ તો માત્ર માણસે જ તૈયાર કરેલા માલ માટે વપરાતો શબ્દ છે.

વાકય નં. ૭માં વપરાયેલા 'ઘડતર' શબ્દને આધારે સમજાશે કે 'વ્યક્તિઘડતર'ના અર્થમાં ગુજરાતીમાં 'ઘડતર' શબ્દ વધુ વપરાય છે. વળી સોની, કંસારા જેવા કારીગરોના બનાવેલા માલ માટે પણ 'ઘડતર' શબ્દ વપરાય છે. જો કે 'સ્વતંત્રભારતનું ઘડતર કરવામાં સરદાર મોખરે હતા.' એવા વાક્યમાં 'નિર્માણ'ને સ્થાને 'ઘડતર' શબ્દ વપરાય છે પરંતુ ત્યાં દેશને એક વ્યક્તિ માનવમાં આવે છે. બાકી 'આ પુલનું નિર્માણકાર્ય મોટા કોન્ટ્રાક્ટરોએ કર્યું છે' જેવા વાક્યમાં 'ઘડતર કાર્ય' શબ્દ નહિ વાપરી શકાય. એટલે સામાન્ય રીતે 'ચારિત્ર્યનિર્માણ' જેવો શબ્દપ્રયોગ ઓછો થાય છે અને 'ચારિત્ર્યઘડતર' જેવો પ્રયોગ વધુ મળે છે. 'નિર્માણ' શબ્દ ભૌતિક બાબતોને અસ્તિત્વમાં આણવા માટેની ક્રિયા માટે વધુ વપરાય છે જ્યારે 'ઘડતર' શબ્દ ગુણો, ભાવનાઓ જેવી અમૂર્ત બાબતો સાથે સંકળાયેલો છે.

આઠમાં વાક્યમાં વપરાયેલો 'રચના' શબ્દ એક રીતે 'સર્જન'ના અર્થમાં છે છતાં 'રામાયણ' એ બહુ વિશાળકાય ગ્રંથ (મહાકાવ્ય) હોવાથી તેમાં સામગ્રીની ગોઠવણીના સભાન પ્રયત્નો થયા હોવા જોઈએ એમ સૂચવવા માટે 'રચના' શબ્દ વપરાયો છે. 'રામાયણનું સર્જન કોણે કર્યું?' એવો પ્રશ્ન ન જ પુછાય એમ નથી પણ સામાન્ય રીતે આવી મોટી કલાકૃતિમાં કલાકારની સભાન મથામણ - પ્રયત્ન હોય છે એવું માનવમાં આવે છે તેથી 'રચના' શબ્દ વધુ બંધબેસે છે.

છેલ્લા વાક્યમાં 'સર્જન' શબ્દની જગ્યાએ આ જૂથનો બીજો કોઈ શબ્દ ન વાપરી શકાય કારણ કે જ્યાં અમૂર્ત સામગ્રી હોય ત્યાં પ્રયત્નપૂર્વક હોય તો ય 'સર્જન' શબ્દ જ બંધબેસે છે. એટલે 'સર્જન' આવા સંદર્ભોમાં 'પ્રયત્નપૂર્વક થયેલી ક્રિયા દ્વારા

અસ્તિત્વમાં આવેલી ઘટનાને કે બાબતને પણ સૂચવે.

હવે તમે વાંચેલાં પુસ્તકોમાંથી કે સાહિત્યકૃતિઓમાંથી એવાં છ વાક્યો શોધી કાઢીને લખી મોકલો કે જેમાં 'ઊપજ', 'ઘડતર', 'નિર્માણ', 'નીપજ', 'બનાવટ' અને 'સર્જન' એ છ શબ્દો વપરાતા હોય અને તેમને સ્થાને કોઈ બીજો શબ્દ વાપરવાનું બંધ બેસે નહિ. □

પ્રાપ્ત પ્રકાશનો

આયુપાલ : ધર્મનો સ્પર્શ પામેલા નિર્વ્યાજ પ્રેમ અને નિર્મળ ભાવના સ્પંદનમાંથી રચાયેલી બંધુબેન મેઘાણીની ૬૪ કાવ્યરચનાઓ (ડમાઈ કદ, પાકું પૂઠું, પ્રમુખ વિક્રેતા : એન.એમ.ત્રિપાઠી પ્રા. લિ., સામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૨, કિં. રૂ. ૧૦)

પ્રતીક્ષા : દીનેશ ડોંગરે 'નાદાન'ની ગુજરાતી ગઝલોનો સંગ્રહ. (ક્રાઉન ૧/૧૬ કદ, કાચું પૂઠું, પૃ. ૬૪, પ્રકાશક : દીનેશ ડોંગરે, વાડી, ખેડકર ફળિયું, શારદા મંદિર સામે, વડોદરા ૩૯૦ ૦૧૭, કિં. ૪.૨૫)

ગઝલ ૧૦૧ : ગુજરાતી ગઝલને સો વર્ષ થયા નિમિત્તે ગુજરાતી શાયરોની ઉત્તમ કૃતિઓનું અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના સાથે શ્રી રમેશ પુરોહિતે કરેલું સંપાદન. (ડિમાઈ કદ, કાચું પૂઠું, પૃ.૧૧૨, પ્રકાશક : ઈમેજ પબ્લિકેશન્સ, ૧૩૩, હંસા મહાલ, દમાયલ પાર્ક, પ્રેસિડન્ટ હોટેલની પાસે, કફ પરેડ, મુંબઈ - ૪૦૦ ૦૦૫, કિં. ૭૫ રૂ.)

દાખલા તરીકે તું... : મુખ્યત્વે પ્રેમ અને અસ્તિત્વની અનુભૂતિની વેદના-સંવેદના પ્રકટ કરતી કવિ દિલીપ મોદીની ગઝલોનો સંગ્રહ. (કદ ૨૦ X ૨૩ સે.મી. કાચું બહુરંગી પૂઠું, પૃ. ૧૦૨. પ્રકાશક : ડૉ. દિલીપ મોદી, ૧૦, નવનિર્માણ સોસાયટી, ટિમલિયાવાડ, નાનપરા, સુરત ૩૯૫ ૦૦૧. કિં. ૫૧ રૂ.)

મોર પગલાં પાડે છે... : મધુકાન્ત જોશીનાં સહજ સરળ બાલ ભોગ્ય જોડકણાં (ક્રાઉન, કાચું પૂઠું, પૃ. ૨૮. પ્રકાશક : મધુકાન્ત જોશી, 'ગુલમહોર', અર્ચના પાર્ક, પંચાયત નગર સામે, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫, કિં. ૬રૂ.)

ત્રણ નવી પરિચય પુસ્તિકાઓ

(૧) **થિયોસૉફિકલ સોસાયટીના** ઉદ્ભવ અને વિકાસના ઈતિહાસ સાથે તેના સિદ્ધાંતોની સમજણ અને તેની પ્રવૃત્તિઓ તથા વિવિધ ક્ષેત્રે રહેલા તેના પ્રભાવની સમજ આપતી પુસ્તિકા (લેખિકા : સુરેશ શેઠ). (૨) ચક્ષુદાનનું મહત્ત્વ સમજાવવા સાથે તેની સાથે સંકળાએલી વિધવિધ ટેકનિકલ બાબતોની સમજણ આપતી પુસ્તિકા (લેખક : જશવંત મહેતા) (૩) દસમી ચૂંટણીથી નવો વળાંક : આપણા રાજકીય ઈતિહાસમાં રાજકારણીય ક્ષેત્રે મહત્ત્વના ફેરફારો આણનારી આ ચૂંટણીના આગવા પ્રભાવોની સમજ આપતી પુસ્તિકા (લેખક : નગીનદાસ સંઘવી). પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. દરેક પુસ્તિકાની કિં. ૪ રૂપિયા.

સુંદરમ્ : સર્જક પ્રતિભા : સ્વ. કવિ 'સુંદરમ્'નાં સંસ્મરણો સાથે, એમની કવિતા, વાર્તા, એકાંકી તથા એમનાં વિવેચન, નિબંધો, પ્રવાસલેખ અને એમની લઘુનવલ વગેરે વિષેના વિવિધ લેખો દ્વારા એમની આગવી પ્રતિભાનો પરિચય આપતું શ્રી મફત ઓઝાએ કરેલું સંપાદન (ડિમાઈ કદ, કાચું પૂઠું, પૃ. ૧૮૪. પ્રકાશક : સવિતા ઓઝા, એમ-૨૯/૨૪૯ વિદ્યાનગર, આંબાવાડી, અમદાવાદ-૧૫. કિં. ૭૦ રૂપિયા)

તાદર્થ્ય (જુલાઈ '૯૧)નો **સ્વ. ચંદ્રવદન મહેતા વિશેષાંક** ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં કવિ, વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક અને સવિશેષ તો નાટ્યકાર તરીકે પોતાની આગવી જ પ્રતિમા દર્શાવી જનાર સ્વ. ચં.ચી મહેતાનાં સંસ્મરણો સાથે એમના બહુવિધ સર્જનોનો આસ્વાદ અને તેની વિશિષ્ટતાનો પરિચય કરાવતા લેખોનો આ ખાસ અંકમાં સમાવેશ કરાયો છે. (ડિમાઈ કદ, કાચું પૂઠું, પૃ. ૧૮૭. તંત્રી : મફત ઓઝા, પ્રકાશક : તદર્થ ટ્રસ્ટ, એમ-૨૯/૨૪૯, વિદ્યાનગર, આંબાવાડી, અમદાવાદ-૧૫. છૂટક નકલ રૂ. ૩૦

કદંબ : પ્રકૃતિ અને પ્રણયની અનુભૂતિને વ્યક્ત કરતાં પીયૂષ પંડ્યા - 'જ્યોતિ'નાં કાવ્યો. (ડિમાઈ, કાચું પૂઠું, પૃ. ૮૦. પ્રકાશક : વ્યંજના, 'નિધિ-સન્નિધિ' ટ્રસ્ટ, 'દિનકર', મારુતિનગર, 'એરોડ્રોમ રોડ, રાજકોટ ૩૬૦ ૦૦૧. કિં. ૨૫ રૂ.)

લોકગુંજન : ગુજરાતની લોકસંસ્કૃતિનું રસદર્શન અને પરિચય કરાવતા આ નાનકડા પુસ્તકમાં લેખક દુર્ગેશ ઉપાધ્યાયે જાણીતા લોકમેળા, ભવાઈ, ગરબા, હાલરડાં, ગૌરીવ્રત અને બાળરમતનાં ગીતો તથા લગ્નગીતો, રાજિયા-મરસિયા વગેરેનો સમાવેશ કર્યો છે. (ક્રાઉન, કાચું પૂઠું, પૃ. ૧૨૮, પ્રકાશક : દુર્ગેશ ઉપાધ્યાય, 'મુક્ત', સી/૫, તેજલ એપાર્ટમેન્ટ, ગીતામંદિર પાસે, પ્રતાપનગર, વડોદરા ૩૯૦ ૦૦૪. કિ. ૧૭ રૂ.)

શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ

(૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૦)
નાં પ્રકાશનો

વ્યક્તિ અને અભિવ્યક્તિ : કશાય આસપાસ વિના સડસડાટ વહેતી ગતિમાં માનવસ્વભાવની વૃત્તિ-પ્રવૃત્તિઓ, વિસંગતિઓ, નબળાઈ વગેરેનું આલેખન કરતા શ્રી સુરેશ દલાલના નિબંધો. (ક્રાઉન, કાચું પૂઠું, પૃ. ૧૬+૨૨૪, કિં. ૭૦ રૂ.)

જાગરણ-પાછલી ખટઘડી : કવિતામાં આધ્યાત્મિકતા, આધ્યાત્મિક કવિતા અને કવિતા પોતે આધ્યાત્મિકતા આ ત્રણે પર જુદાં જુદાં સંદર્ભમાં પ્રકાશ પાડે તેવી કવિ શ્રી હસમુખ પાઠકની કવિતાઓનો સંગ્રહ. (ડિમાઈ, કાચું પૂઠું, પૃ. ૧૬+૬૪, કિ. ૪૦ રૂ.)

તત્પુરુષ : હિંદીના લબ્ધપ્રતિષ્ઠ કવિ શ્રી અશોક બાજપેયીની કવિતાઓનો શ્રી કિશોર શાહે કરેલો ગુજરાતી કાવ્યાનુવાદ (ડિમાઈ, કાચું પૂઠું, પૃ. ૧૨+૧૦૪, કિં. ૪૦ રૂ.)

કાવ્યવિશેષ શ્રેણીમાં **રામનારાયણ વિ. પાઠક**-'શેષ' (પૃ. ૧૨+૮૦, કિં. ૪૫ રૂ.), **મણિલાલ દેસાઈ** (પૃ. ૧૬+૬૪, કિં. ૪૦ રૂ.) અને **રાવજી પટેલ** (પૃ. ૧૨+૭૨, કિં. ૪૦ રૂ.)ના કવિત્વની લાક્ષણિકતા પ્રકટ કરતાં ચૂંટેલાં સુંદર કાવ્યોનાં શ્રી સુરેશ દલાલે કરેલાં ત્રણ સંપાદનો. (દરેકનું કદ ડિમાઈ, કાચાં પૂઠાં.)

'કુમાર'ને સહાયરૂપ થવા આપ તેના સંવર્ધક સભ્ય બનશો ? આ માટે આપે ફક્ત રૂપિયા ૫૦૦૦ મોકલવાના રહેશે. 'કુમાર' માસિક આપને આજીવન મોકલાતું રહેશે.




નૂતન વર્ષ

આ ભીંસે તિમિર અપાર!
કંઈ યુગયુગ કેરા ભાર
અવસાદ તણા ઓથાર!
ઓ જગવ જગવ, બજવી તવ ચિર
ઉલ્લાસ તણી શરણાઈ!
વંદીએ હે અભિનવ અરુણાઈ!

પ્રજારામ રાવળ

દાદુરની દુનિયા

અગ્નિના તણખાસદૃશ ઉદરવાળો ટોડ



આ ટોડ સામાન્ય રીતે જલીય જીવન જીવે છે. તે લગભગ ૫ સે.મી. લાંબો હોય છે. તેનાં શીર્ષ અને ધડ દબાયેલાં હોય છે. તેની પીઠની બાજુ (પૃષ્ઠ બાજુ) ઘેરા રંગની હોય છે અને તેના ઉપર અંકુરો આવેલા હોય છે. ઉદરની બાજુ (વક્ષ બાજુ) અને ઉપાંગો ઉપર કાળા, રાતા અને નારંગી રંગના ડાઘા (patches) આવેલા છે, જે અગ્નિના તણખા જેવા દેખાય છે. કર્ણપટલ અને સ્વરકોથળી આવેલાં હોતાં નથી. તેમાં કર્ણકંઠનળી ઘણી ટૂંકી હોય છે. તેને જ્યારે પકડવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે તે ચત્તો થઈ સૂઈ જાય છે અને ઉદર ઉપર આવેલાં અગ્નિના તણખા જેવાં લાગતાં ટપકાંથી દુશ્મનને ચેતવણી આપે છે. વળી દુશ્મનના પંજામાં થી છટકી જવા માટે પોતે મરી ગયાનો ઢોંગ કરે છે. આ જાતિ યુરોપ અને ચીનમાં જોવામાં આવે છે.

પ્રો. મહેન્દ્ર પરીખ

ઉપેન્દ્રરાય સાંડેસરા - વિદ્યોપાસક ચિકિત્સક

ગઈ તા. ૧૦ ઓગસ્ટ (૯૧) ના રોજ ઉપેન્દ્રરાય જયચંદભાઈ સાંડેસરાનું ૭૦ વર્ષની વયે અમદાવાદમાં અવસાન થતાં ગુજરાતને મહાભારત તથા અન્ય ધર્મગ્રંથોના ઊંડા અભ્યાસી, ચિંતક અને મર્મજ્ઞ સંશોધકની ખોટ પડી છે. ઉત્તર ગુજરાતના પાટણ પાસેના સાંડેર ગામના એ મૂળ વતની. જન્મ ઈ. ૧૯૨૧ની ૩૦ જુલાઈ. પ્રાચ્યવિદ્યા, સંસ્કૃત, પ્રાકૃત અને અર્ધમાગધી સાહિત્ય તથા જૂની ગુજરાતી અને મધ્યકાલીન સાહિત્ય ઇત્યાદિના પ્રસિદ્ધ વિદ્વાન ભોગીલાલ સાંડેસરાના એ નાના ભાઈ. તબિયતની નાદુરસ્તીને કારણે મોટા ભાઈ જેટલું શિક્ષણ તો એ પામી ન શક્યા, પણ દસમા ધોરણ પછી શાળા છોડ્યા બાદ તેઓ આજીવન અભ્યાસી રહેલા. તેના મૂળમાં એમનાં ધર્મપરાયણ ફોઈબા કાશીબહેનના સંસ્કારોનું પ્રેરકબળ રહેલું. એમની જ્ઞાન અને અધ્યાત્મવિદ્યાની ઉપાસનમામાં પ્રારંભમાં મોટાભાઈનો પ્રભાવ પણ રહ્યો હશે, પરંતુ આગળ જતાં એમણે સ્વપ્રયત્ને શ્રીમદ્ ભાગવત, મહાભારત જેવા મહાગ્રંથો અને શીખ વગેરે અન્ય ધર્મો તથા દક્ષિણ ભારતના આળવાર સંતો વિષે ઊંડો તલસ્પર્શી અભ્યાસ કરીને એમણે જે અભ્યસનીય ગ્રંથસર્જન કર્યું તેણે તો પંડિત સુખલાલજી જેવા વિદ્વાનને પ્રભાવિત કર્યા હતા.

ઈ. ૧૯૪૨માં એમણે સબબ્રોકર તરીકે પોતાના વ્યાવસાયિક કાર્યનો આરંભ કર્યો અને બે વર્ષ બાદ શેર બજારનું કાર્ડ મેળવી શેરદલાલ તરીકે સ્વતંત્ર કારભાર કરવા માંડેલો. અને આ વ્યાવસાયિક કાર્યો દરમિયાન જ એમણે મહાભારતનો પણ અભ્યાસ કરી તેની એક સાંસ્કૃતિક સૂચિ પણ તૈયાર કરવા



માંડેલી. આ સાથે શ્રીકૃષ્ણના વ્યક્તિત્વનાં બહુવિધ પાસાં પ્રકટ કરતા વિવિધ ભાષાના સંદર્ભોનો પણ ઊંડો અભ્યાસ કર્યો. એમનાં લેખન અને વકતવ્યોમાં પણ બહુધા શ્રીકૃષ્ણનો આ રીતે પરિચય કરાવવાનો એમનો ઉપક્રમ ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત, ભાગવતધર્મ, શીખધર્મ, આળવાર સંતો, નિસર્ગોપચાર, યોગ વગેરેનો પણ એમણે અભ્યાસ કર્યો અને આપસૂઝથી કેવળ તુલસી દ્વારા જ અનેક ભારે રોગોની ચિકિત્સા પણ એમણે વિકસાવી હતી.

એમણે લખેલાં પુસ્તકોની યાદી જ એમના અભ્યાસ અને તેના વિષયનો વ્યાપ દર્શાવવા માટે પૂરતી છે. ૧૯૫૩માં એમણે 'મહાભારત અને ઉત્તરાધ્યયન સૂત્ર' લખ્યું. એ પછી મહાભારતનાં સૂક્તિસૂત્રોનું સમાલોચન કરતો ૮૦૦ પાનાંનો ગ્રંથ તૈયાર કર્યો, જેને માટે એમને ગુજરાતી સાહિત્ય પરિષદનો ૧૯૬૩નો શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક અપાયો હતો અને '૬૭માં તેની બીજી આવૃત્તિ પ્રકટ થઈ હતી. ગૂજરાત વિદ્યાપીઠના અનુસ્નાતક વર્ગોમાં એમણે શીખધર્મ પર વ્યાખ્યાનો આપેલાં જે 'શીખ ધર્મદર્શન' નામે ગ્રંથસ્થ થયેલાં છે. 'શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અને અન્તર્યામી' શીર્ષક તળે શ્રીકૃષ્ણના જીવનનાં સર્વ પાસાંને આવરી લેતા બે બૃહદ ગ્રંથો પણ તેમણે લખ્યા છે જેનો પૂર્વાર્ધ ૧૯૬૩માં અને ઉત્તરાર્ધ ૧૯૭૮માં પ્રકટ થયેલ છે. આ ઉપરાંત, સમદર્શી ગુરુ, શ્રીકૃષ્ણનું વૈવાહિકજીવન અને રાસલીલા, ગાંધારી, દ્રૌપદી વસ્ત્રાહરણ, ગોવર્ધન-

ધારણ અને કંસચાણૂરમર્દન, ધર્મસંસ્થાપક શ્રીકૃષ્ણ, પૂજ્યતમ શ્રીકૃષ્ણ, શ્રીપતિ શ્રીકૃષ્ણ, વેદવ્યાસ અને મહાભારત, ધર્મરક્ષક શ્રીકૃષ્ણ, મહાભારત : અદ્યતન સંદર્ભમાં, યુધિષ્ઠિરનું સમદર્શન, યુધિષ્ઠિરની સત્યનિષ્ઠા, મંત્રી શ્રીકૃષ્ણ, સારથિ શ્રીકૃષ્ણ, ધર્મવ્યાધ, યયાતિ, શકુન્તલા અને સાવિત્રી, ધૃતરાષ્ટ્રનું શોકનિવારણ, તુલાધાર, જનક અને સુલભા, મહાભારતના ધર્મસંવાદ, મન તારું મહાન થજો, અભિમન્યુ, શીખ ધર્મ, પૂર્ણાવતાર શ્રીકૃષ્ણ, ગુરુ નાનક, સંત આણકાળ ઇત્યાદિ ૫૦ ઉપરાંત પુસ્તકો એમણે લખ્યાં છે.

'શીખ દર્શન' તો શીખધર્મની ખરી અને પૂરી સમજ આપતું ગુજરાતી ભાષામાં પ્રથમ અધિકૃત પુસ્તક છે. એ બદલ ગુજરાત અને મુંબઈની શીખ સંગતોએ 'સરોપા' આપીને એમનું સમ્માન કરેલું.

ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે એમણે યુનિવર્સિટી વ્યાખ્યાનમાળા તથા કેટલાંક વ્યાખ્યાનો આપ્યાં હતાં. આ જ રીતે ગુજરાત કૃષિ યુનિવર્સિટીમાં પણ એમણે કેટલીક વ્યાખ્યાનમાળાઓ આપેલી. અનેક સેમિનાર અને યુવક શિબિરોનું એમણે સંચાલન કરેલું.

પૂર્વ સંકલ્પ અનુસાર ૪૯ની વયે વેપારમાંથી નિવૃત્તિ લઈને એમણે અભ્યાસ, ચિંતન અને ચિકિત્સામાં જ સમય ગાળવા માંડેલો. ગુજરાતના રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર તરીકે તેઓએ સેવાભાવે નિસર્ગોપચાર, યોગિક ચિકિત્સા તથા તુલસી ચિકિત્સા દ્વારા જીર્ણ અને અસાધ્ય મનાતા અનેક રોગોની સફળ ચિકિત્સા કરી હતી. કેવળ તુલસી દ્વારા જ અનેક વ્યાધિઓની એમની ઉપચાર પદ્ધતિ તો વિદેશો સુધી ખ્યાતિ પામી હતી. આ રીતના રોગોપચાર વિષે એમણે 'વિષ્ણુપ્રિયા તુલસી' નામે એક પુસ્તિકા લખી છે. 'તુલસી-ધ હોલી બેઝિલ' નામે તેની અંગ્રેજી આવૃત્તિ પણ બે વાર પ્રકટ થઈ છે. એમની મોટા ભાગની પ્રવૃત્તિઓ લોકહિતાર્થે જ રહી હતી. આધ્યાત્મિક માર્ગદર્શન માટે પણ અનેક લોકો એમની પાસે આવતા રહેતા. પોતાની સેવાવૃત્તિ અને સહજ સરળ ઋજુ સ્વભાવને કારણે એમનો ચાહકવર્ગ પણ ઘણો બહોળો હતો.

શાળાકીય ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી જવા છતાં આજીવન અભ્યાસનિષ્ઠ રહી જ્ઞાનની સતત ઉપાસના કરવા સાથે ભારતીય સંસ્કૃતિનાં સનાતન તત્ત્વોની ઊંડી સમજ કેળવવા તથા પ્રસારવા અને રોગોપચાર ક્ષેત્રે પણ આગવી સિદ્ધિ પામવા સ્વપુરુષાર્થ કરતા રહી એમણે જ્ઞાનની તપોનિષ્ઠાનું જે દષ્ટાંત પૂરું પાડયું છે તે સદાય પ્રેરક બની રહેશે.

સંગીતપ્રેમ અને શિસ્તનું એક અદ્દભુત ઉદાહરણ

ઇટાલીના લ્યુસીઆનો પાવારોત્તી જગતના સર્વશ્રેષ્ઠ ગાયક ગણાય છે. ગાયક તરીકેની એમની કારકિર્દીની ૩૦મી જયંતીની ઉજવણી નિમિત્તે ગઈ ૩૦ જુલાઈના રોજ લંડનના વિખ્યાત હાઈડ પાર્કના વિશાળ ખુલ્લા હરિયાળા મેદાનમાં એમનાં ગાન સંગીતનો દોઢેક કલાકનો એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ માટે તેઓ દુનિયાના અન્ય કોઈ મહાનગર અને વિશાળ થીએટર કે કૉન્સર્ટ હૉલની પસંદગી કરી શક્યા હોત પણ એમની આ પસંદગી હાઈડપાર્ક, લંડન અને અંગ્રેજ સંગીતપ્રેમીઓને અંજલિ આપવા રૂપ કહી શકાય.

લગભગ ત્રણેક લાખ શ્રોતાઓની હાજરી થવાની સંચાલકોની ગણતરી હતી અને એ માટેની બેઠક વ્યવસ્થા ઉપરાંત આસપાસનાં ટ્યૂબ સ્ટેશનો તથા બસ સ્ટૉપ્સ પર પણ ખાસ બંદોબસ્ત તથા ટ્રાફિકના નિયમનની ખાસ વ્યવસ્થા સત્તાવાળાઓ તરફથી કરવામાં આવેલી જેથી લોકોને આવવા-જવામાં સરળતા રહે અને વ્યવસ્થા જળવાય. મહાનુભાવો માટે પણ સાડા ત્રણ હજાર જેટલી



ખાસ બેઠકો રાખવામાં આવેલી જેની ૧૬૦ પાઉન્ડની ટિકિટ રાખવામાં આવેલી. આ ટિકિટ મેળવવા યે આ મોટા માણસોને કતારમાં ઊભા રહેવું પડેલું અને ૪૫૦ પા. સુધીના વધુકા ભાવે પણ એ વેચાયાના ખબર છે. કેટલાક સંગીતપ્રેમીઓ તો દોઢ કલાકના આ કાર્યક્રમમાં સારી જગ્યા મેળવવા સારુ આગલા દિવસથી હાઈડપાર્કમાં ગોઠવાઈ ગયા હતા. લગભગ દઢ લાખ જેટલા શ્રોતાઓ એકઠા થયા હતા.

સાંજના સાત વાગ્યે ગ્રીક શૈલીના ગુલાબી રંગમંચ ઉપર પાવારોત્તીએ પોતાના સંગીતનો આરંભ કર્યો, અને એ જ સમયે વરસાદ શરૂ થયો. કદાચ આ વરસાદની આગાહીને કારણે જ ધાર્યા કરતાં શ્રોતાઓની હાજરી કમ રહી હશે. પણ વરસતા વરસાદમાં આ સૌએ પાવારોત્તીનું સંગીત માણ્યું. વરસાદને કારણે રંગમંચ નજીકના કેટલાક મહાનુભાવોએ છત્રીઓ ખોલી તો ખરી પણ અન્ય શ્રોતાઓને એ નડતર રૂપ થતાં એ બંધ કરવાની માંગ થઈ અને એમણે પણ તેનો સ્વીકાર કરી છત્રી બંધ કરી વરસાદમાં પલળતાં પલળતાં સંગીત સાંભળ્યું. આ મહાનુભાવોમાં પ્રિન્સ ચાર્લ્સ, પ્રિન્સેસ ડાયેના, વડાપ્રધાન જહોન મેજર અને એમનાં પત્ની, ડચેસ ઑફ યૉર્ક, પ્રસિદ્ધ ઓપેરા પ્રેમી માઈકલ કેઈન અને એન્ડ્રુનીલ વગેરે હતા, પણ લોકશાહી પરંપરાને શોભે તેમ તેઓએ અન્ય શ્રોતાઓને ખાતર પોતાની છત્રીઓ બંધ કરી પલળવાનું સ્વીકાર્યું. વડાપ્રધાને તો પ્લાસ્ટિકના ટુકડા અને ટુવાલથી પ્રિન્સેસ ડાયેના અને પોતાને પલળતા બચવા પ્રયત્ન કર્યો, ત્યારે પ્રિન્સ ચાર્લ્સ તથા શ્રીમતી મેજરે પણ એ જ રીતે વરસાદથી બચવા પ્રયાસ કર્યો. અલબત્ત, આ પ્રયત્નો કંઈ તેમને ભીંજાતા અટકાવી શકે તેમ તો નહોતા જ. દોઢેક કલાકનો આ કાર્યક્રમ સૌએ આમ વરસતા વરસાદમાં જ માણ્યો હતો. દરમિયાન પાવારોત્તીએ પુચ્ચિનીના પ્રસિદ્ધ ઓપેરામાંથી એક ગીત ગાયું અને તે પ્રિન્સેસ ડાયેનાને અર્પણ કરીને તેમને ખાસ માન આપ્યું. આ બદલ કાર્યક્રમ પૂરો થયા પછી પલળેલાં વસ્ત્રો અને વીખરાયેલા વાળ સાથે પ્રિન્સેસ અને પ્રિન્સે રંગમંચ પાછળ જઈ પાવારોત્તીનો આભાર માનવા સાથે એમનાં ગાન-સંગીત માટે અભિનંદન આપ્યાં હતાં.

હાઈડપાર્કની ખુલ્લી હરિયાળીમાં વરસતા વરસાદમાં દોઢેક લાખ જેટલા લોકોએ પાવારોત્તીનું શાંતિથી ગાયન સાંભળ્યું તેમાં કોને અભિનંદન આપવાં ? આ લોકોના સંગીતપ્રેમને, પાવારોત્તીના ગાયનના પ્રભાવને, લોકોએ જાળવેલી શિસ્તને કે પછી પોતાની છત્રીઓ બંધ કરી લઈ લોકો સાથે પલળવા તૈયાર થઈ ગયેલા મહાનુભાવોને ?

(લંડનના 'ગરવી ગુજરાત'માંથી તારવીને સાભાર.)

ચરૈવેતિ

આમ તો આજે શરીરસ્વાસ્થ્ય માટે અનેક માધ્યમો દ્વારા ઘણું માર્ગદર્શન મળી શકે છે, પણ રોજિંદી જંજાળમાં ખેવના રાખીને એનું શિક્ષણ, તાલીમ કે વાચન-અભ્યાસ માટે ફુરસદ કાઢવી એટલી સરળ નથી અને કદાચ આપણી એ પ્રત્યે હોવી જોઈએ એટલી ગંભીરતા પણ દેખાતી નથી. છતાં એટલું તો લગભગ બધા જાણે છે કે આ વ્યાયામ-કસરતોમાં તરવું અને ચાલવું એ બે સરળતમ અને ઉત્તમ લાભકારી છે. શારીરિક જ નહિ, માનસિક રીતે પણ તેનાથી ફાયદો જ થાય છે. વળી, તદ્દન બિનખર્ચાળ, સરળ અને નાનાં મોટાં સૌને માટે તે અનુકૂળ હોવા સાથે ગમે ત્યાં ગમે ત્યારે તેનો લાભ લઈ શકાય છે. તરવાની સગવડ કદાચ બધાને ન મળે પણ ચાલવાની કસરત તો સૌ કોઈને માટે શક્ય છે. શરીરની અર્ધા ઉપરાંતની માંસપેશીઓ અને સાંધાઓ, કરોડરજ્જુ, ખભા, હાથપગ, હૃદય, ફેફસાં તથા મગજને તેનાથી લાભ પહોંચે છે, આથી ખેવના રાખી સૌ કોઈએ આ વ્યાયામ ચીવટપૂર્વક અપનાવવો જરૂરી છે. અને જ્યારે એક કસરતરૂપે તેને અપનાવીએ ત્યારે તે અંગેના કેટલાક મુદ્દાઓ પણ લક્ષમાં લેવા જોઈએ. આપણે એના પર જરા નજર નાખીએ :

પ્રથમ તો કસરત તરીકે ચાલવાનો આરંભ કરતાં પહેલાં શરીરમાં સહેજ ગરમાવો લાવવા બને તો થોડી હળવી કસરતો કરીને સાંધાઓને ઢીલા પાડવા. અને ચાલવું ત્યારે એક સરખા ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવા સાથે સીધી દિશામાં સહેજ ઝડપથી હાથ ઉલાળતા ટટ્ટાર ચાલવું.

શ્વાસોચ્છ્વાસમાં નિયમિત રાખવા અમુક પગલાં સુધી ઊંડો શ્વાસ લેવો અને એટલાં જ પગલાં ચાલવા સુધી તેને છાતીમાં ભરી રાખવો. આ પછી થોડાં વધુ પગલાં સુધી ધીરેધીરે શ્વાસ બહાર કાઢવો. એટલે કે લેવા કરતાં તે પાછો કાઢવામાં વાર લાગવી જોઈએ. આથી શ્વાસમાં લેવાયેલી હવામાંથી લોહી વધુ પ્રાણવાયુ ખેંચી શકે. ઉચ્છ્વાસ પછી નિયત કરેલાં પગલાં સુધી શ્વાસ ભરવો નહિ. અને તે પછી જ પુનઃ નવો ક્રમ આરંભવો.

ખાલી પેટે અથવા બહુ તો થોડું લીંબુ-પાણી લઈને, હળવાં ખુલ્લાં વસ્ત્રોમાં, પગમાં બંધબેસતાં હળવાં પગરખાં કે ચપ્પલ પહેરી પ્રફુલ્લ ચિત્તે ચાલવાનું રાખવું. સ્વાભાવિક અને અનુકૂળ લાગે તેટલી ઝડપે ચાલવું. બહુ ઠંડી, ગરમી કે તેજ હવામાં ચાલવું નહિ. સમય અનુકૂળતા પ્રમાણે ગોઠવી શકાય, પણ વહેલી પરોઢ કે ઢળતી સાંજનો વખત વધુ સારો. પણ જે સમય નક્કી કર્યો હોય તેને તો ચુસ્તપણે વળગી જ રહેવું. અલબત્ત, ચાલવામાં અતિરેકતા ન કરવી, અને થાક વરતાય તો જરા આરામ પણ લઈ શકાય. આમ, રોજ પાંચેક કિ.મી. જેટલું નિયમિત ચાલવાનું પૂરતું થઈ રહે. જો કે આમ તો ઘણાને ચાલવાનું પણ બનતું હોય છે, પણ આ ચાલવાનું કસરત રૂપે છે. એમાં એકરૂપતા ટાળવા માર્ગ કે દિશામાં ફેરફાર થઈ શકે. બની શકે તો હરિયાળો વિસ્તાર કે માર્ગ ચૂંટવો અને વાતાવરણ પણ ઓછામાં ઓછું પ્રદૂષિત તથા સ્વચ્છ તાજગીભર્યું પસંદ કરવું.

આપણા શરીરમાં ૬૦૦૦૦ માઈલ જેટલી રક્તવાહિનીઓ ફેલાયેલી છે. જેમાંની ઘણીખરી તો અત્યંત સૂક્ષ્મ છે. માંસપેશીઓમાં તે રક્ત પહોંચાડે છે. માંસપેશીઓ આરામ હોય ત્યારે આમાંની ઘણી કાર્યરત નથી રહેતી પણ જ્યારે માંસપેશીઓમાં હલનચલન થાય છે ત્યારે આ સૂક્ષ્મ રક્તવાહિનીઓ પણ રક્તનું અભિસરણ ચાલુ કરી દે છે અને શરીર-સ્વાસ્થ્ય માટે રક્તાભિસરણનું મોટું મહત્ત્વ છે. વળી, કાળાંતરે રક્તવાહિનીઓની અને ફેફસાંની લચક તથા સ્થિતિસ્થાપકતા ઘટે છે, શરીરની પ્રવૃત્તિશીલતા જેમ ઓછી તેમ વૃદ્ધત્વની પ્રક્રિયા વેગીલી બને અને પરિણામે શારીરિક તેમજ માનસિક પ્રશ્નોના વધુ શિકાર બનાવે. ચાલવાથી શરીરના પ્રત્યેક કોષો સુધી પ્રાણવાયુ પહોંચતો થવાથી શારીરિક શક્તિ વધવા સાથે શરીરમાં ભરાતાં ઝેર બહાર નીકળી જાય છે. ચાલવાથી શરીરમાં કેલરીનો વપરાશ વધે છે. ૩૫૦૦ કેલરીની વધઘટથી શરીરના વજનમાં એક રતલ જેટલી વધઘટ થાય છે. અન્ય શ્રમથી થાક લાગે છે જ્યારે ચાલવાથી શરીરમાં સ્ફૂર્તિ આવે છે. વ્યક્તિત્વમાં પ્રભાવકતા વધે છે, પાચનશક્તિ સુધરે છે અને મગજની ક્ષમતા યે વધે છે. કુદરતની વચ્ચે પ્રફુલ્લિત વાતાવરણમાં ચાલવું એ એક લ્હાવો છે.

આયુમર્યાદા તો ઓછી-વધતી હોઈ શકે, પણ જીવવાની રીત તેમાં લંબાણ અને સ્વસ્થતા આણી શકે. ત્રીસ વર્ષની વય પછીના પ્રત્યેક દાયકામાં શરીરમાં સર્વત્ર લોહી પહોંચાડવાની હૃદયની તાકાત થોડી થોડી ઘટતી જાય છે અને માંસપેસીઓ ઢીલી પડતી જાય છે, પણ વ્યાયામ તેની ક્ષમતાને વધારવામાં અને ટકાવવામાં ઘણી સહાય કરે છે, અને વ્યાયામમાં ચાલવાની કસરત સરળતમ, તદ્દન બિનખર્ચાળ અને સરવાળે ઘણી ફાયદાકારક હોઈ તેને અપનાવવી જ જોઈએ. ચરૈવેતિ - ચાલતા રહો.

નિદ્રા

દેહને માટે જેમ આહાર આવશ્યક છે તેમ ઊંઘ પણ જરૂરી છે, એથી આહારના નિયમોનું જેટલું મહત્ત્વ જળવાવું જોઈએ તેટલું જ ઊંઘનું પણ જળવાવું જોઈએ. પણ આજે નિદ્રાનો સમ્યક્યોગ જળવાવાને બદલે તેનો અતિયોગ, હીનયોગ કે મિથ્યાયોગ સવિશેષ જોવા મળે છે. શારીરિક તેમજ માનસિક શ્રમના બોજા નીચે દબાઈ રહેતાં ઘણાં લોકો ઊંઘના હીનયોગથી ક્ષય, ઉરઃક્ષત, ઉધરસ, શ્વાસ, પાંડુ, પક્ષાઘાત, વાયુના રોગો, માથું કે પેટના રોગો, થાક, નિર્બળતા, શોષ, શૂળ વગેરે અનેક પ્રકારના રોગોના શિકાર બને છે.

કેટલાક લોકો કશા કારણ વિના રાત્રે મોડે સુધી જાગી સવારે મોડા ઊઠે છે, એટલું જ નહિ રાત્રે ઓછી લેવાયેલી ઊંઘને પૂરી કરવા દિવસે પણ ઊંઘ ખેંચે છે. આ ઊંઘનો મિથ્યાયોગ છે - એટલે કે ન લેવી જોઈએ ત્યારે ઊંઘ લે છે.

આ અકાળ નિદ્રાને આયુર્વેદે ઘણા રોગોની ઉત્પાદક ગણાવી છે. આથી વિરુદ્ધ સમયસરની નિદ્રા પુષ્ટિ, વર્ણ, બળ, ઉત્સાહ, જઠરાગ્નિ વગેરેને પ્રેરે છે. ગ્રીષ્મ સિવાયના કાળમાં દિવસે સૂવાથી કફ અને પિત્તનો પ્રકોપ થઈ અનેક રોગો ઉત્પન્ન થાય છે. દિવસની નિદ્રા એ એક વ્યસન છે. એટલે જો સ્વસ્થ રહેવું હોય તો અમુક અપવાદ સિવાય દિવસે સૂવું નહિ તેમજ રાત્રે ઉજાગરો કરવો નહિ. રાત્રે ફરજિયાત જાગરણ કરવું પડ્યું હોય તો બીજા દિવસે થોડી ઊંઘ ખેંચીને તેની પૂર્તિ કરી શકાય, પણ આની ટેવ તો નુકસાન કરે જ છે. અલબત્ત, શ્રમજીવી, વૃદ્ધ, બાળક, ક્ષીણ, પ્રસૂતા કે માનસિક બોજવાળાએ તથા દમ, હેડકી, ગાંડપણ, શૂળ, તૃષા, ઝાડા, અજીર્ણ, મૂઢમાર વગેરેથી પીડાતા હોય તેમને માટે દિવસના સૂવું જરૂરી પણ બની રહે છે. છતાં મેદવાળા, હમેશાં ચીકાશનું સેવન કરનારા, કફ પ્રકૃતિવાળા કે કફજન્ય રોગવાળા લોકોએ તો દિવસે કદાપિ સૂવું નહિ. ભોજન પછી 'વામકુક્ષી' કરવાની આયુર્વેદે ભલામણ કરી છે, પણ તેમાં 'વામ' એટલે કે 'ડાબા', અને 'કુક્ષી' એટલે પડખે અર્ધો કલાક જાગતાં પડી રહેવાનું છે, ઊંઘી જવાની એ ભલામણ નથી.

ક્યારે સૂવું તેની સાથે કેમ સૂવું તે પણ સમજી લેવું જરૂરી છે.

સૂવા માટે ખાટલો કે પલંગ વધુ પહોળો કે સાંકડો ન હોવો જોઈએ, તેમજ ઊંચો, નીચો કે વાંકો યા ઝોળાવાળો ન હોવો જોઈએ. પથારી પણ પૂરી સ્વચ્છ ઓછાડેલ હોવી એટલી જ જરૂરી છે.

આયુર્વેદે ડાબા પડખે સૂવા પર વધુ મહત્ત્વ આપ્યું છે. કારણ, આપણા પાચનતંત્રની રચના ડાબી તરફની ગતિવાળી છે. વાયુનો અનુલોમન માર્ગ પણ એ છે. હૃદય પણ ડાબી બાજુ હોઈ રક્તપ્રસારણની તેની ક્રિયામાં સરળતા રહે છે. આમાશય પણ ડાબી બાજુ ઝૂકતું હોવાથી તેમાં આહાર સારી રીતે પચી શકે છે અને યકૃતમાંથી આવતા રસો તેમાંથી સરળતાથી ઠલવાઈ શકે છે.

સૂતી વખતે ઢીલાં, હળવાં કે ઓછાં વસ્ત્રો પહેરવાં ઇચ્છનીય છે.

સૂવાના સ્થાનની આસપાસનું વાતાવરણ પણ દૂષણરહિત સ્વચ્છ હોવું જોઈએ. વળી, રાત્રે વૃક્ષો નીચે, ટૂંટિયું વાળીને ઊંધા કે જેમ ફાવે તેમ સૂવું ન જોઈએ. ડાબા પડખે, સીધા પગ રાખીને, શરીર કરતાં માથું ઊંચુ રાખીને એટલે કે ઓશીકું રાખીને સૂવું જોઈએ. સામાન્ય રીતે નીચે દર્શાવેલા કોઠામાં બતાવ્યા મુજબ પ્રકૃતિ અને ઋતુ અનુસારની નિદ્રા પૂરતી છે.

પરંતુ આ મુજબ પૂરતી ઊંઘ ન લઈ શકાતી હોય તો તેના યોગ્ય ઉપચારો કરવા જોઈએ.

અલ્પનિદ્રાની તકલીફ હોય તો (૧) રોજ રાત્રે ગંઠોડા નાખેલા દૂધ સાથે અશ્વગંધાનું ચૂર્ણ લેવું. પગના તળિયે અશ્વગંધા તેલનું માલિશ તથા તે તેલનું નસ્ય લેવું. (૨) હાઈ બી.પી.ને કારણે ઊંઘ ન આવતી હોય તો સર્પગંધા ચૂર્ણ એક ગ્રામ અથવા સર્પગંધા ઘનવટી લઈ શકાય. (૩) જટામાસી ૧૦ ગ્રામ, અશ્વગંધા ૩ ગ્રામ અને ખુરાસાની અજમો ૧ ગ્રામ મેળવીને ઉકાળો કરી રાત્રે પીવો. (૪) આમળાં ૨૫ ગ્રામ, ગંઠોડા ૧૨ ગ્રામ, જટામાસી ૧૨ ગ્રામ, આ ત્રણેના ચૂર્ણને ગુલાબમાં ઘૂંટીને ચણા જેવડી ગોળી કરી રાખવી. જમ્યા પછી બંને વખત બબ્બે ગોળી પાણી સાથે લેવી.

આ બધા નિર્દોષ ઉપાયો છે. પરંતુ ભૂલેચૂકે ઊંઘવાની વિલાયતી દવાઓની ગોળીથી તો દૂર જ રહેવું. એનાથી આવતી નિદ્રા અકુદરતી છે અને આવી દવાઓ આગળ જતાં હાનિકર નીવડે છે.

પણ ખરો ઉપાય તો જે કારણસર નિદ્રા ન આવતી હોય તે કારણને દૂર કરવાનો છે. ટૂંકમાં રાત્રે વહેલા સૂઈ સવારે વહેલા ઊઠી જવું એ શરીર અને મન બંને માટે હિતકારી છે. ઉનાળામાં ઠંડા પાણીથી સ્નાન કરીને કે હાથપગ મોં ધોઈને સૂવું. શિયાળામાં હૂંફાળા પાણીનો ઉપયોગ થઈ શકે. પથારી બહુ કઠણ કે બહુ પોચી ન રાખવી તથા સ્વચ્છ ઓછાડેલી રાખવી. ઢીલાં, હળવાં ને ઓછાં વસ્ત્રો પહેરી, શરીરના પ્રત્યેક સ્નાયુને ઢીલો બનાવી, શરીર સીધું રાખી તથા માથા નીચે યોગ્ય ઓશીકું રાખી ડાબા પડખે સૂવું. સૂતી વખતે મોંનો ભાગ ખુલ્લો રાખી સૂવું. ખુલ્લા આકાશ તળે સૂવું પણ વૃક્ષો તળે સૂવું નહિ. રાત્રે આવતી નિદ્રાના વેગને કદાપિ રોકવો નહિ અને નિદ્રા આવતી રોકવા ઝેરી ઔષધો તો ન જ વાપરવાં. પવનના ઝપાટા વાગે તેટલી હવામાં પણ સૂવું ઇચ્છનીય નથી. ઠંડીમાં સીધા પવનમાં, ચોમાસામાં ભેજ લાગે તેવા સ્થાનમાં ન સૂવું.

(વૈદ્ય શ્રી 'શોભન'ની 'નિદ્રા' નામક પુસ્તિકામાંથી સારવીને)

વય અને કાર્ય	પ્રકૃતિ અને ઋતુ		
	વાત પ્રકૃતિવાળાએ ગ્રીષ્મ અને વર્ષામાં	પિત્ત પ્રકૃતિવાળાએ શરદ અને હેમંતમાં	કફ પ્રકૃતિવાળાએ વસંત અને શિશિરમાં
બાળકો	૧૬ કલાક	૧૪ કલાક	૧૨ કલાક
કિશોરો, વૃદ્ધો અને શ્રમજીવીઓએ	૧૦ કલાક	૯ કલાક	૮ કલાક
યુવાનોએ	૮ કલાક	૭ કલાક	૬ કલાક
વિદ્યાર્થીઓ, સ્ત્રીઓ અને બુદ્ધિજીવી લોકોએ	૯ કલાક	૮ કલાક	૬ કલાક

બસ એટલી સમજ મને પરવરદિગાર દે,
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.

'મરીઝ'

આફ્રિકા ખંડમાં એના ઊંડાણમાં રક્તપીતિયાંઓની એક હૉસ્પિટલ બંધાઈ રહી હતી. તે હૉસ્પિટલના છાપરે એક સજજન પતરાં બેસાડવામાં મદદ કરી રહ્યા હતા. ત્યાં સ્ટોકહોમથી આવેલા એક માણસે પેલા સજજનને જણાવ્યું કે મારે તમને એક સંદેશો આપવાનો છે કે - પણ તેમના વાક્યને વચ્ચેથી જ કાપી નાખતા પેલા સજજને છાપરા ઉપર પતરું ગોઠવી રહ્યા હતા તેનો બીજો છેડો પકડીને સહાયભૂત થવા આગંતુકને કહ્યું. આગંતુકે મદદ કરી. છાપરું ગોઠવાયું એટલે પેલો આગંતુક બોલ્યો, 'શાન્તિ માટેનું નોબેલ પારિતોષિક આપને આપવાનો નિર્ણય લેવાયો છે. આપ એ માટે સ્ટોકહોમ પધારો.'

પેલા સજજને કહ્યું, 'હમણાં ત્યાં આવવા જેટલો મારી પાસે સમય નથી. હૉસ્પિટલનું આ મકાન પુરું થશે એટલે આવીશ. મારા વતી આભાર માનશો. પારિતોષિકના પૈસા આ મકાન બાંધવામાં ખૂબ ઉપયોગી થઈ પડશે.'

આ સજજન તે આલ્બર્ટ સ્વાઈત્ઝર.

¤

લીંબુનો રસ અને ખાંડ સરખા ભાગે લઈ તે મિશ્રણને હાથપગ પર ઘસવાથી તે સાફ તથા સુંવાળા રહેશે.

¤

બિહાર રાજ્યની આદિવાસીઓની એક જાતિ 'હો' તરીકે ઓળખાય છે. એમનામાં નવા વર્ષનો ઉત્સવ વિશિષ્ટ રીતે ઉજવાય છે. આ ઉત્સવને 'બાહા' કહે છે. એનો અર્થ થાય છે પુષ્પનું પર્વ. 'બાહા'નો ઉત્સવ ધરતી યૌવન પ્રાપ્ત કરે છે તેની વધાઈનો ગણાય છે. યુવા પૃથ્વીની સૂર્યદેવ સાથે વિવાહની આમાં કલ્પના છે. આ ઉત્સવ બાદ આ જાતિમાં યુવક-યુવતિઓના વિવાહનો આરંભ થાય છે.

¤

તુલસીનાં પાનના અનેક ઉપયોગો છે. એ ચાવવાથી હોઠ અને જીભનાં ચાંદાં મટે છે. તુલસીનો રસ શીળશ પર ચોપડવાથી શીળશ મટે છે.

¤

ઉદ્યમ કરવા પર ભાર મૂકતી કેટલીક સમાનાર્થી કહેવતો :

ઉદ્યમ સારા નસીબનું મૂળ છે.
ધંધો કર્યે ધાન મળે.
હલાવ્યા વગર ધાન પણ દાઝે.
ફરે તે ચરે, ને બાંધ્યું ભૂખે મરે.
ચાકરી કરતાં ભાખરી મળે.
જ્યારે વળે પરસેવો ત્યારે મળે મેવો.

¤

ગણિતગમ્મત

૧ થી ૯ આંકડાને ઓછા (-) અને વત્તા (+)ની નિશાની વાપરી એવી રીતે ગોઠવો કે જેનો જવાબ ૧૦૦ આવે.

¤

પ્રેમલગ્ન થતાં શું માણસ ખરેખર મરી જાય છે ? એ વિષય પર સ્ત્રીઓની સભામાં બ્રિટિશ નાટ્યકાર જ્યોર્જ બર્નાર્ડ શૉએ કહયું, 'એક યુવક એક યુવતીની સાથે કેટલાંક કારણોસર લગ્ન કરી શક્યો નહિ.' એક સ્ત્રી બોલી ઊઠી : 'અને તે ગુજરી ગયો.' શૉએ કહ્યું, 'હા, પણ પચાસ વર્ષ પછી.'

¤

કેલિફોર્નિયાની ઓવન્સ ખીણ ખાતે એક છોડ થાય છે, જેનું નામ સીએરા સોડા સ્ટ્રો છે. આ છોડની ડાળીઓ પોલી ભૂંગળીઓ જેવી હોય છે. આથી એ સોડા વૉટર પીવાના કામમાં લેવાય છે.

¤

ઉખાણું

માથું નહિ નહિ હાડકું, છે પંજા વિણ હાથ;
પુરુષો સાથે પરવરે, અંગે બીડી બાથ.

(જવાબ : અંગરખું)

¤

ગણિતગમ્મતનો જવાબ

૧૨૩-૪૫-૬૭+૮૯=૧૦૦

¤

લશ્કરમાં ખાખી પોષાક પહેરવાની શરૂઆત કોણે અને ક્યાં કરી તે જાણો છો ? ઈસ્ટ ઈન્ડિયા કંપનીના એક અધિકારી વિલિયમ હોડસને એની શરૂઆત ભારતમાં કરી હતી.

¤

દારૂ પીવાથી ઠંડીમાં ગરમાવો આવે છે એ વાત ખોટી છે. ડૉક્ટરોના મત પ્રમાણે દારૂ રક્તવાહિનીઓના છેક ચામડીની નજીકના ભાગને પહોળો કરે છે અને તેથી શરીરની ગરમી ચાલી જાય છે. દારૂ વડે ગરમી મેળવવાના ભ્રમમાં ઠંડીના જે સંજોગોમાં ઘણા માણસો થીજીને મરી જાય છે એવા સંજોગોમાં દારૂ નહિ પીનારાઓ બચી જા છે.

¤

આજે જે રાષ્ટ્રપતિ-ભવન છે તે મકાન ન્યૂ દિલ્હીમાંનો મૂળ અંગ્રેજ વાઈસરૉયનો મહેલ બાંધતા આશરે પંદર વર્ષ લાગેલાં અને સાડા [illegible] કરોડ રૂપિયાનો ખર્ચ થયેલો. બે માળના આ ભવનમાં ૩૪૦ ઓરડા, ૨૨૭ સ્તંભો, ૩૫ પરસાળો, ૩૭ ફુવારા અને ૧૪ લિફ્ટો છે.

¤

કલાકણિકા



મધ્ય અમેરિકાની માયા પ્રજામાં ખેતી અને ધર્મ એકબીજાં સાથે સંકળાયેલાં રહ્યાં છે. તેઓ માનતા કે ધાન્ય દેવતા ચોખ્ખા ચણક ખેતરમાં આનંદથી વિચરે છે. આ માટે પાક લઈ લીધા પછી તેઓ ખેતરમાં રહેલાં પાન-ડાંખળાં બાળીને ખેતર ચોખ્ખાં કરતા. અને એ માટે કાષ્ઠથી કાષ્ઠ ઘસીને તેઓ અગ્નિ પેટાવતા. આ રીતે અગ્નિ પેટાવતા એક માયા ખેડૂતનું પ્રાચીન માયા સંસ્કૃતિના કાળનું આ એક આલેખન છે. માયા ચિત્રશૈલીનું એ દ્યોતક છે.